પ્રગટ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ અમૃત મહોત્સવ પ્રકાશન
પ્રમુખસ્વામી મહારાજ ગ્રંથ શ્રેણી : ૩

યૌવનના સુહૃદ

(પ્રમુખસ્વામી મહારાજે યુવાનોમાં આણેલી ક્રાંતિની દાસ્તાન)

સાધુ વિવેકપ્રિયદાસ

પ્રકાશક :
સ્વામિનારાયણ અક્ષરપીઠ
શાહીબાગ, અમદાવાદ -૪

યૌવનના સુહૃદ
(પ્રમુખસ્વામી મહારાજે યુવાનોમાં આણેલી ક્રાંતિની દાસ્તાન)

પ્રથમ આવૃત્તિ :
ડિસેમ્બર, ૧૯૯૪.
દ્વિતીય આવૃત્તિ :
ફેબ્રુઆરી, ૧૯૯૫.

પ્રત : ૧૦,૦૦૦ કુલ પ્રત : ૧૭,૦૦૦

આવરણ છબિ :
સાધુ યોગીચરણદાસ

મૂલ્ય :
રૂા. ૧૪-૦૦

મુદ્રક અને પ્રકાશક :
સ્વામિનારાયણ અક્ષરપીઠ
શાહીબાગ, અમદાવાદ-૪.

હૃદયોર્મિ...

સ્વામી !

આપ સ્વયં અમૃત છો.

આપના અમૃત સભર અમૃત મહોત્સવે,

સૌ અમૃત સંતાનો,

અમૃત સાથે રસબસ થશે, અમૃતરૂપ (બ્રહ્મરૂપ) થશે.

સ્વામી ! બે-એક વર્ષ પહેલાંનો એ દિવસ અમને યાદ છે.

આપના અમૃત મહોત્સવની ઊજવણીની દરખાસ્ત લઈને અમે

આપની પાસે આવ્યા'તા ! રસાકસી જામી'તી !

'શાનો અમૃત મહોત્સવ ? શું છે આ બધું ? કંઈ નથી ઊજવવું. બધું ઉજવાઈ ગયું....'

આપની નારાજ મુખાકૃતિ અને આ ઉદ્‌ગારો અમને યાદ છે.

આપ સંમતિ આપતા જ નહોતા !

છેવટે સાક્ષાત્ શ્રીહરિ અમારા પક્ષે ભળ્યા ને આપ હાર્યા !

આપને હરાવવાનું અમે આપની પાસેથી જ શીખ્યા છીએ ને !

ગુરુ શાસ્ત્રીજી મહારાજ અને ગુરુ યોગીજી મહારાજના

જયંતી મહોત્સવની ઊજવણી વખતે

આપે એમને આમ જ હરાવ્યા'તા ને !

સ્વામી !

જીવપ્રાણીમાત્રમાં ભગવાન રહ્યા છે પણ આપનામાં ભગવાન સિવાય બીજું કંઈ જ નથી !

આપ કોઈના ઠરાવ્યા ઠર્યા નથી.

સ્વયંસહજ ભગવાનના ધારક છો.

કોઈનું ઠરાવ્યું, કોઈમાં ઠરાવ્યું નથી ચાલતું.

ઠરાવેલું કેટલું ચાલે ?

સિંહણનું દૂધ સુવર્ણપાત્ર જ માંગે !

એટલે જ ,

આ એક અમૃત મહોત્સવ તો શું ?

અનેકાનેક આવા અમૃત મહોત્સવો ઓછા પડે

એવું આપનું વ્યક્તિત્વ છે.

એવું આપે અમારા માટે, જીવપ્રાણીમાત્ર માટે કર્યું છે.
ભક્તો જ આપનું જીવન, ભક્તો જ આપના શ્વાસોચ્છ્વાસ !

આપના અમૃત મહોત્સવે
આપની સદા વહેતી દિવ્યતા અને કાર્યધારા,
અનેક આધ્યાત્મિક, સામાજિક પ્રવૃત્તિઓમાં નવતરરૂપે વહેશે.
તેમાં, લેખન દ્વારા,
આપના અમૃત વ્યક્તિત્વનાં આરાધન, ચિંતન, મનન
અને અનુભવપૂત નિદિધ્યાસનની છોળો ઊડશે.
જો કે અહીં ફરી પાત્રતાનો, ક્ષમતાનો ગજાનો સવાલ આવે છે.
આપના માટે લખવું એટલે
આકાશનો પરિચય કરાવવો.
ગુરુત્વાકર્ષણની બહાર ગયેલા અવકાશયાત્રીઓને
જે અનુભવ થયો તેનું વર્ણન પૃથ્વી પર રહેલાથી કઈ રીતે થાય ?
એ વર્ણવવા જાત-અનુભવ જ લેવો પડે. તેમ,
આપ માયાથી પર, દેહના ભાવોથી રહિત, અખંડ ભગવાનમય.
આપ દેહાતીત નરતનુધારી અને અમે સામાન્ય દેહધારીઓ.
કઈ રીતે આપને શબ્દોમાં મૂકવા ?
છતાં, કંઈક ગુરુઋણ અદા કર્યાનો સંતોષ લેવા માટે,
'હાં હાં ગડથલ' રૂપે કંઈક કરવાનો ઊમળકો છે.
વળી, આપની દૃષ્ટિ વિશાળ છે.
અણુ જેટલી અમારી સેવાને આપ મેરુતુલ્ય માનો છો,
તેથી અમે વિશેષ ફાવ્યા છીએ. અહીં જે કાંઈ ગુણગાન લખ્યા છે તેમાં,
લાભ-અલાભની પરવાહ નથી,
કોઈને દેખાડવાના અભરખા નથી,
માત્ર હૃદયોર્મિ ઠાલવી છે.
આ હૃદયોર્મિઓ સ્વીકારશોને સ્વામી ?

પ્રમુખસ્વામી મહારાજ અમૃત મહોત્સવ સમિતિ વતી

સાધુ કેશવજીવનદાસ

(મહંત સ્વામી)

આમુખ

પ્રગટ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ અમૃત મહોત્સવના ઉપક્રમે, તેઓશ્રીનાં દિવ્ય જીવન-કાર્યને અર્ઘ્ય આપતી પ્રકાશન શ્રેણી આપના હાથમાં મૂકતાં હર્ષ થાય છે.

મહાપુરુષના જીવનને ક્યારેય શબ્દોના બાંધેલા કિલ્લા વચ્ચે પૂરી શકાતું નથી-એ એક નક્કર વાસ્તવિકતા છે. પરમ પૂજ્ય પ્રગટ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના વ્યક્તિત્વને જુદા જુદા દૃષ્ટિકોણથી મૂલવતા આ પ્રત્યેક પ્રકાશન શ્રેણીના લેખકને, એનો અનુભવ અવશ્ય થયો છે.

માનવ દેહમાં વિચરતી અસાધારણ દિવ્ય વિભૂતિ સમા પરમ પૂજ્ય સ્વામીશ્રીના એ વ્યક્તિત્વને સમજવા માટે જુદાં ચક્ષુ, જુદી દૃષ્ટિ જોઈએ. જ્યાં શબ્દોનું સામ્રાજ્ય અત્યંત વામણું પુરવાર થાય છે એવા સ્વામીશ્રીના વ્યક્તિત્વને અહીં શબ્દોમાં મૂકવાનો પ્રયાસ કર્યો છે એ ગુરુભક્તિનું એક પુષ્પ માત્ર છે.

ભગવાન સ્વામિનારાયણે ચીંધેલા રાહે, માનવ માત્રના સર્વાંગી ઉત્કર્ષ માટે પોતાના જીવનની ક્ષણે ક્ષણનું બલિદાન દેનાર સ્વામીશ્રી માટે, આ પુસ્તિકા એ માત્ર એક પરિચયાત્મક રજૂઆત જ છે. અહીં વિષયને સમ્યક્પણે મૂલવવાની અક્ષમતા સ્વીકારી લઈને આ પુસ્તિકા આપના હાથમાં મૂકીએ છીએ.

આ પુસ્તિકાના લેખક પૂજ્ય વિવેકપ્રિય સ્વામીનો અમે હૃદયપૂર્વક આભાર માનીએ છીએ.

આશા છે, આ પુસ્તિકા સ્વામીશ્રીને કંઈક વધુ સમજવામાં આપની મદદ કરી શકશે.

- પ્રકાશન સમિતિ
સ્વામિનારાયણ અક્ષરપીઠ

-: ક્રમિકા :-

૧. યુવા આકર્ષણનું સરળ રહસ્ય ૧૪

૨. સ્નેહનાં સોનલ સંભારણાં ૧૮

સમે સમે સંભાળ ૨૧

સંતકરુણાની નીપજ ૨૪

મિત્રતાનો અતૂટ સેતુ ૨૭

૩. શિક્ષણ અને કેળવણી ૩૨

સ્વાધ્યાયાન્ મા પ્રમદઃ ૩૫

૪. વ્યવહારુતાથી આદર્શ સુધી... ૩૯

દ્વિધાના અંધારે માર્ગદીપક ૪૨

સંસારને જોવાની સંતદૃષ્ટિ ૪૫

યોગક્ષેમનું અપૂર્વ સંતુલન ૪૭

સપ્તપદી : સંબંધો અને સમાધાન ૫૦

૫. અમૃતસેતુના આધારસ્તંભો ૫૪

૬. સંસ્કાર ઘડતરના શિલ્પી ૬૫

બદલાતી યુવાનીના છડીદારો ૬૯

'હું તમને આમંત્રણ આપું છું.' ૭૨

સંસ્કૃતિરક્ષણનાં ત્રણ બિંદુઓ ૭૫

ટી.વી.-અધોગતિની પ્રગતિનું સંવાહક ૭૯

૭.	**હતાશ હૈયાના હમદર્દ**	**૮૭**
	અવગુણ ઓળંગીને....	૯૧
	પ્રભુનિષ્ઠાનો સબળ સહારો	૯૪
૮.	**સાદગીનું સૌંદર્ય**	**૯૭**
	યોગઃ કર્મસુ કૌશલમ્	૧૦૧
	ઉત્તરદાયિત્વઃવિશ્વાસની ફલશ્રુતિ	૧૦૬
૯.	**સેવા એ જ અમારું જીવન**	**૧૧૦**
	રચનાત્મકતાના વળાંકે	૧૧૬
	ગુણવત્તા : શ્રેષ્ઠતાનો સંદેશ	૧૧૭
	‘તમને બધાને લાખો વંદન’	૧૨૧
૧૦.	**પૂર્ણતાનો અંક આધ્યાત્મિકતા**	**૧૨૬**
	બ્રહ્મભાવના ભોમિયા	૧૩૨
૧૧.	**ગુણાતીતના માનસપુત્રો**	**૧૪૦**

અમૃતાંજલિ

અધ્યાત્મ એ શૂરતાનો પંથ છે.
ને શૂરતા સાથે યુવાનીનો નાતો
અવિભાજ્ય છે.
યૌવનની શૂરતાને અધ્યાત્મની દિશા
આપવાનું કર્તવ્ય જે કોઈએ બજાવ્યું છે,
તેનો આભાર યુવાનીએ અધ્યાત્મની વેદી પર
કુરબાન થઈ જઈને માન્યો છે...

અધ્યાત્મ એ વૃદ્ધત્વનો ઈજારો નથી,
કે વડીલોનું 'નિત્યકર્મ' નથી.
અધ્યાત્મ એ જીવન છે.
અને જીવનનો પ્રારંભ જ
વૃદ્ધત્વને આરે પહોંચીને કરવામાં
કેટલું મોટું જોખમ અને કેટલી મોટી ખોટ છે !
જે કોઈએ સમજણની દુનિયામાં પગલાં પાડતાં યૌવનને
અધ્યાત્મજીવનની ગળગૂથી પાઈ છે,
તેનો આભાર યુવાનીએ

નૈતિક ને આત્મિક તાકાત વિકસાવીને,
સમાજ-ઉત્થાન માટે નિચોવાઈ જઈને
માન્યો છે.

અધ્યાત્મ એ હાંસલ ન કરી શકાય તેવી ઊંચાઈ નથી.
એ આદર્શ વ્યવહારજીવનનાં પગથિયાં પર ચઢીને
પામી શકાતી સ્થિતિ છે.
યૌવનનો આરંભ વ્યવહાર જીવનથી થાય છે.
અને તેમાં આદર્શનો પ્રાણ ફૂંકીને જેમણે
પ્રત્યેક પગથિયે-પ્રત્યેક ઊંચાઈએ
હૂંફ, પ્રેમ અને સહકાર સાથે સંઘર્ષના અંધકારમાં
સત્યનો રાહ ચીંધ્યો છે,
તેનો આભાર યુવાનીએ સંયમ-નિયમના
આકરા પંથે પોતાની જીવનયાત્રા
સમર્પિત કરીને માન્યો છે.

આભાર સ્વામિન્ !
આપે અમારી યૌવનની શૂરતાને દિશા આપી અધ્યાત્મની,
આપે અમારા જીવનને તાકાત આપી નૈતિકતાની,
આપે અમને આદર્શથી સભર કર્યા,
હૂંફથી જીવંત કર્યા,
સહકારથી ચેતનવંતા કર્યા,
માર્ગદર્શનથી સફળ બનાવ્યા...
આપે ખેડેલી યૌવનની આંતરભૂમિમાંથી જે
દિવ્ય સમાજની ફસલ લહેરાઈ રહી છે, તેના અનંત ઋણ સ્વીકારતાં
આપના અમૃત મહોત્સવે આ અમૃતાંજલિ
આપના ચરણે અર્પણ કરતાં
ભક્તિભર્યાં કોટિ કોટિ વંદન !!!

પ્રવેશ પહેલાં...

'असतो मा सद्‌गमय
तमसो मा ज्योति र्गमय...
मृत्यो र्मा अमृतं गमय....'

હે પ્રભુ, મને અસત્યમાંથી સત્ય તરફ લઈ જા. અંધકારમાંથી પ્રકાશ તરફ લઈ જા. મરણમાંથી અમરતા તરફ લઈ જા...

આ વૈદિક સ્તુતિ જેટલી 'સનાતન' (જૂની) છે, તેટલું જ 'અસત્' પણ 'સનાતન' છે. જે 'અસત્'માંથી મુક્ત થવા ઋષિઓએ પોકાર કર્યા હતા, તે 'અસત્'માં અને એકવીસમી સદીના ઊંબરે ઊભા રહીને આપણે જે અસત્ અનુભવીએ છીએ તેમાં તાત્ત્વિક દૃષ્ટિએ કોઈ મોટો તફાવત નથી.

આજે અસત્‌ના વાઘા વધુ રૂઆબદાર બન્યા છે. અને એથી ઊંડા સડાનો ખ્યાલ ભાગ્યે જ કરવામાં આવે છે. પ્રમુખસ્વામી મહારાજે તે ખ્યાલ કર્યો છે. આથી જ ખાસ કરીને આજના યુવાનો સ્વામીશ્રી પાસે જેવા છે તેવા રજૂ થવા લાગ્યા છે....

સ્વામીશ્રી સાંકરીમાં વિરાજમાન હતા. બારડોલીનો એક યુવાન આવતાંવેંત સ્વામીશ્રીને પ્રણામ કરીને રડી પડ્યો : 'મને ખૂબ ખરાબ વિચારો આવે છે... નોકરીમાં મન નથી લાગતું... આપઘાત કરવાના વિચારો આવે છે... દયા કરો...'

વાતાવરણમાં જાણે કે ઉપરોક્ત વૈદિક પ્રાર્થના જ પડઘાઈ રહી : 'અસતો મા સદ્‌ગમય...' જરા ધ્યાનથી વાંચતાં જણાશે કે આ યુવાનની

પ્રાર્થના 'સનાતન પ્રાર્થના' કરતાં જરા પણ જુદી નથી !!

નવાઈની વાત તો એ છે કે 'અસત્'ની પ્રવૃત્તિમાં અને પ્રગતિમાં મોટેભાગે સૌ એકસરખા હિસ્સેદાર હોવા છતાં દોષનો ટોપલો તો આખરે યુવાનોના માથે જ ઢોળાયો છે. આજે કહો કે ગઈકાલે !

તત્ત્વચિંતક પ્લેટોએ ૨૩૦૦ વર્ષ પૂર્વે કરેલી દર્દભરી ચિંતા તેનો શ્રેષ્ઠ નમૂનો છે. તે કહે છે : આપણા યુવાનોનું શું થવા બેઠું છે ? તેઓ પોતાના વડીલોને માન આપતા નથી. તેઓ રસ્તે ને ચોકે તોફાન કરે છે, બળવો કરે છે, દુનિયા ઉથલાવવા નીકળ્યા છે. એમનામાં વિવેક નથી, ચારિત્ર્ય નથી. એમનું અને આપણું હવે શું થશે ?

આ ચિંતાના સ્વીકાર સાથે તેના ઉકેલનો એક જુદો અભિગમ જોઈ લઈએ....

સ્વામીશ્રી મુંબઈમાં વિરાજમાન હતા. સાયંક્રમ પછી રક્ષકના નકાબમાં દુકાનદારો પાસેથી 'પ્રોટેકશન મની' ઉઘરાવી ગુંડાગીરી કરતા એક યુવાન મનીષને મળ્યા. સ્વામીશ્રીએ તેના ભાઈ મિતેષને ખાસ બોલાવવા મોકલ્યો હતો. તે આવ્યો, પણ સ્વામીશ્રી સાથે આંખ મેળવી ન શક્યો.

સ્વામીશ્રી કહે, 'એટલું તો સમજ, આ તારી જિંદગી છે ? મા-બાપને દુભવવા પડે. એમને દુઃખવો એટલે આખી જિંદગી દુઃખમાં જ જાય. જે ખોટું છે તે ખોટું જ છે. એક દા'ડો એનો અંત પણ એવો જ આવે. આ કાંઈ માણસાઈ છે ? વગર મહેનતનો રોટલો ખાવાનો શો અર્થ ?'

સ્વામીશ્રીએ તેને ગુંડાગીરી કઈ રીતે કરે છે તેની વિગત પૂછી. મુસલમાન મિત્રો સાથે આખી રાત ગમે ત્યાં પડી રહેવાનું. જે રકમ મળે તેમાંથી નજીવી કિંમત તેને ભાગે આવે. અને તે પૈસા પણ મોજશોખમાં ઉડાવી દેવાના, બચત તો કાંઈ જ નહિ !

'આ તે કાંઈ જિંદગી છે ?' સ્વામીશ્રી ફરીથી કહેવા લાગ્યા : 'એના કરતાં મહેનત કરીને અડધો રોટલો મળે તે ખાઈને જીવવું સારું....' થોડી પળો મૌન વીતી અને સ્વામીશ્રી કહે, 'બોલ, તારો વિચાર શું છે ? ફફડાટમાં જીવન શું જીવવું ? એકના એક દુકાનદાર પાસેથી પૈસા પડાવીને તેની આંતરડી કકળાવવાની ને !'

આખરે મનીષે કહ્યું : 'આપ કહો તેમ કરું.'

સ્વામીશ્રી કહે, 'તું છોડી દે, પણ તારા મિત્રો તને છોડશે ? તને કાલ ઊઠીને ધક્કો મારે તો તું શું કરીશ ? ફૂટપાથ ઉપર. તારે પોતાને જ સમજવાની વાત છે. નીકળવાનો પ્રયત્ન કરજે. તો જ સુખી થઈશ.' સ્વામીશ્રીએ ૨૦ મિનિટ તેની પાછળ ખર્ચી. તેને કંઠી પહેરાવી. તે હર્ષ છલકાતી આંખે પગે પડ્યો. સમાજનો એક પ્રશ્ન ઊકલી રહ્યો હતો. આજ સુધી ઉપેક્ષિત યુવાનીને સ્વામીશ્રીનો-કરુણાનો ખોળો સાંપડી રહ્યો હતો. પ્લેટોનો ૨૩૦૦ વર્ષની પેલે પારથી સંભળાતો પ્રશ્ન જાણે અર્થહીન જણાતો હતો... 'એમનું અને આપણું હવે શું થશે ?' તેના ઉત્તરો સ્વામીશ્રીના પ્રસંગમાં આવતાં જ યુવાનોના આચરણ દ્વારા રણઝણી ઊઠે છે. જે થશે તે શ્રેષ્ઠ થશે. સારું થશે. આ કેવળ આશા નથી. હકીકત છે. નિરાશા સ્વામીશ્રીનો ઉદ્‌ગાર નથી અને નિષ્ફળતા એમની ફલશ્રુતિ નથી.

દરેક પથ્થર ભલે આરસ ન હોય પણ તેની મૂર્તિ ન બની શકે ? યુવાન એ નવજીવનની આશા છે. જીવન જ્યારે થાકે, હાંફે, હારે ત્યારે જે સમાજ તરુણોને તારનાર તરીકે જુએ તે સમાજને તરુણો તારે છે. જે સમાજ યુવાનોને ધુત્કારે છે, તેને યુવાન પણ ડુબાડે છે. સ્વામીશ્રીનું આ 'યુવાદર્શન' પોતાને સફળ અને યુવાનોને સબળ બનાવી રહ્યું છે.

યુવાનીના ખંડનાત્મક આવેગોની સ્વામીશ્રીને જે માહિતી છે, તેટલી કદાચ યુવાનો સાથે કામ કરતા શિક્ષણશાસ્ત્રીઓ કે તેમનાં માતાપિતાઓ પાસે પણ નહીં હોય. કારણ કે ભૌતિકતાએ ફેલાવેલા પંજામાં પોતાને યાહોમ કરી ચૂકેલા અસંખ્ય યુવાનોના ચિત્કારો એમણે સમવેદનાથી સાંભળ્યા છે. સમસ્યાઓના જનરેટર જેવી યુવાનોની જિંદગીઓનો એમની અનુભવી આંખોને ઘણો ઊંડો અભ્યાસ છે. જીવનને શાપ આપનારા કે જીવનની વિકટ પરિસ્થિતિને સહી લેનારા, જીવનને સાક્ષી ભાવે જોનારા કે જીવનથી વિમુખ થઈને ભાગી છૂટનારા ચારે પ્રકારના યુવાનોને એમણે ચાહ્યા છે - એક જનનીની જેમ ! એક પિતાની જેમ ! અને એક મિત્રની જેમ !

હા, એ ખરું કે યૌવન વિનાશના કિનારે ઊભું છે અને તે સ્થિતિ અસહ્ય

છે. પણ ત્યાંથી 'અમૃત'ના માર્ગે લઈ જવું અશક્ય પણ નથી. આ આદર્શ સ્વામીશ્રીએ પસંદ કર્યો છે. આથી જ એમણે યુવાનોને સ્નેહની ગળગૂથી પાઈ છે. તેને વિશ્વાસથી પોતાના હૃદયાસને પ્રસ્થાપિત કર્યો છે. દરેક યુવાન પોતાની શક્તિ મુજબની છલાંગ લગાવી શકે તેવું આકાશ એમણે પૂરું પાડ્યું છે. આપણી ભાવિપેઢીને 'અસત્'માંથી સત્ તરફ લઈ જતી સંસ્કારગંગાના સ્વામી, અંધકારમાંથી પ્રકાશ તરફ લઈ જતા પ્રકાશમાર્ગના યાત્રી અને મરણમાંથી અમરતા તરફ-પરમતત્ત્વ તરફ લઈ જતા સંજીવનીના સર્જક એવા સ્વામીશ્રીની આ ગુણગાથા ઉપરોક્ત અર્થમાં સંપૂર્ણ સાર્થક છે.

આવતાં પ્રકરણોમાં સ્વામીશ્રી યુવાનોની દીવાદાંડી બની રહેશે. માતાપિતાઓ માટે માર્ગદર્શક બની રહેશે. અને સમાજશાસ્ત્રીઓને એમનાં ચરિત્રોમાં ભવિષ્યની સુવર્ણક્રાંતિ સર્જનારાં બીજ ઠેરઠેર વિખરાયેલાં નજરે ચડી આવશે. અને ત્યારે એમણે કરેલા યુવાની પાછળના પરિશ્રમને સાચી અંજલિ પ્રાપ્ત થશે.

* * *

૧. યુવા-આકર્ષણનું સરળ રહસ્ય

હજારો લોકોને એક કુતૂહલ છે કે પ્રમુખસ્વામી પાસે એવું શું છે કે આજના ભૌતિક આક્રમણને કારણે નિરાશ અંધકારના પર્યાય સમી બની જતી યુવાપેઢીને તેઓ નાથી શક્યા ? શા માટે આ યુવાનો પ્રમુખસ્વામી મહારાજ માટે, તેમની જનસમાજ માટે વિસ્તરતી જતી સંસ્થા માટે કુરબાન થવા તૈયાર થાય છે ?

આ રહ્યા તેના ઉત્તરો...

'મારું નામ અકબર, હું મોમેડન છું. આપની વાત સાંભળીને દર્શને આવ્યો છું.' સુરતમાં વરાછા વિસ્તારના એક યુવાને ચરણસ્પર્શ કરીને કહ્યું. સ્વામીશ્રી પ્રેમથી ધબ્બો આપીને કહે, 'ભગવાનના દરબારમાં બધા સરખા છે. લે પ્રસાદ. આવતો રહેજે...'

સ્વામીશ્રીના સ્નેહમાં આકાશનો આશ્લેષ છે.

એક યુવકે અજાણતાં ભૂલ કરી હતી. તેણે પત્ર લખી સ્વામીશ્રીની માફી માગી હતી. આ વાત સ્વામીશ્રી, પોતે અને તેનો એક મિત્ર ત્રણ જ જાણતા. હિંમતનગરમાં સ્વામીશ્રીના ઉતારે મિત્રે પૂછ્યું : 'બાપા,... નો પત્ર મળ્યો ?'

'હા, મળી ગયો.' સ્વામીશ્રીએ ટૂંકમાં કહ્યું.

મિત્રે વાત વિસ્તારથી કહેવી શરૂ કરી : 'એણે પત્રમાં આપની માફી માગી છે. એને તો...' તરત જ હાથના ઇશારે સ્વામીશ્રીએ તેને અટકાવી

દીધો... સાગર સમું એમનું ઉદર સર્વના દોષોને પચાવી શક્યું છે...

બોચાસણમાં એક પિતા પોતાના પુત્રને દર્શને લાવ્યા હતા. સ્વામીશ્રીને પરિચય આપતાં કહે, 'બાપા, આ ભગવાનમાં માનતો નથી.' સ્વામીશ્રી કહે, 'તું નીતિ પ્રમાણે ચાલે છે ?'

'હા.'

'ખોટું કર્મ કરતો નથી ને ?'

'ના.'

'કંઈ વ્યસન ?'

'ના.'

'દારૂ-માંસ ?'

'ના.'

'તો પછી તું આસ્તિક જ છે ને !' સ્વામીશ્રીએ એકદમ જ કહ્યું. પછી ઉમેર્યું, 'અમુક વસ્તુ સરકાર કે સમાજની બીકે કરીને થાય એમ બધા કાર્યમાં ભગવાનની પણ બીક રાખવી. દરેક ક્રિયાના કર્તા ભગવાનને માનીએ તો જીવનમાં બળ ને હિંમત રહે.' યુવકને દલીલ કરવાનો અવકાશ ન રહ્યો, કારણ કે સમાધાન થઈ જ ગયું હતું !

માન્યતા બદલવાની જડતા સ્વામીશ્રીમાં નહીં જડે. પણ જૂઠી માન્યતાનું ક્લેવર આપોઆપ જ તોડવા પ્રેરાય એ બળ આવી સચોટતાથી સ્વામીશ્રી સર્જી શકે છે.

ખંભાતના એક સામાન્ય હરિભક્ત બચુભાઈ બોચાસણ આવ્યા. સ્વામીશ્રીને કહે, 'બાપા, મારો દીકરો દારૂની લતે ચઢી ગયો છે. પહેલાં હું પણ પીતો પણ આપનાં દર્શને છૂટી ગયું છે. મારું શરીર અને વ્યવહાર બંને સારાં થયાં છે. પણ છોકરા પર દયા કરો.'

'અહીં લાવજોને !' સ્વામીશ્રીએ કહ્યું.

તેઓ કહે, 'એક વાર લાવ્યો હતો પણ તેણે છોડ્યું નથી.'

'ફરી વાર લાવજો. આપણે વાત કરીશું. અહીં આવતો થાય અને સંતો સાથે હેત-પ્રીત થાય. એકવાર કહીએ ને થોડા દિ' મૂકે ને પાછું ચાલુ કરે

તો બીજી વાર વાત કરીએ. એમ બે-પાંચવાર વાત કરીએ એટલે મૂકી દેશે....' આ અપાર શ્રદ્ધા, આ અત્યંત ધીરજ યુવાનને પામરમાંથી પૂર્ણ બનાવવાના એમના સંકલ્પમાંથી સર્જાઈ છે. યુવાનો પર એમને વિશ્વાસ છે કે તે સુધરશે. યુવાનો પ્રત્યે તેમને હમદર્દી છે, તેને ગમે તેટલી વાર વાત કરવી પડે, તેનો બોજો નથી...

કલકત્તામાં એક યુવક આવ્યો. એકદમ જ સ્વામીશ્રીને પગે લાગીને કહેવા લાગ્યો : 'હું જગન્નાથપુરીની યાત્રાએ ગયેલો. પછીથી હું અંતર્યામી જેવો થઈ ગયો છું. મને રોજ સ્વપ્નમાં ભગવાન આવે છે. આ વિશે મારો કોઈ ભ્રમ હોય તો દૂર કરજો....'

તેની ગાંડીઘેલી વાત કોઈને પણ કંટાળો ઉપજાવે તેવી હતી. સ્વામીશ્રી ધીરજથી બધું જ સાંભળતા રહ્યા. પછી કહે, 'સ્વપ્ન એટલે સ્વપ્ન જ. પરંતુ ભગવાનનાં ને મંદિરનાં સ્વપ્ન આવે છે, તે સારી વાત કહેવાય, ખરાબ ન કહેવાય....' તે ખુશ થઈને ચાલ્યો ગયો.

કેટલો વિધાયક પ્રતિભાવ ! જરા પણ કંટાળો નહીં. યુવાનોના શ્રોતા બની સમસ્યા કે ઘટના, અનુભવો કે અભિપ્રાયો જાણવા સ્વામીશ્રી સદા તત્પર જ હોય છે.

અટલાદરામાં સ્વામીશ્રી જમી રહ્યા ત્યાં રાજેશ નામે યુવક આવી પહોંચ્યો. પગે લાગીને કહે, 'મારા જન્માક્ષરમાં કાલસર્પ યોગ છે. બધા કહે છે કે મારું ફ્યુચર બરાબર નથી.' સ્વામીશ્રી ભાવમાં આવી ગયા. કહે, 'કાલસર્પ હોય કે ગમે તે હોય, આપણને ભગવાન ને ગુરુનો-બેનો યોગ છે. કશું નહીં થાય. જ્યોતિષો પાછળ ન પડવું. સ્વામિનારાયણનો જાપ કરજે. દર વર્ષે મહાપૂજા કરાવજે પછી ખૂણામાં શાંતિથી સૂઈ જજે. બસ ! કાંઈ નહીં થાય !'

હાર્યાને કેવી હામ ! એમના શબ્દોમાંથી જાણે જીવનરસ પ્રગટી રહ્યો હતો. નિરાશ યુવાનોની એ સંજીવની બની રહે છે.

વિદ્યાનગરમાં સ્વામીશ્રી ઠાકોરજીનાં દર્શન કરતા હતા. રક્ષિતે અચાનક પૂછ્યું, 'ઠાકોરજી આગળ શું પ્રાર્થના કરો છો ?' સ્વામીશ્રીએ કહ્યું, 'બસ, તમે બધા ભણીગણીને સારી સેવા કરો.... યુવકો બધા તૈયાર થાય ને

સત્સંગ વધે.' યુવાહિતની કામના એમના હૈયામાં સદાકાળ રમતી રહી છે.

સ્નેહ અને સમર્પણ, શ્રદ્ધા અને ધીરજ, માનસિક હૂંફ અને આત્મબળની શ્રદ્ધા આવી કંઈ કેટલી જુગલબંધી સ્વામીશ્રીના જીવન દ્વારા રચાઈ છે. આ જુગલબંધીએ યુવાનના જીવનને આત્મિક સંગીતથી છલકાવ્યું છે.

એક વાર 'ટાઇમ્સ ઑફ ઇન્ડિયા'ના પત્રકાર બાલકૃષ્ણન્‌ને યુવા-આકર્ષણનું રહસ્ય સમજાવતાં સ્વામીશ્રીએ કહેલું : 'અમારા ગુરુ યોગીજી મહારાજની સાધુતા-એમનો પ્રેમ મુખ્ય છે. યુવાનોને લાગે છે કે અહીં બધી જ રીતે સુખી થઈશું, માર્ગદર્શન મળશે. પછી સંતોનું જીવન જુએ છે ને આકર્ષાય છે. અહીં મા-બાપ પાસેથી જે ન મળે તેવો નિર્દોષ પ્રેમ અને વાત્સલ્ય મળે છે. તે કારણે યુવાનો આકર્ષાય છે. સંસ્થા આજે તેમના ચારિત્ર્ય જતનનાં આયોજનો કરે છે, ઉત્સવો અને શૈક્ષણિક પ્રવૃત્તિઓ સાથે અભ્યાસ અને ધર્મને જીવંત રાખવાની પ્રવૃત્તિ હાથ ધરવામાં આવી છે. જેનાથી તેમનું ભવિષ્ય ઊજળું બને. સાંસારિક કાર્યોમાં શાંતિ રાખતાં શીખે. શિબિરો-શ્રમયજ્ઞો કરી તેમની અવળે માર્ગે જતી શક્તિ અહીં સન્માર્ગે વળે છે...' હજારો લોકોના કુતૂહલનો કેવો સાદો ઉત્તર ! પરંતુ આ એક એક બોલ એમના સાંનિધ્યમાં યુવાને જાતે અનુભવ્યા છે. જ્યારે સ્વામીશ્રીના પરિશ્રમ અને પ્રતિભાનો, પ્રેમ અને પરિણામનો સરવાળો માંડ્યો છે, ત્યારે યુવાનો અધ્યાત્મની વેદી પર કુરબાન થવા તૈયાર થયા છે. કેવાં સાદાં રહસ્યો ! છતાં કેવી પ્રચંડ તાકાત !

* * *

૯. સ્નેહનાં સોનલ સંભારણાં....

'લો, હવે ફોટા પડી ગયા હોય તો ઊભા થાવ...' સ્વામીશ્રીએ આજુબાજુ બેઠેલા યુવકોના માથે હાથ મૂકતાં કહ્યું. આ સત્સંગી યુવાનો ભારતથી સાંસ્કૃતિક લોકનૃત્યો માટે અમેરિકા આવ્યા હતા.

કલકત્તાનો જયૂર મોદી બોલી ઊઠ્યો : 'બાપા, આપનું સાંનિધ્ય જ એવું છે કે આપનો ખોળો છોડવાનું જ મન થતું નથી....'

વિદ્યાનગરથી યજ્ઞેશ ત્રિવેદી અમદાવાદ આવ્યો હતો. સ્વામીશ્રીએ તેને નજીક બોલાવ્યો. હેતનો ધબ્બો આપી સમાચાર પૂછવા લાગ્યા. તે કહે, 'બાપા, આપે વિદ્યાનગરથી વિદાય લીધી. પછી હું આપની રૂમ સાફ કરતો હતો. સાફ કરતાં કરતાં રડવું આવી જતું કે બસ ! આપ જતા રહ્યા ?' સ્વામીશ્રી સ્નેહથી જોતાં કહે, 'આપણે ક્યાં ગયા છીએ ? સાથે જ છીએ એવું જ માનવું. દૂર જતાં જ નથી. હોય ત્યારે પૂરો લાભ લઈ લેવો, ને પછી તે સંભાર્યા કરવો. જેથી દૂર ન લાગે. લે પ્રસાદ... કલકત્તાથી 'સંદેશ' આવ્યું છે.' સ્વામીશ્રીએ તેનો ખોબો ભરી દીધો.

સ્વામીશ્રી લંડનમાં ચાર માસ રોકાયા હતા. યુવાનો-કિશોરો માટે એ સ્નેહથી છલકાતી મોસમ હતી. સ્વામીશ્રીનું સાંનિધ્ય, સંતોની કથાવાર્તા, પ્રસાદની આપ-લે.... આત્મીયતાનો માહોલ બંધાયો હતો. આજે સ્વામીશ્રી વિદાય લઈ રહ્યા હતા. સવારથી વાતાવરણ ઉદાસ હતું. યુવાનો-કિશોરોની

આંખોમાં સ્નેહની ભીનાશ તગતગી રહી હતી. આશ્વાસનના શબ્દો લુખ્ખા લાગતા હતા. અને અંતે સ્વામીશ્રી એરપોર્ટ પર પહોંચ્યા. જોતજોતામાં હિથ્રો એરપોર્ટ જાણે મંદિરનો સભામંડપ હોય તેમ 'સહજાનંદ સ્વામી મહારાજની જય'ના નાદોથી ગાજી ઊઠ્યું. સ્વામીશ્રી બે હાથ જોડી કંઈક ભારે હૈયે, હળવે પગલે નૂઝ તરફ જઈ રહ્યા હતા. યુવાનો-તરુણોની સાથે એક આંખ કરવાની એમની પણ જાણે હિંમત નહોતી ! કદાચ પોતાની જ આંખેથી વહાલપની ધાર વહી નીકળવાની દહેશત હશે ! યુવાનો-કિશોરોની સ્થિતિ અસહ્ય હતી. દર્શન થયાં ત્યાં સુધી તો કર્યાં પણ પછી અનેકના હૈયાબંધ છૂટી ગયા ! તેઓ દૂર જાય તે જીરવી ન શકાય. જો નજીક રહે તો ઝીલી ન શકાય ! આ અદમ્ય આકર્ષણનાં મૂળ ક્યાં છે ?

શું છે એમની નાનકડી આંખોમાં ? મીઠપના બોલમાં ? એમના સાંનિધ્યમાં, એમના વ્યક્તિત્વમાં અને એમના અસ્તિત્વમાં કયું તત્ત્વ સેંકડો, હજારો, લાખોને પળમાત્રમાં વશીભૂત કરે છે ?

હા, આ ચમત્કાર છે - આ જાદુ છે - એમના અફાટ ચૈતન્યમય પ્રેમ-પ્રવાહનો ! નિઃસ્વાર્થ પ્રેમના અતળ ઊંડાણમાંથી આવતો એ સ્રોત એમની નિર્મળ આંખો દ્વારા વરસવા માંડે છે, ત્યારે માણસની ઝીલવાની પાત્રતા વામણી લાગે છે. એ સ્પર્શે છે અને રૂંવે રૂંવે વસંત મહોરી ઊઠે છે. અને એમાંય યુવાન ! યુવાન તો એમનાં સ્વપ્નો વાવવાનો પ્રદેશ છે. યુવાશક્તિ તો એમની અપેક્ષાઓનો અંબાર છે. અનેક મહાન કાર્યોનાં બીજ સ્વામીશ્રીએ યુવાનોના સ્નેહભર્યા સંપર્કોમાં વાવ્યાં છે. હજારોની મેદનીમાં એમની નજરોમાં એ તરત નોંધાઈ જાય છે કે કયો યુવાન નથી દેખાતો !

'દરબાર, ક્યાં હતા ?' જૂનાગઢમાં સ્વામીશ્રીએ ટીંબાવાળા ધનંજયસિંહને જોઈને પૂછ્યું.

'બાપા, સસરાને ત્યાં જવાનું થયું હતું.' તેણે માફી માગતાં કહ્યું.

સ્વામીશ્રી હસતાં હસતાં કહે, 'લ્યો, સસરાને ખોટું લાગે તો અમને ખોટું ન લાગે ? તમારે તો અહીં લાભ લેવો જોઈએને !'

અટલાદરામાં સૌને મળતાં મળતાં ઉતારે પધાર્યા. ત્યાં લાલબહાદુર નેપાળીને જોયો ને તરત સ્વામીશ્રી બોલી ઊઠ્યા : 'કેમ અત્યાર સુધી

દેખાતો ન હતો ? છેલ્લા ચાર દિવસથી હું રોજ તને યાદ કરતો હતો. મનમાં વિચાર આવે ને પાછું પૂછવાનું ભૂલી જવાય. રોજ તારે આવી જવું.'

સ્વામીશ્રીની આંખો યુવાનની શોધમાં હોય છે અને મન યુવાનોની યાદમાં હોય છે.

સ્વામીશ્રી સાનફ્રાન્સિસ્કો (અમેરિકા)માં પધરામણીએ નીકળ્યા. ઈશ્વરભાઈ કોઠારીના પુત્ર રમેશભાઈના પ્રિન્ટિંગ પ્રેસમાં પધાર્યા ને તેમને જોતાં જ અંતરના ઉમળકાથી બોલી ઊઠ્યા, 'રમેશ ! તને ગોતવા તો અમે આખું અમેરિકા ગોતી વળ્યા !' પછી ખૂબ ખબરઅંતર પૂછી એવું હેત કર્યું જાણે સગા દીકરાને મળતા ન હોય !

આ વહાલપની લહેરખી યુવાનો-તરુણો માટે અધ્યાત્મની દિશામાં દોડવાનો પ્રાણવાયુ બની જાય છે.

વેલીંગબરો (યુ.કે.)માં અનૂપભાઈ ગંડેચા સ્વામીશ્રીનાં દર્શને આવ્યા હતા. સાથે મોતીરામભાઈના પૌત્ર પણ દર્શને આવ્યા હતા. તેને સ્વામીશ્રી કહે, 'તારા દાદા મોતીરામ તો ચુસ્ત સત્સંગી છે. કોઈ કાંઈ પણ કહે તો 'મહારાજ-સ્વામી' બોલીને જ વાત કરે. એમનો આવો સત્સંગ ને તુ તો અમને લંડનમાં દેખાયો જ નહિ !'

તે કહે, 'મારા નાના ભાઈને સત્સંગ વધુ પડતો. એટલે તે આવે છે.'

'તે તારે ઓછો પડતો છે કેમ ?' સ્વામીશ્રીએ પૂછ્યુ ને કહ્યું, 'અમે લંડન હતા ત્યારે મળવા ન આવ્યો, પણ અહીં આવ્યો તે સારું થયું. હવે કાયમ આવતો રહેજે....' ઘોર નિદ્રામાં સૂતેલા આવા કંઈક યુવાનોને સ્વામીશ્રીએ ઘરોઘર દરવાજા ખટખટાવીને જગાડ્યા છે અને સ્નેહના સ્પર્શથી તેના સંસ્કારો અને સત્સંગની પાત્રતા પણ બેવડાવી છે.

એક યુવકને કોઈક કારણસર ખોટું લાગ્યું હતું. તેણે તેના પિતાને સ્વામીશ્રીનાં દર્શને આવવા ઘસીને ના પાડી દીધી હતી. સત્સંગ મૂકી દેવા નિર્ધાર કર્યો હતો. આ હકીકત વર્ણવતાં એ યુવાનના પિતા રોઈ પડ્યા. સ્વામીશ્રીને કહે : 'અમારું આટલું જૂનું કુટુંબ, સત્સંગમાં અમારા દાદા અને પિતાનું આટલું સમર્પણ હવે અમારા ઘરમાં સત્સંગ નહીં રહે... ? દીકરો આવવાની જ ના પાડે છે.'

સ્વામીશ્રીએ તેમને આશ્વાસન આપ્યું. યુવાનની ભૂલની એક પણ વાત આવવા ન દીધી. વહાલથી એ યુવકના સદ્‌ગુણોની પ્રશંસા કરી. આ વાત પિતાએ જ્યારે તેને કરી ત્યારે તે ઢીલો પડી ગયો. અને બીજે જ દિવસે સ્વામીશ્રી પાસે આવી પહોંચ્યો. ખોળામાં માથું મૂકીને રડવા લાગ્યો. સ્વામીશ્રી તેને માથે હાથ ફેરવતાં કહે, 'દુઃખી ના થઈશ. તને દુઃખ થાય છે એ અમને થાય છે. જોગીબાપાના જોગમાં આવેલો છે. ને અમારી સાથે પણ આત્મબુદ્ધિ છે. પેલો પ્રસંગ હવે ભૂલી જવો. આ સત્સંગ આપણું કુટુંબ છે. દાદાખાચર ૫૦૦ સંતોની સાથે જ રહેતા. એમને આવા પ્રસંગો નહીં બન્યા હોય ? તોય કેટલો મહિમા ! એવી દૃષ્ટિ રાખવી. અમને મનમાં નથી. કોઠારીને અને સંતોને પણ કેટલો પ્રેમ છે ! અને આવું કંઈ પણ હોય તો અમારી પાસે આવી જવું. અમને કહી દેવું. તું આજે અહીં આવી ગયો. અમને બહુ શાંતિ થઈ ગઈ. મનમાં રાખવું નહીં...'

સ્વામીશ્રીના પ્રેમ પાસે તેનો પૂર્વગ્રહ ક્યાંય તણાઈ ગયો હતો. તેમના પિતાશ્રી પણ રડી રહ્યા હતા કે આ બાપાએ તને પોતાનો દીકરો ગણ્યો છે, તો હું હોઉં કે ન હોઉં પણ એમનો થઈને રહેજે...

સમે સમે સંભાળ.....

વિશ્વપ્રસિદ્ધ માનસશાસ્ત્રી સિગ્મંડ ફ્રોઈડ પછી એવા જ મોટા ગજાના મનોવિજ્ઞાની હતા એરિક ફ્રોમ. સ્નેહની વિભાવના એમણે માત્ર ત્રણ શબ્દોમાં આપી હતી :

What is love ? It is care, consideration and respect.

જ્યાં માતાની મમતા હોય ત્યાં કાળજી હોય,
જ્યાં પિતાનો પ્રેમ હોય ત્યાં પ્રોત્સાહન હોય,
જ્યાં મિત્રતાની પવિત્રતા હોય ત્યાં આદર હોય.

સ્વામીશ્રી યુવાનોની 'મા' બન્યા છે, 'પિતા' બન્યા છે અને મિત્ર તેમજ માર્ગદર્શક પણ ! એક સંત તરીકે એમના વ્યક્તિત્વનું આ અત્યંત વિલક્ષણ પાસું છે. એમની સંભાળનાં સંભારણાંઓ યુવાનોના દિલમાં આજે પણ સોનલવરણાં તેજ પાથરી રહ્યાં છે.

'અક્ષરધામ' સંકુલના નિર્માણમાં પથ્થરો માટે ઠેઠ રાજસ્થાન સુધી દોડાદોડ કરનાર યુવકો કાંતિ અને સુરેશ સ્વામીશ્રીનાં દર્શને અમદાવાદ આવ્યા હતા. સ્વામીશ્રીએ પૂછ્યું : 'તમે ટ્રેનમાં જાઓ ત્યારે સાથે કંઈ નાસ્તો લઈ જાવ છો ?' બંને મૌન રહ્યા. સ્વામીશ્રી કહે, 'તમારે સામેથી માગી લેવું. હજી આપણે ઘણું કામ લેવું છે. અહીંથી જતાં સ્લીપીંગમાં રિઝર્વેશન કરાવી લેવું. આમાં પૈસા ખર્ચાય તેનો વાંધો નહીં. દોડાદોડીમાં તબિયત બગડે. ધ્યાન ન રાખો તો દવાદારૂમાં તો ખર્ચવાના જ અને કામ અટકે તે જુદું. એટલે તમારે ઉપવાસ પણ ઓછા કરવા. સાધુ થાવ પછી તપ-ત્યાગ કરવા હોય એટલા કરજો.' નાનામાં નાની બાબતોની આટલી કાળજી માની મમતા વિના ક્યાં સંભવે ? યુવકો અમથા નિઃસ્વાર્થ-સમર્પિત નથી બની શકતા. તેઓને આવો નિર્વ્યાજ પ્રેમ સામેથી સાંપડે છે.

ફરી એકવાર કાંતિને એ અનુભવ થયો. સંસ્થાના યુવક કાર્યકર હર્ષદ ચાવડા પિંડવાડા જતા રસ્તે મહેસાણામાં સ્વામીશ્રીનાં દર્શને આવ્યા. સ્વામીશ્રી એ વખતે મુખવાસ જમતા હતા. હર્ષદભાઈને મુખવાસ આપી સ્વામીશ્રી કહે, 'લે, આ જ્ઞાન-ધ્યાન કી ગોલી !' તેઓએ કાંતિને યાદ કર્યો. કહે, 'અત્યારે પિંડવાડાના કારીગરો હોળી ઊજવવા જતા રહ્યા છે. તે એ મશીન જાતે ચલાવે છે.'

સ્વામીશ્રી કહે, 'વાહ ! તારી જેમ એનેય આપસૂઝ સારી છે.' પછી તરત નિર્ભય સ્વરૂપ સ્વામીને સૂચના આપી : 'કાંતિ ત્યાં છે તો થોડી પ્રસાદી ભરી આપ. સુખડી-ઢેબરાં એવું ભરી આપજે. ત્યાં ખાય !' અંતરના ઉમળકાની તો વાત જ જુદી છે ને !

મુંબઈમાં રોજના ક્રમ મુજબ પરવારીને સ્વામીશ્રી ઠાકોરજીનાં દર્શને પધાર્યા. ઘનશ્યામ મહારાજના ખંડ આગળ રસિકભાઈ અજમેરા ઊભા હતા. તેમને જોઈ સ્વામીશ્રીએ ઠાકોરજી પાસેથી પ્રસાદીનું ગુલાબ મગાવ્યું અને તેમને આપતાં કહ્યું, 'લો, પિન્ટુની દસમા ધોરણની પરીક્ષા છે, તો એને આપજો !' આ વિદ્યાર્થીએ ફૂલ મેળવીને જે હૂંફ, જે આત્મવિશ્વાસ અનુભવ્યો હશે તે કેવો વિરલ હશે !

શિકાગોથી ઘનશ્યામભાઈનો મુંબઈ મંદિરે ફોન આવ્યો. સ્વામીશ્રી તેઓને કહે, 'મારે ખાસ એક કામ એ છે કે પુરુષોત્તમપુરાવાળા દાજીના દીકરા ભઈલાલનો દીકરો દિનેશ ત્યાં આવ્યો છે. શાસ્ત્રીજી મહારાજના સમયનું પ્રસાદીનું કુટુંબ છે. એને જે કાંઈ મુશ્કેલી હોય તો પૂછીને મદદ કરજો. નોકરીની જરૂરત હોય તો પૂછતા રહેજો. મંદિરે બોલાવીને મારા ઉપર ફોન કરાવજો. હું એને વાત કરીશ....'

સ્વામીશ્રી સૌને મળીને અંદર પધાર્યા ત્યાં થોડી જ વારમાં દિનેશનો ફોન આવ્યો. સ્વામીશ્રી ઠપકો આપતાં હેતથી કહેવા લાગ્યા: 'તું સેટ નથી થયો તે ઘરમાં બધા ચિંતા કરે છે. ગ્રીનકાર્ડનું શું થયું ? તકલીફ હોય તો ઘનશ્યામભાઈને કહેજે. મંદિરે ખાસ જવું. નહીં તો સત્સંગ ભૂલી જવાશે. ત્યાંની હવા જ એવી છે. ખાવા-પીવાનું કેમ છે ? વેજિટેરિયન રહેજે પાછો. સત્સંગનો રંગ લગાડવાનો છે.....' લોહીની સગાઈ પણ જ્યાં વામણી લાગે એવી નિ:સ્વાર્થ પ્રેમની સગાઈ આ શબ્દે શબ્દે ઊભરી રહી છે. સ્વાસ્થ્ય અને આર્થિક બાબતે, સત્સંગ અને સંસ્કાર બાબતે સ્વામીશ્રી અહીં સ્વજનથીયે અધિક વરસ્યા છે.

અમદાવાદમાં સ્વામીશ્રી ઉતારા તરફ આવતા હતા ત્યાં સામે જ પ્રવીણ મળ્યો. અક્ષરપીઠ પ્રેસમાં કામ કરતો આ યુવક બહેરો અને મૂંગો છે. સ્વામીશ્રી પણ તેની પાસે જઈ તેની અભિનય શૈલીમાં જ વાત કરવા લાગ્યા.

'ક્યાં કામ કરે છે ?' 'પ્રેસમાં.'

'સિનેમા જુએ છે ?' 'હા.'

'નિયમ લે...' વાર્તાલાપ મૂક અભિનયમાં જ ચાલતો હતો. સ્વામીશ્રીએ તેને સમજાવ્યું કે તારા પગારનો હિસાબ મને બતાવી જજે... તેના મોં પર ચિંતા તરી આવી. તે બધો જ પગાર ખર્ચી નાખતો હતો. સ્વામીશ્રીએ નિયમ આપી તેના પગારમાંથી ૩૦૦ રૂ. ખીસાખર્ચના આપી બીજા સીધા જ બેંકમાં તેના ખાતે જમા કરાવવા વ્યવસ્થા કરી આપી. તેને પણ આ અંગે સહમત કર્યો. સ્વામીશ્રી બોલ્યા : 'એને બિચારાને ઘડપણમાં સહારો રહેને !' આ કરુણા સાગરમાં ડૂબકી મારતાં મન-બુદ્ધિ મૌનની ભૂમિકાએ પહોંચી જાય છે.

'હું પૂનાથી આવું છું....' એક અપંગ યુવકે મુંબઈમાં સ્વામીશ્રીને પોતાની વીતક સંભળાવતાં કહ્યું, 'મારે મા-બાપ નથી. દાદાએ પોષ્યો ને મોટો કર્યો. પણ મારા કાકાએ મને કાઢી મૂક્યો છે.' તે રડી પડ્યો ને કહ્યું, 'કાકાને મારા ભાગની મિલકત પણ લઈ લેવી છે. હવે હું ક્યાં જાઉં ? મને છેક સીમલામાં ઈલેક્ટ્રોનિક એન્જિનિયરિંગમાં એડમિશન મળ્યું છે. પણ મારી પાસે કાંઈ નથી.' તેની આંખો નીતરી રહી હતી. સ્વામીશ્રીની પાંપણો પણ ભીંજાઈ. આશ્વાસન આપતાં તેની પીઠ થાબડતા રહ્યા. તે જરા સ્વસ્થ થયો એટલે કહે, 'તું કાંઈ ચિંતા કરીશ નહીં.' પછી તરત જ લાગતા વળગતા સંતોને બોલાવ્યા. તેની તમામ વ્યવસ્થા સંસ્થા તરફથી કરવા આજ્ઞા આપી. અને એક અસ્તાચળે જતાં સૂર્યને ઊગવા પૂર્વાચલનું આકાશ આપી દીધું.

યુવાનીની આંખોના આંસુ લૂછવા એટલે સમાજના ચહેરા પર કાંતિનું લેપન ! સ્વામીશ્રીએ યુવાનોનાં રડતાં હૈયાં હસતાં કર્યાં છે, અને હસતાં હૈયાં હરિયાળાં કર્યાં છે. કાળજીથી- જતનથી-સ્નેહલ સંભાળથી...

સંતકરુણાની નીપજ

જે યુવાનો આવી સ્નેહ સરવાણી વચ્ચે ઊછરી રહ્યા હોય તેમના અંતરમાં સ્વામીશ્રી માટે જાણે શું કરી નાખીએ એ ભાવના ધોધની જેમ ફૂટી નીકળતી હોય તેમાં નવાઈ નથી.

આ વેગને સ્વામીશ્રીએ સેવા-નિયમ-ભક્તિ-કળા કે સાંસ્કૃતિક વિકાસની દિશા આપી છે. આ દિશામાં દોડતા રહી યુવાનોએ જ્યારે જ્યારે પોતાની શ્રેષ્ઠતા સિદ્ધ કરી છે, ત્યારે ત્યારે આ સંસ્કારઘડતરના સ્વામીએ તેમને પ્રેમ-પ્રોત્સાહનના મીઠા બોલથી વધાવ્યા છે.

અબ્રાહમ લિંકને કહ્યું છે કે મનુષ્યનું પ્રોત્સાહન ઝૂંટવીને તમે તેના ચારિત્ર્ય અને અભયનું ઘડતર નહીં કરી શકો.

સ્વામીશ્રીએ યુવાનોને ચારિત્ર્ય અને અભય બંને આપ્યાં છે. કારણ કે એમણે યૌવનની તાકાતને, નૈતિકતાને અને ભાવનાઓને પ્રોત્સાહનનો ઉજાસ આપી વધુ ઉજાગર બનાવી છે.

સ્વામીશ્રી લાઠીમાં બિરાજ્યા હતા. સંતો માટે આવેલાં દાતણ જોઈ સ્વામીશ્રી એક એક દાતણ બે હાથે વાળીને જોવા લાગ્યા. પછી કહે, 'દેશી

બાવળ હોય તેનો કૂચો સારો થાય.' ઇન્દ્રવદન કહે, 'ઠાકોરજી માટે આપ પસંદ કરો.'

'તું જ કરને ! રોજ તું કરે છે. ને !' સ્વામીશ્રીએ કહ્યું. પછી તેના આગ્રહથી એક દાતણ પસંદ કર્યું. તે ગયા પછી કહે : 'એ બહુ ખટકાવાળો છે. બહુ સારી સેવા કરે છે. રોજ દાતણ વાટે. ઠાકોરજીને સવારે સ્નાન કરાવવા માટે પાણી ગરમ કરી નાખે. વહેલો ઊઠીને નવરાવે. અમારા જગ ભરે... શાક સુધારે...' સ્વામીશ્રીના શબ્દોમાં આ યુવકનો જાણે આભાર સરી રહ્યો હતો.

સુરતમાં સ્વામીશ્રી જમી રહ્યા પછી પાટલા ઉપર ભીનું પોતું મારવામાં યુવકને વાર લાગી. સ્વામીશ્રીને ઉતાવળ હતી, તેથી લક્ષ્મીકાંતે એકદમ પોતાના રૂમાલ વડે પોતું કરી નાખ્યું. સ્વામીશ્રી રાજી થકા બોલી ઊઠ્યા : 'વાહ ! ટાણાની સેવા થઈ ગઈ !'

આ પાંચ શબ્દો આ યુવક જ્યારે પણ સંભારશે, ત્યારે તેના અંગેઅંગમાં સેવાના ધબકારો ગુંજી રહેશે. કેટલી નાની બાબત ! છતાં પ્રોત્સાહનનો કેવો મોટો ચમત્કાર !

યુવકો સેવા કરતા હોય ત્યાં સ્વામીશ્રી પહોંચી જાય : 'આપ સેવા કરો છો, એ જોઈને અમારો થાક ઊતરી જાય છે.... આ યુવક મંડળની પણ જય... આપ સૌને ધન્યવાદ છે. આપને લાખો પ્રણામ કરીએ, સાષ્ટાંગ દંડવત્ કરીએ તો પણ ઓછાં છે. ભગવાન આપ સૌને અનંત ગણો લાભ આપશે. તમારો ખૂબ ખૂબ આભાર કે ઠંડીમાં (લંડન) ઊભા રહીને સેવા કરો છો. અમારું મન તમારી સાથે જ છે..... આપ સૌમાં સંપ હતો. એક રાગ હતો તો સમૈયો સર્વોપરી ઊજવાઈ ગયો...' આવા નમ્ર છતાં ચોટદાર, કદરથી ભર્યાભર્યા છતાં અંતરના મહિમામાંથી આવતા સ્વામીશ્રીના શબ્દોમાં સત્યનો રણકો અને સ્નેહની મીઠાશ એવી સપ્રમાણ હોય છે કે એ મંજુલધ્વનિ વર્ષો સુધી સેવામાં- નિયમમાં એકધારી પ્રેરણા આપ્યા કરે છે.

સ્વામીશ્રી પધારે ત્યારે અમદાવાદમાં વિવિધ વિભાગોમાં વહેંચાયેલા યુવાનો તનતોડ સેવા કરે. હરિભક્તોની તમામ સુવિધા સાચવે. આવા ચુનંદા સ્વયંસેવકોની એક વિરાટ સભાનુ આયોજન થયુ. સંસ્થાની

કરોડરજ્જુ સમાન આ યુવાનોની કાર્યવાહીનો અહેવાલ સાંભળીને સ્વામીશ્રીએ આશીર્વર્ષા કરતાં કહ્યું : 'આજના યુવકમંડળની પણ જય. આપ બધાએ આવી સુંદર વ્યવસ્થા કરી તે બદલ ભગવાન રાજી થયા, તેમાં કહેવાનું શું હોય ! આપ સૌનો ધ્યેય સેવાનો છે. યોગીબાપા કોલેજિયનો પાસે નાનામાં નાની સેવા જ કરાવતા. કાંઈ પણ કરવું હોય તો પહેલાં અહં જવું જોઈએ. આજે યુવકો હલકામાં હલકી સેવા કરે છે, એ સત્સંગના સંસ્કાર છે. મહત્તા એની જ છે. બાઈ-ભાઈ સૌએ અહીં જ કાર્ય કર્યું છે, તેથી યોગીબાપા રાજી થશે. આશીર્વાદ છે....'

સ્વામીશ્રીની કદરનાં કામણ એ માનસશાસ્ત્રના થોથાં ઉથલાવીને આત્મસાત્ કરેલી કોઈ કળા નથી. એ એમના સંતહૃદયની કરુણાની નીપજ છે, પ્રેમના ઉદ્ગારો છે.

જ્યારે કોઈ યુવાન દૃઢતાથી નિયમ પાળે ત્યારે તો સ્વામીશ્રી અતિ-પ્રસન્નતા વ્યક્ત કરે છે.

મુંબઈથી અટલાદરા આવેલા હરીશભાઈ દવે (ભુલા) કહે, 'બાપા ! આ વખતે ફરવા માટે દાર્જીલિંગ જવાનું હતું પણ કેન્સલ કર્યું. હવે અહીં જ દાર્જીલિંગ !' સ્વામીશ્રી ખુશ થઈ ગયા. કહે, 'લે પ્રસાદ.... આઈ એમ વેરી વેરી હેપી !'

અટલાદરામાં જમ્યા પછી મુલાકાતો ચાલી. ઈન્કમટેક્ષની રેડ પાડવા જતા અધિકારી અને આપણા યુવકબંધુ દર્શને આવ્યા. તેમની પાસે 'રેડ' અંગેની વિગતો જાણી પછી ધીરેથી પૂછી લીધું, 'તમે તિલકચાંદલો કરીને જાઓ છો ?'

'હા સ્વામી, બધા મને ભગત તરીકે જ જાણે છે.'

સ્વામીશ્રી કહે, 'હિંમતવાળા કહેવાઓ.' પછી રેડ પાડવા જ્યાં જવાનું થાય ત્યાં પણ સત્સંગની વાત કરવાની આજ્ઞા આપી.

આવા બે બોલની મીઠાશ નાના નાના નિયમો પાળવામાં અદ્ભુત ઉત્સાહ પ્રેરી શકે છે. જો સત્સંગ પ્રવૃત્તિ માટે અને સત્સંગના સિદ્ધાંતો અંગે કોઈ સેવા કરી હોય તેના ઉપર તો સ્વામીશ્રી વારી જાય.

વિદ્યાનગરમાં યોજાયેલ આંતરરાષ્ટ્રીય યુવક મહોત્સવમાં અસંખ્ય યુવાનોએ પ્રાણ રેડીને મુખપાઠ, વકતૃત્વ અને અન્ય સ્પર્ધાઓ માટે તૈયારી કરી હતી. અંતિમ દિવસે પારિતોષિક વિતરણ સમારંભ થયો ત્યારે આશીર્વાદ આપતાં સ્વામીશ્રી ભાવથી બોલી રહ્યા હતા : 'આ અધિવેશન- 'ન ભૂતો ન ભવિષ્યતિ' - એવું થયું છે. આપ સૌ આટલી મોટી સંખ્યામાં પાંચે દિવસ હાજર રહ્યા, તાપ સહન કરી ધીરજ રાખી આ કાર્યને સફળ બનાવ્યું છે, તે બદલ અભિનંદન. આપની સૌની ખૂબ મહેનત છે. મુખપાઠ કર્યો છે તે અષ્ટાંગયોગ સિદ્ધ કરવા કરતાં પણ અધિક છે. આપ બધાના જીવનમાં સ્વામી-મહારાજ અખંડ બિરાજશે. આપ સૌને અનંત સાષ્ટાંગ પ્રણામ કરીએ તોય ઓછું છે. આજના યુવાનો આવી મહેનત કરે ને આવું કાર્ય કરે એ સંભવ નથી, પણ યોગીબાપાની કૃપાથી થયું છે: તમે આખાં વચનામૃતો મોઢે કર્યાં એ નાનીસૂની વાત નથી. આ બધું જોઈને (અમારું) મસ્તક નમે છે. સંતો, નિરીક્ષકો, નિર્દેશકોએ રાતદિવસ જોયા નથી. ખૂબ સેવા કરી છે, તેમને પણ ધન્યવાદ છે.'

આવતી પેઢીના આ અધ્યાત્મવીરોને સ્વામીશ્રીએ હૃદયથી અંજલિ અર્પણ કરી. સંસ્થાના કરાટે શિક્ષણના કસરતવીરો કે પર્વતારોહણ કરવા જતા આસીત દેસાઈ જેવા સંસ્થાના સાહસવીરો, સાયકલીંગમાં કે ક્રિકેટક્ષેત્રમાં નામના મેળવનાર દીપક કે મહેન્દ્રસિંહ જેવા રમતવીરો, લોકનૃત્યો દ્વારા અને રાજકોટથી દંડવત્ કરતાં ૩૬ કિ.મી. કાપીને ગોંડળ આવતાં ભક્તિનમ્ર અધ્યાત્મવીરોને સ્વામીશ્રીએ સ્નેહથી સત્કાર્યા છે. પોતપોતાના ક્ષેત્રમાં પ્રેમથી પ્રોત્સાહિત કર્યા છે. એમના સ્નેહલ સથવારાનો આ અદ્‌ભુત, અસરકારક અને મનોવૈજ્ઞાનિક આયામ છે, જે દ્વારા યુવાનોની શક્તિને એમણે રચનાત્મક વળાંક આપ્યો છે.

મિત્રતાનો અતૂટ સેતુ

વિદ્યાનગરમાં સ્વામીશ્રી ઠાકોરજી જમાડી રહ્યા પછી વિવિધ વિષયો ઉપર વાતચીત ચાલી. સામે છાત્રાલયના વિદ્યાર્થીઓ પણ બેઠા હતા. નોબલ પારિતોષિકની વાત નીકળી. રક્ષિત કહે, 'હવે શાંતિ માટેનું નોબલપ્રાઈઝ સ્વામીને મળવું જોઈએ.'

સુરેશ તરત બોલ્યો : 'હું અત્યાર સુધી એ માટે રોજ માળા ફેરવતો હતો. પણ હવે બંધ કરી છે.'

સ્વામીશ્રી હસી પડ્યા. કહે, 'કેમ ! શ્રદ્ધા ખૂટી ગઈ ? તને એમ થયું હશે કે આ સાજા-માંદા થયા કરે એ વળી શું 'નોબલ' મેળવવાના ?'

'આ અંગે આપને કેવી ઇચ્છા છે ?' સુરેશે સામે પ્રશ્ન કર્યો.

સ્વામીશ્રીની ભાવના ઊછળી આવી : 'અમારે તો તું મળ્યો, આ યુવકો, સંતો મળ્યા એ જ નોબલ ! આપણે ભગવાન ભજવા છે, એ નોબલ જ છે ને ! તમે બધા આગળ વધીને કેવાં કામ કરશો ! લાખો-કરોડોમાં સત્સંગ કરશો-કરાવશો. સાચું નોબલ સંત છે.'

યૌવનનો આદર અહીં જે ઊંચાઈએથી પ્રગટ્યો છે, એ અપૂર્વ છે. સ્વામીશ્રીને મન 'યૌવનધન' નોબલ પુરસ્કારથી અધિક છે.

જે ગુરુને પ્રત્યેક પગલે આદરની અંજલિ ધરવી જોઈએ એ ગુરુ યુવાનને પ્રત્યેક પ્રસંગે આદરના કંચન કળશે નવરાવતા હોય એ દૃશ્યો આ ગુરુદેવના જીવનમાં સ્વાભાવિકપણે રચાતાં રહે છે.

વિદ્યાનગરમાં ૨૧,૦૦૦ યુવક-યુવતીઓની શક્તિઓથી છલકાતો યુવક મહોત્સવ સમાપ્ત થયો હતો. ઊભા ઊભા ધ્રુજતે અવાજે, પ્રબળ જુસ્સા સાથે સ્વામીશ્રીએ દીક્ષાંત પ્રવચન પૂરું કર્યું અને તાળીઓના ગડગડાટ વચ્ચે જાહેરાત થઈ : 'સ્વામીશ્રી તમામ યુવકોને વ્યક્તિગત મુલાકાત આપશે...'

એક જ આસને, ધસારાને કારણે ચોતરફ ઊડતી ધૂળના 'ગુલાલ' વચ્ચે, ત્રણ ત્રણ કૂલરો પણ પાછાં પડે એવી ધીખતી બપોરે સ્વામીશ્રી ૧૦,૮૦૦ યુવાનોને હસતા વદને, સ્નેહ નજરે, ભાવભર્યા હૈયે મળ્યા. એ દર્શન એવાં દિવ્ય હતાં કે સ્વામીશ્રી જાણે યૌવન સાગરમાં એકાકાર બની રહ્યા છે. કોઈએ કહ્યું પણ ખરું, 'આ ગરમી તો જો !'

સ્વામીશ્રી સ્મિત કરતાં કહે, 'એ જોવા કરતાં આ યુવકોનો દાખડો જોને !' સ્વામીશ્રી જ્યારે ૨-૦૦ વાગે ઊભા થયા ત્યારે એમની પાંપણો આખી ધૂલિધુસરિત બની ગઈ હતી ! આ ગુરુહરિએ યુવાનના હેતનું મૂલ્ય હજાર ગણું કરીને ચૂકવ્યું છે.

સ્વામીશ્રી વાપી પધાર્યા હતા. ફૂલહાર બાદ નિરાંતે બેઠા ત્યાં ચલા ગામના બાબુભાઈ આવ્યા. કહે, 'બાપા, ફરી વાર પધારો ત્યારે ખાસ મારા ઘરે પધારજો.'

સ્વામીશ્રી કહે, 'ફરીવાર શું કામ ? અત્યારે જ આવી જઈએ.'

એ યુવાન ભક્ત તો કૃતાર્થ થઈ ગયા. યુવાનો માટે સામેથી ભીડો ઊભો કરવાનો એમનો સ્વભાવ છે.....

૧૧-૧૫ વાગે સ્વામીશ્રી દાદર મંદિરેથી નીકળી 'સુશ્રૂષા હોસ્પિટલ'માં સંનિષ્ઠ સત્સંગી વજુભાઈ ખત્રીને જોવા પધાર્યા. તેમને આશીર્વાદ આપ્યા. મળ્યા ત્યાં સમાચાર આવ્યા કે મુંબઈના તત્કાલીન મેયર શ્રી રમેશ પ્રભુના પુત્ર અરવિંદને ગંભીર અકસ્માત થયો છે. સ્વામીશ્રી ત્યાં જવા નીકળ્યા ત્યાં જ રમેશ પ્રભુ સામે આવી પહોંચ્યા. પથારીવશ અરવિંદ પાસે પહોંચ્યા. તેને ગળાના ભાગમાં ગંભીર ઈજા થઈ હતી. સ્વામીશ્રીએ ત્યાં હળવે હાથે સ્પર્શ કર્યો. કહે, 'પિતાજીને સબ બતાયા, ભગવાનને બહોત રક્ષા કી હૈ. તબિયત અચ્છી હો જાયે, ઈસલિયે હમ પ્રાર્થના કરતે હૈં. અચ્છા હો જાએગા. હિંમત રખના...'

મૈત્રીનો આવો મંગલ માહોલ રચાય ત્યારે આ યુવાવત્સલ સ્વામીશ્રી માટે એક ભાવના ઊઠે :

જખ્મો નથી મટ્યા, ભલે હું પણ નથી મટ્યો.
સઘળું થયું છે, આપની જો નજર નથી મટી !

સ્વામીશ્રી સાથેની પ્રત્યેક પળ યુવાનો માટે એક આત્મીય પર્વ બની જાય છે. અહીં બંધન છે, પણ જડતા નથી. અહીં મનાઈ છે, પણ અવિશ્વાસ નથી.

સ્વામીશ્રી અમદાવાદમાં બિરાજતા હતા. કેટલાક સત્સંગી કિશોરો અમેરિકાથી ભારતના પ્રવાસે આવ્યા હતા. તેમાંના એક કિશોરે કાનમાં બુટિયાં પહેર્યાં હતાં. તેથી તે જરા વરણાગી દેખાતો હતો. એક સંતે સ્વામીશ્રીને પૂછ્યું : 'આ બુટિયાં પહેરે કે નહીં ?'

સ્વામીશ્રી કહે, 'કેમ, એમાં શું વાંધો છે ? આ તો અત્યારે તમને લોકોને નવું લાગે છે, પણ પહેલાં ચરોતરમાં ને બધે પૈસાવાળા તો પહેરતા જ.'

'એટલે રાખે તો વાંધો નહીં ને ?' તેમણે સમર્થન આપતો પ્રશ્ન કર્યો.

ત્યાં સ્વામીશ્રી કહે, 'આપણે રાખીએ, ને ચોર કાન તોડી નાખે તેવું ઘરેણું શા કામનું ?' સ્વામીશ્રીએ માનસિક ભૂમિકા તૈયાર થઈ કે તરત તર્કના સાધનથી યુવામાનસનું સમાધાન કર્યું. સ્વામીશ્રીની સરળતાના સ્પર્શે તે યુવાને સાદગી અપનાવી લીધી.

સ્વામીશ્રી મુંબઈમાં દાદર મંદિરે બિરાજતા હતા. કાર્યકરોનો પરિચય અપાઈ રહ્યો હતો, 'આ ગિરીશ પરીખ આપણા બોરીવલી મંડળના કાર્યકર છે. જૂના કાર્યકર.... સાધુ થવાના હતા, પણ.....' પરિચય આપનારે રમૂજ કરતાં કહ્યું, 'પણ આ સાધુ ન થઈ શક્યા. જો આપનું વચન માન્યું હોત તો આપણી બાજુ હોત...'

સ્વામીશ્રી ચાલુ ભ્રમણમાં બોલી ઊઠ્યા : 'વચન માન્યું છે, માન્યું છે ! એ અહીંયાં તો (સત્સંગમાં) છે જ ને ! સત્સંગમાં રહ્યો જ છે ને !' સ્વામીશ્રી ગિરીશભાઈ સામે જોઈ રહ્યા હતા. એ યુવકનો ક્ષોભ-સંકોચ દૂર થયો ત્યારે સ્વામીશ્રીને જાણે નિરાંત થઈ. પોતાના માનસપુત્રોના મનને પોતે સમજી નહીં શકે-સધિયારો નહીં આપે તો બીજું કોણ સમજશે - સધિયારો આપશે ?

અમેરિકાનું ડલાસ શહેર છે, ત્યાં રક્ષાબંધનના દિવસે સ્વામીશ્રી યુવકોને બોલાવીને રક્ષા બાંધી રહ્યા હતા. એક યુવક દૂરથી પસાર થઈ ગયો. સ્વામીશ્રીએ તેને બોલાવ્યો ને કહ્યું, 'લે, રાખડી બાંધતો જા.'

'પણ સ્વામી, મેં શિકાગોમાં બાંધી હતી.' તેણે રાખડી બતાવતાં કહ્યું.

સ્વામીશ્રી કહે, 'એ ખરું, પણ આજે સાચો દિવસ છે.' પછી હસીને કહે, 'તું આઘોપાછો ન થાય, એ અમારે જોવું પડે ને !'

એ યુવાને કાંડું ધર્યું... અને યુવાની સ્નેહબંધનમાં બંધાઈ ગઈ.

કેટકેટલી પ્રીતરીતો ! કેટકેટલું પ્રેમકૌશલ ! આ વિશ્વવંદનીય સંત વિભૂતિ જ્યારે યુવાન સાથે યુવાન થાય છે ત્યારે પ્રેમનું મંગલતીર્થ રચાય છે.

'પ્રેમ' - આ એક જ શબ્દમાં આકાશ-પાતાળ ભરી દેવાનું કૌવત હશે. પણ પ્રેમના અનુભવમાં તો હૈયું છલકાવી દેવાનું દૈવત છે. આકાશ ભરવું

સહેલું છે. માનવનું હૈયું ભરવું દુષ્કર છે. અને એમાંય યુવાન ! અતૃપ્તિનું અફાટ પાતાળ ! સ્વામીશ્રી તેને છલકાવી શક્યા. પ્રેમઅમૃતથી. યુવાન બ્રહ્મસ્નેહે સભર બન્યો.

જયદીપ અને તરુણ જેવા કંઈક યુવાનોનાં આંસુ એમણે પોતાના ગાતરિયે લૂછ્યાં છે. તો ઇન્દ્રવદન, કાંતિ અને સુરેશ જેવા કાંઈક યુવાનોને પોતાના હાથે પીરસીને જમાડ્યા છે. પેરિસમાં યુવકોને રાજી કરવા એમણે ભાખરીઓ વણી છે, તો લંડનમાં રસોડામાં પહોંચી યુવકો સાથે પૂરણપોળી પણ વણી છે. જહોનિસબર્ગમાં તાવતૂટ્યા શરીરે યુવકોની વિનંતીથી જાહેરસભામાં કીર્તન ગાઈને તેમને રાજી કર્યા છે, તો ૧૩,૦૦૦ની મેદની વચ્ચે લંડનમાં ક્યુ.પી.આર. સ્ટેડિયમમાં પોતાની સુવર્ણતુલાની થોડી જ પળો પછી યુવાનો સાથે ભક્તિનૃત્યના થનકારમાં પણ ભળી ગયા છે. યુવાનના પ્રશ્નોને પત્રથી કે મુલાકાતોથી ઉકેલ્યા છે તો તેની દ્વિધામાં કે મુશ્કેલીમાં માર્ગદર્શક અને મિત્ર બની ઊભા રહ્યા છે. આ આત્મીયતામાં તરબોળ થાય તે યુવાન અનુભવે છે કે 'સ્વામી મારા છે !'

આ સંબંધોમાંથી સદા ચૈતન્યસંબંધોનું સર્જન થાય છે. અંદરથી તૂટી પડેલા યુવાનો આ 'નેહનીતરતા નયનોના ચમકારા' માણે છે ત્યારે તેની આંખો છલછલ થઈ ઊઠે છે. ગુરુના દરજ્જાથી અભાન બન્યા વિના, સાચા વાત્સલ્યની અગાધતા વિના અને માની મમતા વિના આવી ક્ષણો કેમ અવતરી શકે ?

* * *

૩. શિક્ષણ અને કેળવણી !

'આજે કેળવણી ઘટતી જાય છે અને ભણતર વધતું જાય છે. આ ભણતર શા માટે એવો સવાલ જ કોઈ પૂછતું નથી....' મૂક લોકસેવક રવિશંકર મહારાજના આ ઉદ્‌ગારો છે.

આપણી ગુજરાતી યુવાપેઢી ધોરણ એકથી ધોરણ બાર સુધી કુલ ૧૦,૦૫૦ પાનાં ભણે છે. અમદાવાદના બાળકાર્યકર્તાઓએ આ પાનાંઓમાં સંશોધન કરીને કેટલાક ચોંકાવનારાં તારણો દર્શાવ્યાં છે : જીવનનાં અગત્યનાં બાર વર્ષોમાં આટલાં પાનાંઓમાંથી બાળક નીતિમૂલ્યો વિષે માત્ર ૫.૬૬ ટકા શીખે છે. અધ્યાત્મ વિકાસ વિશે ૨.૮૨ ટકા શીખે છે. અને સાંસ્કૃતિક મૂલ્યો વિશે માત્ર ૨ ટકા જેટલું જ શીખે છે !

આ પેઢીને 'ભણતર'નું મહત્ત્વ સમજાવાયું, કેળવણી અંગે કશી વાત જ ન થઈ. પરિણામ એ આવ્યું છે કે ભણતરમાં એમની લગની ન રહી અને 'કેળવણી'માં ઘડતરનો આનંદ ખોઈ બેઠા !

ગાંધીજી પોતાના પુસ્તક 'ધર્મમંથન'માં નોંધે છે : 'મને મોટામાં મોટું દુઃખ એ છે કે આપણા વિદ્યાર્થીઓમાં નાસ્તિકતા વધતી જાય છે, શ્રદ્ધા ઘટતી જાય છે. હું હિન્દુ વિદ્યાર્થીને મળું છું ત્યારે કહું છું : તું રામનામ લે. તો તે કહે છે કે રામ કોણ ? વિષ્ણુ કોણ ? તેની મને ખબર નથી !! ઈશ્વરથી વિમુખ થઈને ભણેલી વિદ્યા આપણું શું ભલું કરવાની હતી ? જગતનું શું ભલું કરવાની હતી ?'

આજથી ૫૦ વર્ષ પૂર્વે લખાયેલા શબ્દોની ગમગીની આજના સંદર્ભે પણ એટલી જ પ્રસ્તુત નથી ? એક અનુભવી તરીકે વડોદરાની મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીના તત્કાલીન વાઈસ ચાન્સેલર શ્રી વી. સી. શાહે જરા વિશેષ વાત સમજાવી છે. અટલાદરામાં આવેલા સંસ્થાના છાત્રાલયમાં એક પારિતોષિક વિતરણ સમારંભ હતો. ત્યાં સ્વામીશ્રીની ઉપસ્થિતિમાં તેઓએ પોતાના હૃદયોદ્‌ગારો આ શબ્દોમાં કહ્યા હતા : 'આજની પરિસ્થિતિમાં યુનિવર્સિટી જે શિક્ષણ આપે છે. તેમાં કોઈ રીતે સર્વાંગી વિકાસ થઈ શકતો નથી. જોકે એમાં ઘણાં પરિબળો જવાબદાર છે. આવી પરિસ્થિતિમાં આ સંસ્થા વિદ્યાર્થીઓના ચારિત્ર્યઘડતરમાં-આંતરિક વિકાસમાં જે ફાળો આપી રહી છે એ ખૂબ જ પ્રશંસનીય છે. આ સંસ્થા અમારી યુનિવર્સિટીમાં પણ મદદ કરશે. બધા જ વિદ્યાર્થીઓને આવરી લઈને આ છાત્રાલય જેવા કાર્યક્રમો કરીને સર્વાંગી નાગરિક તરીકે એ ઉપસ્થિત થાય એવી યોજના કરશે એવી આશા સાથે વિરમું છું....'

હા, સ્વામીશ્રી આજના શિક્ષણ જગત અને સંસ્કાર જગતમાં ફેલાયેલી અંધાધૂંધીમાં એકમાત્ર આશાનો સૂર્ય છે. તેઓ વિદ્યાર્થીઓમાં વ્યક્તિગત રાહે શિક્ષણ અને સંસ્કારના દીવડાઓ પ્રગટાવતા રહ્યા છે.

યુવક મૂકેશ થાનકી સ્વામીશ્રીનાં દર્શને આવ્યો હતો. કહે : 'સ્થિરતા કેમ નથી આવતી ? યાદ કેમ રહેતું નથી ?'

સ્વામીશ્રી કહે, 'તું માળા કરે છે ?'

'આજથી આપ કહો તેમ કરવું છે.' તેણે કહ્યું.

સ્વામીશ્રી કહેવા લાગ્યા : 'હું તો તું છાત્રાલયમાં (વિદ્યાનગર) હતો ત્યારથી કહું છું કે માળા-પૂજા-તિલકચાંદલો બધું જ કરવું. પ્રાર્થના કરવી. તે વગર સ્થિરતા આવવાની જ નથી. તારે ઘડીમાં લખપતિ થવું છે, પણ સાધના તો કરવી નથી... ને સીધે સીધું-ઢગલો કરી દો ! એ ક્યાંથી બને ? એના માટે આજ્ઞામાં રહીને ભજન-ભક્તિ કરીએ તો ભગવાન રાજી થાય.'

મૂકેશ કહે, 'મને ભગવાનની પડી નથી. તમે છો એ બરાબર છે....'

આ સાંભળતાં જ સ્વામીશ્રીને જાણે આંચકો લાગી ગયો. એકદમ બોલી ઊઠ્યા, 'અરે ! ભગવાનની તો મારે પણ પડી છે ? ત્યારે તો મારું કામ

થાય છે. ભગવાન વગર મારું ને તારું શું ઠેકાણું રહે ? આ હવા, આ પાણી, આ ખોરાક, આ શક્તિ, આ બુદ્ધિ કોણ આપે છે ? આપણે તો ભગવાનની જ પડી છે. તારે પણ એમાં શ્રદ્ધા રાખીને જ કાર્ય કરવું....' આ યુવાનના વાક્યથી જાણે પોતે ભગવાનનો દ્રોહ કરી બેઠા હોય એવા અવાજે સ્વામીશ્રીએ છેલ્લું વાક્ય પૂરું કર્યું.

અધ્યાત્મની જેને તમા નથી તેવા યુવાનોમાં આવા કેટલાય પ્રસંગે સ્વામીશ્રીએ ભગવદ્શ્રદ્ધાની વાત દોહરાવી હશે ! કારણ કે સ્વામીશ્રી જાણે છે કે આવી આસ્તિકતા જ સંસ્કારમૂલ્યોની બુનિયાદ છે.

*

ભાદરા હાઈસ્કૂલના વિદ્યાર્થીઓને આશીર્વાદ આપતાં સ્વામીશ્રીએ જણાવેલું કે તમને વિદ્યા અને સંસ્કાર બેય અહીં મળે છે. સાથે સંતોનો લાભ મળે છે. આપણે ભણી ગણીને મોટા ડૉક્ટર, એન્જિનિયર થઈએ પણ ભક્ત તો થવાનું જ છે. આપણી સ્કૂલમાં રિઝલ્ટ હંમેશાં વધતું રહેવું જોઈએ. સ્કૂલમાં જવું, ભણવું ને માતાપિતાનું કામ કરવું. શિક્ષકોને પણ વિનંતી કે આવતી સાલ પરિણામ સારું આવે તેની ખાસ તકેદારી રાખજો. પોતાનાં જ બાળકોને ભણાવીએ છીએ એ રીતે ધ્યાન રાખવું... આપણે ભણીને દુનિયાને છેડે જઈએ તોય આ સંસ્કાર સાથે રહેવા જોઈએ. આ સ્કૂલમાં ભણ્યા તેની છાપ હોવી જોઈએ. આપણું જીવન અને વર્તન પણ લોકોની ચાહના મળે તેવું રાખવું.

સ્વામીશ્રી શિક્ષણના બંને અંતિમોને-શિક્ષક અને વિદ્યાર્થીને-એકસાથે સ્પર્શે છે. એક સંસ્કાર-સેતુ રચીને એમણે વિદ્યાર્થીઓ દ્વારા જ સંસ્કાર મૂલ્યોનું જતન અને સંવર્ધન કરવાનું સ્વપ્ન સેવ્યું છે.

*

અટલાદરા છાત્રાલયના સંચાલક સંત અમૃતદર્શન સ્વામીને બોલાવીને કહે, 'અહીં આપણે મૂર્તિઓ પધરાવવી પણ એમાં શોભા ઉપર ન જવું. હરિભક્તો સેવા આપે એટલે ખર્ચા વધારે કરીએ તેનો અર્થ શો ? મૂળ વિદ્યાર્થીઓને શિક્ષણ, સગવડ અને સંસ્કાર વ્યવસ્થિત મળે તે જોવું.

મકાનના ડેકોરેશન પર બહુ ના જવું. છોકરાં સંસ્કારી બને અને એ શોભે એના ઉપર મહેનત કરવી. છોકરાઓનો કઈ રીતે ફર્સ્ટ ક્લાસ આવે એ માટે મહેનત અને ખર્ચ કરવો....' સ્વામીશ્રીનું વિદ્યા-સંસ્કાર પ્રવૃત્તિનું આ પાયાનું સૂત્ર રહ્યું છે અને એટલે જ આજ પર્યંત સંસ્થામાંથી તાલીમ પામેલો બાળ-યુવાન સમાજ-ઉત્થાન માટે હંમેશ કટિબદ્ધ રહ્યો છે.

*

ગોંડળમાં આપણા ગુરુકુળમાં અભ્યાસ કરતાં બાળકોમાંથી ૧૪૫ બાળકોએ સ્વામીશ્રીની પ્રેરણાથી પોતાનાં ગામોમાં જઈને નિરક્ષરોને સાક્ષર કરવાનું જાહેર કર્યું હતું. સ્વામીશ્રીએ તેમને આશીર્વાદ આપતાં કહ્યું : 'આજની કેળવણીમાં એવું રહ્યું છે કે કોઈને ભણવું જ નથી. આપણે એવું ન બનવું જોઈએ. એવું ભણો કે ભારતનું નામ રોશન થાય. ખોટું કરવાનો વિચાર જ ન આવવો જોઈએ. આપણે ખોટું કરીને એમ જાણીએ કે કોઈ જાણતું નથી. પણ ભગવાન દરેકનું જાણે છે. માટે એક વાર ચોરી કરતા થઈશું તો પછી બધે ચોરીનું મન થશે. પછી કોઈને વિશ્વાસ ન રહે. એટલે એવી ટેવો આપણામાંથી કાઢીશું તો પછી ઘરમાંથી, સમાજમાંથી ને રાષ્ટ્રમાંથી જશે....

'બીજું, સાક્ષરતા અભિયાન માટે બાળકો તૈયાર થયાં છે એ આનંદની વાત છે. અભણને ઘણાં છેતરી જાય છે. પણ થોડું લખતાં-વાંચતાં શીખવી દઈએ એટલે છેતરાવાનો પ્રશ્ન ન રહે. બાળકોની જેમ અહીં પણ બધાએ નક્કી કરવું ગામમાં ૨-૪ અભણને નક્કી કરાવવું કે ભણો. ને અભણ બેઠા છે, તેને કહેવાનું કે કોઈ છોકરો ભણાવવા આવે તો શીખવું. તેને ધુત્કારવો નહીં. બાળકો બધા પ્રામાણિકતાથી કામ કરજો. નાતજાતનો ભેદ ન રાખવો. હરિજન હોય કે કોળી હોય બધાને શીખવવું. સૌને આશીર્વાદ છે...'

આ બાળકો અને યુવકોએ જે કાર્ય કર્યું તેનું ગુજરાત સાક્ષી છે !

સ્વાધ્યાયાન્ મા પ્રમદઃ

જે સમાજમાં શિક્ષણ રહ્યું અને મૂલ્યો ગયાં તે સમાજની દશા આત્મા વગરના શબ જેવી થાય છે. સ્વામીશ્રીએ આ જ હેતુથી બંનેનું સંયોજન કર્યું

અને મૂલ્યનિષ્ઠ શિક્ષણને લક્ષ્ય બનાવ્યું છે. જેમાં તેઓ અનેકને વ્યક્તિગત રાહે પ્રેરતા રહ્યા છે.

બોચાસણમાં નિમિષે પૂછ્યું, 'સ્વામી, મારે હવે કોલેજમાં દોઢ વર્ષ રહ્યું છે. ફર્સ્ટક્લાસ લાવું કે ડિસ્ટિંક્શન ?'

સ્વામીશ્રી કહે 'આપણે તો ડિસ્ટિંક્શન જ હોય ને ! ભગવાન મળ્યા, સંત મળ્યા પછી શું ન થાય ? ૭૦ ટકા તો આમ આવી જાય. મહેનત કરવી પડે....'

એક સંતે કહ્યું : 'ફિલ્મ જોવાનું બંધ કરે તો એટલો સમય બચે....'

નિમિષ બોલી ઊઠ્યો : 'હવે હું ફિલ્મ નથી જોતો. ટી.વી. સિરિયલ જ જોઉં છું.'

સ્વામીશ્રી ધીરેથી કહેવા લાગ્યા : 'ઠીક છે કો'ક વખત... પણ એમાંથી સારું ગ્રહણ કરવું. જોકે એ બધાં પાત્રો નકલી જ હોય છે ને ! નરસિંહ (મહેતા) પણ બને ને એના એ પાછા લૂંટારાય બને. આપણે અસલ પાત્ર તૈયાર થવું...'

મુંબઈમાં શશાંક ત્રિવેદી સ્વામીશ્રી પાસે આવ્યો. તેને મેરિટ ક્લાસમાં જ એડમિશન મળે તેવી ઇચ્છા હતી. સ્વામીશ્રી કહે, 'એમાં જવું હોય તો અત્યારથી ધ્યાન આપજે. અત્યારે ટી.વી. જોવું નહીં. ક્રિકેટનો શોખ છે પણ મોટો થયા પછી જોજે... અત્યારે તો સમય છે તો ભણી જ લેવું.... સૌથી મોટી ક્રિકેટ ભગવાન રમે છે, તે જોયું છે ? શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ એવું ફાઈન રમ્યા કે હજુ સુધી કોઈએ એવી બેટીંગ કરી નથી ! માટે એમની સામે જોવું. એમના જેવા ગુણો લાવવા અને અભ્યાસ કરવો....'

જે યુવક જેવી ભૂમિકાએ, તે યુવકને તેની ભૂમિકાએ પહોંચીને સ્વામીશ્રી તે મુલાકાતને સાર્થક કરે છે.

અમદાવાદની જ્ઞાનયજ્ઞ હાઈસ્કૂલમાં સત્સંગીઓના તેજસ્વી કિશોરો માટે અગત્યના વિષયોના ખાસ વર્ગો શરૂ કરવામાં આવ્યા હતા. શહેરના અગ્રણી શિક્ષક શ્રી તુરખિયા સાહેબ આ વિદ્યાર્થીઓને ભણાવતા. તેઓ આ તરુણો સાથે સ્વામીશ્રીનાં દર્શને આવ્યા હતા. તેમણે કહ્યું, 'સ્વામીજી, મારા

ભણાવેલા વિદ્યાર્થીઓ. ગણિત અને વિજ્ઞાનમાં ૧૦૦માંથી ૧૦૦ માર્ક્સ લાવ્યાના ઘણા દાખલાઓ છે. પરંતુ એ બધા વિદ્યાર્થીઓ કરતાં આપના વિદ્યાર્થીઓને ભણાવવામાં કાંઈક જુદો અનુભવ થાય છે. એ બધા એટલા હોશિયાર અને સજ્જ છે કે કદાચ હું પૂર્વતૈયારી વગર આવું તો મને મૂંઝવી નાખે....'

સ્વામીશ્રીના વિદ્યાર્થીઓ જેવા તેજસ્વી તેવા જ સંસ્કારસજ્જ.

૧૯૮૮માં S.S.C. બોર્ડની પરીક્ષાના દિવસો હતા. ગણિતનું પ્રશ્નપત્ર લખાઈ રહ્યું હતું. જેમ અનેક શહેરો-કેન્દ્રોમાં બને છે તેમ દાહોદની એક શાળાના એક વર્ગમાં સુપરવાઈઝરની રહેમનજર નીચે વિદ્યાર્થીઓ અપેક્ષિત-નોટબુક્સમાંથી ઉતારો કરવા લાગ્યા હતા. હિમાંશુ પૂનમભાઈ પટેલ એક માત્ર વિદ્યાર્થી હતો, જેને કેટલીક વિગતો આવડતી ન હતી છતાં તે યાદ કરવા પ્રયત્ન કરતો હતો; છતાં ચોરીનો જેને સંકલ્પ ઊઠ્યો ન હતો. સુપરવાઈઝરે તેને સમજાવ્યો, 'જિંદગીનો સવાલ છે. બધા લખે છે. તને શું વાંધો છે ?....' પણ તે એકનો બે ન જ થયો. અને સુપરવાઈઝર શરમિંદા બની ચાલતા થયા. પાછળથી તેમણે હિમાંશુનાં નામઠામ પૂછ્યા... ને સામેથી પૂછ્યું : 'તારા ગુરુ પ્રમુખસ્વામી ?'

'હા.' હિંમાંશુએ કહ્યું, 'મારા ગુરુના ગુરુ યોગીજી મહારાજ કહેતા કે પરીક્ષામાં ચોરી કરે તો ભગવાનને છેતર્યા કહેવાય....'

સુપરવાઈઝરે આ વાત તેના પિતાને કરી. સ્વામીશ્રીના સિંચેલા સંસ્કારો-માતાપિતા દ્વારા કેવી અદ્‌ભુત પ્રામાણિકતા પ્રસરાવી શકે છે તેનું એ જ્વલંત ઉદાહરણ બની ગયો....

અટલાદરામાં વડોદરાના માજી મેયર વી. સી. પટેલે કહ્યું હતું, 'આજે દિન પ્રતિદિન કથળતી જતી આપણી રાજકીય અને શિક્ષણ નીતિમાં આપણને સજીવન રાખનાર, વિદ્યાર્થીઓમાં સદ્‌ગુણો અને સંસ્કાર આપનાર આ સંતો છે. આજના યુવકોને લગતી જરૂરિયાતો કોઈ જ ભેદભાવ વિના આ સ્વામિનારાયણ ધર્મે-પ્રમુખસ્વામીએ સંતોષી છે, તે બીજું કોણ કરી શકશે ?' આ સત્ય સમયે સમયે સાકાર થતું રહ્યું છે. સ્વામીશ્રીના સહવાસમાં અને સહકારમાં.

એક યુવક આઈ.એ.એસ.ની પરીક્ષા આપી રહ્યો હતો. સ્વામીશ્રીએ પ્રેમથી પૂછ્યું, 'શું ચાલે છે ભણવામાં ?' તે બોલી ન શક્યો. આંખમાં ઝળઝળિયાં આવી ગયાં. સ્વામીશ્રીએ બધી જ વિગત ધીમે ધીમે મેળવી લીધી. અને તેને આર્થિક સંકડામણમાંથી મુક્ત કરી તેનો શિક્ષણમાર્ગ નિર્વિઘ્ન કરી આપ્યો. (તા. ૧૫-૧૧-૯૧. અમદાવાદ)

અટલાદરામાં જમ્યા પછી એક તેજસ્વી પણ ગરીબ સ્થિતિના વિદ્યાર્થીને મળ્યા. આઈ.પી.એસ.ની પરીક્ષા આપવા માટે તેની પાસે રૂ. પાંચ લાખની લાંચ માગવામાં આવી હતી. તેણે વિચાર માંડી વાળ્યો. સ્વામીશ્રીને તેની જાણ થઈ. તરત તેને બોલાવ્યો. વિગત પૂછી. પણ હવે તે આઈ.પી.એસ.ની સમકક્ષ આઈ.એ.એસ.ની પરીક્ષા આપવા વિચારતો હતો. સ્વામીશ્રીએ તે અંગે તેને સંપૂર્ણ પ્રબંધ કરાવી આપ્યો અને કહ્યું, 'પરીક્ષા આપી દેજે. ને પછી પણ કાંઈ જરૂર પડે તો હું જ્યાં હોઉં ત્યાં મને મળી જજે.'

જો સ્વામીશ્રીએ આ યુવાનોને સામે ચાલીને પૂછ્યું ન હોત તો આ યુવાનોની કારકીર્દીનું અકાળે મૃત્યુ થાત. આ યુવાનો આવી સંતકરુણાને કઈ રીતે ભૂલશે ?

* * *

૪. વ્યવહારુતાથી આદર્શ સુધી

પ્રાચીન મીસરના રાજા પ્ટોલેમીએ ભૂમિતિ શીખવા ગ્રીસના વિદ્વાન યુક્લીડને આમંત્ર્યા. કહ્યું, 'મારી પાસે સમય ઘણો ઓછો છે. ભૂમિતિ પણ શીખવી છે. કોઈક ટૂંકો રસ્તો બતાવો.'

'રાજન્,' યુક્લીડે ગૌરવસભર નમ્રતાથી કહ્યું, 'ભૂમિતિ એટલે ભૂમિતિ. તેમાં કોઈ સ્ટેપ કાપી શકાય નહીં. ભૂમિતિ શીખવાનો કોઈ ટૂંકો રસ્તો નથી.'

જીવન એક ભૂમિતિ છે. સફળ જીવન જીવી જવાનો કોઈ ટૂંકો રસ્તો નથી. જવાબદારીની ભીંસ અને વ્યવહારના અટપટા સંઘર્ષોના ભારણમાં યુવાશક્તિ સફળતાનો ટૂંકો માર્ગ શોધવા વલખે. અંતે નિરાશા મળે. અને વ્યસનના માર્ગે મોકળાશ શોધવામાં જીવન પાયમાલીને કિનારે પહોંચી જાય. આવા ત્રસ્ત યુવાનો સ્વપ્નોની દુનિયા ઘડે. વ્યવહારુ માર્ગને છોડે, ત્યારે સ્વામીશ્રી તેમને વાસ્તવિકતાની ભૂમિ પર ઉતારે છે.

અમદાવાદમાં મેડિકલ કોલેજમાં ભણતા વિદ્યાર્થીની આ વાત છે. તેને પરદેશ જવાની લગની લાગી. અભ્યાસમાંથી મન ઊઠી ગયું. તેના પિતા કંઈક સલાહ આપે તો એમની સાથે ઝઘડી પડે. આખા ઘરમાં કલેશ થઈ ગયો. સ્વામીશ્રીને આ જાણ થઈ. તેને બોલાવ્યો. તે આવ્યો ત્યારે સ્વામીશ્રી પત્રલેખન કરતા હતા. તેથી આંખ ઊંચી કર્યા વિના જ પૂછ્યું : 'તારા મનમાં શું છે ? અભ્યાસ કેમ નથી કરવો ?'

'પરદેશ જવું છે.' તેણે ટૂંકમાં કહ્યું.

'તું કયા બેઝ પર ત્યાં જવા માગે છે ?' સ્વામીશ્રીએ પૂછ્યું : 'ત્યાં તારા સગા છે ?'

'ના.'

'કંઈક વિશેષ ભણતર ?'

'ના.'

'તો વિચાર તો કર.' સ્વામીશ્રીએ ચશ્માં ઉતારી તે યુવક સામી દૃષ્ટિ માંડી, 'અહીં મેડિકલનો પૂરો અભ્યાસ કરીને પછી એપ્લિકેશન કર તોય કંઈક જવાનું થાય. પરદેશના મોહમાં અત્યારે જીવન શું કામ બગાડે છે ? ગેરકાયદેસર જનારાને ત્યાં સુખ નથી. પોતાં મારવાં પડે છે. ભણ્યો હોય તો ત્યાંની છોકરી પણ મળે. તારે એવો કોઈ ચાન્સ નથી. અને અહીં ભણવાનો ચાન્સ છે, તે તું સામેથી ખોઈ નાખે છે. ૨-૪ વર્ષ તો આ વિચાર કાઢી જ નાખ. મેડિકલમાં જવા લોકો ૮-૮ લાખ રૂપિયા ખર્ચે છે, ને તને તો સહેજે એડમિશન મળ્યું છે. માટે બરાબર ભણી લે. પછી જજે, એની કોણ ના પાડે છે ?' સ્વામીશ્રીએ તેને એવી રીતે સમજાવ્યો કે તેને ભૂલ પણ સમજાઈ અને તેનું ગૌરવ પણ ન હણાયું.

યુવાન પાસે મહત્ત્વાકાંક્ષા છે, પણ અનુભવની આંખો નથી. તેથી કેટલીક નાજુક પળોએ તે વિપરીત નિર્ણય કરી બેસે ને અંતે પોતાની જ કારકીર્દી ઉપર કુઠારાઘાત કરે. આવા આત્મઘાતી વલણમાંથી સ્વામીશ્રીએ યુવાનોને આબાદ રીતે ઉગારી લીધા છે.

બીજો એક પરદેશ ઘેલો યુવક અટલાદરામાં દર્શને આવ્યો હતો. આ ઘેલછાને કારણે જ તે એમ.બી.બી.એસ.ના પ્રથમ વર્ષમાં નાપાસ થયો હતો.

સ્વામીશ્રી કહે, 'અત્યારે જેટલા અભરખા છે, તે મૂકીને પહેલાં બરાબર ભણી લે. ત્યાં તારાં કોઈ સગા નથી ને ડીગ્રી વગર જઈશ તો મજૂરની જેમ કામ કરવું પડે. લોકોની ચાદરો ધોવી પડે, ત્યાં તું માને છે એટલું સુખ નથી. એટલે સારું ભણીશ તો અમેરિકા અહીં જ છે. તમને છોકરાઓને અત્યારથી જ બહુ મોટા મનસૂબા થઈ ગયા છે.'

સ્વામીશ્રીએ વાપરેલો શબ્દ 'અભરખા' કેટલો અર્થસભર છે ! આવા અભરખા ખરા અર્થમાં તો માણસનો પલાયનવાદ છે. સંઘર્ષ વિના સિદ્ધિ પ્રાપ્ત કરવી કે મૂલ્ય ચૂકવ્યા વિના મનગમતી ચીજ મેળવવી એ પાણીમાં પડ્યા વિના તરતા શીખવા જેવું છે. સ્વામીશ્રીએ આવા 'તક સાધુ'ઓને સમયે સમયે સુધાર્યા છે. પુરુષાર્થની આંગળી પકડાવીને નસીબની છત્રછાયામાં નહીં, પ્રભુકૃપાના આશરે જીવતાં શીખવ્યું છે.

જૂનાગઢમાં ભોજન કરવા ઊઠ્યા ત્યાં ચુડવા ગામનો એક યુવક મળ્યો. સ્વામીશ્રીને કહે, 'હું ભણવામાં કે ધંધામાં સેટ થયો જ નહીં. એટલે એમ લાગે છે કે હવે શું થવાનો ? મને તો થાય છે કે વૈરાગ્ય આવી જાય, તો સાધુ થઈ જવું.'

સ્વામીશ્રી સ્મિત કરતાં કહે, 'ભ'ઈ, એમ કંટાળીને સાધુ ન થવાય. સાધુ થયા પછી પણ સુખ-દુઃખ તો રહેવાનાં જ. સાધુ થઈને પણ સેવા ને ભક્તિ કરવાનાં છે. સત્સંગ કરવો ને કરાવવો એ કામ કરવાનું છે. એમાંય પછી કંટાળો આવે ને અહીં સાધુમાંય મૂંઝવણ થાય. માટે વિચારી સાધુ થજે. કંટાળીને નહીં.'

અટલાદરામાં વળી એક ઊલટો જ અનુભવ થયો. પૂર્વે સાધુવલ્લભ નામે ત્યાગી થયેલો યુવાન ગૃહસ્થના વેશે સ્વામીશ્રીનાં દર્શને આવ્યો હતો. સ્વામીશ્રીને કહે, 'સ્વામીજી, મને રોગ થયો છે.'

'શાનો રોગ છે ?' સ્વામીશ્રીએ પૂછ્યું.

તે કહે, 'અસાધ્ય રોગ છે. આપ જ મટાડી શકશો. મને જાગ્રત અને બધી અવસ્થામાં કો'ક ત્રિશૂળની અણીઓ ૯૯૯ નાડીઓમાં ફેરવીને મહારાજ અને આપ બધાનાં દર્શન કરાવે છે. સાંઈબાબાનાં દર્શન કરાવે છે....'

સ્વામીશ્રી કહે, 'તેમાં શું ખોટું છે ? સારું, દર્શન થાય !'

'એમ નહીં સ્વામીજી.' યુવાને કહ્યું, 'હું સાધુ હતો ને સુખી હતો. પણ લક્ષ્મીના લોભે ઘેર પાછો આવ્યો, પણ એ લક્ષ્મી ફળતી નથી.'

સ્વામીશ્રી એની ૯૯૯ નાડીઓમાં ફરતી માનસિકતા પારખી ગયા ને કહે, 'આપણે તો ભગવાનની ઇચ્છાથી કરોડો મળે કે સાવ ના મળે-બંનેમાં

રાજી રહેવું. સંતોષ માનવો. મહેનત વગર કાંઈ દા'ડો વળવાનો નથી. માટે મહેનત કરવી ને ભગવાનનો આશરો દૃઢ રાખવો. લ્યો જાવ, આશીર્વાદ છે.'

કંટાળીને સાધુ થવાની, કે સંતત્વના ભોગે લક્ષ્મી ફળવાની રાહ જોનાર યુવાનોની માનસિકતા ભીંડાનું બી વાવીને વડના ઝાડની રાહ જોનારી માનસિકતા છે. આભને આંબવાની મહત્ત્વાકાંક્ષા પાછળ પલાયનવાદની પોકળતા નહીં, પુરુષાર્થ અને દાનત-બંનેની પવિત્રતા જોઈએ. સ્વામીશ્રીને એ જ મંજૂર છે.

મુંબઈના કિશોરમંડળે એક પ્રશ્નોત્તરી કાર્યક્રમમાં સ્વામીશ્રીને જણાવ્યું : 'સ્વામી, આ ઉંમરમાં અમે મહત્ત્વાકાંક્ષાનો વિચાર કરી તે માટે પહોંચી વળવા ઇચ્છા રાખીએ છીએ.'

સ્વામીશ્રીએ વચ્ચેથી જ વાત ઉપાડી લીધી. કહે, 'દુનિયામાં કોઈની મહત્ત્વાકાંક્ષા રહેવાની નથી. ભક્તિ કરવી અને ભગવાન ને સંતને રાજી કરવા એ મહત્ત્વાકાંક્ષા જ કામની છે. છતાં સારા થવાની મહત્ત્વાકાંક્ષા જરૂર રાખવી. લોકોને આપણા પ્રત્યે પ્રેમ થાય એવા ગુણો મેળવવા. જે ક્ષેત્રમાં હોઈએ તેમાં પ્રામાણિકતા રાખવી. નીતિનિયમોનું પાલન કરીએ, સારા થવાનો પ્રયત્ન હોય તો એ જ ઉપયોગી બને છે. એ જ શાંતિ આપી શકે. મહત્ત્વાકાંક્ષા રાખવામાં વાંધો નથી. પણ તેમાં પહોંચી ન વળે પછી દુ:ખી થાય. આપણે આપણી મર્યાદા જોઈને પછી મંડવું જોઈએ....'

અદ્‌ભુત છે આ મનોવિશ્લેષણ ! યુવાનોને 'સારા થવાની મહત્ત્વાકાંક્ષા' એ સ્વામીશ્રીએ સૂચવેલી આદર્શ-દિશા છે. વાસ્તવિકતાની ભૂમિ પર ઊભા રહી આદર્શની ઊંચાઈએ આંબવાનો આદેશ આ વચનોમાં અપાયો છે. જેનાથી યુવાન વ્યવહારુ બને, સ્વપ્નશીલ નહીં.

દ્વિધાના અંધારે માર્ગદીપક

'સેટ થઈ જવું' એ આજના યુગની ચિંતા છે. 'ઝડપથી અને સારી રીતે સેટ થઈ જવું' એ આજના યુવાનનો વલોપાત છે.

ચિંતા કદાચ માર્ગ શોધવા પ્રેરતી હશે. પણ વલોપાત તો માણસને બહાવરો બનાવી મૂકે છે. ગઈકાલ સુધી સ્થિર જણાતો યુવાન આ વિચારોથી

વિહ્વળ બની ઊઠે છે. પોતે જ્યાં છે, ત્યાં અસંતોષી હોય અને જ્યાં પહોંચવું છે, તે માર્ગનો બિન અનુભવી હોય ત્યારે કોઈ સમજુ સુકાનીને નાવ સોંપવી એ જ એક માર્ગ બચે છે. સ્વામીશ્રીએ આવા બહાવરાઓને દિશાદર્શન આપ્યું છે. યુવાનની આંખોમાં વ્યવહારની દૃષ્ટિ આંજીને તેની દ્વિધાના અંધારે તેઓ માર્ગદીપક બન્યા છે.

ભેંસદડના એક હરિભક્ત અટલાદરા આવ્યા હતા. તેમની ફરિયાદ હતી કે દીકરો આખો દિવસ બીજે ભાગ ભાગ કરે છે ને ધંધામાં ધ્યાન આપતો નથી. સ્વામીશ્રીએ તેમને બહાર મોકલ્યા અને દીકરાને સ્નેહથી પૂછવા લાગ્યા : 'તારે શું પ્રશ્ન છે ? કહે.'

'મારે ગાડી ચલાવવી છે.' (ટ્રાન્સપોર્ટનો ધંધો)

'લાઈસન્સ છે ?'

'હા.'

'અત્યારે શાનો ધંધો છે ?'

'લેબર કોન્ટ્રાક્ટરનો.'

'તોય ગાડી ભાડે ફેરવવી છે ?'

'હા.'

'તું સમજ.' સ્વામીશ્રીએ વાસ્તવિકતા સમજાવતાં કહ્યું : 'ભાડે ગાડી ફેરવવામાં રોડ ઉપર જિંદગી અને કો'કના ઓશિયાળા થવાનું, એના કરતાં લેબર કોન્ટ્રાક્ટરમાં જરા વધારે ધ્યાન આપીશ તો લાઈન તો સારી જ છે. મહેનત કરીશ તો ભગવાન લાભ કરી આપશે. પછી ઘરની જ મોટર લઈ લેજેને ! એ પછી સુખેથી ફેરવજે.' યુવકની લગનીને થોડો ગૌરવનો પુટ ચઢાવી સ્વામીશ્રીએ ધંધા માટે મનાવી લીધો. એક પિતાને શાંતિ થઈ અને એક યુવાનની દ્વિધા ટળી !

*

વ્યવહારની દ્વિધાઓ કરતાં લાગણીનું યુદ્ધ વધુ નાજુક સ્તરે ખેલાતું હોય છે. તેનો એકાદ તંતુ જ ખોરવાય તો પરિવાર વિનાશના પૂરમાં તણાઈ શકે છે. આપણી સંવેદનાઓ હિન્દુત્વના સંસ્કારોરૂપે હજુ પણ યુવાન હૈયામાં

ધબકે છે, તેના પુરાવા સ્વામીશ્રીના વિચરણમાં અવારનવાર ઝબકારા લેતા નજરે પડે છે.

રાજકોટમાં આવો જ એક સંસ્કાર સાવ જુદા જ વળાંકે ઝબકતો જોવા મળ્યો હતો. એક યુવક મંદિરે સ્વામીશ્રીની મુલાકાતે આવ્યો. તેણે પૂછ્યું, 'સ્વામી, મારાં દાદી ૭૦ વર્ષનાં થયાં, તેમને મારા ઘરે રાખું ?'

'કેમ ?' આશ્ચર્ય સાથે સ્વામીશ્રીએ પૂછ્યું. અને કહ્યું, 'રાખને ! ઘરડાની સેવા તો કરવી જ જોઈએ ને !'

'પણ સ્વામી, એમણે જ મારી મમ્મીનુ ખૂન મારા કાકા પાસે કરાવેલું.' યુવાને ઘટસ્ફોટ કર્યો. ને કહ્યું, 'હમણાં પણ મારા ઘરે થોડું રહ્યાં, તેમાં મારા મોટાભાઈ ને અમારી વચ્ચે ઝઘડો કરાવ્યો.'

સ્વામીશ્રીએ પૂછ્યું, 'અત્યારે એ ક્યાં રહે છે ?'

'એ કાકાના ઘરે રહે છે, પણ ખૂન કર્યા પછી કાકા પણ ગાંડા થઈ ગયા છે !'

સ્વામીશ્રી થોડી ક્ષણો વિચારી રહ્યા પછી કહે, 'તો એમ કર, એ છે ત્યાં ભલે રહ્યાં. તેમનો સ્વભાવ એવો છે, નકામો ઘરમાં ઝઘડો ઘાલે. પ્રાણને પ્રકૃતિ ભેગા જાય એટલે તેમને જરૂર હોય તે મદદ પૂરેપૂરી કરવી. પણ ઘરમાં ન રાખવાં...' વડીલોની આમાન્યા, સેવા અને વિવેક આ ત્રણે સ્વામીશ્રીએ તેને એક સાથે શીખવ્યાં.

*

આવો જ એક સંસ્કાર છે ત્યાગભાવનાનો. કોઈ યુવાન દાનરૂપે કે સમાજસેવારૂપે આ ત્યાગભાવના દર્શાવે તે આવકાર્ય જ નહીં આદરપાત્ર પણ છે. પરંતુ સંસાર છોડી સાધુ થવા બાબતે ઘણા યુવાનોએ સ્વામીશ્રી પાસે પોતાની દ્વિધાઓ રજૂ કરી છે. જિંદગીનો નિર્ણય છે. તેમાં મનની મંજૂરી જોઈએ, મજબૂરી નહીં. મજબૂરી કે મંજૂરીના તાંતણે ઝૂલતા આવા યુવાનોને સ્વામીશ્રીએ અત્યંત વાસ્તવદર્શી સલાહો આપી તે યુવાનોને તેમનો સ્વધર્મ સમજાવ્યો છે. તેઓને તંદુરસ્ત માનસિકતાવાળો સાધુસમાજ અપેક્ષિત છે.

મુંબઈથી એક યુવક સાધુ થવા સારંગપુર આવ્યો હતો. એકનો એક પુત્ર હોવાથી તેના પિતા તેને પાછો લેવા આવ્યા હતા. સ્વામીશ્રી યુવકને કહે, 'આપણે આજ્ઞાથી કરીએ તે શ્રેષ્ઠ. મનધાર્યું ન કરવું. ભગવાન અને સંત જીવને ઓળખે. ઘણાને સામેથી બનાવે ને ઘણાને ગૃહસ્થાશ્રમ કરાવે. તે કયા ખાતાનો જીવ છે, તો મોટાપુરુષ જાણે. એટલે હવે તું ઘરે જા. ત્યાં સેટ થા. જો ખરેખર રાજી કરવા હોય તો ત્યાં રહીને જ સેવા કર. ભવિષ્યમાં તારું શું થવાનું છે, એ તને ખબર નથી. માટે સાધુ થવાના વિચારોનો લય કરી નાખ...'

એક સાધક મુંબઈમાં સ્વામીશ્રીને મળ્યા. તેઓ કહે, 'મારે શું કરવું તેની સમજ પડતી નથી. સાધુ થવું કે ઘરે રહેવું ?'

સ્વામીશ્રી કહે, 'એવો પ્રશ્ન રહેતો હોય તો ઘરે રહીને ભગવાન ભજવા અને માતાપિતાની સેવા કરવી. અહીં રહીને ઘર સાંભરે તે કરતાં ત્યાં રહીને સત્સંગ સેવા થાય એ સારું. જ્યારે પણ અહીં આવવાનું થાય ત્યારે પાકી દૃઢતા કરીને આવવું.'

સ્વામીશ્રી લાગણીના વેગમાં તણાતા આવા યુવાનોને જીવનલક્ષી નિર્ણયો એટલી ઝડપથી અને એટલા પ્રેમથી આપી દે છે કે યુવાનને માનસિક સંતોષ થાય અને જિંદગીની અગત્યની પળે સ્વામીશ્રીનો સહારો મળ્યો હતો, તે ધરપત સદાકાળ તેના અંતરમાં છવાયેલી રહે...

સંસારને જોવાની સંતદૃષ્ટિ....

સાંકરી(સુરત)માં અમદાવાદના એક યુવકને અચાનક આવેલો જોઈ સ્વામીશ્રીએ આશ્ચર્ય વ્યક્ત કર્યું. પછી પૂછવા લાગ્યા : 'આજકાલ શું કરે છે ?'

'પ્લાસ્ટિકનો ધંધો કરું છું.'

'લગ્ન કર્યાં છે ?'

'ના, બાપા, આપે ના પાડ્યા પછી સંકલ્પ જ કર્યો નથી.'

સ્વામીશ્રી કહે, 'બરાબર છે. આપણા વ્યવહારનું ઠેકાણું ન હોય ત્યાં બીજાનું ઠેકાણું શું પાડવું ?'

સ્વામીશ્રીએ સમાજની નાડમાં દાંપત્યજીવનને મરણતોલ કરી મૂકે તેવો એક તાવ પારખ્યો છે, તે છે વૈમનસ્યનો, વિસંવાદનો, વિખવાદનો ! આ રોગનાં ઘણાં બધાં મૂળમાંથી એક મૂળ કુટુંબનું આર્થિક અસંતુલન છે. સ્વામીશ્રીએ યુવાનોને પગભર થવા પ્રેર્યા છે. જ્યાં સુધી યુવાન પોતાના કાંડા બળે પૈસો પેદા ન કરી શકે ત્યાં સુધી કોઈની જિંદગીને પીડા આપવાનો શો અધિકાર ?

ઋષિવર્યો સ્થાપિત હિન્દુ લગ્ન સંસ્થાની દૂરગામી અસરોએ રહી છે કે સમસ્ત સમાજ સંગઠિત રહ્યો. આપણે અનેક આક્રમણો સામે કૌટુંબિક એકતાના નિશ્ચલ પાયા પર ટકી શક્યા. પરંતુ છેલ્લા બે દાયકાથી પશ્ચિમ તરફથી એક વિચિત્ર પવન ફૂંકાયો છે : છૂટાછેડાનો. આ પવનનું ઘેન ભારતભરમાં ઝડપથી ફેલાઈ રહ્યું છે. શું આપણી સહિષ્ણુતા ઘટી રહી છે ? કે પછી અગ્નિની સાક્ષીએ ફરેલા ફેરામાં કોઈ દંભ કે અપરિપક્વતા હતી ? કે પશ્ચિમે ફૂંકેલો વાયરો ભલે પછી રુગ્ણ હોય પણ 'ઈમ્પોર્ટેડ' માનીને આપણે વધાવી લીધો છે ?

સ્વામીશ્રીએ આ બાબતે તો અનેક યુવાનોની સદ્‌વૃત્તિને સંકોરી છે, જાગૃત કરી છે. 'એક નારી સદા બ્રહ્મચારી' ના સિદ્ધાંતને તક મળતાં જ દૃઢાવ્યો છે....

અમદાવાદના ડૉ. મધુભાઈ પટેલની પુત્રીનું વેવિશાળ લંડનના યુવક અકુ સાથે થયું તેની સ્વામીશ્રી પાસે વાત નીકળી. અકુ સહિત ઘણા યુવકો સ્વામીશ્રી પાસે બેઠા હતા. સ્વામીશ્રી કહે, 'આપણે યુવકોએ ધ્યાન રાખવાનું. એક વાર પરણ્યા પછી છૂટા નહીં પડવાનું. જિંદગીભર નભાવવાનું. એમ નક્કી રાખવું. અત્યારે તો ભેગા થયા, ને તરત છૂટા થાય. પહેલાં તો જીવનભર નભાવે. સી.એમ ! તમારે ચાલ્યું કે નહીં ?' લંડનના વડીલ હરિભક્તને સ્વામીશ્રીએ નિમિત્ત બનાવ્યા.

તેઓ કહે, 'ચાલ્યું ને ! વર્ષો વીતી ગયા !'

સ્વામીશ્રી કહે, 'પહેલાં તો ચાલતું જ. સહન કરી લે. સમજી લે. સમાધાન કરી લે. આ તો અહીંનો (વિદેશનો) વાયરો લાગ્યો. આ યુવકોને અને ત્યાંય (છોકરીઓને) લાગ્યો...'

ત્યાં બીજા વડીલ મોરઝરિયા કહે, 'બાપા, અહીં લગ્ન નક્કી થાય ત્યારે અંગ્રેજ ઓફિસર રજિસ્ટ્રેશન વખતે કહે, 'જિંદગીભર છૂટા નહીં પડવાનું.'

એકદમ જ સ્વામીશ્રી બોલી ઊઠ્યા : 'એ અંગ્રેજને કહીએ કે આ તમારું જ આવ્યું છે. અમારે આવું હતું જ નહીં. પણ યુવકો, આપણે મંદિરમાં નાળિયેર લીધું એટલે છૂટા પડવાનું નહીં. લાકડાં ભેગા થઈએ ત્યાં સુધી સાથે !'

સમજણ અને સમાધાન જ લગ્નજીવનમાં સંતુલન સ્થાપી શકે છે, એ સ્વામીશ્રીના ઘરોઘરના, ગામોગામના અને હજારો પ્રશ્નોના અનુભવનો સાર છે.

લંડનથી દાદર મંદિરે સ્વામીશ્રી પર ફોન આવ્યો. એક યુવકે પોતાની પત્ની સાથેના વિખવાદની વાત કરી. આ ઝઘડામાં મધ્યસ્થી રહેલા એક વડીલ હરિભક્તને સ્વામીશ્રીએ ફોન પર બોલાવ્યા. ને કહ્યું, 'બેય વચ્ચે સમાધાન થતું હોય તો સારું છે. વાંક બેયનો હશે. પણ સત્સંગીને તો સુખ-દુ:ખ વેઠીને નભાવવું જોઈએ. એણે (યુવકે) પણ વિચાર કરવો જોઈએ કે તારી બહેન હોય ને આવું થાય તો શું કરે ? ને માએ પણ વિચાર કરવો કે પોતાની દીકરીનું આવું થાય તો શું કરે ?' પછી યુવકને બોલાવ્યો. ને કહે, 'તને એવું લાગે કે વચ્ચે સ્વામીને શા માટે લાવ્યા ? પણ એવી ગેરસમજૂતી કરવાની ન હોય. ગુરુને ન કહે તો કોને કહે ? હવે સમજી - વિચારીને ભેગાં થઈ જાવ. સહન કરીને સમાધાન કરી નાખવું....' આ આદેશમાં એક ઘર શાંતિની દિશા તરફ વહી રહ્યું. યુવકે આદેશ માથે ચડાવ્યો.

સંસારને જોવાની સંતદષ્ટિમાં જે 'આત્મવત્ સર્વભૂતેષુ'ની ભાવના હોય છે. તે જ ભાવના અહીં જરા જુદા સંદર્ભોમાં પડઘાય છે.

દુ:ખી થનાર જ્યારે વિવેક ચૂકે છે ત્યારે સમાધાનનો માર્ગ જાતે જ બંધ કરે છે. એવે સમયે યુવાની જે ચિત્કાર પાડે છે, તે સ્વામીશ્રીએ સાંભળ્યા છે. અને અંતે એ જીવોને શાંતિનો માર્ગ ચીંધી આપ્યો છે.

યોગક્ષેમનું અપૂર્વ સંતુલન

જીવનનું રસભર્યું ફળ થોડી જ વિકૃતિથી કડવું બની જાય છે ત્યારે

જ્યાંથી દબાવો ત્યાંથી કડવા, અસહ્ય અને દુર્ગંધી પ્રશ્નોની ધારા ફૂટી નીકળે છે.

અટલાદરામાં એક યુવાન સ્વામીશ્રીને મળ્યો. તે સમસ્યાઓના આવા ઘેરામાં ફસાયો હતો. ભાગીદારીમાં ફાવ્યો નહીં. ટૅન્શન વધ્યું એટલે દારૂએ ઘર ઘાલ્યું. આખો દિવસ બેચેની. ભાગીદારનું ખૂન કરાવવાના આયોજનમાં તે બહાવરો બની ગયો. તેના પિતાની ઉપેક્ષા કરવી કે ક્યારેક તિરસ્કાર પણ કરી નાખવામાં તેને સંકોચ જતો રહ્યો હતો. તેના પિતા તેને સ્વામીશ્રી પાસે લઈ આવ્યા. આખી વિગત જાણી સ્વામીશ્રીએ કહ્યું : 'ધંધામાં તો સેટ થઈ જ જવાશે. અમે તારા વતી પ્રાર્થના કરીશું. મનની સ્થિરતા રાખવી. ગભરાઈએ કે બીજુ-ત્રીજું કરીએ તેમાં કાંઈ ન વળે. ભગવાનનો આશરો રાખીને માળા કરજો. પહેલેથી મોટી બાથ ના ભરવી. નાના ધંધા ઉપર ચઢવું અને દારૂ પીવાથી પ્રશ્ન દૂર થતો નથી. એનાથી તો ઘરમાં ને બહાર ઝઘડો જ થાય ને ટૅન્શન વધ્યા કરે. મહેનત કરીશ તો એમાંથી જ ઊંચા અવાશે. કામમાં મન લગાવશો એટલે ટૅન્શન જતું રહેશે.'

પ્રશ્નોની ઝડીઓ વચ્ચે વિહ્વળ બની રહેવા કરતાં શ્રદ્ધાના સહારે તેને વળોટી જવાથી જ જીવન સહ્ય બને છે, સમૃદ્ધ બને છે. એ સલાહ સ્વામીશ્રીએ એક સંત તરીકે જ નહીં, પરંતુ ભગવત્શ્રદ્ધાના ચમત્કારના અનુભવી તરીકે આપી છે.

'ટૅન્શન' આપણા વ્યવહારજીવનની સૌથી મોટી હોનારત છે. મન-હૃદયને સંઘર્ષના તાલે નાચતા કરી દેનાર આ રોગમાં પરમ તત્ત્વ પરની શ્રદ્ધા અકસીર ઉપાય કરીકે સ્વામીશ્રીએ યુવાહૃદયમાં સ્થિર કરી છે.

મુંબઈમાં છોટુભાઈ અજમેરાના જમાઈ વિમલકુમારને લગ્ન પ્રસંગે આશીર્વાદ આપતાં સ્વામીશ્રીએ આવું એક પરમ સત્ય ઉચ્ચારેલું : 'આજે જેમ વ્યવહારનો ભાર ઉપાડ્યો, તેમ ભગવાનનો ભાર (મહિમા) પણ રાખવો. આ ભાર રાખશો તો સંસારનો ભાર હળવો થઈ જશે... જીવનમાં કાયમ શાંતિ થશે...'

'ભાર'નો શ્લેષ અર્થ સ્વામીશ્રીએ અહીં બહુ ખૂબીથી વાપર્યો હતો.

એકલી વ્યવહાર પ્રવૃત્તિ જીવનને યંત્રવત્ બનાવી મૂકે અને એકલી

વ્યવહાર નિવૃત્તિ જીવનને દુષ્કર બનાવી મૂકે.... આથી ભક્તિ કે અધ્યાત્મ પ્રવૃત્તિઓના વ્યાપમાં યુવાન જ્યારે 'કર્મયોગ'ની ઉપેક્ષા કરે ત્યારે સ્વામીશ્રીએ તેને બંને તરફનું સંતુલન પણ કરી આપ્યું છે.

રાજુલાના એડવોકેટ યુવક ચિત્તરંજન મહેતા સ્વામીશ્રીએ યોજેલા 'યુવક અધિવેશન'ની સ્પર્ધાઓમાં વચનામૃત વગેરે કંઠસ્થ કરી રહ્યા હતા. પોતાના આ આધ્યાત્મિક અનુષ્ઠાન સિવાયનો સમય અન્ય યુવાનોને પ્રેરણા આપવામાં ખર્ચતા. અંતે તે એવા નિર્ણય પર આવ્યા કે વકીલાતનો વ્યવસાય હાલ પૂરતો મૂકી દેવો.

સ્વામીશ્રીએ તેમને કહેલું, 'ચિત્તરંજન, આપણે કામકાજ સાવ બંધ કરવું નથી. જૂના પરિચિત કેસ લેવા ને કાર્ય પતાવી દેવું. સંસાર લઈને બેઠા એટલે કામ પણ કરતા રહેવું જોઈએ.'

અમદાવાદમાં એક વિદ્યાર્થી નરેન્દ્ર ભટ્ટી મળવા આવ્યો હતો. છેલ્લા ૯ વર્ષથી તે સંશોધન નિબંધ-થિસીસ લખી રહ્યો હતો. પણ તે કાર્ય પૂરું કરી શક્યો જ નહીં ! વળી તેના ઘરે બીજી કોઈ આવક નહોતી. જે મળે તે તેના ભણતરમાં જ ખર્ચાઈ જાય. આ પરિસ્થિતિમાં નાસીપાસ થઈ સત્સંગ-ભક્તિમાં રચ્યો-પચ્યો રહેવા લાગ્યો. સ્વામીશ્રીએ પૂછ્યું કે કયા કરાણે તારો નિબંધ પૂરો થતો નથી ? ત્યારે તેણે કહ્યું, 'સ્વામી, ભક્તિ ને સત્સંગ વિના બીજે રસ જ પડતો નથી.'

સ્વામીશ્રીએ તેને તદ્દન વ્યાવહારિક સલાહ આપી : 'હવે ભક્તિ ઓછી કરો અને અભ્યાસમાં ધ્યાન આપો. કેટલો સમય બગાડ્યો ? પૈસા બગડ્યા ? ને કાંઈ કામ થયું નહીં. માટે થીસિસ લખાયા પછી નોકરી કરીને ભક્તિ કરજો.....' ભક્તિના અંચળા હેઠળ કેટલીક વાર પ્રમાદ પાંગરતો હોય, ત્યારે સ્વામીશ્રીએ તેવા યુવાનોને આ રીતે કર્તવ્યનું ભાન કરાવ્યું છે.

श्रेयान् स्वधर्मो विगुणः परधर्मो भयावहः ।

યુવાન 'સ્વધર્મ' ગુમાવે તો સમાજનું સંતુલન ખોરવાય છે. 'સંપૂર્ણ કર્મત્યાગ'નો માર્ગ યુવાનો માટે નથી જ. સંસાર પ્રત્યેની ફરજો પણ એટલી જ મહત્ત્વની છે. આ સંતુલન સ્વામીશ્રીએ જ્યારે પણ આપ્યું છે ત્યારે એમના કર્મઠ યુવાનોના પુરુષાર્થ પાછળનું રહસ્ય છતું થયું છે.

'યોગક્ષેમ વહામ્યહમ્' આ સૂત્ર કંઈક એવા અર્થમાં સ્વામીશ્રીના જીવનમાં પ્રતિબિંબિત થાય છે કે યુવાની વ્યવહારના કળણમાં ખૂંપી ન જાય તેવી સંભાળ રાખી કર્મયોગ અને ભક્તિયોગના સબળ સહારે યુવાનીને અનુભવોની ઊંચાઈ સુધી પહોંચાડવી.

આ ધ્યેય સ્વામીશ્રીએ જે રીતે હાંસલ કર્યું છે, તે જોતાં આવતી પેઢીઓ યુગો સુધી આ દિશાદર્શકને ભાવભીની અંજલિ આપતી રહેશે. કેમ કે વ્યવહારજીવનનું કોઈ પણ 'સ્ટેપ' તેઓ ચૂક્યા નથી. તેઓ જાણે છે કે જીવન એક ભૂમિતિ છે.....

સપ્તપદી : સંબંધો અને સમાધાન

કલકત્તાના એક ભાવિક પોતાના ૩૩ વર્ષના નિષ્ક્રિય પુત્રને લઈને સ્વામીશ્રી પાસે આશીર્વાદ અપાવવા આવ્યા હતા. યુવાને મૂંઝવણ જણાવતાં કહ્યું, 'હું નવેસરથી જીવન જીવવા માગું છું. મારે મનની શાંતિ નથી. મનની શાંતિ માટે હું બે બાળકોવાળી પત્નીને છોડીને એક ખ્રિસ્તી બાઈને પરણ્યો. તેને એક બાળક છે. પણ તોય મનને શાંતિ નથી. હવે ફરી લગ્ન કરવાની ઇચ્છા છે. મારે વાસના છે તેવું નથી. પણ મનની શાંતિ માટે કરવું છે !' આ વિચિત્ર યુવાન સામે સ્વામીશ્રી અનુકંપાથી જોઈ રહ્યા. શાંતિ માટેનો આથી વિકૃત ઉપાય બીજો કયો હશે ? સ્વામીશ્રી કહે, 'ફરીથી લગ્ન કરશો તેમાં વધારે અશાંતિ થશે. એના કરતાં જે કાંઈ મનની તકલીફ હોય તે સમજૂતી કરીને બધા સાથે રહો. બાપુજીને સંતોષ થાય તેમ કરો....' પછી ઘણી વાત કરી તેના વેગ ઉપર લગામ મૂકી....

અમદાવાદમાં સ્વામીશ્રી જમવા પધારતા હતા ત્યાં વડોદરાનો એક યુવક આવ્યો. બે જ દિવસ પહેલાં તેના પિતાશ્રીએ સ્વામીશ્રીને ફરિયાદ કરી હતી કે છોકરાને પગે ખોડ છે, હાથે પોલિયો છે. તેમ છતાં પ્રથમ વાર લગ્ન કર્યાં, પછી સાંભળ્યું કે જે છોકરી સાથે લગ્ન કર્યાં છે, તેના ક્યાંય લગ્ન થતાં ન હતા, ને મારી સાથે થયા છે-તે સાંભળતાં જ લગ્ન તોડી નાખ્યું, બીજીવાર લગ્ન થયાં. તેણે સાંભળ્યું કે છોકરી વઢકણી છે એટલે તરત મૂકી આવ્યો. સ્વામીશ્રીએ તે યુવકને રૂબરૂ બોલાવ્યો હતો. તે આવ્યો ત્યારે સ્વામીશ્રી

સ્નાન માટે ઊભા થયા હતા. તેને જોઈને કહે, 'તારામાં કાંઈ ગાંડપણ તો નથી ને ?'

'ના.' તેણે કહ્યું.

સ્વામીશ્રી કહે, 'તે પછી વિચાર તો કર. બે-બે છોકરી પરણ્યો પછી પાછો ઘરે મૂકી આવ્યો તેમાં સમાજમાં તારી આબરૂ શું ? હવે કોઈ તને આપતાં વિચાર કરે. બધાને દુઃખ. માટે હવે શાંતિથી વિચાર કરી લે.' પેલો યુવક કહે, 'મારે જ્યાં લગ્ન કરવાં છે, ત્યાં બાપુજી ના પાડે છે. ને અહીં પરાણે કરાવે છે....' સ્વામીશ્રી કશું બોલ્યા વિના સ્નાન માટે જતા રહ્યા. આંખોમાંથી કંઈક દર્દ ઊભરાતું હતું.

લગ્ન સંસ્થાની આ કેવી ક્રૂર મજાક છે ! દાંપત્યજીવનને 'ધન્યો ગૃહસ્થાશ્રમઃ' આ સૂત્ર સાથે ગૌરવની ભૂમિકા આપવામાં આવી છે. પણ વસ્ત્ર બદલી નાખતા હોય તેમ પત્ની કે પતિ બદલી નાખતા આપણા યુવાનો માનવીનો-માનવીની લાગણીઓનો સોદો કરી નાખે છે !

આ સંબંધોમાં સ્વામીશ્રીએ બે મુખ્ય ખામીઓ જોઈ છે અને તે સુધારવા સફળ પુરુષાર્થ પણ કર્યો છે. એક છે અપરિપક્વતા અને બીજું છે અહં ! અપરિપક્વતાનું પરિણામ છે અન્યત્ર આસક્તિ અને અહંનું પરિણામ છે વિખવાદ અને અવિશ્વાસ.

એકવાર ગોંડળમાં ત્રણ કુટુંબોનો વિવાહવિધિ થયો. સ્વામીશ્રી ઉપસ્થિત હતા. ત્રણે વરરાજાઓને આશીર્વાદ આપતાં સ્વામીશ્રીએ કહેલું : 'આ સ્વામીનું સ્થાન છે. અહીં આજે આ સંકલ્પ થયો એ મોટામાં મોટો યોગ. બેયને ભગવાન ખૂબ સુખી રાખે. બેયનાં મન સારાં રહે, સંપ રહે. ભગવાન અને સંતને રાજી કરે. કુટુંબને રાજી કરે. ભગવાનના સાંનિધ્યમાં આ યોગ થયો છે, તો આખી જિંદગી સાથે રહીને પસાર કરવી. ઠેઠ સુધી પાકું રહેવું જોઈએ. મનદુઃખ થાય તો એકબીજાનું સહન કરી લેવું. સુખદુઃખમાં ભાગીદાર થવું. પ્રસંગ તો થાય, પણ એનો ઉકેલ લાવી દેવો. હવે મન ફરવું ના જોઈએ....'

એક લગ્ન પછી સ્વામીશ્રીએ વરરાજાને પેંડાનો પ્રસાદ આપતાં કહેલું, 'લે, આખી જિંદગી બેયનો સંબંધ આવો ને આવો મીઠો રહેવો જોઈએ....'

એક વાર આજના યુવાનોની અપરિપક્વ મનોવૃત્તિ પર ઉપાલંભ કરતાં સ્વામીશ્રીએ સલાહ આપી હતી. એક ભાઈ તેમના ચિરંજીવીને લઈને પરદેશથી લગ્ન અંગે આવ્યા હતા. ઘણાં સ્થળો જોયાં પણ સંતોષ થયો નહીં. સ્વામીશ્રીને આ વાત કરી ત્યારે કહે, 'આજના છોકરા જગ્યા બહુ જુએ. પછી મન ડહોળાય, આ સારું કે પેલું ? રૂપમાં ને મોહમાં અંજાય. ભલા માણસ ! રૂપ કરતાં આપણે તો સંસ્કાર જોઈએ.... ને ઘર સારું જોઈએ. પછી રૂપનું શું કામ ? એને શું ફિલ્મમાં એક્ટર બનાવવાના છો ? રૂપ ભલે સામાન્ય હોય પણ સંસ્કારી હોય તો ઘર તો ચલાવે....'.

અન્ય એક યુવાન સાથે સ્વામીશ્રી ખાનગીમાં બેઠા. પરણ્યા પછી તેણે બીજા સાથે ઘર માંડ્યું હતું. આ અંગે સ્વામીશ્રીએ તેને પૂર્વે પણ ટોક્યો હતો. પરંતુ આવેગમાં તણાઈ જતો. આજે એ જ હેતથી સ્વામીશ્રી તેને મળ્યા. વાત કરી. તે ગળગળો થઈ ગયો. કહે, 'હવે મન એમ થાય છે કે આપે જે વાત મને કહેલી તે મેં માની હોત તો દુઃખી ન થાત. અત્યારે બધું છોડવા તૈયાર છું....' સ્વામીશ્રીનો દાખડો સફળ થયો. યુવકને પસ્તાવો ને પિતાને સંતોષ થયો.

આખી પરિસ્થિતિને લાગણીના તાર સાથે જોડીને સ્વામીશ્રીએ અનેક યુવાનોની જિંદગી સાંધી આપી છે. અને એ દ્વારા અનેક વધૂઓને પણ નવજીવન આપ્યું છે.

ન્યૂજર્સીમાં રહેતા એક ગુજરાતી યુવાનને સત્સંગનો યોગ અચાનક થઈ ગયો. માબાપે તેનાં ધામધૂમથી લગ્ન કરાવ્યાં પણ એ પછી પત્નીને દેશમાંથી બોલાવવાનો તેણે ઈન્કાર કરી દીધો. એનાં સગાંઓ સમજાવીને થાક્યાં. મા-બાપ તો બોલી જ શક્તાં નહોતાં. યુવાન પોતાના વિચારમાં સંપૂર્ણ મક્કમ હતો. ભારતીય સાંસ્કૃતિક મહોત્સવ (C.F.I.) દરમ્યાન સ્વામીશ્રીએ તેની સાથે ખૂબ હેત-પ્રીત કર્યાં. આ હેતનાં કામણ એવાં હતાં કે એક સાંજે સ્વામીશ્રીએ તેને લગ્ન બાબતે પૂછ્યું કે તરત તે બોલી ઊઠ્યો : 'આપ કહો તે કરવા તૈયાર છું.' આ કુટુંબનો સરદર્દ પ્રશ્ન સ્વામીશ્રીના હેતમાં ઓગળી રહ્યો હતો.

બીજે દિવસે સવારે સ્વામીશ્રી ખાસ તેના ઘરે પધાર્યા. તેને, પિતાને, સ્નેહીઓને બોલાવ્યા. યુવાનને કહે, 'તારી જે ઇચ્છા હોય તે કહે. કહ્યું કરીશ તો અમારા પણ તને આશીર્વાદ છે. માબાપના પણ મળશે. પહેલાં તો બધાં જોયા વગર જ પરણી જતા. છતાં આજનો જમાનો એવો છે. એટલે મનમાં ગડભાંજ હોય તો જણાવી દેજે. કદાચ તારા મનમાં ન પણ બેસે. પણ ભગવાન અને સંતના વચને બેસાડીએ તો સારું જ થાય.' તે યુવાને કહ્યું : 'આપના આશીર્વાદ હોય તો હું તેને બોલાવીશ.' સ્વામીશ્રી પ્રસન્ન થઈ ગયા. નજીક બોલાવીને તેને ખૂબ આશીર્વાદ આપ્યા. જે પ્રશ્ન વરસથી ઘૂંટાતો હતો તે પળવારમાં ઊકલી ગયો. સ્વામીશ્રીનાં કામણ યુવાનના આવેગોને નાથે છે, પરિપક્વતાને પ્રગટાવે છે.

હવે આવે છે બીજો આયામ.... જ્યાં વર-વધૂ વધુ હળી ગયા હોય ને તેમની ઉપેક્ષાનો શિકાર મા-બાપ બનતા હોય... આ એક વિચિત્ર ખેલ છે. સજ્જનતાથી દૂર.... સંસ્કૃતિથી આઘે.... અને સંસ્કારોથી વિરુદ્ધ દિશામાં ચાલતા આ ખેલનો પ્રકાર કંઈક આવો હોય છે....

* * *

૫. અમૃત સેતુના આધાર સ્તંભો

અમદાવાદના એક ભાવિક ગોંડલ સ્વામીશ્રી પાસે આવ્યા. ધ્રુસકે ધ્રુસકે રડીને વીતક સંભળાવતા ગયા : 'મારા પત્નીને ૧૫ દિવસ પહેલાં એપેન્ડીક્સનું ઓપરેશન કરાવ્યું હતું. હોસ્પિટલમાં મારો દીકરો એની માને જોવાય ન આવ્યો. હોસ્પિટલમાંથી છૂટીને અમે રિક્ષામાં ઘેર ગયા ને સ્વામી....' એ આધેડ વયના વડીલ ધ્રુસકે ચડ્યા. સ્વામીશ્રી પીઠ પર હાથ ફેરવી આશ્વાસન આપતા હતા. તેમણે કહ્યું, 'મારા દીકરાએ ઘરના દરવાજા બંધ કરી દીધા. અમે ક્યાં જઈએ સ્વામીજી, મારા દીકરાની મતિ ફરી ગઈ છે. અમારો કોણ આધાર બને....' સ્વામીશ્રીએ તેમને ખૂબ આશ્વાસન આપ્યું. સગા દીકરાએ ને સગી પુત્રવધૂએ મા-બાપને રખડતા કરી મૂક્યા હતા.

સ્વામીશ્રી કહે, 'તમે ચિંતા ન કરશો. મન હળવું થાય ત્યાં સુધી અહીં રહેજો. સંસારનું આવું છે. ધીરજ રાખજો. જે જરૂર હોય તે કહેજો. તમારા પત્નીને ઓપરેશન થયું છે, તો ખાવામાં કે બીજી જે જરૂર હોય તે કહી દેજો. સંતોને વાત કરી દઈશું....'

લંડનમાં સ્વામીશ્રી મુલાકાત માટે બિરાજ્યા ત્યાં એક આધડ વયના વડીલ આવી પહોચ્યા. ગળગળા સાદે વીતક કહેવા લાગ્યા : 'મેં મારા દીકરાઓને ભણાવ્યા, સેટ કર્યા. બધી જ રીતે મહેનત કરીને સાનુકૂળ કરી આપ્યું.... આજે છોકરાઓ કહે છે તમે જતા રહો, તમારી જરૂર નથી !! સ્વામી, હું ક્યાં જાઉં ?'

સ્વામીશ્રી કહે, 'જુઓ, તમે અત્યાર સુધી સંસાર સંભાળ્યો. હવે એ ભૂલી જાવ. સત્સંગમાં સાંભળ્યું છે ને કે બધા સ્વાર્થી છે ! આ સ્વાર્થ. અત્યાર સુધી કમાયા, ખવડાવ્યું-પિવડાવ્યું, પરણાવ્યા તોય કહે છે : 'જતા રહો !' દુનિયા આવી જ છે. માટે હવે દેશમાં ઘર છે ને ! ત્યાં જતા રહો, ને સુખેથી રોટલા ખાઈને ભજન કરજો....'

બીજી તો શી સલાહ હોય આ મા-બાપોને ? જેને સગા લોહીએ લાત મારી છે !!

આ પ્રસંગો શું આપણા યુવાનોની સ્નેહભાવનાઓનો મૃત્યુઘંટ છે ?

આપણી કુટુંબપ્રથાના સર્વનાશની ઝાંખી છે ?

માતૃ-પિતૃ દેવો ભવ..... માતાપિતાને દેવસમાન જાણો....

प्रीणाति मातरं येन पृथिवी तेन पूजिता: । જે માબાપને રાજી કરે છે, તેણે સમગ્ર ધરતીની પૂજા કરી છે.

આ આદર્શો ક્યાં ખોવાયા છે ?

જે ઘરમાં યુવાન ભાંખોડિયાં ભરતાં શીખ્યો, જે ઘરમાં માની મમતા અને પિતાનો સ્નેહ પામ્યો, જે ઘરમાં સુખ-દુઃખનાં આત્મીય સંવેદનો અનુભવ્યાં, જે ઘરમાં મા-બાપ પાસેથી જીવન જીવવાનો અધિકાર મેળવ્યો એ ઘરમાં આ શાની આગ છે ? માબાપના વાત્સલ્યદીપને આજે યૌવનનું વાવાઝોડું આભડી ગયું, આત્મીયતાના ઝરણાને વિસંવાદે શોષી લીધું.

ભૂલ બંને પક્ષે છે અને એટલે જ સમાધાન કે સમજણ બંને પક્ષે લાવવા સ્વામીશ્રી અમૃતસેતુ બન્યા છે.

યુવાનને અનાદર છે, અવિશ્વાસ છે, નકારાત્મક વિચારધારા છે. અહં છે, મહત્ત્વાકાંક્ષા છે, સમાધાન વૃત્તિનો અભાવ છે. અને તેનુ પરિણામ સ્પષ્ટ જ છે, કુટુંબમાં કલેશ અને કંકાસ.

સ્વામીશ્રી નવસારીમાં બિરાજમાન હતા. એક ભાવિક તેમના પુત્રને લઈને આવ્યા. રડતા રડતાં બોલવા લાગ્યા : 'આ ભણવામાં ધ્યાન નથી આપતો. કોઈનું કહેતાં કોઈનું માનતો નથી. સાવ ભણવામાંથી જ ઊઠી ગયો છે. આપ એને સમજાવો.' સ્વામીશ્રી તેમને સાંત્વન આપી યુવકને કહેવા લાગ્યા : 'ભલા'દમી. તું વિચાર કર. નાની ઉંમરે ભણ્યા વગર આગળ શું

થાય ? નાની નોકરીમાં ઘરનું પૂરું ન થાય. અત્યારે તું હીરાનું શીખે છે, તો એમાં પણ બરાબર ધ્યાન આપ. અને રોજ પ્રાર્થના કર કે મારી બુદ્ધિ-મારા વિચારો સારા કરજો. માબાપને અને તમને (ભગવાનને) રાજી કરી શકું તેવી બુદ્ધિ આપજો.' માબાપે અત્યાર સુધી આપણી સંભાળ રાખી, હવે આપણે તેમને દુઃખી ન કરવા.' સ્વામીશ્રી તેનામાં આદરનું બીજ રોપી રહ્યા હતા. વિસંવાદ પરનો સેતુ આદરના પ્રથમ આધારસ્તંભથી શરૂ થાય છે.

લંડનમાં એક શીખ યુવાન સ્વામીશ્રીનાં દર્શને આવ્યો હતો. તેનો પરિવાર કેન્યામાં વસતો હતો. આ યુવાનનો મા-બાપ પર અંશ માત્ર ભરોસો નહીં. તેણે કહ્યું,'સ્વામીજી, મારા માબાપે મારા પર મેલી વિદ્યા અજમાવી મૂઠ મારી છે. તે મને મારી નાખવા પ્રયત્ન કરે છે. મારા નાનાભાઈ ઉપર વધારે સ્નેહ રાખે છે. હું રોજ કાળીમાતાને પ્રાર્થના કરું છું. પણ હવે તેમના પરની શ્રદ્ધા પણ ઘટી ગઈ છે.'

સ્વામીશ્રી તેના નિર્બળમાનસને પારખી ગયા. કહે, 'યે સબ વહેમ હૈ. શંકાઓ કાઢી નાખવી. કામકાજમેં મુશ્કેલી આવે તો વહેમ ઘૂસી જાય. લેકિન વહેમ જૈસા બુરા કોઈ નહીં હૈ. અબ સબ છૂટ જાયગા. ભગવાનકા આશરા કરલો. ઔર એક બાત યાદ રખના– મા-બાપ તુમ્હારા કુછ નહીં કરનેવાલા. ભગવાન કો યાદ કરો. ધંધા મેં ગલતી હો જાય તો ઇસમેં ગ્લાનિ નહીં પામના. ભજનમેં સુખ હોતા હૈ. વિશ્વાસ રખના. સબ અચ્છે હૈ, હમેં સુધરના હૈ....' સ્વામીશ્રીએ આ યુવાનમાં આદર અને વિશ્વાસ બંને સ્થંભનું પ્રત્યારોપણ કરી દીધું. તે ખુશ થતો ચાલ્યો ગયો. વહેમ કાઢવાની તેને હિંમત મળી.

ન્યૂજર્સીમાં ઉજવાયેલા C.F.I. દરમ્યાન લંડનથી ઘણા યુવકો સેવા માટે આવ્યા હતા. એકવાર સૌ સ્વામીશ્રી સાથે આત્મીય ગોષ્ઠિ કરતા બેઠા હતા. એક યુવકને ઉદ્દેશીને તરુણે સ્વામીશ્રીને કહ્યું, 'આના લિસ્ટમાં બધા નિયમ છે, પણ 'માબાપને પગે લાગવું' આ નિયમ એણે લીધો નથી.'

'કેમ એવું ?' સ્વામીશ્રીએ પૂછ્યું.

તે કહે, 'મારી ઇચ્છા સાધુ થવાની હતી, પણ રજા ન આપી ને લગ્ન કરાવી દીધાં. ત્યારથી પગે નથી લાગતો.'

સ્વામીશ્રી કહે, 'પગે લાગવું જોઈએ. આપણે સાધુ થઈને જે કરવું હતું તે હવે અહીં રહીને કરવું. શિર સાટે સત્સંગ રાખવો. એ (પત્ની) તને સહાયરૂપ છે, કકળાટ કરે તેમ નથી એટલે વાંધો નહીં. ભલે બાપુજીએ લગ્ન કરાવી આપ્યાં પણ જય સ્વામિનારાયણ તો કરવા જ.' આ અમૃતસેતુનો ત્રીજો સ્તંભ છે વિધેયાત્મક અભિગમનો. સવળા વિચારનો. સમજણની સાચી દિશા સ્વામીશ્રીએ યુવાનોને આ વિચારો દ્વારા બતાવી છે.

સુરતના હરિભક્ત મહેન્દ્રભાઈ તેમના મિત્રને દર્શને લાવ્યા હતા. તેઓ કહે, 'માબાપે આપણને આટલાં વર્ષો સુધી પાલવ્યા, મોટા કર્યા, પ્રેમ આપ્યો, જરૂરિયાતો સંતોષી છતાં જીવનમાં એવી કોઈ વ્યક્તિ પ્રવેશે છે, ત્યારે માબાપને તુચ્છ ગણાવી દે એટલી હદે પરવશ કેમ થઈ જવાય છે ?'

બહુ સ્પષ્ટ રીતે આ પ્રશ્ન પુછાયો છે. યુવાન મા-બાપ કે પ્રિયપાત્ર બંને વચ્ચે લોલકની જેમ અથડાયા જ કરે છે. લાગણીઓના યુદ્ધમાં તેણે ગમે તે એક મોરચો તો છોડવો જ પડશે. આ વિચારો જે વલોપાત, જે મૂંગી વેદના સર્જે છે તેમાંથી પુછાયેલો આ પ્રશ્ન છે. સ્વામીશ્રીએ સુંદર વાત કરી, 'મૂળ એ આપણો મોહ છે. આપણે માતાપિતાના પ્રેમની વાત તો કરીએ છીએ, પણ જેવું બોલીએ છીએ, તેવી અંતરમાં દૃઢતા નથી. ખરેખરો એમનો મહિમા નથી. ગમે તેટલો બીજે પ્રેમ થાય પણ માબાપના ભોગે ન થવો જોઈએ....'

'આવી દૃઢતા કેવી રીતે કેળવાય ?' યુવકે પૂછ્યું.

'સદ્‌વાંચન ને સંતસમાગમથી કેળવાય. પરદેશની રીત શીખ્યા. પણ એ રીતભાત તદ્દન ખોટી છે. મોટી ઉંમરે માબાપને તરછોડો તો એ જાય ક્યાં ? આ ઉંમરે તો એમને રાજી રાખવા એ આપણી ફરજ છે.'

સ્વામીશ્રીએ સ્નેહના દંભને તોડી સ્નેહના સત્ય તરફ વળવા સમજાવ્યું.

સામે ચાલીને યુવાન આદરનો ઊંબરો વળોટે, આસક્તિને દોરડે તણાય ત્યારે કુટુંબની પ્રતિષ્ઠા, ખાનદાની અને સંસ્કાર ત્રણે એકસાથે સળગી ઊઠે છે. પરિણામે ભયાનક માનસિક તણાવ વિસંવાદની આગ થઈને ભભૂકે છે. આવા સમયે સ્વામીશ્રીની સ્પષ્ટ અને સચોટ સલાહો પરિવાર માટે સંજીવની પુરવાર થાય છે.

બોચાસણમાં મુંબઈથી આવેલા એક પરિવારને મળ્યા. તેમનો પુત્ર સાથે હતો. તેને મરાઠી છોકરી સાથે લગ્ન કરવાં હતાં. સ્વામીશ્રીએ બધી વિગત જાણી. પછી કહે, 'તેનાં માબાપ શું કરે છે ? એમનાં સ્વભાવ કેવા છે ? તેને ભાઈઓ છે ? એ બધું જાણીને પગલું ભરવું જોઈએ. તું જાણે છે ?'

'ના.'

'તો તું સમજ, તું એકનો એક છે. ને મા-બાપની સેવા કરવાની પણ ઇચ્છા છે. પણ કાલે સવારે છોકરી કહે કે જુદું જ રહેવું છે તો શું કરીશ ? આ બાબતમાં પહેલેથી જ ચોખવટ કરી લેવી. છોકરી સાથે મન મળ્યું છે, પણ તેનાં માબાપનો તને પરિચય નથી. આજકાલ એવું છે ને, કે છોકરી વહુ તરીકે આવે ખરી, પણ તારાં માબાપ તેને પોતાના માબાપ મનાય જ નહીં. પછી માથાકૂટના પાર નહીં. એક તો વળી ભાષાનો ફેર પડે, સંસ્કારમાં પણ ફેર પડે. માટે પહેલેથી ચોખવટ બધી કરીને પછી લગ્ન કરે તેનો વાંધો નથી....'

યુવાનને આ વાત સોંસરવી ઊતરી ગઈ. લગ્ન ન કરવા બાબત સ્વામીશ્રીનો જરા પણ દુરાગ્રહ નહીં ! વાણીમાં એવી મૃદુતા અને સંવેદનને શબ્દોમાં વ્યક્ત કરવાની એવી કળા કે યુવાનહૃદયમાં ઠેસ ન પહોંચે છતાં ચોટ ધારી જગાએ પડે. તેને એ શબ્દો સાંભરતા હતા : 'માતાપિતાની સેવા કરવાની છે....' અને તેનું મન પાછું વળી ગયું. એનો જીવ 'ઘરમાં' આવ્યો.

બહુ નાજુક સમય છે યુવાનીનો. જિંદગીના અનેક મહત્ત્વના નિર્ણયો જાતે લેવાના હોય ત્યારે અનેક દ્વિધાનો ઉકેલ સ્વામીશ્રી અનુભવથી રસાયેલી, ન્યાય અને સ્પષ્ટતાથી સભર વાણીમાં જે ઝડપથી નિર્ણયો આપે છે તેમાં લાગણીના ખોટા તાણાવાણાનું સ્થાન નથી હોતું. વાસ્તવની ભૂમિ પર ઊભા રહી સહનશીલતાના આદર્શ સાથે જીવનને સંવાદના સૂરમાં વહેતું કરવાનો તેમાં આદેશ હોય છે.

એક ભાઈએ લંડનમાં સ્વામીશ્રીને પૂછ્યું, 'હું મા-બાપનો એકનો એક પુત્ર છું. પણ મા-બાપ મારે ઘેર આવતા નથી. સેવા થઈ શકતી નથી. શું કરવું ?'

સ્વામીશ્રી કહે, 'કાંઈ વાંધો નહીં. એ દુઃખ ન કરવું. એમની ઇચ્છા ના હોય તો એમની રીતે રહેવા દેવાં. જરૂર પડ્યે ખબર કાઢવી. દૂભવવાં નહીં.'

બે યુવકો આસ્ટન (યુ.કે.)માં સ્વામીશ્રીને મળ્યા. તેમનાં માતુશ્રી સત્સંગી પણ પિતા વ્યસની અને દુરાચારી. વળી ઘરમાં એક પણ પૈસો ન આપે. બંને યુવાનોને માતાએ જ નોકરી કરીને ઉછેર્યા હતા. હવે તેમના પિતાશ્રી છૂટાછેડા લેવાની વાત કરે છે. સ્વામીશ્રી કહે, 'વાંધો નહીં, તમે બંને હવે મોટા થયા. તો તેમને (પિતાને) મમ્મીને મારવા ન દેવા. તમારે વચ્ચે પડવું. પતિ તરફથી તમારાં મમ્મીને સુખ નથી મળ્યું. દુઃખ વેઠીને તમને ભણાવ્યા, ઉછેર્યા તો હવે તમારી ફરજ છે કે તમારી બાને શાંતિ આપવી. એમને અંધારામાં રાખીને કોઈ કામ ન કરવું. દરેક વસ્તુ જણાવવી. છોકરીઓના લફરામાં ન પડવું. નોકરી-ધંધો કરી બાને જાળવજો.'

એ યુવાનો અપૂર્વ સંતોષ સાથે પાછા વળ્યા.

વાંકાનેરમાં સ્વામીશ્રીના મુલાકાત ખંડમાં પ્રવેશતાં જ એક યુવાને સ્વામીશ્રીને સંબોધીને મા-બાપ વિષે ફરિયાદોની હારમાળા ખડી કરી દીધી. એ કહેવા લાગ્યો : 'હવે હું એ લોકોને બતાવી આપીશ. દારૂ પીશ. ગમે તે કરીશ. અવળા માર્ગે ચાલીને એવો આડો ફાટીશ કે બંનેની આંખો ઊઘડશે.' તેના શબ્દમાં ભારોભાર નફરત પ્રગટતી હતી.

સ્વામીશ્રી તે બોલી રહ્યો પછી કહે, 'મૂરખ, એવું થતું હશે ? આ મૂર્ખાઈ છે !'

'તો શું હું મૂંગે મોઢે અત્યાચાર સહન કરી લઉં ?' તેણે જરા આક્રોશથી કહ્યું.

સ્વામીશ્રી કહે, 'તું સમજ. માબાપને શિક્ષા કરવાનો તારો અધિકાર શું?' આ ધારદાર પ્રશ્નની તેની પર અસર થવા દીધી. પછી કહે, 'માબાપની આંખ ઊઘડે તે માટે તું દારૂ પીએ તેમાં ખોટ કોને ? ભોગવવાનું તો તારે જ છે ને ! માબાપનું જોનારા ભગવાન છે. તે સુધારશે. આપણે તે માટે ખોટા રસ્તે ચડાતું હશે ? પછી વ્યસન પડી જશે તો દુઃખી દુઃખી તું થઈ જઈશ. માટે જાતે ધંધો કર, બીજું કંઈક કર, પણ આવા ઉપાયોમાં મા-બાપ સામે, સમાજ સામે તારું સ્થાન શું ?' આ વાતો યુવાનને ધીરેધીરે સમજાતી ગઈ. વિસંવાદમાંથી સર્જાતું એક અસામાજિક તત્ત્વ પાછું સામાજિકતામાં ગોઠવાઈ ગયું.

આવો એક પ્રસંગ મુંબઈમાં બની ગયો. ગુજરાતમાંથી આવેલા એક કુટુંબના ભાઈઓને મળ્યા. તેમના સગા ભાઈની હત્યા થઈ હતી. સ્વામીશ્રી આશ્વાસન આપતાં કહે, 'આપણે શાંતિ રાખવી. ભગવાનની ઇચ્છા આ રીતે નિમિત્ત બનાવવાની હશે. ભાઈનું આ રીતે સારું થયું હશે. માટે બીજા વિચારો ન કરવા. મારનારનો ઘડો ભરાશે ત્યારે ભગવાન બદલો આપી દેશે. આપણે નિમિત્ત ન બનવું. એમાં વેર વધતું જાય પછી વૃત્તિ વાળી ભગવાન સંભારવા.'

એક યુવાન બોલ્યો : 'સ્વામી, અમે આપની પાસે કંઠી પહેરી છે એટલે જ આ સહન કરી શક્યા. બાકી તો આ બન્યું ત્યારે જ ૩-૪ ઢળી પડ્યા હોત.'

સ્વામીશ્રી સમજાવવા લાગ્યા, 'ભ'ઈ, બદલો લઈએ તોય ભાઈ તો પાછો આવવાનો નથી. તો નવું વેર શું કામ કરવું ? આપણે સમાધાન કરવાનું કહેતા હોય તો કરી નાખવું. ને સાવધાની પણ રાખવી. કોઈ તમને હેરાન ન કરે, તમારે સામે હેરાનગતિ ન કરવી. ધીરજ રાખીએ તો ભગવાન સારું કરશે....'

એક અપરાધી માનસ સામાજિક બની રહ્યું હતું.

સ્વામીશ્રી સારંગપુરમાં બિરાજ્યા હતા. અહીં એક યુવક ઘરેથી ભાગીને આવ્યો હતો. એના મત પ્રમાણે ધંધામાં ને ઘરે માબાપની કારણ વગરની ટકટક સહન થતી ન હતી. સ્વામીશ્રી એને કહે, 'તું ઘરેથી કહ્યા વગર આવ્યો એ તારી પહેલી ભૂલ છે. ગમે એમ થાય આવી નાસાનાસ ના કરવી જોઈએ.' સ્વામીશ્રીએ એમના બાપુજીને ખાસ બોલાવી લીધા. એમનું પણ સાંભળ્યું. પછી બંનેને ભેગા કરીને યુવકને કહે, 'માબાપ એ માબાપ જ છે. વડીલ તરીકે એમનું સહન કરવું પડે. આપણી કામ કરવાની રીત ને એમની રીતમાં ફેર પડવાનો જ. એમના વિચારો જૂનવાણી હોય પણ એ સમજીને એકબીજા આગળ નિખાલસ થવું. ને બાપુજીએ પણ વિચાર કરવો કે છોકરો નાનો નથી. જવાબદારી સોંપીને ખોટી દખલ કરવી નહીં. કાયમ ડબડબાટ થાય નહીં એ જોવું. આપણે કેટલા વરસ છીએ ? કામ તો એ જ કરવાના છે.' યુવક કહે, 'મારે ધંધામાં કે ઘરમાં ભેગું રહેવું જ નથી. હું મારું કરી લઈશ.' સ્વામીશ્રી એના વેગને પામી ગયા. બાપુજીને કહ્યું કે તમારા ધંધામાં

કોઈ માણસ રાખી લો ને છોકરાની ઈચ્છા છે તો છૂટો જ કરી દો. ભેગા રહો એમાં કાયમ ટસલ રહેવાની જ.' પિતા સંમત થયા. સ્વામીશ્રીએ સમજાવીને યુવકને ઘરે મોકલ્યો.

બોચાસણમાં સેંકડો હરિભક્તો કતારમાં ઊભા ઊભા વ્યક્તિગત દર્શનનો લાભ લઈ રહ્યા હતા. એક ગામના કાકા-ભત્રીજા દર્શને આવ્યા. સ્વામીશ્રી બંનેના મનદુઃખની વાત જાણતા હતા. તેથી કહે, 'જો, તારે વડીલ સામે ક્રોધ તો કરવો જ નહિ. પ્રસંગે કદાચ આવી જાય તો માફી માગી લેવી. ગામમાં તારી પ્રતિષ્ઠા છે અને અંદરો-અંદર કાપાકાપી થાય તેમાં ઘરમાં ને ઘરમાં ઘસારો થાય. સંપ તૂટે. એવા કેટલાક તેની રાહ જ જોતા હોય. અંદરોઅંદર નકામા લઢી મરીએ તેમાં ખુવારી આપણી થાય. માટે એકબીજાનું સહન કરીને સમજાવીને કામ લેવું. ગુસ્સો તો ન જ કરવો. એકબીજા માટે ઘસાશો તોય ઘરમાં ને ઘરમાં જ છે. જરા બાંધછોડ પણ કરવી. કંઈ બને તો ભેગા બેસી સમાધાન કરી લેવું.'

સ્વામીશ્રી પાસે 'તિતિક્ષા' - સહનશીલતા એ અદ્ભુત 'માસ્ટર કી' છે.

થોડા જ સમયની જિંદગી માટે વડીલો ઘર પરથી કાયમ માટે હક ગુમાવી બેસે છે. જ્યારે તેમને અપાર હૂંફ, આદર અને કુટુંબપ્રેમની સૌથી વધુ જરૂર હોય છે, ત્યારે પુત્રો અને પુત્રવધૂઓ એ સ્નેહનો સાજ સંકેલી લે છે. એ આઘાત સામાન્ય નથી હોતો. પણ તકલીફ એ છે કે માબાપ 'આઘાત' યાદ રાખી શકે છે. પણ પોતાની ભૂલો પણ હોઈ શકે છે એ કબૂલી શકતા નથી. સ્વામીશ્રીએ આવાં મા-બાપોને સંવાદી સંસારની 'માસ્ટર કી' બતાવી છે.

નવસારીમાં સભા બાદ સ્વામીશ્રી કેટલાક હરિભક્તોને મળ્યા. એક વૃદ્ધ આવીને કહે, 'મને સતત એમ થયા કરે છે કે મારા દીકરા મારી આજ્ઞા કેમ ન પાળે ? હું કહું તેમ કરતા જ નથી....' સ્વામીશ્રી આ સાંભળીને હસ્યા. કહે, 'ભ'ઈ, આપણે ઘરડા થયા. જરૂર પડે ત્યારે જ સલાહ આપવી. જેથી આપણું માન જળવાઈ રહે. બહુ ફોર્સ ન કરવો. બધું ધીમે ધીમે કરવું. દીકરાઓને સંતો પાસે લઈ જાવ. ન આવે તો સંતોને ઘરે લઈ આવવા. બધું થશે.'

ગઢડામાં પણ આવો અનુભવ થયો. એક હરિભક્ત કહે, 'સ્વામી, મારા દીકરા તરફથી હું વાજ આવી ગયો છું. એનો સ્વભાવ એટલો વિચિત્ર છે કે શું કરી નાખું એમ થાય છે. બહુ જ ક્રોધી છે. સત્સંગમાં પણ આવતો નથી.'

સ્વામીશ્રી તેમને કહે, 'સાથે રહેવા-જમવામાં બીજી કોઈ તકલીફ ખરી ?'

'ના, એવી કોઈ તકલીફ નથી.' તેમણે કહ્યું.

સ્વામીશ્રીએ તેમને સોનેરી સલાહ આપી. કહે : 'તો તેના બીજા સ્વભાવ ચલાવી લેવા જોઈએ. એનો સ્વભાવ સુધરે એવો સારો સંકલ્પ કરવો અને પ્રાર્થના કરવી, પ્રયત્ન કરવો. પેલો સ્વભાવ હમણાં ચલાવી લેવો. એની મેળે સુધરશે....'

વિદ્યાનગરમાં એક પિતાને સ્વામીશ્રીએ કહેલું કે 'અમે આટલા બધા છોકરા છાત્રાલયમાં ભેગા કર્યા છે. એ બધાને પટાવી પટાવીને રાખીએ છીએ. હેત કરીએ તો વાત સમજાય. માટે આપણે સહન કરવું. પણ ક્રોધ સામો ન કરવો.'

વડોદરાથી રાવજીભાઈ પટેલ તેમના મિત્ર સાથે ગોંડળ આવ્યા. તેમણે મિત્રનો પુત્ર બતાવી કહ્યું, 'આ બહુ તોફાની છે. વર્તમાન ધરાવો ને આશીર્વાદ આપો.'

સ્વામીશ્રીએ હળવાશથી કહ્યું, 'તમે નાના હતા ત્યારે તોફાન નહોતા કરતા ? એ મોટો થશે ને સમજશે એટલે તોફાન છોડી દેશે.'

બાળ-કિશોર અવસ્થામાં અમર્યાદ નિયંત્રણો લાદીને ખીલતી યુવાનીને પરાણે આદર્શના ઢાંચે ઢાળવામાં શું પરિણામ આવે છે તે સૌ જાણે જ છે.

*

સપ્તપદીના મંગલ ફેરા ફર્યા પછીની સૌથી કરુણાજનક ઘટના અને સદીઓથી આપણા ભારતીય જીવન સાથે અનિવાર્ય પણે જોડાયેલી કલંકિત હકીકત છે સાસુ-વહુના કલેશનો આરંભ. સળગી મરતી પુત્રવધૂઓ.

સ્વામીશ્રી લોકજીવનના સંત છે. સંસારને ક્યારેય સ્વયં અનુભવ્યો નથી. આજીવન બાલબ્રહ્મચારી હોવાથી સંસારજીવનનો એમને સીધો કોઈ અનુભવ નથી. છતાં એમણે સંસારના સર્વસામાન્ય પ્રશ્નોનું સર્વાંગસુંદર નિરાકરણ

આપ્યું છે. આ એમની ભગવત્પ્રતિભામાંથી સર્જાયેલો સહજ આવિષ્કાર છે.

લંડનમાં એક હરિભક્તે પુત્રના પુનર્લગ્ન વિશે પૂછ્યું. સ્વામીશ્રી કહે, 'તમે છોકરી લાવો તેનો વાંધો નહીં પણ એટલું તો સમજવું કે નવી આવેલી છોકરીને કેવી રીતે સેટ કરવી. તમારા ઘરેથી, અને તમારી બે દીકરીઓ એ બધાનાય સ્વભાવ હોય. ને નવી છોકરી આવે ત્યારે પોતાની દીકરી માનીને સંપથી કામ ચલાવવું જોઈએ. એને ન આવડે તો શીખવવું જોઈએ. તમે જૂના સ્વભાવ પ્રમાણે ચાલો ને જે નવી દીકરી આવી હોય તે નવા જમાનાની હોય. પછી કેવી રીતે મેળ પડે ? માટે પહેલાં સ્વભાવ મેચ કરવાની જરૂર છે. થોડું લેટ-ગો કરવું પડે. એને પ્રેમથી કહો તો એનેય ઉત્સાહ રહે. આ તો લાગણી જેવું જ દેખાડે નહીં. પછી એને ઊભું રહેવાનું મન ક્યાંથી થાય ? એને આશ્વાસન કે હૂંફ જેવું તો જોઈએને ! વર્ષો જાય એમ એકબીજાના સ્વભાવથી સેટ થઈ જાય.' સ્વામીશ્રી ૫૫ વર્ષના એક હરિભક્તને વ્યવહાર શીખવી રહ્યા હતા ! જમાનાની આ તાતી જરૂરિયાત છે. આટલું જ અમલમાં મૂકે તો નવી-જૂની પેઢી વચ્ચેનું અંતર સહજ ભૂંસાઈ જાય.

અટલાદરામાં ફોટોગ્રાફર યુવકે પોતાના ઘરની વાત કરી કે મારા મોટાભાઈએ હમણાં જ લગ્ન કર્યાં છે, પણ ઘરમાં સાસુ-વહુનો રોજ કંકાસ રહે છે. સ્વામીશ્રીએ એમના બાપુજી અને એના ભાઈને બોલાવીને કહ્યું, 'તમે તમારા પત્નીને ને આવોયે એના (પત્ની)ને સમજાવે. સાસુએ સમજવું જોઈએ કે વહુ આવી હોય તેને દીકરીની જેમ જ રાખવી જોઈએ. પોતાની દીકરીને એવું કરે તો કેવું લાગે છે ? પારકે ઘરેથી આવી હોય એટલે એનો જીવ ચોંટે અને આત્મબુદ્ધિ થાય એ રીતે રહેવું જોઈએ અને વહુએ પણ સમજવું કે હવે આપણાં માબાપ આ. તિરસ્કાર ન કરવો. થોડું સહન કરવું પડે. બેય જણે મન મોટું રાખવું.' સ્વામીશ્રીએ વાલી અને ભાઈઓનું કુટુંબજીવન સાથે ઊગરે તે માટે વાસ્તવિકતાથી વાકેફ કર્યા.

સ્વામીશ્રીના આ ઉદ્‌ગારો એમની જ જીવનશૈલીનું પરાવર્તન છે. સંસ્થાના વિકાસક્રમની સાથે સાથે જેમની જિંદગી વહી છે. એ સ્વામીશ્રીનું પૂર્વજીવન અને સંતોનું વર્તમાન જીવન એમાં આકાશ-પાતાળનો ભેદ છે.

આજે યુવાન સંતોના પિતાપદે બિરાજેલા સ્વામીશ્રી સંસ્થા સંચાલનમાં આ જ સિદ્ધાંતોને જ અનુસર્યા છે. કારણ કે 'સંવાદ' એમની સહજ જીવનશૈલી છે.

સર્વમંગલ સ્વામીએ વિદ્યાનગરમાં એક વાર સ્વામીશ્રીને પૂછ્યું હતું, 'બાપા, મને એમ વિચાર આવે છે કે તમે ઝોળી માગી માગીને ભણ્યા, ચૂનો કાલવી કાલવીને આવાં મંદિરો કર્યાં. આવાં દુઃખ વેઠ્યાં ને અમે અત્યારે જે રીતે રહીએ છીએ તે જીવનધોરણ ઘણું ઊંચું લાગે છે. આ સુવિધાઓ જોઈને આપને ક્યારેક અમારા પ્રત્યે ઉપેક્ષાભાવ કે ન્યૂનભાવ નથી થતો ?'

'એમાં એવું શું કરવા થાય ?' સ્વામીશ્રીએ આશ્ચર્યથી પૂછ્યું ને કહ્યું, 'સમય પ્રમાણે કામ કરવાનુ. પહેલાંનું પકડી રાખીએ એ હવે કામ ન લાગે. રુચિ પ્રમાણે કરવા દઈએ તો હેત-પ્રીત રહે. અને મારા ભઈ, બધા સંતોનુ કામ સારું છે, ને ભગવાનની દયાથી ચાલે છે. મૂળ શું છે કે અત્યારે જે સાધુ આવે છે એ એવા સમાજમાંથી આવે છે એટલે એમનું થોડું રાખવું જોઈએ. જો ન રાખીએ તો ઘર્ષણ રહ્યા કરે. મન મળે નહીં.'

સ્વામીશ્રી હૃદય-હૃદયના સેતુ કેવી રીતે બન્યા હશે, તે સમજાવવાની હવે પછી કોઈ જરૂર રહે છે ખરી ?

* * *

૬. સંસ્કાર ઘડતરના શિલ્પી

વિધાતાએ માનવીને એક જ જન્મમાં બે વાર જન્મવાની તક આપીને નવજીવનનો એક વિશિષ્ટ હેતુ સિદ્ધ કર્યો છે. એક જ જન્મમાં માનવી 'દ્વિજ' થઈ શકે છે - સંસ્કારથી.

વિચારણામાંથી સુધારણા તરફ જવું, નિરાકારમાંથી આકાર તરફ જવું, શૂન્યમાંથી સર્જનાત્મકતા તરફ જવું એ પ્રક્રિયાને 'સંસ્કાર' કહે છે. જ્યાં સુધારણા નથી ત્યાં આકાર નથી. જ્યાં આકાર નથી ત્યાં સર્જનાત્મકતા નથી. આપણે કદાચ અમીબા જેવી નિરાકાર જિંદગીના શ્વાસોમાં જ ઊછરી રહ્યા છીએ. જ્યાં માનવ ભૂંસાઈ ગયો છે. પ્રતિષ્ઠા અને સ્ટેટસનું ધુમ્મસ બંધાઈ રહ્યું છે. જ્યાં લાગણીથી સર્જાતા આનંદો મરી ગયા છે અને અશ્લીલ વિકૃતિઓ ઊભરાઈ રહી છે. ભારતની નૈતિકતાને હવે જીર્ણોદ્ધારની જરૂર છે, સંસ્કરણની જરૂર છે. માત્ર યુવાનોમાં જ નહીં, સમસ્ત સમાજમાં સંસ્કારનો દુષ્કાળ છે. સ્વામીશ્રીએ યુવાનો દ્વારા સમાજને દ્વિજત્વ આપવાનું અને તેમની નૈતિકતાને ઉદ્ધારવાનું સફળ અભિયાન શરૂ કર્યું- ખૂબ ધીરજથી.

'ઘડતર' પૃથ્વીમાંથી ફૂટી નીકળતું ઝરણું નથી, આકાશમાંથી અવતારવાની ભાગીરથી છે. એ અવતારવા સ્વામીશ્રી ભગીરથ બની રહ્યા છે.

પોલાદી બખ્તરવાળા કોઈ યુવાન સ્વામીશ્રીને ભેટી જાય ત્યારે એમની ધીરજ અને શ્રદ્ધાની ઝાંખી જોવા મળે છે.

સ્વામીશ્રી ન્યૂયોર્કમાં મંદિરે જવા નીકળ્યા ત્યાં રસ્તામાં જ એક જૂના હરિભક્તના બે દીકરા મળ્યા. સત્સંગી અને સેવાભાવી કુટુંબના આ બંને પુત્રોના વરણાગી વેશમાં 'અમેરિકન કલ્ચર'ની સંપૂર્ણ અસર વરતાતી હતી. સ્વામીશ્રીએ તેમને જોઈ નજીક બોલાવ્યા. પૂછપરછ કરી. પછી વાત કરતાં કહે, 'આપણે માબાપની સેવા કરવી. એમની મર્યાદા સાચવવી. આપણને એમણે ઉછેર્યા, તો ઉપકાર ભૂલવો ન જોઈએ... શું ? સમજાય છે ?'

સ્વામીશ્રીએ જોયું કે બંને આડાંઅવળાં ડાફોળિયાં મારતા હતા. સ્વામીશ્રીએ એકનો ખભો પકડીને હલાવ્યો. પૂછ્યું, 'શું ? સમજાય છે ?' કહીને ફરી વાત શરૂ કરી. ભલેને એમની સ્થિતિ અપમાનિત બનતી હોય, સ્વામીશ્રી યુવાનોને સંસ્કારવાની તક ક્યારેય ગુમાવતા નથી.

છોટાઉદેપુરમાં તાલુકાનો જ એક યુવક દર્શને આવ્યો. રોજનું એક સસલું મારી ખાવાનું તેને વળગણ હતું. દારૂની પ્યાલીઓ તો ખરી જ ! આથી અન્ય આનુષંગિક અનિષ્ટો પણ ઘણાં ઘૂસી ગયાં હતાં. સ્વામીશ્રી કહે, 'સંકલ્પ દૃઢ કરો. આજથી આ ભયંકર પાપ મૂકવું જ છે. ભગવાન બળ આપશે....'

એ યુવાન નિસ્તેજ આંખે જોઈ રહ્યો હતો. મનોબળ હણાઈ ગયું હતું. ધીરેથી તેણે કહ્યું, 'છૂટી શકે તેમ નથી. મને બળ આપો....'

સ્વામીશ્રી આર્દ્રભાવે એના કંતાઈ ગયેલા ચહેરા સામે જોઈ રહ્યા. આશીર્વાદ આપતાં કહે, 'બળ ભગવાન આપશે. એ માટે પ્રાર્થના કરશું. મક્કમ રહેજો. જીવની હિંસા શું કામ કરવી ? થાય તો રક્ષણ કરવું પણ મારી નાખવા એ તો ખોટું જ છે.' એ યુવાને નિયમ લઈ લીધો. સંસ્કારમાર્ગનું પ્રથમ પ્રસ્થાન સ્વામીશ્રી નિયમો આપીને કરાવે છે.

ગોંડલના એસ.આર.પી.ના જવાનોને નિયમની મહત્તા સમજાવીને સ્વામીશ્રીએ કહ્યું હતું : 'આપ સૌ દેશનું રક્ષણ કરો છો. દેશના ચારિત્ર્ય

અને નીતિનું રક્ષણ થાય એ આપણી ફરજ છે. પણ એ માટે પહેલાં આપણે આપણા નિયમોમાં રહેવું પડે. આપણામાં નીતિનિયમો ન હોય તો કાંઈ જ કરી ન શકીએ. જેમ તમે નિયમિત પરેડ કરો છો, નહીં તો શરીર શિથિલ થઈ જાય. તેમ આંતરિક શક્તિ મેળવવા ભગવાનનું સ્મરણ અને નિયમોની જરૂર છે. આપણા સમાજમાં કોઈ વ્યસની, જુગારી, વ્યભિચારી ન બને તે જોવાની તમારી ફરજ છે. તે માટે પોતે નિયમ પાળવા પડે. બંધનમાં રહેવું પડે. દેશને માટે જ કામ કરવું છે. તે ભાવના હશે તો મોટો લાભ થશે.'

અહીં 'બંધન'નો અર્થ છે નિયમ. અયોગ્યમાંથી બચવાના અભયકવચને નિયમ કહે છે. 'બંધન' ભલે ડરામણો શબ્દ હોય પણ જીવનને કૂંપળે સજાવવા, વહેતું રાખવા અને ધબકતું રાખવા એ અનિવાર્ય ઘટના છે.

જીવન એ બીજ હોય તો તેને ભૂમિમાં જ દટાવું પડશે.

જીવન એ નદી હોય તો તેને બે કાંઠા વચ્ચે જ વહેવું પડશે.

ને જીવન એ 'તમે' અને 'હું' હોય તો તેને નિયમના પિંજરમાં જ રહેવું પડશે !

જોકે આપણી યુવાપેઢીને આવા અંકુશો પસંદ નથી. 'ફ્રીસ્ટાઈલ સોસાયટી' એમનો નવો જીવનમંત્ર છે. કશા રોકટોક કે બંધન વિનાનું જીવન પ્રગતિશીલ ગણવું અને તે રીતે રહેવું એ તેમના જીવનની જાણે કે ધન્યતા છે. પણ 'સ્વતંત્ર'ના નામે સ્વચ્છંદ પોષાય, પ્રગતિના અંચળા હેઠળ અધોગતિની પ્રગતિ થાય અને આધુનિકતાના નામે સાંસ્કૃતિકતાને લૂણો લાગે ત્યારે યુવાપેઢીનું જ નહીં, સમગ્ર દેશનું ભાવિ જોખમાય છે. આવા સમયે નિયમ-અંકુશ-મર્યાદાઓ જ યૌવનના પ્રાણ ધબકતા રાખી શકે છે. મુક્તિના પ્રકાશપ્રદેશમાં લઈ જાય તેવાં એ બંધનોને ધર્મનું ગૌરવ આપીને સ્વામીશ્રી કહે છે : 'ધર્મનાં બંધન એ બંધન નથી, મુક્તિનાં સાધનો છે.'

'The law of the Lord is perfect, converting the soul.' બાઈબલ કહે છે : ભગવાનનો નિયમ પરિપૂર્ણ છે, એ જીવનનું પરિવર્તન કરે છે. પરિવર્તન એ ક્રાંતિ છે, અને ક્રાંતિ નાના નાના વ્યક્તિગત પરિવર્તનોનો સરવાળો છે. સ્વામીશ્રી આ પરિવર્તનો દ્વારા યુવાનીને પરિપૂર્ણતા તરફ દોરી રહ્યા છે. આ અંગે ઘણી વાર સ્વામીશ્રી પોતાના

જીવનની કેટલીક ઘટનાઓ કહે છે, તેની પ્રેરણા જુદી જ હોય છે.

એક વાર ડેટ્રોઈટમાં (અમેરિકા) ભાદરણના પ્રદીપભાઈ મળવા આવ્યા. સ્વામીશ્રીએ તેના પિતાના દાદાને યાદ કર્યા. કહે, 'તારા દાદા મગનલાલ ને તેમના પિતા છોટાભાઈ. હું નાનો હતો છ-સાત વર્ષનો ત્યારે છોટાભાઈ અમને છોકરાને ભેગાં કરે, રમત રમાડે, મીઠાઈ આપે. એક વાર અમે રાજનગર ગયેલા. ત્યાં જમણવારનો પ્રસંગ હતો. પણ એ દિવસે એકાદશી. તે ફરાળમાં મિષ્ટાન્ન કે બીજું તો લેવાય નહીં. પણ બધાએ બળજબરી કરીને બેસાર્યો. તે હું રડવા માંડ્યો. આટલા બધા સામે આપણે શું બોલી શકીએ ? પછી છોટાકાકા મારી પાસે બેઠા. હેતથી પૂછ્યું, 'તારે શું જોઈએ?'

મેં કહ્યું : 'મને એકાદશી કરવા દો.' પછી એ ફરાળ ને બધું લઈ આવેલા....'

ગુરુહરિની બાળપણની આવી દૃઢતાની વાત યુવાનોના જીવન પર સીધી જ અસર કરે છે. જે ગુરુની આવી દૃઢતા હોય, તે ગુરુની અપેક્ષા આદર્શ નિયમપાલનની જ હોય-એ સમજતાં યુવાનને વાર નથી લાગતી.

ભલે થોડું વસમું લાગે, સમાજમાં ચાલતા ભોગવાદના પ્રવાહથી વિખૂટા પડવાને કારણે લોકો આ યુવાનોને હાંસીપાત્ર પણ ઠરાવે પણ સ્વામીશ્રી આ વાતની દૃઢતા કરાવતા જ રહ્યા છે.

વિદ્યાનગરના છાત્રોને પોતાનો હૃદ્‌ગત અભિપ્રાય સ્વામીશ્રીએ આ શબ્દોમાં કહ્યો હતો : 'સંયમ અત્યારે વસમો લાગે. હરવું-ફરવું, ખુલ્લું જીવન જીવવું એ સારું લાગે પણ ધર્મનું બંધન છે. એ આપણા માટે બહુ જ સારી વાત છે. આજે આપણને પાઠ-પૂજા, મંદિરે જવું, શિક્ષાપત્રી-વચનામૃત વાંચવું ગમે નહીં પણ એ બધી વસ્તુ જીવનને સુધારનાર છે, એટલે આ અવસ્થામાં સંયમ જોઈએ જ. બાકી જુવાની ગમે ત્યાં ફેંકી દે એમ છે. છાનું ગમે તે કરીશું. પણ એનાથી જીવન તો પોતાનું જ બગડવાનું છે. અત્યારે સારું લાગે પણ દુઃખ છે. એટલે અત્યારથી જ એવું કરીએ. ભલે થોડું વસમું લાગે, કંટાળો આવે પણ એ સારી વસ્તુ છે. પ્રાર્થના કરશો એટલે બળ વધારે મળશે. આવો સમય જે નથી સાચવતા એનું જીવન બેતાલ બની જાય છે. પછી દુઃખ અને અશાંતિ. મોટા થયા પછી પસ્તાવું પડે. માટે નિયમો બંધન

નથી, પણ સારા માટે છે. નિયમિત પ્રાર્થનામાં પહોંચી જવું. વિચારો ઘણા શુદ્ધ બનશે. આપણે અહીં ખાવા-પીવા કે હરવા-ફરવા નથી આવ્યા. આપણે વિદ્યાને સાધ્ય કરવી છે, તો બીજા વિચાર હોવા જ ન જોઈએ.'

વિદ્યાનગરની એક કોલેજના વિદ્યાર્થીનેતાઓને સ્વામીશ્રીએ મળવા બોલાવ્યા હતા. એક વિશેષ કાર્યક્રમમાં આજના પ્રવાહ પ્રમાણે તેમણે સાંસ્કૃતિક કાર્યક્રમ કર્યો હતો તે સભ્યતાને છાજે તેવો ન હતો. તેથી સ્વામીશ્રીએ તેમને સમજાવ્યા. કહ્યું, 'કાર્યક્રમોમાં આપણા કલ્ચર પ્રમાણે થાય તે ધ્યાન રાખવું. વેશભૂષામાં વધારે પડતા ઉઘાડા થઈએ તે ન કરવું. આપણે આપણી સંસ્કૃતિ નહીં સાચવીએ તો બીજા સાચવશે ? મર્યાદા અને શિસ્ત બે સચવાય એ અમારી ઇચ્છા છે. જેથી કોલેજ આગળ આવે. અત્યારે તો અભ્યાસમાં જ ધ્યાન આપવું. બીજો વિચાર જ નહીં. રાજકારણની પણ જરૂર નહીં... દેશની ઉન્નતિ કરવી છે એ ભાવનાથી અભ્યાસ કરવો....' સ્વામીશ્રીએ વડીલની જેમ હિતોપદેશ આપ્યો. એમની આંખોમાં ભાવિપેઢીની ચિંતા દેખાતી હતી....

બદલાતી યુવાનીના છડીદારો

થોડાં વર્ષ પૂર્વે સંતો આ પ્રશ્નોથી નિયમગ્રહણની વાતનો પ્રારંભ કરતા : 'મા-બાપને પગે લાગો છો ?' 'પૂજા-પ્રાર્થના કરો છો ?' હવે પ્રશ્નોનું સ્તર બદલાયું છે. 'જુગાર-મટકાનું તો તમારે વળગણ નથી ને ?' 'ખાવા-પીવામાં નોનવેજ લો છો ?' 'વ્યસનદૂષણનું કેમ છે ?' - આ પ્રશ્નો બદલાતી યુવાનીના છડીદારો છે.

પુણ્યવતી ભારતભૂમિના સંતાનોને આવા વમળમાં સપડાયેલો જોઈને ક્યારેક સ્વામીશ્રીને હૈયે હાહાકાર ઊઠે છે.

એક પિતા પુત્રને લઈ સારંગપુર આવ્યા. ચરણસ્પર્શ કર્યો ત્યાં તો આંસુની ધારા વહી નીકળી. પુત્રને આગળ ધર્યો તેની જુગારની લતની વાત માંડ કરી શક્યા. સ્વામીશ્રીએ તે યુવાનનો ખભો પકડ્યો. કહે, 'તું સમજ, આપણે સત્સંગી છીએ. આ વિચાર તને ક્યાં આવ્યો ? ધંધો શાંતિથી, વિચારીને કરવો, ઘરાક સાચવવા. ખોટી લાઈનનો ભાઈબંધ હોય તો મૂકી જ

દે. ખોટી રીતે પૈસા કમાવામાં લાભ નહીં થાય. એમાંથી પૈસા આવવાની વાત જ ખોટી. આમાં તારી પ્રતિષ્ઠા ઘટે છે. પ્રતિષ્ઠા ડાઉન કરવા પ્રયત્ન કરતા હોય તેની સાથે ન ભળવું....'

અમદાવાદમાં વીસનગરના એક યુવાનને સ્વામીશ્રીએ કહ્યું હતું, 'જુગાર તો મહાપાપ છે. તેમાં ખોવાનું જ હોય, કમાવાનું નહિ. હરામનો પૈસો હરામમાં જશે. માટે મહેનતનો રોટલો મેળવ. એ રોટલો સુખનો.' એક યુવાનને સ્વામીશ્રી કહે, 'સમજ તો ખરો, એક દા'ડામાં પૈસાદાર થવાતું નથી. જુગારખાનાં લોકો કમાવા માટે કરે છે, દાન કરવા નહીં !'

એક યુવાને અમદાવાદમાં વિડિયો ગેમની લતમાં રૂ. બે લાખ ગુમાવ્યા હતા. સ્વામીશ્રી કહે, 'અલ્યા, અત્યારથી ચેતીજા. બે લાખ પાછા મેળવવા જતાં બે કરોડ ગુમાવવા પડશે....'

સ્વામીશ્રીની સચોટ દલીલો આવા યુવાનોને અંતર્દૃષ્ટિ કરતા કરે છે.

ખાંભાની એક સભામાં આપણા યુવાનોની નિષ્ક્રિય અને સ્વાર્થી મનોવૃત્તિ અંગે ખેદથી કહ્યું હતું કે 'આજે લોકોને રાતો રાત લખપતિ થવું છે. પણ એ હરામવૃત્તિ છે. કોઈ જુગારી કરોડપતિ થયો નથી. ને થયો હોય તો પૂછી આવો, શાંતિ છે ? માણસને આઠ કલાક કામ કરવું નથી. ને હક માટે લડે છે. ભઈ, હક માટે નહીં, ભારત માટે લડવાનું છે. સંસ્કાર માટે લડવાનું છે. વિદ્યાર્થી હોય કે શિક્ષક, શેઠિયા હોય કે સાધુ દરેક પોતપોતાના કાર્યમાં રત રહે તો દેશ કેટલો આગળ આવે ! આ તો બીજાનું લેવામાં જ આગળ. આવી જુગારી વૃત્તિ મૂકી મહેનત કરવી....'

આ સામાન્ય જણાતા નિયમોની ખટક પાછળનું રહસ્ય એ છે કે સ્વામીશ્રી જાણે છે કે એકાદ જ ભૂલ યુવાનોને પતનની આખી દિશા ખોલી આપશે.

આ ઋષિઓનો દેશ છે. ઉપનિષદ્ સંતાનોની ભૂમિ છે. આ દેશની યુવાની પાસેથી આત્મબળનો જુસ્સો, ક્રાંતિ સર્જવાની શૂરતા, ચારિત્ર્ય તેજનો અંબાર થઈને વિશ્વસ્તરે છવાઈ જવાની તમન્ના આ બધું ક્યાં શોષાયું ? પાનના ગલ્લાની આસપાસ યુવાનો પોતાના ભવિષ્યને થૂંકી રહ્યા છે. દારૂના નશામાં એણે પરિવારને ડુબાડ્યો છે. ડ્રગ્સની પડીકી માટે એણે શરીર અને

મનની તંદુરસ્તી વેચી નાખી છે. સંપત્તિ એની પાસેથી નિઃશ્વાસની જેમ સરકી રહી છે. ગરીબી, હતાશા, બેકારી અને લાચારી તેમનાં 'આભૂષણો' કહીશું ? –આ ચિત્ર શહેરોના ખૂણાઓમાં, અંધારી ગલીઓમાં, બેસુમાર દુઃખથી કંતાતા પરિવારોના અંધારિયા ઓરડામાં વાસ્તવિકતા બનીને પથરાયેલું છે.

સ્વામીશ્રી આ માટે ઠેર ઠેર, દિવસે-રાતે, યુવાનો-કિશોરોમાં, અમેરિકામાં-આદિવાસીઓમાં એક વૉર્નિંગ બેલ બજાવી ચૂક્યા છે. પ્રત્યેક મુલાકાતમાં તેમનો આ પુણ્યપ્રકોપ ઝળહળી રહે છે.

'તેં દારૂ પીવાનું કેમ શરૂ કર્યું ?' સ્વામીશ્રીએ એક ભાવિકના પુત્રને સીધું જ પૂછ્યું. તેના વ્યસનને કારણે તેનાં પત્ની પિયર ચાલ્યાં ગયાં હતાં.

'વિચારો ભૂલવા માટે.' તેણે જવાબ આપ્યો.

'તેનાથી ભુલાયા ?'

'ના.'

'તો સમજ. એનાથી ઊલટી બાજી બગડી...' અને સ્વામીશ્રીએ એવી જોરદાર દલીલો કરી કે તે યુવાને શુદ્ધ થવાના શપથ લીધા.

જાણીતા હીરાના વેપારી વસંતભાઈ સુરતમાં તેમના સ્નેહી સાથે સ્વામીશ્રીનાં દર્શને આવ્યા. તેમના ત્રણે દીકરાઓએ જુગાર-દારૂના અઠંગ વ્યસનમાં રૂ. ૫ લાખની મૂડી 'સ્વાહા' કરી હતી ! સ્વામીશ્રીએ કહ્યું, 'ઉડાઉ રીતે પૈસા ખર્ચવાનું બંધ કરો. ગરીબ છો એ રીતે જ ધંધામાં પ્રયત્ન કરો, નહીં તો તમારા છોકરાઓ દુઃખી થશે. પછી કૂતરાના મોતે મરવાનું થશે. આ વાત કરીએ છીએ તેમાં અમને કોઈ સ્વાર્થ નથી. તમે જે માર્ગે ચાલો છો તે દુઃખનો માર્ગ છે. કરોડપતિઓ પણ આમાં બેહાલ થઈ ગયા છે, તે અમે નજરે જોયું છે. મક્કમ રહેવું. ખાડામાં નાખનાર મળશે, પણ આ બહાર કાઢનારા છે....'

સ્વામીશ્રીના અવાજમાં આજ્ઞાનો રણકાર હતો. યુવાનો તરત માની ગયા.

હદ વટાવી છે આપણા હિન્દુ યુવાને. સ્વામીશ્રીએ તેમને જે ચેતવણી આપી છે તે એવી જ જલદ છે. 'કૂતરાના મોતે મૃત્યુ !' યુવાનની આંખ ઉઘાડવા માટે આથી આગળ વધીને બીજું શું કહી શકાય ?

ગોંડળમાં વિક્રમસિંહ તેમના એક મિત્રને સ્વામીશ્રીનાં દર્શને લાવ્યા. તે દારૂ પીને જ આવ્યા હતા. સ્વામીશ્રીએ વાત વાતમાં દલીલ કરી : 'મિત્ર ઝેર આપે તો પી જાય ખરો ?'

'અમુક મિત્ર આપે તો પી જાઉં !' તેણે કહ્યું.

તરત જ સ્વામીશ્રીએ વળતો ઘા કર્યો, 'એટલી વફાદારી હોય તો સારું છે. પણ ખરાબ રસ્તે લઈ જાય તેને મિત્ર કહેવાય ?'

તેની પાસે આનો કોઈ જવાબ નહોતો. આખરે સ્વામીશ્રી પાસે તેણે પવિત્રતાની પ્રતિજ્ઞા લીધી.

'વ્યસનો-યુવાનો અને સ્વામીશ્રી' એ અલગ ગ્રંથ રચાય તેવો વિરાટ વિષય છે. દલીલોની સચોટતા, વ્યક્તિગત શરસંધાન, હૃદય પર થતી એમની વાણીની ચોટ એ નામર્દીની ભાષા બોલવા ટેવાયેલા યુવાનોમાં ચેતનાનો સંચાર કરે છે. આવા કડક નિયમાગ્રહ દ્વારા યુવાસમાજ જાણે દૂધે ધોયેલા કોહિનૂરની જેમ ઝળહળી રહે છે.

'હું તમને આમંત્રણ આપું છું.'

લેનેશિયા (સાઉથ આફ્રિકા)માં એક જૂના સત્સંગીના જમાઈને ત્યાં ઠાકોરજી જમાડવાના હતા. આ પરિવારમાં જે રીતે કેટલીક છૂટછાટ આવી હતી, સંસ્કારો ઉપર ઘસારો પડ્યો હતો તે નરી આંખે દેખાય તેવો હતો. સ્વામીશ્રીએ તેમને અને તેમના નાનકડા પુત્રને પ્રેરણા આપી : 'હવેથી યુવકમંડળમાં આવવા માંડજો. હું આજે તમને આમંત્રણ આપવા જ આવ્યો છું. તમારા દાદાને કેવો સત્સંગ હતો ! તમે પણ એવો કરજો. કરશો ?'

સ્વામીશ્રી એ યુવાનની આંખોમાં જોઈ રહ્યા. એમની આંખોમાંથી અપાર કરુણા વરસતી હતી. એમાં એક નાના યુવાનના મુખેથી 'હા, આવીશ.' એટલા ઉદ્ગારો સાંભળવાથી ઉત્કંઠા વંચાતી હતી. 'હું તમને આમંત્રણ આપવા આવ્યો છું....' આ શબ્દો જાણે પુનરાવર્તિત થતા હતા. આ સંસ્કારમંદિરના સ્વામી દ્વાર ખોલીને બેઠા છે. આહ્લેક જગાવે છે : 'હું તમને આમંત્રણ આપવા આવ્યો છું....' આખા વિશ્વને આ સીધા સાદા વાક્યમાં હૃદયનું નિમંત્રણ છે. શ્રીહરિની છત્રછાયામાં સૌને હૂંફ આપવાનો એમનો

હિતસંકલ્પ છે. આવી કરુણા આવા વેગવાન પ્રવાહમાં શા માટે વહી રહી છે ? કઈ વ્યથા સ્વામીશ્રીનું હૃદય વલોવે છે ?

ઘણી વાર એમની આંતરવ્યથા એમના જ મુખેથી સરી પડતી સાંભળી છે. વિદ્યાનગરમાં સ્વામીશ્રી યુવાન છાત્રો સાથે બિરાજ્યા હતા. અદ્‌ભુત અનુભવવાણી વહી રહી હતી : 'આપણાથી બિનજરૂરી પૈસો શા માટે વેડફાય ? પૈસો માબાપનો છે. તે ગેરવલ્લે શા માટે જાય ? આપણે તો તંદુરસ્ત સમાજ તૈયાર કરવો છે. ડ્રગ્સ અને એવાં બધાં (વ્યસનો)માં એવો સમાજ તૈયાર ન થાય. એ જીવન પશુ જેવું જીવન છે. તમે તમારા પોતાનો વિચાર કરતાં શીખો. અત્યારે એક સેકન્ડ પણ ટાઈમ ખોટો ન જવો જોઈએ. જો પેલામાં ચઢી જઈશું તો આપણે આપણી સંસ્કૃતિ ખોઈ બેસીશું..... નમાલા થઈ જઈશું. પછી ભારત ભિખારી થઈ જશે. બીજા બધાં ચઢી બેસશે. માટે અસ્મિતા કેળવો. બાકી એકવીસમી સદીનાં બણગાં તો ઘણા ફૂંકે છે. આપણે જ્યાં સુધી તાકાત મેળવીશું નહીં ત્યાં સુધી એવાને એવા રહેવાના. આપણે માણસ તરીકે, સાચા દેશસેવક તરીકે, ભક્ત તરીકે જીવવું છે. એવી તાકાત સાથે જીવવું.'

આ શબ્દોએ વાતાવરણમાં અસ્મિતાનું જોમ પ્રગટાવ્યું. સૌ સમજ્યા કે સંસ્કૃતિનાશનો, અસ્મિતાભંગનો એમનો ભય અસ્થાને નથી. સૌએ તરત જ સંસ્કારમાર્ગે પ્રગતિ સાધવાના નિયમો લીધા. અને તેના આજીવન પાલનની પ્રતિજ્ઞાઓ લીધી.

સ્વામીશ્રી યુવાનોને જ્યાં પણ સ્પર્શે છે, ત્યાંથી સુવર્ણતેજ ઝળહળી ઊઠે છે. 'મહાપુરુષ સંસર્ગ'નો મહિમા એટલે જ આપણાં શાસ્ત્રોએ ગાયો હશે.

જોકે દુનિયા ઘણી મોટી છે. યુવાનોનાં કાર્યક્ષેત્રો પણ ઓછાં નથી. અને એટલે જ યુવાનોને ભયસ્થાનો પણ પગલે પગલે આવી મળે છે.

નોકરી-વ્યવસાયમાં, લગ્નો-પાર્ટીઓમાં, મિત્રવર્તુળ અને સગાસ્નેહીઓમાં યુવાને સંસ્કારવારસા માટે, સત્સંગના નિયમો અણિશુદ્ધ પાળવા માટે પડકાર ઝીલવો પડે છે. સંઘર્ષ સહન કરવો પડે છે. આવા પ્રસંગોમાં યુવાન પાસે સૌથી મોટો અભાવ હોય છે : ના પાડવાની શક્તિનો અભાવ !

એક સત્સંગી યુવક પ્રકાશ મુંબઈની ફાઈવસ્ટાર હોટલોમાં મોટી હસ્તીઓના હેરડ્રેસર તરીકે કામ કરે છે. સ્વામીશ્રીના નખ ઉતારવાની સેવા કરવાની તેની ઇચ્છા હતી. સંતોએ તેને અનુકૂળતા કરી આપી. તેથી એ ખુશ થઈ ગયો. સ્વામીશ્રીના નખ ઉતારતો હતો તે દરમ્યાન સ્વામીશ્રીએ વાત શરૂ કરી. કઈ કઈ હોટલમાં જાય છે ? કેટલું વેતન મળે ? અંતે અંતરના મિત્રભાવથી કહે, ‘જો પ્રકાશ, મહેનતના પૈસા કમાવામાં વાંધો નહીં, પણ એ બધાની સોબતે ના ચઢી જવું. મિત્રતા તો ભગવાન ને સંતની જ રાખવી. બીજે મિત્રતા ખરી, પણ ધંધા પૂરતી. એનો રંગ ચઢાવવા આવે તો ના પાડી દેવી. એને રંગે ચઢી ન જવું. એમાં આપણું જીવન બગડી જાય..

बुद्धिश्च हीयते पुंसां नीचैः सह समागमात् ।
मध्यमैर्मध्यतां याति श्रेष्ठतां याति चोत्तमैः ॥

મહાભારત કહે છે, જેની સાથે બેસો તેનો રંગ ચડતાં વાર નથી લાગતી. હીન સાથે રહ્યા તો હીન ને ઉત્તમ સાથે રહ્યા તો ઉત્તમ બુદ્ધિ બને છે.

યુવાનીના ઉજ્જવલ પોત ઉપર ચારિત્ર્યની ભાત ઊઠી આવે તે જીવનશોભા બને છે. પરંતુ જ્યારે યુવાન ના પાડવાની શક્તિ ગુમાવે છે ત્યારે તેના અંતનો આરંભ થઈ ચૂક્યો હોય છે. સ્વામીશ્રી આ શક્તિ સચેત બનાવે છે.

યુરોપના ધનપતિ ગુજરાતીઓમાં જેમનો અગ્રક્રમ છે એવા સત્સંગીબંધુ કોલોરોમા સ્ટુડિયોના માલિક નરેશભાઈએ પોતાના પુત્ર જયેશના લગ્નમાં આશીર્વાદ આપવા સ્વામીશ્રીને આમંત્રણ આપ્યું હતું. સ્વામીશ્રી વૉટફર્ડ ટાઉનહોલમાં લગ્નસ્થળે પધાર્યા. જયેશને, તેના સંબંધીઓને અને મિત્રોને આશીર્વાદ આપ્યા. પછી જયેશને કહે, ‘તને આવો ને આવો પ્રેમ ભગવાન ને સંત સાથે છે તે કાયમ રહે. તારો ધંધો પણ સારો ચાલે. આગળ વધે તે આશીર્વાદ છે. તારું ફ્રેન્ડસર્કલ સારું છે. બધા વજિટેરિયન છે. તો હવે જેવો તેવો મિત્ર પેસવા ન દેવો. એવા હોય તેને મનમાં નક્કી થઈ જવું જોઈએ કે આ જયેશની બાબતમાં આપણે નહી ચાલે. જો આપણે એક વખત પણ મહોબ્બતમાં લેવાઈ જઈએ, હા પાડી દઈએ તો બધાં જ દૂષણો ચાલુ થઈ

જશે. માટે પહેલેથી જ મક્કમતા રાખવી.' જયેશે સસરાનો આગ્રહ હોવા છતાં લગ્નમાં દારૂની પાર્ટીની કડક મનાઈ ફરમાવી હતી. આવા દેશમાં આવી ઉંમરે આવી દૃઢતા સ્વામીશ્રીના યુવાનો સિવાય ક્યાં જોવા મળે ?

ધસમસતી યુવાનીના વેગની તો માત્ર દિશા જ બદલી શકાય. તેને પાછો વાળવો અશક્ય છે. સ્વામીશ્રીએ સમયે સમયે સંસ્કારોની, મક્કમતાની, સન્મિત્રની સોબતની દિશાઓ આપીને યુવાનીને 'શતમુખ વિનિપાત'થી ઉગારી છે. કારણ કે પતનનો પ્રારંભ માણસની પોતાની એક જ ક્ષણ પૂરતી સંમતિથી થતો હોય છે. આ ક્ષણને સદાને માટે ભૂંસી નાખવા સ્વામીશ્રી સદા માટે મથ્યા છે.

સંસ્કૃતિરક્ષણનાં ત્રણ બિંદુઓ

કોઈપણ સંસ્કૃતિના વિનિપાત માટે ત્રણ પ્રહારો પૂરતા છે. એક વારસાગત ખાનદાની તથા સંસ્કારોની ઉપેક્ષા, બીજું; આહાર-અશુદ્ધિ અને ત્રીજું માતૃભાષાની દુર્દશા. જે પ્રજા ઇતિહાસ ભૂલે છે તે પ્રજા અકાળે વૃદ્ધ બને છે. જે પ્રજા આહારનું સત્ત્વ ગુમાવે છે તે નૂરહીન બને છે. જે પ્રજા માતૃભાષાની હાંસી ઉડાવે છે તે ગૌરવહીન અને અસ્મિતાશૂન્ય બને છે.

યુવાનોએ સંપત્તિને વારસો માન્યો, 'ઈમ્પોર્ટેડ મેનુ' એમના ભાણાનો શણગાર બન્યો. એમની જબાન પરની માતૃભાષા કપૂરની જેમ ધીમે ધીમે ઊડી રહી છે. એ યુવાનોનાં જીવનવહેણ બદલવાં એ સહેલું કામ નથી. અને સ્વામીશ્રી હંમેશાં કઠિન કાર્ય કરીને એ બતાવે છે કે કોઈપણ ઉંમરે કોઈપણ કાર્યને શક્ય બનાવી શકાય છે.

સ્વામીશ્રી લંડન મંદિરે બિરાજ્યા હતા. મંદિરના ફૉયરમાંથી પસાર થતાં એક યુવકને જોયો. તેને હેતથી બોલાવ્યો, થોડી વાતચીત કરી. પછી કહે, 'મેહુલ, તારા દાદાએ અને તારા ફાધરે ખૂબ સેવા કરેલી. મંદિરનો પક્ષ રાખેલો. તારે પણ એ વારસો રાખવાનો છે. આ લંડનનું વાતાવરણ એવું છે કે આપણી સંસ્કૃતિનો ખ્યાલ ન રાખીએ તો ક્યાંય ભુલાઈ જાય. આપણે ભારતીય છીએ, ભારતીય રીત પ્રમાણે જ રહેવું. કામ-ધંધો-અભ્યાસ કરવો. પણ ઓરિજિનલ વારસો ભૂલવો નહીં.'

સ્વામીશ્રી ૧૦ મિનિટ સુધી ઊભા ઊભા જ તેને પ્રેરણા પાતા રહ્યા. એમની એક ખાસિયત છે કે ભારતથી જે જે યુવાન વિદેશની ધરતી પર 'સેટલ' થવા કે અભ્યાસ કરવા જઈ રહ્યો હોય તે આશીર્વાદ લેવા આવે એટલે પ્રથમ આદેશ આ જ હોય: 'વેજિટેરિયન રહેજે. પાર્ટીઓમાં જવાનું થાય, પણ મહોબતમાં લેવાઈ ન જવું....મર્યાદા પહેલેથી જ રાખજે...કાંઈ ન હોય તો બ્રેડ, બટર ને બટાટા લઈ લેવા. પણ પેલામાં પડવું જ નહિ.. શરીર જાડું કરવા મોહમાં ને મોહમાં ઈંડા ને માંસ લેતા થઈ જાય તે આપણા સંસ્કાર નથી. એમાં જરાય છૂટ લેવી જ નહીં.... મહારાજ સુખિયા કરશે....

વિદેશોમાં વસતા ભારતીય યુવાનોમાં આહાર શુદ્ધિ વારંવાર દૃઢ કરાવવી પડે છે. સહજ સહજમાં એ યુવાનો દલીલ કરી બેસે છે.

એડિસનમાં (અમેરિકા) એક કિશોરને સ્વામીશ્રીએ સમજાવ્યું કે તું હેમબર્ગર (ગાયનું માંસ) ખાતો થઈ ગયો છે, એમ સાંભળ્યું છે. હવે બંધ કરજે.

તરત તેણે વળતી દલીલ કરી : 'જેમ દૂધ પણ ગાય આપે છે. તેમ માંસ પણ ગાય જ આપે છે. દૂધમાં વાંધો નથી તો આમાં પણ શું વાંધો ?'

'પૂરો વાંધો છે વળી !' સ્વામીશ્રીએ કહ્યું, 'દૂધમાં અને માંસમાં ફેર છે. એ બાબતમાં ગાયને ત્રાસ થતો નથી. આમાં ત્રાસ થાય છે. કોઈને ત્રાસ થાય તે આપણે કરવું જોઈએ કે ત્રાસ ન થાય તેમ કરવું ?'

એ વિચારમાં પડી ગયો. થોડીવારે તેણે નિયમ ગ્રહણ કરી લીધો.

સ્વામીશ્રી અટલાદરામાં બિરાજ્યા હતા. સુરતના સંનિષ્ઠ શ્રીમંત હરિભક્ત સી. કે. પીઠાવાલાનો પૌત્ર મેહુલ સ્વીત્ઝરલેન્ડ ભણવા જઈ રહ્યો હતો. સ્વામીશ્રી પાસે તેણે આશીર્વાદ મેળવ્યા ત્યારે તેને હાર પહેરાવી માથે હાથ ફેરવતાં સ્વામીશ્રી વહાલથી કહે, 'ત્યાં ભણવા જાય છે, તો બહુ પ્રગતિ થશે. ત્યાં આપણે શુદ્ધ રહેવું, મીટ-ઈંડાં ન લેવાં. સાથે માળા રાખજે. લીધી છે ?'

'હા.' તેણે કહ્યું.

રાજી થઈને સ્વામીશ્રી કહે, 'તેનાથી ભજન કરજે. અભ્યાસ પણ બરાબર કરવો. અને જો, ખાસ યાદ રાખીને બે-ત્રણ મહિને મને કાગળ લખી દેવો...'

હૈયાનાં હેત ઊભરાતાં હતાં. મેહુલને આ વહાલપની લહેરખી સ્પર્શી ગઈ. અને એ વિલાસી ધરતી પર શુદ્ધ રહેવા તેણે બાંહેધરી આપી.

ન્યૂયોર્ક ની કિશોર સભામાં સ્વામીશ્રીએ કહ્યું, 'હિન્દુધર્મ વિવેક શીખવે છે. શરીરનો કઈ રીતે ઉપયોગ કરવો, શું ખાવું, શું પીવું તે આપણો ધર્મ શીખવે છે. આ શરીર ભજન કરવા આપ્યું છે. તો ખરાબ સોબતમાં જીવન ખોઈ ન બેસીએ તે સંભાળવું...'

છેલ્લાં બે વાક્યોમાં અને 'આ દેહે કરીને ભગવાનનું ગમતું કરવું.' (વચનામૃત જે.૨) તથા 'ગમે તેવા મોટા હોય તેનું પણ કુસંગે કરીને ભૂંડુ જ થાય છે. (વચનામૃત : ગ.પ્ર.૧૮) આ બંને વાક્યોમાં કંઈ સામ્ય જણાય છે?

સ્વામીશ્રીની વાણીમાં ભગવાન સ્વામિનારાયણે સીંચેલું અમૃત છે. યુવાનોને એ ઉગારે છે, તારે છે અને જિવાડે છે.

લંડનમાં સ્વામીશ્રી પધરામણીએ ગયા હતા. એક ભારતીય-ગુજરાતી યુવકને માંસાહાર છોડવા બાબતે સમજાવ્યો. ને કહે, 'તું આ મૂકી જ દે. આજે સંકલ્પ કર.'

'પણ સ્વામી, આ દેશ જ એવો...' એમ કહીને તેણે ડૉક્ટરે આપેલું પ્રિસ્ક્રિપ્શન બતાવ્યું, 'મને ડોક્ટરો પણ લેવાનું કહે છે.'

સ્વામીશ્રી આ દલીલ સાંભળી ભાવમાં આવી ગયા. કહે, 'ડૉક્ટર તો કહેશે, મિત્રો પણ કહેશે. જો, અમે કાંઈ (માંસાહાર) લેતા નથી. તો પણ જીવીએ છીએ. કોઈ મરી જતું નથી. આપણા ઋષિમુનિઓ હિમાલયમાં ઉઘાડે શરીરે રહેતા તો પણ હજારો વર્ષ જીવ્યા છે. તને ખબર છે ? આ લોકો (અંગ્રેજો) આપણને વટલાવવા માગે છે. આપણી સંસ્કૃતિ ભુલાવી દેવી છે. એટલે આવી સલાહ આપે છે. અરે, બીજું ઘણું ખાવાનું છે. દૂધ, ઘી ખાવ. પેલા કરતાંય પૌષ્ટિક છે. શરીર સારું જ થશે. પણ આ હિંસામાં કયાં પડ્યા ? આપણું શરીર કોઈ કાપે તો કેટલું દુઃખ થાય ? આ પ્રાણીઓને દુઃખ નહીં થતું હોય ? આ યુરોપિયનો ૧૫૦ વર્ષ ભારતમાં રહ્યા. પણ આપણું કાંઈ અપનાવ્યું છે ? લે, પ્રતિજ્ઞા લે... સંકલ્પ કર.... આ વારસો આપણે જ જાળવવો પડશે ને !'

અને એ યુવાને સંકલ્પજળ મૂક્યું. સ્વામીશ્રીની ચિંતા વારસાના જતન માટે છે, સંસ્કારોના સંવર્ધન માટે છે, હિન્દુત્વના નવોત્થાન માટે છે...

લંડન મંદિરમાં સ્વામીશ્રી પત્રલેખન કરી રહ્યા હતા. સેવામાંથી પરવારતા યુવકો-ભક્તો એક પછી એક આવીને આજુબાજુ ગોઠવાઈ જતા હતા. અંતે પત્ર લેખન આટોપીને સ્વામીશ્રીએ ગોઠડી માંડી : 'કેમ છે અરુણકુમાર !'

'બાપા, શાંતિ છે !' તે બોલ્યા.

સ્વામીશ્રીએ બાજુમાં બેઠેલા યુવકો તરફ જોયું ને પૂછ્યું,' નૈનેષ, તારે કેમ છે ?'

'બાપા, શાંતિ છે, ત્યારે તો અહીં આવીને બેઠા છીએ. આપની કૃપા છે. નહીં તો અત્યારે અમે પબમાં બેઠા હોત !'

સ્વામીશ્રી સ્મિત કરતાં કહે, 'વાહ ! જ્ઞાની છે ! 'આવું જ્ઞાન થયું મને જ્યારે, પ્રભુમાં પ્રીતિ થઈ ત્યારે...'

હા, આ જ્ઞાન છે- વિવેકનું, સંસ્કારનું, પ્રેમથી રસાયેલું, હૈયામાં ધરબાયેલું, શુદ્ધિથી સજાવેલું. આવું જ્ઞાન આપીને સ્વામીશ્રીએ સંસ્કૃતિના માહોલને યુવાહૃદય સુધી વિસ્તાર્યો છે.

વિદેશી ભારતીય તરુણો આ જ્ઞાનને માતૃભાષાના માધ્યમથી પામે તો જ જ્ઞાનના મર્મના પામી શકાય. આ લક્ષ્ય સિદ્ધ કરવા એમણે જાતે જ શિબિરો ભરી, વ્યક્તિગત પ્રેરણા આપી, અધિવેશનો યોજ્યાં. સાંપ્રદાયિક ધર્મગ્રંથોનાં અમૃતવાક્યો, આરતી-થાળ કંઠસ્થ કરાવ્યાં. ઘરસભા અને સત્સંગસભા દ્વારા તેમના વ્યક્તિત્વને એકરૂપતા આપી. માતૃભાષા શીખવાનો તલસાટ વધાર્યો અને હિન્દુત્વની ખુમારી એ યુવાનોમાં ઉમેરાઈ.

ન્યૂયોર્કની કિશોર સભામાં સ્વામીશ્રીએ આશીર્વચનો ઉચ્ચારતાં કહ્યું હતું: 'અમે તો ગુજરાતીમાં બોલીશું. થોડું થોડું સમજવા તમે પ્રયત્ન કરજો. આપણી ભાષા સાથે જ આપણી સંસ્કૃતિ છે, સંસ્કાર છે. સંસ્કૃતિ આપણને માનવ બનાવે છે. માટે ગુજરાતી ભણવું, વાંચવું, અભ્યાસ રાખવો. જેથી આપણા ધર્મગ્રંથો પણ વંચાય...'

સ્વામીશ્રીએ લંડનમાં તો સૌ પ્રથમ 'સ્વામિનારાયણ હિન્દુ સ્કૂલ'ની સ્થાપના કરી આ ભાવનાનો જીવંત પુરાવો આપ્યો છે. જવાહરલાલ નહેરુએ

કહ્યું હતું, 'જે ભાષામાં તમને સ્વપ્નો આવે તે તમારી માતૃભાષા છે.' વિદેશવાસી તરુણોનાં સ્વપ્નોની ભાષા બદલાઈ ચૂકી છે.

સ્વામીશ્રીએ આ જ ઉદ્દેશથી યુવાનોને વારસો-વર્તન અને વાણીમાં સાચી દિશા આપી છે. નિયમોના બંધને બાંધીને સુધારણા આપી છે, આકાર આપ્યો છે અને સર્જનાત્મકતા આપી છે.

વિદ્યાનગર ખાતે સ્વામીશ્રીએ યોજેલા આંતરરાષ્ટ્રીય યુવક મહોત્સવમાં ૨૧ હજાર યુવાનોની સંસ્કાર સેનાને સંબોધતાં તત્કાલીન ઉપરાષ્ટ્રપતિ શંકરદયાલ શર્માએ કહેલું : 'આ પ્રસંગ યુગનિર્માણનો પ્રસંગ છે. ધર્મસત્તા સમાજકલ્યાણ માટે શું કરે છે, તેની આ અધિવેશન એ પ્રતીતિ છે. પ્રમુખસ્વામીજીની આ ઋષિદૃષ્ટિ છે. જમાનાએ ઊભા કરેલા પડકારને પહોંચી વળવા આજે ખારા સમુદ્રમાં મીઠી વીરડી જેવા પ્રમુખસ્વામી તરફ (અમારી) નજર મંડાય છે. આ સંસ્થાએ જે કાર્ય કર્યું છે, એ ઊંડા અંધારેથી પરમ તેજે લઈ જવાનું કાર્ય છે.' (૨૨-૫-૧૯૯૦)

ટી.વી. –અધોગતિની પ્રગતિનું સંવાહક

भद्रं पश्येमाक्षभिर्यजत्राः..........

અમારી આંખો સર્વદા કલ્યાણમય જ જુઓ.........

आनो भद्राः क्रतवो यन्तु विश्वतः.........

દરેક દિશાઓમાંથી અમને શુભ વિચારો જ પ્રાપ્ત થાઓ.........

આ હૃદયસ્પર્શી પ્રાર્થનાઓ પ્રાણહીન થતી જાય ત્યારે ભારત સર્વનાશની પળો ગણી રહ્યું છે, તેમ માનવા મન થશે ?

હૂણ કે શક, મુગલ કે અંગ્રેજ સત્તાઓ જે હિન્દુસ્તાનને રફેદફે કરવા ઝનૂનથી ઝઝૂમી હતી તે હિન્દુસ્તાનની સંસ્કૃતિના ભવ્ય મહાલયની કાંકરી પણ તેઓ ખેરવી શક્યા નહોતા. આ હિન્દુસ્તાનને આજે 'સંસ્કારો'ના રક્ષણ માટે હવાંતિયાં મારવાં પડે તે પરિસ્થિતિ આપણી પોતાની જ ભૂલોનું પરિણામ છે, તેમ માનવા આપણે કબૂલ થઈશું ?

આપણી કુટુંબવ્યવસ્થા, આપણા યુવાનોની રચનાત્મકતા, આપણાં બાળકોની નિર્દોષતા અને આપણા સંસ્કારોની ગંગા કોણ શોષી રહ્યું છે ?

સ્વામીશ્રી ઉત્તર આપે છે : 'ટી.વી.નું ભૂત લોકોના જીવ સાથે વળગ્યું છે. વધારેમાં વધારે દૂષણો આપણા ઘરમાં ટી.વી.થી આવે છે. એ પોઈઝન છે. લોકોના જીવમાં પ્રસર્યું છે. સરકારને તેનો ટેક્સ મળે છે. ને કેટલાક લોકોને તેમાં ધંધો રળવાનો છે. પણ પૈસાના લોભે કરોડો માણસોને (સંસ્કારહીનતા રૂપે) મારી નાખવાની વાત છે. આજે આપણી મર્યાદા ચાલી ગઈ. કુટુંબો છિન્નભિન્ન થઈ ગયા. ડિસ્કો કરતા થઈ ગયા. કો'કના છોકરા ને કો'કની છોકરી.....કોણ ભાઈ ને કોણ બાઈ ?.... એ જોઈને આપણે રાજી થઈએ છીએ. આપણે ક્યાં જઈ રહ્યા છીએ તે વિચારવાની વાત છે. આ પ્રગતિ નથી. સમાજને અધોગતિએ લઈ જઈએ છીએ. આપણને એમ કે હજુ તો થોડીક જ આગ લાગી છે. પણ ઘર સળગશે. સમાજ સળગશે. કુટુંબો છિન્નભિન્ન થઈ જશે....આપણી નીચે રેલો આવવાની વાર નથી....'

સ્વામીશ્રી વેલીંગબરોના હાઈફિલ્ડ લેઝર સેન્ટરના હૉલમાં ભવિષ્ય ઉચ્ચારી રહ્યા હતા.

વૈદિક સંસ્કૃતિના ખભે ઊભેલો આ દેશ ગંગા-યમુનાની સાથે ઋષિ-મુનિઓના ઉપનિષદ્-અમૃત પીને ઊછરેલો દેશ છે. આ દેશની ગળથૂથીમાં ગીતાનું તત્ત્વજ્ઞાન પાવામાં આવ્યું છે. સકલ સંસારની સંસ્કૃતિનું પ્રથમ પારણું આ દેશની ધરતી પર ઝૂલ્યું હતું. એટલે જ આપણા યુવાનો-બાળકો પાસે ટી.વી. સિનેમાના જોર સામે આપણે કાંઈ સાવ પાયમાલીની કે સર્વનાશની અપેક્ષા રાખતા નથી. અર્ધનગ્ન દૃશ્યોનો સીલસીલો, હિંસાત્મક ઘટનાઓની બૌછાર અને અશ્લીલતાની હદ વટાવતાં ચિત્રો આપણી ભવ્ય સંસ્કૃતિનો સર્વનાશ કરશે એ વાત જલદી ગળે ઊતરે તેવી નથી. પણ નરી આંખે જે અમંગલ દેખાય છે તેનું શું ? યુવાપેઢીના માનસમાંથી સંસ્કૃતિ મૂલ્યોનું ધોવાણ થતું જાય છે તે અશુભનો સંકેત નથી ?

પાયમાલી રાજમાર્ગે નથી આવતી. લાંબે રસ્તે, નાની કેડીઓ પર અને છતાં છડે ચોક આવે છે. સ્વામીશ્રીએ છેલ્લા વાક્યમાં તેનો અણસાર આપ્યો છે : 'આપણી નીચે રેલો આવવાની વાર નથી....'

હિંસા અને જાતીયતાના અતિરેકને રવાડે ચડ્યા પછી અને લાખોને તેના રવાડે ચઢાવ્યા પછી પોતાનાં સંતાનો પણ સ્વચ્છંદી બની રહ્યાં છે, તેનું ભાન

વિદેશના અભિનેતાઓને થવા લાગ્યું છે. એ રેલાની દાહકતા એવી કાતિલ છે કે હોલિવુડના ફિલ્મસ્ટાર રિચાર્ડ ડ્રેફસે પોતાના ઘરમાંથી ટી.વી. સેટ ઊંચકીને બહાર ફેંકી દીધો. કહ્યું કે 'મારા ત્રણ બાળકોના ભવિષ્ય માટે આવું કરવું અનિવાર્ય હતું.' એના ઘરની શાંતિ છીનવાઈ ગઈ છે. તે કહે છે : 'મારો એક દીકરો કેફી દ્રવ્યોનો બંધાણી છે. બીજાને દુનિયામાં શું ચાલે છે તેની પરવા નથી. ત્રીજાનું તો જાણે શું થવા બેઠું છે ! સતત ચાલતા ટી.વી. કાર્યક્રમોએ તેમનું સત્યનાશ કાઢ્યું છે. It is free and it is a drug !'

૧૯૯૨માં 'સાયલન્સ ઓફ ધ લેમ્બ્ઝ' ફિલ્મે બોક્સ ઑફિસ પર ટંકશાળ પાડી હતી. તેમાં માનસિક વિકૃતિથી ખૂન ખરાબી કરનાર ડૉ. હેનીબાલ લેક્ટરનું પાત્ર ભજવનાર એન્થની હોપકીન્સને તે જ ફિલ્મના બીજા ભાગમાં એક્ટીંગની ઓફર આવી ત્યારે તેણે ઘસીને ના પાડી દીધી. તેણે કહ્યું : 'મારાં બાળકો ના પાડે છે !' પત્રકારો સામે તેણે વેદના ઠાલવતાં કહેલું : 'આવી હોરિફિક (ભયાનક) ફિલ્મમાં મારા પાત્રનાં લોહિયાળ કારનામાં જોઈને દસ-બાર વર્ષના ટાબરિયાઓ આનંદથી તાળીઓ પાડે તે કોઈ હરખાવા જેવી ઘટના નથી. આપણે આ કેવી દુનિયામાં જીવીએ છીએ ! મારે હવે પાપના ભાગીદાર બનવું નથી. હું એક કલાકાર છું. મારી પણ કોઈ સામાજિક જવાબદારી છે.'

'અનફરગીવન' ફિલ્મ બનાવનાર ડાયરેક્ટર-એક્ટર ક્લિન્ટ ઈસ્ટવુડ છેલ્લા ત્રણ દાયકાથી હિંસાનું જીવંત પ્રતીક બની ગયો છે. આજે તેનો આત્મા ડંખી રહ્યો છે. તે કહે છે : 'લોકો મારી પાસે ઓટોગ્રાફ લેવા આવે ત્યારે તેમના હાથમાં કાગળને બદલે પિસ્તોલ કે રાયફલ હોય છે. હિંસાના હથિયારો પર મારા હસ્તાક્ષર પડાવનારાને હું કાયમ ના પાડી દઉં છું....મારી અનફરગીવન ફિલ્મમાં પણ મેં એ જ દર્શાવવા પ્રયત્ન કર્યો હતો કે હિંસા અને ખૂનામરકીમાં કોઈ જ બહાદુરી કે ભલીવાર નથી....'

સ્વામીશ્રી મુંબઈમાં બિરાજમાન હતા. લંડનથી મિતેશ, ચિરાગ, પ્રિયેશ વગેરે તરુણો સમાગમનો લાભ માણવા આવ્યા હતા. સ્વામીશ્રીએ તેમની સાથે આત્મીય ગોઠડી માંડી. વાતવાતમાં કહે, 'અભ્યાસ અને સત્સંગ-

આપણે આ બે જ બરાબર કરવા. નાટારંગ કે સિનેમામાં ન પડવું. આમાંથી ટી.વી. કેટલા જુએ છે ?'

એક પ્રિયેશ સિવાય તેમાંથી કોઈ બાકી ન હતું. સ્વામીશ્રીએ બીજો પ્રશ્ન કર્યો : 'રોજ કેટલા કલાક જુઓ છો ?'

'ત્રણ-ચાર કલાક.' દરેકનો ઉત્તર લગભગ સરખો જ હતો.

સ્વામીશ્રીએ ગંભીરતાથી કહ્યું, 'ફિલ્મો વગેરેમાં સમય જાય તો જેટલો સત્સંગ કરીએ તે પણ ભુંસાઈ જાય. ટી.વી. તો દૂષણ જ છે. કારણ કે તેમાં જોવામાં વિવેક રહેતો જ નથી. ટી.વી.માં આટલો સમય જાય પછી અભ્યાસમાં ઝીરો જ આવે ને ! આ ઉંમરે તમારા જીવનનું ઘડતર કરવાનું છે. જો આમાં આવું થશે તો ભવિષ્ય સારું નથી. આવું જોવામાં શક્તિ ખલાસ થઈ જાય. અપ-સેટ થઈ જવાય. અત્યારે તો સારામાં સારો અભ્યાસ થાય એ જ કરવું. ખરાબ સાહિત્ય પણ ન વાંચવું. બધા સત્સંગ મંડળમાં જાવ છો ?'

'હા સ્વામી.'

'તો સારું, બીજી સોબત સારી નહીં. અત્યારથી જાણપણું રાખવું. સત્સંગ એટલે સત્સંગ....' સ્વામીશ્રી પ્રેરણા પાઈ રહ્યા હતા.

'સત્સંગ ભુંસાઈ જાય' 'અભ્યાસમાં ઝીરો' 'ભવિષ્ય સારું નથી' કે 'અપસેટ થઈ જવાય' આ શબ્દોની ગંભીરતા સમજવા થોડા આંકડા જોવા પડશે. કારણ કે સ્વામીશ્રીએ જે કિશોરોને પ્રેરણા આપી હતી તે લંડનમાં ઊછરતા ભારતીય તરુણો હતા.

'ડેઈલી મેઈલ'ના રિપોર્ટરોએ લંડન-ટી.વી. સામે એક અઠવાડિયા સુધી તાકી રહીને બી.બી.સી. સહિતના કાર્યક્રમોનાં તારણો રજૂ કર્યાં હતાં. મુખ્ય આઠ ચેનલ પર સાંજે પાંચથી રાત્રે એક વાગ્યા સુધી સાત જ દિવસમાં જે કાર્યક્રમો રજૂ થયા છે તેની ગંદકીનો આ સરવાળો છે : ૪૦૦ ખૂન, ૧૧૯ ગંભીર જખ્મી હુમલા, ૨૭ બળાત્કાર અથવા જાતીય ઉશ્કેરણીનાં દૃશ્યો અને ૧૮૮ ઝઘડા કે મારામારીનાં દૃશ્યો.

આ 'ઘાતકી' કાર્યક્રમોને મનોરંજન સમજતા યુવાસમાજને સ્વામીશ્રીની ચેતવણી એ જબરદસ્ત બ્રેક છે. સ્વામીશ્રીના શબ્દોની ગંભીરતા પાછળ સમાજનું કેવું સ્પષ્ટ દર્શન છે ! અને અનુભવોની કેવી સમૃદ્ધિ છે !

મુંબઈમાં સ્વામીશ્રી ઠાકરોજી જમાડી રહ્યા હતા. ત્યારે યોગીજી મહારાજનું જીવનચરિત્ર વંચાઈ રહ્યું હતું. તેમાં પંક્તિ વંચાઈ : 'અવસર આવિયો રણ રમવા તણો.' સ્વામીશ્રીએ સામે બેઠેલા લંડનના જયેશ, ડૉ. દીપક અને નૈરોબીથી આવેલા સાતે યુવકોને સંબોધીને પૂછ્યું, 'આ વાતમાં ખબર પડી ?'

'ના !' સૌએ કહ્યું.

સ્વામીશ્રીએ સમજાવ્યું, 'રણમાં-યુદ્ધમાં ચડવાનો વખત આવી ગયો છે એટલે શું કે માયા સામે લડવા માટે આપણે મેદાને પડ્યા છીએ. તમારા જેવા જુવાનિયાઓએ તો લડવાનું જ હોય. તે લડાઈમાં જીત મેળવવી. આપણે હવે બીજાની સાથે લડવાનું નથી. ટી.વી.-ફિલ્મ ન જોવા, બહારનું ન ખાવું એ માયા સામે લડ્યા કહેવાઈએ.'

મુંબઈમાં ચિન્મય સ્વામી એક યુવકને સ્વામીશ્રી પાસે લાવ્યા. તેઓ કહે, 'આ યુવાન મંદિરમાં સેવા કરે છે, છતાં ફિલ્મ બહુ જ જુએ છે.' સ્વામીશ્રી એકદમ કહે, 'એવું હોય તો કાઢી જ મૂકવો !' આ ધડાકો તરત જ કારગત નીવડ્યો, તે તેના મોં પરથી કલ્પી શકાતું હતું. સ્વામીશ્રી તેની સામે જોઈને કહે, 'તને કોઈ ભાન છે ? સિનેમા પાછળ કેટલા ખર્ચે છે ? આવો ખોટો ખર્ચ શું કામ કરે છે ? પગારમાંથી આ પૈસા ખર્ચે એટલે ઘરે ન મોકલાય. પછી શું થાય ? ચોરી ! તું ચોરી કરતાં શીખે એટલે અમારે તો બેય ખોટ. એટલે આજથી નિયમ લે. ક્યારેય સિનેમા નહીં જોઉં. એનાથી મન બગડે, વિકાર થાય. ન જોવાનું દેખાય પછી સંસ્કાર ક્યાં રહ્યા ? બહુ મન થાય તો રોડ ઉપર જોઈ લેવું. સિનેમા જ છે ને આ બધું...!!' તેણે સ્વામીશ્રી પાસે નિયમ લીધો.

'સુગર કોટેડ પોઈઝન-ટી.વી.' આ સંવાદ જૂનાગઢમાં યુવકમંડળે ખૂબ સુંદર રીતે ભજવ્યો. અંતે આશીર્વાદમાં સ્વામીશ્રીએ પોતાની જીવનરુચિ આ શબ્દોમાં વ્યક્ત કરી હતી : 'આ વાત દરેકે જીવમાં ઉતારવા જેવી છે. પોઈઝનને સીધું લઈએ તો તરત મરાય. ખાંડનું પડ ચડાવીને આપે એટલે ખબર ન પડે, ને ધીરે ધીરે મરાય.' ગુણાતીતાનંદ સ્વામીએ આ વાત ૧૫૦ વર્ષ પહેલાં કહી છે : 'ઝેરના લાડવા ખાતાં સારા લાગે, પણ ઘડીક પછી ગળું ઝલાય...' ટી.વી. એ ઝેરના લાડવા જેવું છે. તેનાથી લોકો વિનાશને

પંથે જાય છે. ખૂન કેમ થાય ? ચોરી કેમ થાય ? વ્યસન કેમ થાય ? એ બધું જ આમાંથી શીખે છે. ને ખબર ન પડે તેમ દૂષણ પેસી જાય છે. જોતાં સારું લાગે. પણ પછી ઝેર પ્રસરે ને આખું કુટુંબ છિન્નભિન્ન થઈ જાય છે....માટે એ વસ્તુથી જ દૂર રહેવા જેવું છે. સ્વામી કહે છે કે જોવા જેવા તો ભગવાન ને સંત બે જ છે. એનાથી જ શાંતિ છે. તમે જે ભગવાનને ભજતા હો તેનું ભજન કરો. પણ ટી.વી. જોવામાં કોઈ લાભ નથી.

'જે સંતે ભગવાનને ધાર્યા છે, જે સંત નિયમધર્મમાં રહે છે. તેમનાં દર્શન-સ્પર્શથી સુખ-શાંતિ થાય છે. આજે અશ્લિલ કેસેટો, એવા સાહિત્યનું વાચન એ બધાથી અનીતિ ઊભી થઈ છે એ હકીકત છે. આપણે સત્સંગ રાખીશું તો જ બચાશે. બાકી એવી દુનિયા લાગે સારી પણ પછી ખુવાર થવાશે. ટી.વી.-વ્યસનો તો અસુર છે એ સમજી રાખજો.'

હા- એ અસુર છે. સ્વામીશ્રીએ અનેક યુવાનો તેના પંજામાં પોતાનાં ચારિત્ર્ય અને કારકીર્દીને 'સ્વાહા' કરી ચૂક્યા છે તે નજરે જોયું છે. અનેક અનુભવના તારણમાંથી એમની આ અનુભવવાણી વહી છે. એ અસુર ધીમે પગલે, છડેચોક અને પૂરી શક્તિ સાથે આપણી યુવાશક્તિના મહાસંહાર માટે, સંસ્કૃતિનાં ચીર હરણ કરવા થનગની રહ્યો છે. હજુ તો દુનિયાએ તેનો એક ફુત્કાર જ અનુભવ્યો છે. માટે સ્વામીશ્રી કહે છે તેમ 'હવે તો જંગ લડ્યે જ છૂટકો.' આ માટે એમણે યુવાનોને નિયમોનાં રક્ષા-કવચ આપ્યાં, સત્સંગની ઢાલ બંધાવી, ભક્તિ અને રચનાત્મકતાનાં હથિયારો સજાવ્યા..... કદાચને યુવાન કંઈક ભૂલ કરી બેસે તો પ્રેરણાના અમૃતકૂંપા તૈયાર રાખ્યા...... જેમાં ઝબકોળી સ્વામીશ્રી યુવાનોને પુનર્જીવન આપી રહ્યા છે....

*

ગુજરાતના હિતચિંતક મનિષી કિશોરલાલ મશરૂવાળા પોતાના 'કેળવણી વિકાસ' પુસ્તકમાં નોંધે છે કે 'વિદ્યાર્થીઓનું જીવન છિન્ન ભિન્ન થતું જાય છે. તેનું નિરીક્ષણ કરતાં મને તેના બે ગુરુ લાગ્યા છે. એક તો પશ્ચિમના લેખકો અને બીજા નાટક-સિનેમાનાં નરનારીઓ. આજની ઘણીક રીતભાત સિનેમામાંથી શિખાય છે. વધારે ધ્યાનમાં લેવા જેવી વાત તો એ છે કે વિદ્યાર્થીને એની ગળથૂથીમાંથી જ ભોગ પ્રત્યે અભિરુચિ વધે તેવો સંસ્કાર તેની આસપાસની પ્રવૃત્તિઓ તેના મન પર પાડે છે....'

પશ્ચિમના લેખકોની વાત તો આજે વિદ્યાર્થીઓએ જ જાણે વિસારે પાડી છે. કેમ કે આખું વિશ્વ તેમના ડ્રોંઈંગરૂમમાં ખંખેરાઈ રહ્યું છે- ટી.વી. ચેનલો દ્વારા ! જે પુસ્તકો કરતાં વધુ ભયજનક છે.

સ્વામીશ્રી પાસે આ અંગે ઘણી વાર ચર્ચા થતી હોય છે. એક વાર વિદ્યાનગરમાં થયેલી આવી અનૌપચારિક ચર્ચામાં યુવક રથિન રાવળે એક સંશોધન લેખ રજૂ કર્યો. તેમાં વંચાયું, 'અતિ મનોરંજન એ સ્વાસ્થ્યને હાનિકારક છે.'

સ્વામીશ્રી વિદેશથી લાંભ લેવા આવેલા તરુણોને નિર્દેશીને કહે, 'સાંભળ્યું ? ટી.વી.-સિનેમા કલાકો સુધી જોયા કરવું એ ખરાબ છે. કથાવાર્તા સાંભળવી. આયુષ્ય વધે !' પછી ઉપાલંભના સૂરમાં કહે, 'આજે તો બધાને એમ જ છે કે સંસારમાં લાંબું જીવીને શું ગોદા ખાવા ? માટે જેટલું ભોગવ્યું તેટલું સારું ! એટલે બધા મનોરંજનની પાછળ પડ્યા છે !' પછી ક્ષણેક અટકીને બોલ્યા કે 'આ આસુરી જ્ઞાન છે. આપણે પણ દુ:ખી થઈએ અને બીજાને દુ:ખી કરીએ એ આસુરી જ્ઞાન. ને પોતાને ને બીજાને સુખી કરીએ એ દૈવી જ્ઞાન.'

લંડનથી અમદાવાદ આવેલા યુવકોએ ધોતિયાં અને રેશમી અચકનનો ભારતીય પરિવેશ ધાર્યો હતો. એમણે મુખપાઠ, કીર્તનો વગેરે રજૂઆતો સંભળાવી તેથી સ્વામીશ્રી ખૂબ રાજી થયા. તેમને ધન્યવાદ આપીને થોડી વાતો કરતાં કહે, 'લંડનમાં તો વાતાવરણ જ એવું છે કે જોવા, ખાવા-પીવામાં મન લલચાઈ જાય, તમે એમ બહાર જતા નથીને ?'

'ના સ્વામી.' સૌનો એક સૂર ઊઠ્યો.

'અંદરો અંદર ડિસ્કો કરો છો ?'

'ના.'

'તો સારું.' સ્વામીશ્રી કહે, 'આપણે એવું થાય જ નહીં. જો ભગવાનની સ્મૃતિ હોય તો બહાર કે અંદર આવું કશું થાય જ નહીં. ડાન્સ કરવો, પણ અહીં શીખવે તે (ભારતીય લોકનૃત્યો). તે પણ ભગવાનની સ્મૃતિ સાથે. ભગવાન સાથે જ ડાન્સ કરે છે, એમ માનવું....'

આ વિદેશી પેઢીમાં આસ્તિકતાનાં બીજ નાખી સ્વામીશ્રીએ સંયમી જીવનનો પ્રારંભ કરાવ્યો છે.

વિદ્યાનગરમાં એમ.એસ.ના અંતિમ વર્ષમાં ભણતા એક યુવકને સ્વામીશ્રી મળ્યા. મિત્રોની સોબતે વિડિયો ફિલ્મોનો આશિક બન્યા પછી તે અભ્યાસ માંથી પણ પાછો પડી ગયો હતો. સ્વામીશ્રી કહે, 'તને એમ કે હું આ કરું છું તે કોઈ જોતું નથી. પણ ભગવાન તો જુએ છે. એ ન જોવું એટલે ન જ જોવું. એ રસ્તો જ બંધ. સત્સંગ મળ્યો. ડૉક્ટર થયો ને હવે તમને કહેવું પડે ? એક તો ખોટું બોલવું પડે. ને વળી પાછું ફિલ્મ જુઓ. એ બંને રીતે દ્રોહ કહેવાય. અત્યારે અભ્યાસ કરવાનો સમય છે. મન તો અશુદ્ધ છે જ. એને સત્સંગથી શુદ્ધ કરવાનું છે....' સ્વામીશ્રી એવા સ્નેહથી વાત કહી રહ્યા હતા કે તેની આંખમાં ઝળઝળિયાં આવી ગયાં....

આ અંગે સ્વામીશ્રીએ અનેક યુવાનોના જીવનમાં શાંતક્રાંતિ સર્જી છે.

સ્વામીશ્રી ભોજન બાદ અટલાદરા છાત્રાલયના છાત્રોને વાત કરી રહ્યા હતા, 'વિદ્યાર્થીએ આઠ કલાક ભણવું, વાંચવું, કલાસમાં જવું. રાતે સિનેમામાં ચાલ્યા ન જવું. શું મોરડ ?' સામે બેઠેલા હરેશ મોરડિયાને સ્વામીશ્રીએ પૂછ્યું, 'આપણે કેમ છે ?'

'બાપા, ચાર વર્ષથી જોયું જ નથી !'

'વાહ !' સ્વામીશ્રી ઉમળકાથી બોલી ઊઠ્યા, 'બહુ ડાહ્યો, થેંક્યુ વેરી મચ.'

તેણે ફરી કહ્યું, 'બાપા, આપે ના પાડી પછી જોયું જ નથી.'

સ્વામીશ્રીએ તેનો આભાર તો માની જ લીધો હતો. છતાં અમીદૃષ્ટિએ જોતાં કહે, 'એક વાર ના પાડે, પછી માથું જાય પણ ટેક ન મુકાય. સત્સંગ થયો ત્યારે જ કહેવાયને ! બૈરાં સાથે પ્રીત કરી હોય તો તેના માટે પણ મનધાર્યું મૂકી દે છે. તો આ તો ભગવાન અને સંતની વાત છે. એના માટે શું ન થાય ?'

સંયમી યુવાન જોઈને સ્વામીશ્રીના હૈયેથી એક તૃપ્તિનો ઓડકાર છૂટે છે. અંતરથી આભાર પ્રગટી ઊઠે છે. એ યુવાનોએ સ્વામીશ્રીનો સ્નેહ અને સ્વામીશ્રીએ મૂકેલો વિશ્વાસ બંને સાર્થક કર્યાં છે.

* * *

૭. હતાશ હૈયાના હમદર્દ

'હું પાસ થઈશ કે કેમ ? ભણીશ પછી નોકરી મળશે ?' અટલાદરામાં સ્વામીશ્રી પાસે એક યુવકે નિરાશાથી પૂછ્યું.

સ્વામીશ્રીએ કહ્યું, 'ભલા માણસ, પાસ થવાનું જ છે. એમ માનીને જ મહેનત કરવી. નહીં તો કાંઈ નહીં થઈ શકે. કામ કર્યે રાખ. ખોટી ચિંતા કરવાથી શું ફાયદો ? મંડી પડ ! બેસી રહેવાથી કાંઈ કામ થવાનું છે ?'

*

'બાપા, આ બારમા ધોરણમાં છે. અત્યારથી ડિપ્રેસ થઈ ગયો છે.' વિદ્યાનગરમાં એક યુવાને મિત્રની સ્થિતિ વર્ણવી.

સ્વામીશ્રી પ્રેમથી તેને જોઈ રહ્યા. નજીક ખેંચી વાંસા પર ધબ્બો આપતાં કહે, 'એવું કેવું ? મર્યા પછી ઘોર ખોદાય. જીવતા નહીં ! હજી તો બારમામાં આવ્યો છે, અત્યારથી પાસ-નાપાસનો વિચાર ન કરવો. વર્તમાન સમયમાં પાકું રહેવું. ભવિષ્યનો વિચાર નહીં. આજે સેટ છીએ તો કાલે છીએ જ. ભણવું અને ભગવાન ભજવા. એટલે ભવિષ્ય સારું જ છે. માટે એ વિચાર કાઢ ને ફુલ પાવર રાખ.' આ હિંમતથી એ યુવકની આંખો આત્મવિશ્વાસથી ચમકવા લાગી.

*

'ઝેર ખાવાનો વિચાર આવે છે !' એક કિશોરે ઊંડા-ઉદાસ અવાજે ઉચ્ચાર્યું. પુત્રની સૂનમૂન દશા જોઈને જ તેને બોરસદથી સ્વામીશ્રી પાસે

અમદાવાદ લાવ્યા હતા. સ્વામીશ્રીએ પૂછ્યું, 'કેમ ઝેર ખાવું છે ?'

થોડી ક્ષણો મૌનમાં જ વીતી ગઈ. ઉદાસીનતાના કારણ માટે આ હતાશ કિશોરને કદાચ શબ્દો નહોતા મળતા.

સ્વામીશ્રીએ સહાનુભૂતિથી કહ્યું, 'ભાઈ, ઝેર ખાવાથી આપણું સારું થવાનું છે ? દુઃખ હોય, કાંઈ ખોટું કામ થયું હોય તો અમને કહે. વાતનો નિકાલ આવી જાય. આપણા બા-બાપુજી છે. ધંધો ખોટમાં નથી. રસ્તો સૂઝતો નથી- તેવું પણ નથી. નાની ઉંમર છે. બોજો કે જોખમ નથી. અબજોની ખોટવાળાય શાંતિથી જીવે છે. આપણું તો ભગવાન રાખનાર છે. ભજન કરજે. ઘરમાં ન ગમે તો ૧૫ દિવસ મંદિરમાં રહેજે....'

તેની ઉદાસી ખંખેરાઈ રહી હતી....આશાના ચમકારથી તેનામાં ઉત્સાહનો પ્રાણ ધબકવા લાગ્યો.

....

નિરાશા, હતાશા, નિષ્ફળતા, વહેમ, નકારાત્મકતા.....શું યુવાનો પાસે આજે આટલી જ મૂડી બચી છે ? અને એ મૂડીથી યુવાનોને 'મૃત્યુ' ખરીદી લેવાનો જ 'ઉત્સાહ' છે ? યુવાનોની બિહામણી માનસિકતાનો પરિચય ઉપરોક્ત ત્રણે પ્રસંગોમાં જેટલી વેધકતાથી પથરાયો છે, એટલી જ વેધકતા સ્વામીશ્રીના અનુભવગમ્ય, મનોવૈજ્ઞાનિક અને પ્રેમાળ ઉત્તરોમાં છવાયેલી જોવા મળે છે......

આજે સુવિધાના વધતા આંકડાઓમાં 'સુખ'નો સરવાળો શોધવાની ભૂલ સમાજે યુવાનોને વારસામાં આપી છે. જ્યારે વાસ્તવિકતા એ છે કે સરળતાના સૂતરથી 'સુખ'ને પોતા ભણી તાણી શકાતું નથી. યુવાનનું મનોબળ તકલાદી બનવાનું પણ આ એક કારણ છે : દુઃખ વેઠી શકવાની અસામર્થી. દુઃખને વધાવવાની કળાનો અભાવ.

દુનિયા હરીફાઈની છે. જ્યાં હરીફાઈ છે ત્યાં શક્તિનો મુકાબલો છે. આવે મુકાબલે જીત ત્યાં જ હોય છે, જ્યાં કાંટાળો તાજ હસતા મોંએ પહેરી લેવાની તાકાત હોય.

સ્વામીશ્રી લોસ એન્જેલિસમાં હતા. ઉતારે પત્રલેખન ચાલુ હતું. એક યુવાન મળવા આવ્યો. તેના નિરાશાથી કંતાયેલા મુખ પર વિચિત્ર ઉદાસી

છવાયેલી, 'સ્વામી, આટલા વખતથી સત્સંગ કરું છું, નિયમો પાળું છું, પણ ધંધામાં-નોકરીમાં ક્યાંય બરકત નથી આવતી.....હવે તો ધર્મમાંથી પણ આસ્થા ઊઠતી જાય છે...'

સ્વામીશ્રી આ જૂના સત્સંગીના પુત્રને વહાલથી કહે, 'એમાં આસ્થા ગુમાવવાની શી જરૂર ? પાંડવોને તો કૃષ્ણ સ્વયં ભેગા હતા, તો યે કેટલું દુઃખ આવ્યું ! દાદા ખાચર શ્રીજીમહારાજના ભક્ત હતા. પણ મહારાજ દર વખતે આશીર્વાદ આપતા કે ગરાસ પાછો મળશે. ગોળધાણા ખવડાવીને મોકલતા. તોય મહારાજ ધામમાં ગયા ત્યાં સુધી ગરાસ ન મળ્યો. પણ આસ્થા ન ગઈ. ભાવફેર ન થયો. નિરાશ ન થઈએ. ભક્તોને કષ્ટ આવ્યાં છે. આ તો એક રીત છે. શ્રદ્ધા ગુમાવવી નહીં. પ્રારબ્ધનું આવે તે ભોગવી લેવું. નાસીપાસ ન થવું. ભગવાનને પ્રાર્થના કર્યા કરવી, પુરુષાર્થ કરવો. ભગવાન નથી ભજતા તેને દુઃખ નથી ?'

યુવાનના અંતરમાં અજવાળું થયું.

ધર્મ અને વ્યવહારને ત્યાં સુધી જ સંબંધ રહે છે, જ્યાં સુધી વ્યવહારને પણ ધર્મ માનીને આચરવામાં આવે. સ્વામીશ્રીએ તેને આ સત્ય સમજાવ્યું.

દુઃખનો ઉપકાર એ છે કે તેણે ઘણા માનવોને મહામાનવ બનાવ્યા છે. દુઃખ તો જોઈએ. લાંબું ચાલે તેટલું દુઃખ જોઈએ. મળેલી સફળતાનું સુખ રોમે રોમમાં માણવું હોય તો આટલી પૂર્વતૈયારી અનિવાર્ય છે. 'ભક્તોને કષ્ટ આવ્યાં છે.' એ શબ્દોમાં સ્વામીશ્રીએ એ જ સૂચવ્યું હતું કે કોઈ પણ સફળ પુરુષને સરળતાની પાંખો કામ લાગી નથી. સંઘર્ષોના ઝંઝાવાતે જ તેમને ઊંચે પહોંચાડ્યા છે.

એક ઉત્સાહી યુવક ધીરે ધીરે નકારાત્મક બની રહ્યો હતો. 'હું કોઈ કામનો નથી. દુનિયામાં રહેવા માટે લાયક નથી....' તેના આ વિચારે તેને ક્યાંય રસ પડતો નહીં. બધા જ નકામા લાગતા. સ્વામીશ્રીએ તેને હિંમત આપતાં કહ્યું, 'ભગવાન અને સંતની દયા તારા ઉપર છે એટલે તું આગળ વધવાનો જ છે. મનની માન્યતાઓ છે એ મૂકીને એમનું બળ રાખ. એ હંમેશાં સારું જ ફળ આપવાના છે. ખોટો વિચાર શું કરવા કરે છે ? આ દુનિયામાં કોઈ જ નકામું નથી. આ બધા જ કામ કરી શકે છે ને તું કેમ ન

કરી શકે ? તારામાં જે શક્તિ ને બળ છે, એની તને ખબર નથી. માણસ જે ધારે એ થાય જ છે. એને સમય લાગે. એટલે હલકા વિચાર ના કરવા. તું બધાનું પાલન કરે એમ છે. હજારોને ભગવાન ભજાવી શકે એવી તારામાં શક્તિ છે. આનંદમાં જ રહેવું. આપણે ક્યાં કોઈનું બગાડ્યું છે ? આપણે ઓછા રડવા આવ્યા છીએ ? ઘરમાં બધા સાથે હળવું-ભળવું. કોઈવાર પડી જવાય તો ત્યાં ને ત્યાં ઓછા બેસી રહીએ છીએ ? એમ ભૂલ થાય તો પાછી સુધારી લેવી. એટલે ખોટી માન્યતાઓ મગજમાં નાખ નહીં. ભૂલી જા બધું.' આ એક એક વાક્યો જીવનસૂત્ર સમાં હતાં. હતાશાના સમુદ્રમાં આશાની આ દીવાદાંડી હતી.

'ભગવાન ને સંતની તારા ઉપર દયા છે.....'

'દુનિયામાં કોઈ જ નકામું નથી......'

'માણસ જે ધારે તે થાય, એને સમય લાગે....'

'હજારો માણસને ભગવાન ભજાવી શકે તેવી તારામાં શક્તિ છે....'

આ પ્રીતિ અને પ્રતીતિના કાંઠાઓ વચ્ચેથી વહેતી સ્વામીશ્રીની શબ્દગંગાનો લાભ યુવાનના જીવનને 'તીર્થોત્તમ'ની કક્ષાએ પહોંચાડી મૂકે છે.

એ સલાહો સલાહો જ નથી રહેતી. સ્વામીશ્રી બોલે છે ત્યારે જડ માનસમાં પ્રાણ ફુંકાય છે. પ્રોત્સાહનનું પૂર ફરી વળે છે. એમના એક જ વિચારે અનેકના જીવનઅધ્યાય સુખના સુવર્ણ અક્ષરે અંકિત બની ચૂક્યા છે. કારણ કે એમની સલાહોમાં અનુભવનાં અમી છે. એમના દષ્ટિકોણમાં તટસ્થ જીવનદર્શન છે. એમના વિચારોમાં સફળતા લહેરાઈ રહે તેવી ફળદ્રૂપતા છે. કંઈક નક્કર ન થાય તેવી નિષ્ફળ વાણી સ્વામીશ્રીએ કદીયે ઉચ્ચારી નથી. તો પછી યુવાનના પ્રશ્નોમાં તો એમને કેટલી ખટક હોય !

સ્વામીશ્રી અમદાવાદમાં હતા. સાંજે પરવાર્યા પછી મુંબઈથી આવેલા એક હરિભક્તને મળ્યા. આજીવિકાનું કોઈ સાધન રહ્યું ન હતું તેથી સત્સંગમાંથી પણ તેઓ પાછા પડ્યા હતા. સ્વામીશ્રી તેઓને કહે, 'સંસાર છે એટલે દેશકાળ તો આવે જ. પણ એમાંય સત્સંગમાં આવવા-જવાનું ચાલુ રાખવું. તો એનાથી બળ રહે. દેશકાળ આવે ત્યારે સામટા આવે. પ્રારબ્ધના થર પણ હોય છે. એમાં હિંમત ન હારવી.' પેલા યુવકે સ્વામીશ્રીની માફી

માગી. સ્વામીશ્રીએ તેમને નોકરીની ગોઠવણ કરી આપી હતી. જોકે તેમણે પેનો વેચવાનો ધંધો શરૂ કર્યો. સ્વામીશ્રીએ તેમાં પણ એક મોટી પેઢીને ઓર્ડર આપવાની સૂચના આપી.

*

સ્વામીશ્રી મુંબઈમાં પેડર રોડ ઉપર પરમાનંદભાઈ પટેલના ઘરે ઊતર્યા હતા. રાજન ગ્રોવર નામે એક અજાણ્યો યુવક મંદિરે પહોંચ્યો હશે. ત્યાંથી સ્વામીશ્રીનાં દર્શન-મુલાકાતે આવી પહોંચ્યો. સ્વામીશ્રીએ તેનો પરિચય કેળવ્યો.

'હું ચંદીગઢથી આવું છું.' તેણે હિન્દીમાં વાત શરૂ કરી, 'મારાં મા-બાપ મને તિરસ્કારે છે. ગ્રેજ્યુએટ હોવા છતાં કોઈ કારણે હું નિરાશ રહ્યા કરું છું. ઘરની બહાર નીકળ્યો ત્યારથી દુઃખ દુઃખ ને દુઃખ જોઈ રહ્યો છું....' એ યુવાનની આંખો નીતરી રહી હતી. તેને લાગેલો માનસિક આઘાત અસહ્ય હતો.

સ્વામીશ્રીની કરુણા છલકાઈ ઊઠી. એ અજાણ યુવાનને પ્રેમ અને આશીર્વાદથી તરબોળ કરી દીધો. તેને શાંત રાખવા ધીરે ધીરે સ્વામીશ્રી બોલી રહ્યા હતા : 'કુછ ચિંતા ન કરો.... ભગવાનકો મા-બાપ માન લો. ચિંતા ઉનકે ઉપર છોડ દો. કાર્ય કરતે રહો.' એમ કહેતાં રામચરણ સ્વામીને બોલાવ્યા. તેને નોકરી મળે તે માટે ચક્રો ગતિમાન કરાવ્યાં અને બોલ્યા : 'એને સેટ કરવો પડશે.'

જ્યાં નિરાશ યુવાની આટલો આદર પામી શકે, જ્યાં દુઃખી યુવાની કર્તવ્યના પંથે પગલાં ભરતી થાય એ આકાશના સૂર્યોદય કરતાં નાનો સૂર્યોદય ન કહેવાય. સ્વામીશ્રીની હૂંફ આવા સૂર્યોને ઊગવા માટે આકાશ પૂરું પાડે છે....પ્રકાશ પૂરો પાડે છે !

અવગુણ ઓળંગીને....

'મારા અવગુણને ઓળંગી હરિવર આવજો રે,
મારી કાંટાની છાબડીએ ફૂલો લાવજો રે....'

'અવગુણ' માનવમાત્રની મજબૂરી છે. અને ભૂલ જિંદગીની અનિવાર્ય ઘટના છે.

માનવ પાસે હૃદય નામની એવી વીણા છે, જેના તાર પર હવાની લહેરખી સમી ભૂલ ફરી વળે તો મોટો ચિત્કાર ગાજી ઊઠે છે. 'કોન્સિયસ બાઈટ' થાય એ એક વરદાન છે. પણ એમ કરતાં 'કોન્સિયસ નાઈટ' થઈ જાય એ અભિશાપ છે. ભૂલ અથવા ભૂલની પરંપરા આત્મિક અંધકાર સર્જે ત્યારની નિરાશા વધુ ઘેરી અને બહારથી ન કળી શકાય તેટલી ઊંડી હોય છે. 'પાપ' થઈ ગયાની લાગણી આવા માણસોનો પીછો પકડે છે. હતાશામાં પછાડે છે.

આમ તો આ સમસ્યા માનવમાત્રની છે. પરંતુ જિંદગીના પ્રભાતે ઊભેલા યુવાનો આ અનુભવ વધુ તીવ્રતાથી કરે છે. થયેલી ભૂલ એમના આત્મા સોંસરવી ઊતરીને શારડીની જેમ તેના શરીરને-મનને-આંખોને કાંતી નાંખે છે.

સ્વામીશ્રી આવા યુવાનોના હૃદય સુધી પહોંચ્યા છે-તેમના અવગુણો ઓળંગીને! તેમની ભૂલોને પોતાના સાગર સમા હૈયામાં ઢબૂરી દઈને !

'ભૂલ'નો પ્રતિભાવ 'શિક્ષા'થી આપવાની આપણી રૂઢિ છે. સ્વામીશ્રી ભૂલનો પ્રતિભાવ દીક્ષાથી આપે છે. એ દીક્ષા છે પુનર્જીવનની, નવજીવનની.

બર્મિંગહામમાં સ્વામીશ્રી ઉતારે બિરાજ્યા હતા અને મણિભાઈના પુત્ર દિલીપે કહ્યું, 'બાપા, એકવાર સામાન્ય ભૂલને કારણે શાળામાંથી મને કાઢી મૂક્યો હતો. એ પછી મને લાગે છે કે મને કાંઈ આવડતું નથી. અત્યારે મોટેલમાં ઊભો રહું, કોઈ ગ્રાહક આવે તો જવાબ આપતાં થોથવાઈ જવાય છે.'

સ્વામીશ્રી અત્યંત સમતાથી બોલી ઊઠ્યા, 'એ વિચાર ન કરવો એક વાર ભૂલ થઈ જાય એને સંભાર સંભાર ન કરવી. દર વખતે કાંઈ ભૂલ થવાની નથી ! કોઈ મરી જાય તેની પાછળ દુઃખ કરીએ તો કાંઈ પાછો આવવાનો છે? તેમ ભૂલ થઈ તેને સંભારીને નુકસાન થતું હોય તો શું કામ સંભારવી? રસોઈ કરે તો કોઈ દિવસ દાઝી પણ જાય. એટલે એ ભૂલી થવું. ગમે તેવો ચમરબંધી આવે, તેને ભગવાનને સંભારીને જવાબ આપી દેવો. ગભરાવું

નહીં. ભગવાન ને સંત આગળ નમીને ચાલવું. ત્યાં દાસ. બાકી જગતમાં તો હિંમત ન હારવી.' સ્વામીશ્રીએ તેની નિરાશા ખંખેરી નાખી.

અમદાવાદનો એક યુવક બે દિવસથી ગમગીનીમાં ફરતો હતો. એને માટે સારંગપુર મંદિર અને સંતો અજાણ્યા હતા. તેને સ્વામીશ્રીને મળવાની તાલાવેલી હતી. જેવો સ્વામીશ્રી પાસે આવ્યો કે તરત તેનો હૈયાબંધ છૂટી ગયો. તેણે સ્વામીશ્રીનાં ચરણોમાં માથું નાખી દીધું અને રડી પડ્યો. સ્વામીશ્રીએ માથે હાથ ફેરવીને બેઠો કર્યો. એ થોડી વાર સુધી કાંઈ બોલી શક્યો નહીં. સ્વામીશ્રીએ તેને હિંમત આપી.

તેણે પોતાની કથની શરૂ કરી, 'મેં આપનો બહુ દ્રોહ કર્યો છે. બહુ પાપ કર્યાં છે. આપને તો ખૂબ ગાળો આપી છે. આપને તો હું 'લુચ્ચો વેપારી' જ કહેતો. કોઈ જ અનુભવ કે જાણ્યા વિના! મારા મિત્રો મને સમજાવે તો એ બધાને પણ હું ગાળો આપતો. ૧૯૮૫માં 'સ્વામિનારાણ નગર'માં (મહોત્સવમાં) મેં એક સ્ટોલ રાખ્યો હતો. ત્યાં મારા મિત્રોએ આપની મૂર્તિ રાખી હતી. મેં તે બહાર કાઢી અને મારા બુટ નીચે કચડી નાખી. 'નગર'માં ખાસ જાણીને જ સિગારેટ પીતો. હું ટી.વી.માં ફિલ્મોના શુટીંગમાં કેમેરામેન હતો. ત્યાં પણ મેં ઘણાં પાપો કર્યાં છે.

'મા-બાપ, પત્ની, મિત્રો બધાને દુઃખી કરવામાં મને આનંદ આવતો. પણ હવે મને સમજાય છે કે મેં બહુ જ ખોટું કર્યું છે. આપને ગાળો દીધી છે. મને માફ કરો.'

સ્વામીશ્રી તેને માથે હાથ ફેરવતા રહ્યા. થોડી વારે તે શાંત થયો. સ્વામીશ્રી કહે, 'હવે ભગવાનને શરણે આવ્યો. સત્સંગ ઓળખાયો એટલે બધું માફ થઈ જશે. ભગવાન બધું સારું કરશે. સત્સંગ દૃઢ રાખજે. આજ સુધી ઘણું ખોટું થયું જ છે, પણ હવે પ્રેરણા થઈ છે, સુધર્યા છો તો હવે પછી એવું થવા દઈશ નહીં. બળ રાખ, હિંમત રાખ. જે થયું તે ભૂલવું. ને જે મળ્યું છે તે દૃઢ કરવું. એવી દૃઢતા રાખજે કે ફરી ખરાબ રસ્તે જવું નથી. ધંધામાં ને બધે જ પવિત્ર જીવન જીવવું. ભગવાન બળ આપશે. પૂર્વના સંસ્કારોના એવા થર આવ્યા હોય એટલે થઈ ગયું. હવે એ થર નીકળી ગયો. મનમાં ગાંઠ વાળવી કે અત્યાર સુધી જેટલો દ્રોહ કર્યો છે તેનો હજાર

ગણો બદલો વાળી આપવો છે. લોકોને ય થાય કે આ છોકરો સારો થઈ ગયો છે...' સ્વામીશ્રી તેના ઉપર અનહદ કૃપા વરસાવી રહ્યા હતા. તેણે પછીથી કહેલું 'મારો છેલ્લા એક વર્ષનો સંતાપ જાણે સાવ શમી ગયો. ને અંતરમાં આનંદ આનંદ થઈ ગયો છે! સ્વામીશ્રીની ધીરજસભર સાધુતાનાં આંદોલનોએ અને સ્નેહાળ આત્મીયતાએ એક વધુ જીવન ઊજળું કરી આપ્યું હતું. ભૂલ 'પાપનો ભાર' બને ત્યારે તેનો ધગધગતો લાવા અંતરને દઝાડતો રહે છે. સ્વામીશ્રીએ તેને શીતળ-શાંત કરી દીધો.

'દોષ વિનાનો માણસ ખીણ વિનાના શિખર જેવો છે. મને તેમાં રસ નથી.' રેને શારનું આ વિધાન સ્વામીશ્રીના અનુભવી ઉદ્‌ગારોમાં જરા જુદા પરિમાણમાં સ્પષ્ટ થયું છે. દોષિત યુવાનમાં એમને પૂરો રસ છે. એક પરમાત્મા અને બીજા તેઓના સ્વરૂપ સમા સંત વિના કોઈ જ પરિપૂર્ણ નથી. અપૂર્ણતાની કેટલીક પળો જિંદગીનો આનંદ ધોઈ નાખે તેવી માનવીની લાચાર સ્થિતિ સ્વામીશ્રીને મન અસહ્ય છે. તેમણે જે રીતે ખરડાયેલી યુવાનીને ખોળે લીધી છે, તે એમની નરી માતૃવત્સલતાનું જ પરિણામ છે. યુવાન તેમાં સ્વચ્છ બને છે. 'પાપ'ના પડછાયાથી છૂટે છે. ભૂલની ભૂગોળ તેને મન ઈતિહાસ બની જાય છે. નવી કૂંપળો, નવું વાતાવરણ અને નવું ભવિષ્ય સર્જાય છે....

પ્રભુનિષ્ઠાનો સબળ સહારો...

એક હરિભક્ત ખાસ લંડનથી સ્વામીશ્રીને મળવા મુંબઈ આવ્યા હતા. સ્વામીશ્રીએ તેમને મળવા બોલાવ્યા. આવતાં વેંત તેઓ રડી પડ્યાઃ 'બાપા, મારા માથે દેવું ખૂબ જ વધી ગયું છે. દુકાન ચાલતી નથી. ખબર નથી શું થાય છે ? અમારી મિઠાઈઓ સારી છે. બધું જ સારું છે પણ ખબર નથી પડતી. કોઈનો દ્રોહ થઈ ગયો હશે કે શું ? અત્યારે અહીં આવવા માટે દીકરીઓએ પૈસા આપ્યા છે....' સ્વામીશ્રીએ પહેલાં તેઓને આશ્વાસન આપ્યું....પછી કહે, 'દ્રોહ થઈ ગયો હશે....કે ફલાણું થયું હશે....એ બધી શંકાઓ કાઢી નાંખો. તમે તો ભક્તિ ને સેવા કરી છે.... શાપ લાગવાની વાત જ ક્યાં છે ? તમારો ધંધો જ એવો છે કે ચાલવો જ જોઈએ. કારણ કે

ત્યાં તો દર શનિ-રવિ પાર્ટીઓ હોય હોય ને હોય જ. એટલે કાંઈક દલાલી જેવું રાખો....તમારી ધંધાની પદ્ધતિ સુધારો. તમારે તો ઘરની દુકાન છે ને ઘરનો સ્ટાફ છે એટલે ખોટ જાય એમ જ નથી.'

પેલા કહે, 'મારે તો બેંકની લોન પણ હવે ચૂકવાય એવું નથી રહ્યું. મારું પોતાનું ઘર હતું એય એક ભાઈને આપ્યું તે હવે ખાલી નથી કરતા.' સ્વામીશ્રી કહે, 'એક વાત ખાસ ધ્યાનમાં રાખવી. વ્યવહારની બાબતમાં દયાદાન કરવાનાં ન હોય. મહારાજે કહ્યું જ છે કે લખત કર્યા વિના કોઈ સોદા ન કરવા. કાયદાની દૃષ્ટિએ લખાણ કરી જ લેવું. આ તો મકાન આપણું ને ખોટેય આપણે ખાવાની....' પછી કહે, 'મનમાંથી શંકા કાઢી નાખો. આશીર્વાદ છે. હમણાં થોડો ટાઈમ ચલાવો. પ્રયત્ન કરો.'

એક ભાઈ અમદાવાદમાં સ્વામીશ્રી પાસે આવ્યા. કહે, 'મારા કાકા મને ડરાવે છે કે હું આ મંત્રેલું કોડિયું ઊંધું વાળી દઈશ તો તારું ધનોત પનોત નીકળી જશે. હું તો ગભરાતો નથી પણ ઘરવાળાં બહુ ગભરાય છે.'

સ્વામીશ્રી તેના ખભે જોરથી ધબ્બો દેતાં બીજા હાથથી કેફનું લટકું કરતાં કહે, 'એક શું સત્તર કોડિયાં ભલેને ઊંધાં વાળે. એને કહેવું કે હજાર કોડિયા ઊંધાં વાળ, ગભરાતો નથી. તારે એને (પત્નીને) પણ કહી દેવું. કાંઈ નહીં થાય. બેધડક રહેવું. અમથા બી જઈએ એટલે ભૂત વળગે છે ! કોઈના હાથમાં મારવાનું છે જ નહીં. ભગવાન જ બધું કરે છે. લે આ પાણી. છાંટજે ઘરે. કશું નહીં થાય.' એમ કહેતાં સ્વામીશ્રીએ હરિકૃષ્ણ મહારાજને સ્નાન કરાવેલ પ્રાસાદિક જળ આપ્યું. એ યુવાનના હૈયામાં હિંમતની ભરતી ચડી. શ્રીહરિમાં શ્રદ્ધા સિંચાઈ અને તે વહેમ સામે લડવા ઊભો થઈ ગયો.

દુનિયાના દરેક ખૂણે એક યા બીજા સ્વરૂપે વહેમને જીવતો રખાયો છે. માનવીએ-માનવીએ તેની માત્રા વધ-ઘટે પણ અંતરના એક ખૂણે જલતું વહેમનું તાપણું વગર કારણે માનવીને જલાવે છે. અને તે પણ આ યુગમાં ! વિજ્ઞાનની દશાબ્દીઓમાં ! એકવીસમી સદીના ઊંબરે ! સ્વામીશ્રીએ આવા સમયે યુવાનને પરમાત્માની નિષ્ઠાનું બળ આપ્યું છે.

કેવી ક્ષુલ્લક માન્યતાઓ ! અને છતાં તેની કેટલી ગંભીરતા આ યુવાનોમાં દૃઢ થઈ છે !

અમદાવાદમાં સ્વામીશ્રી મિટીંગમાં પધારતા હતા ને એક યુવક દર્શને આવ્યો. એ કહે, 'મારાં માતુશ્રીને કોઈ જ્યોતિષીએ કહ્યું છે કે બે મહિનામાં મૃત્યુયોગ છે. એટલે ફલાણા જાપ કરો.' સ્વામીશ્રી કહે, 'મૃત્યુયોગ તો મારેય છે ને તારેય છે ને જ્યોતીષનેય છે. જ્યોતિષને કહ્યે કોઈ મરવાનું નથી, એટલું સમજ. ભગવાનની ઇચ્છા હશે ત્યારે મરવાનું જ છે. એમાં ગભરાવાનું શું ? ભલેને મૃત્યુ આવે ! સ્વામિનારાયણ સ્વામિનારાયણ ભજન કરજો. બધું સારું થશે.' યુવક ખુશ થતો વિદાય થયો.

વિજ્ઞાનના આટલા વિકાસ પછી પણ આજના યુવાનની માનસિકતા આવા વહેમોમાં જ હોય તો તે બદલવા હવે વિજ્ઞાન-તર્ક કે બુદ્ધિ નહીં, આધ્યાત્મિકતા, એક નિષ્ઠાનું બળ અને ભક્તિને સહારો જોઈશે જ. અને સ્વામીશ્રી તે સહારે યુવાનોને સજ્જ કરી રહ્યા છે.

ધિક્કારના ઉપદેશથી દુનિયા વધારે ને વધારે નિર્બળ બનતી જાય છે. આથી સ્વામીશ્રીએ યુવાનીની નાડ પારખીને પ્રેમના પંથે યુવામાનસને સબળ કરવાના ઔષધ કર્યા છે. યુવાનોમાં આશા, ઉલ્લાસ, સફળતા, હકારાત્મકતા અને ભગવન્નિષ્ઠાની મૂડીથી 'જીવન'ને પામી લેવાનો ઉત્સાહ સીંચાયો એ આ યુગમાં સ્વામીશ્રીના અદ્‌ભુત સંતત્વની અજોડ સિદ્ધિ સિવાય બીજું શું કહીશું ?

* * *

૮. સાદગીનું સૌંદર્ય

ખલિલ જિબ્રાને લખ્યું છે : 'સૃષ્ટિના તમામ સત્યો બહુ સાદાં જ હોય છે અને એટલે જ એ સમજવાં મુશ્કેલ છે.' આવાં સાદાં સત્યોને સમજવા આટાટોપના વાઘા ઉતારવા ફરજિયાત છે. વરણાગી વેશ-કેશ કે પદાર્થોનો અમર્યાદિત સંગ્રહ એ કદાચ સભ્યતા હશે, પણ સંસ્કાર તો હરગીજ નહીં. સ્વામીશ્રીએ સભ્યતા અને સંસ્કારના ભેદને બરાબર પારખ્યો છે. અલ્પજીવી અને વિનાશકારી છતાં ઝળહળાટ પ્રસારી શકતી જ્વાળાનું નામ 'સભ્યતા' છે. અને દીર્ઘજીવી, વિકાસશીલ અને ધીમો પણ સતત ક્રાંતિપ્રકાશ પ્રસારી શકતી મશાલનું નામ 'સંસ્કૃતિ' છે.

સ્વામીશ્રી કહે છે કે 'સારા દેખાવું એ આધુનિકતા છે. સારા થવું એ આધ્યાત્મિકતા છે.' આજે સભ્યતાએ 'આધુનિકતા'ના નામે યુવામાનસનો ઘણોખરો ભાગ 'બિઝી' કરી દીધો છે. યુવાન 'સારા દેખાવા' માટે જ વિચારે-વર્તે-કટિબદ્ધ થાય તો યુવાનીને 'સારા થવા' માટે ક્યારે સમય મળે ?

સ્વામીશ્રી નવસારી પધાર્યા ત્યારે જસુભાઈ પટેલના બંગલે ઊતર્યા હતા. આ બંગલામાં ઈલેક્ટ્રિક બલ્બની સિરીઝથી જેણે ડેકોરેશન કર્યું હતું તે શીખ યુવક ઈન્દરજિત સિંગ દર્શને આવ્યો. સ્વામીશ્રીને કહે, 'આ ડેકોરેશન આપને ગમ્યું ?'

'હા, સારું છે.' સ્વામીશ્રીએ પ્રોત્સાહક સૂરે કહ્યું.

તે કહે, 'આપ આવતી વખતે પધારો ત્યારે આના કરતાં પણ સારું ડેકોરેશન કરી શકું એવી મારી ઇચ્છા છે.'

સ્વામીશ્રીએ તેની છાતી પર હાથ અડાડી કહ્યું, 'તું પહેલાં અહીં પ્રકાશ કરજે (અંતરમાં) એટલે સારું જ થશે. બહુ લાઈટ કરી એટલે શોભા નહીં વધે. અંદર લાઈટ થવી જોઈએ....'

બોચાસણમાં લંડનના એક યુવકે પહેરેલું ટીશર્ટ સ્વામીશ્રી જોઈ રહ્યા. આજની ફેશન પ્રમાણે તેના ઉપર છૂટાછવાયા કાબરચીતરા અક્ષરો ચીતરેલા હતા. સ્વામીશ્રીએ તેની નજીકથી પસાર થતાં તેની છાતી પર આંગળી ફેરવતાં કહે, 'આ શું છે ? ગઈ કાલે (તારા ટીશર્ટ પર) જોર્ડનનું લખેલું હતું. પણ આ તો જો ! તારી છાતી એવી દેખાય છે કે જાણે મારામારી કરીને લોહીલુહાણ ના થઈ ગયો હોય ? આપણે તો આપણાં સૂત્રો લગાવી દેવાં....' સ્વામીશ્રીએ તેને સાદગીનો પાઠ શીખવ્યો.

અમદાવાદમાં છબીલદાસ કાચવાલાના નવા મકાનની વાસ્તુવિધિ હતી. સ્વામીશ્રી તેઓના દીવાનખંડમાં થાળ થતાં સુધી બિરાજ્યા. તેઓના પુત્ર રાજુને પ્રેમથી મળ્યા, ને પૂછ્યું, 'રાજુ, તને ગયા વખતે કપડાં ઓછાં ખરીદવાનું કહ્યું હતું, તે આશીર્વાદ બરાબર પળાય છે ને !'

'હા, એ પછી નવાં નથી ખરીદ્યાં.'

'તો સારું.' સ્વામીશ્રીને સંતોષ થયો. પછી કહે, 'હવે નવાં લેતો જ નહીં. બધાં વપરાઈ જવા દે.'

તે વિસ્મિત થતો જોઈ રહ્યો. કારણકે તેની પાસે ૨૦૦ જોડ કપડાં પડ્યાં હતાં. તે ક્યારે વપરાઈ રહે ! સ્વામીશ્રીએ યૌવન સહજ અવિવેકને સાદાઈની મર્યાદા બાંધી હતી, તે આજે યાદ કરાવી. જમ્યા બાદ બહાર લોનમાં બિરાજ્યા ત્યાં રાજુના કોઈ સ્નેહી વડીલે એ જ વાત કરી : 'સ્વામીજી, આ રાજુને કહો કંઈક... કપડાં જ બહુ ભેગા કરે છે...'

સ્વામીશ્રી કહે, 'તમારા કરતાં અમને તેની વધારે ચિંતા છે. તમારો તો સગો છે. પણ અમારો તો એ સત્સંગી છે. સત્સંગીને રજોગુણ ક્યાંથી પોષાય ?'

સ્વામીશ્રી મુંબઈમાં બિરાજ્યા હતા. યુવકમંડળની સભામાં પધાર્યા. એક પછી એક કાર્યક્રમો થતા રહ્યા. યુવાનોના ચહેરા પર, વસ્ત્રો પર.... સ્વામીશ્રીની નજર ફરી રહી હતી. અંતે આશીર્વાદ આપતાં એક ટકોર કરી : 'જીવનમાં રજોગુણની બહુ જરૂર નથી. રજોગુણ કરવાનો હેતુ શું ? બસ,

બધા મારા સામું જુએ ને વખાણે. પણ સારા દેખાવા માટે ટાપટીપ કરી સમય બગાડીએ છીએ. તે કરતાં સત્સંગ વધારે થાય, સારા ભક્ત, સારા સંત, સારા સમાજસેવક કેમ બનાય તે વિચાર કરવો. તો આપણને ને બીજાનેય સુખ આવે. શાંતિ રહે. જેટલા રજોગુણી રહીશું તેટલા સંસ્કાર ઘટશે. ને સંસ્કાર ઘટે તેટલા દુઃખી રહેવાના. પછી વૃત્તિઓ ફેલાઈ જાય. એટલે અભ્યાસમાં ચિત્ત ચોંટે નહીં. પછી શું કરે ? હડતાલ ચાલે !

'અત્યારે વાતાવરણ એવું છે કે સાદાઈની વાત કરીએ તો જૂનવાણી લાગીએ પણ આધુનિક સગવડોનો ઉપયોગ કરવાની ના નથી, પણ બધું મર્યાદામાં. નિયમધર્મમાં રહેવું. તો બળ રહે. સૌની જેમ લોલં લોલ મંડી પડીએ તો બીજામાં ને આપણામાં ફેર શું રહ્યો ?'

આટલા સાદાઈના આગ્રહી હોવા છતાં સ્વામીશ્રીએ યુવાનોને 'જૂનવાણી' રાખવાનું પણ પસંદ નથી કર્યું. 'આધુનિક સગવડોનો ઉપયોગ કરવાની ના નથી, પણ બધું મર્યાદામાં !' -કેવું અદ્‌ભુત સંતુલન છે એમની સલાહોમાં ! આ શબ્દોનું મૂલ્ય યુવાનો માટે કરોડો રૂપિયાથી અધિક છે. આ શબ્દો આંતરવૈભવ તરફ જવાના માર્ગ ઉપર માઈલસ્ટોન છે.

અમદાવાદ કિશોરમંડળે સંસ્કારલક્ષી સુંદર કાર્યક્રમ રજૂ કર્યો. સ્વામીશ્રીએ આશીર્વાદમાં કહ્યું, 'પહેલું દૃશ્ય આપણે જોયું, પેલો સ્કૂટરવાળો બરાબર ટાપટીપ કરીને આવ્યો-દુનિયાને ગમે તે માટે. આપણે દુનિયામાં સારા દેખાવાનો પ્રયત્ન કરીએ છીએ. પણ દુનિયા તો આજે હાર પહેરાવશે, કાલે ખાસડાં મારશે. એને રીઝવી શકાતી જ નથી. આપણે તો ભગવાન આગળ સારા દેખાવાનું છે. એ ઉપરના આટાટોપથી રીઝી જતા નથી. આદર્શ થઈએ, સારા ગુણ આવે, ધર્મના સંસ્કાર વધે એ રીતે જીવવાનું છે. ભગવાન અને સંત રાજી થાય એ વાત દૃઢ કરીશું એનાથી જ શાંતિ થશે. અને દુનિયા આખીમાં શાંતિ થશે.

'વાળ-કપડાંમાં શોભા કરીએ, સ્વચ્છંદતાથી ફરીએ એથી વિશેષતા નથી. એવી દુનિયાની મોટપ તો ત્રણ દા'ડામાં હેઠી પડે છે. એના કરતાં ભક્ત બનીએ ને દાસ થઈને સેવા કરીએ એનાથી ભગવાન રાજી થાય છે. ભગવાન રાજી તો દુનિયા રાજી જ છે. બાહ્ય દેખાવથી છેતરાવું નહીં. સારા

ગુણવાળા બનીએ. સરળ જીવન, સાદાઈ અને સારું શિક્ષણ જોઈએ. આ ગુણો હંમેશ માટે કેળવીએ તો તેનાથી લોકોને પણ સમાસ થશે. આજે પ્રલોભનો ખૂબ છે. પણ મહારાજનું બળ હશે તો વાંધો નહીં આવે...'

વિદ્યાનગરમાં એકવાર યુવકોએ સ્વામીશ્રીને પૂછ્યું હતું : 'સ્વામી, અમારે કેવો ડ્રેસ પહેરવો ?'

સ્વામીશ્રીએ કહેલું : 'ભગવાનની ઇચ્છાથી જ્યારે જે ડ્રેસ મળે તે પહેરવો. ડ્રેસથી (બાહ્ય દેખાવથી) આપણી મહત્તા નથી. ગુણોનો ડ્રેસ પહેરવો. એના જેવું એકે નહિ.' સ્વામીશ્રીએ યુવારુચિને આંતર શોભા તરફ વાળી હતી.

આસ્ટન (યુ.કે.)માં એક યુવક સ્વામીશ્રીને મળવા આવ્યો. તેનું નામ હતું કિશોર. એના હાથમાં મોબાઈલ ફોન હતો. સ્વામીશ્રીએ તરત જ પૂછ્યું, 'આ ફોન કેમ રાખ્યો છે ?'

'સ્વામી, મારે ધંધામાં તેની જરૂર પડે છે.' તેણે કહ્યું.

સ્વામીશ્રીએ ફરી પૂછ્યું : 'ઓફિસનો કે ઘરનો કે ફેક્ટરીનો ફોન ન ચાલે ?'

તે કહે, 'સ્વામી, મારે ફરવાનું વધારે હોય છે, એટલે...'

સ્વામીશ્રીએ સંમતિ આપતા હોય તેમ કહ્યું, 'તો બરાબર છે. બાકી મોભા માટે હોય તો કાઢી નાખજે. નકામા ખર્ચા વધારવાની જરૂર નહીં.'

સ્વામીશ્રીને જાણ હતી કે સામાન્ય ફોન કોલનો ખર્ચ ૧૦ પેની થાય છે અને આ ફોનનો ખર્ચ ૩૩ પેની થાય છે. મોભાને નામે કરકસર વળોટી જવાય તો સંયમ કે સાદાઈ ક્યાં રહી ? સ્વામીશ્રી યુવાનોની આર્થિક સધ્ધરતા કે સક્ષમતા વિશે પણ વિચારતા રહે છે.

રવીન્દ્રનાથ ટાગોરના શબ્દો આ પ્રસંગોના અંતે મૂકવાનું મન થાય છે : 'સત્ય, શક્તિ અને સૌંદર્ય એ સાદાઈમાં જ છે.' સ્વામીશ્રીની પ્રેરણાઓ યુવાનોના જીવનને આ ત્રિવેણી સંગમ ઉપર રચીને તેને પ્રયાગનું તીર્થત્વ આપવા માટે સદાકાળ વહેતી રહે છે....

*

યોગઃ કર્મસુ કૌશલમ્...

'उतिष्ठ ! जागृत ! प्राप्यवरान्निबोधत....'

ઊઠ, જાગ અને ધ્યેયપ્રાપ્તિ માટે મંડી પડ.....

'योगः कर्मसु कौशलम्'-કર્મમાં કુશળતા એ જ યોગ છે.

ઉપનિષદ્ - ગીતાનાં આ સૂત્રોનો ચૈતન્ય સ્પર્શ પણ સ્તબ્ધ બની જાય તેવી આળસ આપણા યુવાનોની મિત્ર છે. આળસનો ખોળો છોડવાથી એ લોકો નિરાધારપણું અનુભવે છે. મહાભારત આવા પ્રમાદીને 'મરેલો માનવી' જાહેર કરે છે : 'प्रमादं वै मृत्युरहं ब्रवीमि....'

સ્વામીશ્રીએ આવા કંઈકને પ્રમાદની કબરમાંથી ખેંચી કાઢ્યા છે. તેમના હૈયે એ ચિંતા છે કે યુવાન પાસે જીવતર છે, તેનું વળતર લેવાતું નથી. મૂડી છે પણ વપરાતી નથી. જમીન છે પણ ખેડાતી નથી....આ તમોગુણના પ્રકોપને ખાળવો જ રહ્યો. એ મૂળગત ગ્રંથિને બાળવી જ રહી.

આળસે વિવિધ રીતે રેડેલી નામર્દી આપણા યુવાનના હર્યાભર્યા બદનમાં ઊભરાતી જોવા મળે ત્યારે સ્વામીશ્રીએ તેમને જીવનરસની મહત્તા સમજાવી છે. આળસને આનુષંગિક ઘણા દોષો દેખાડી તેનું નિરસન કર્યું છે.

ગોંડળમાં એક યુવકને સ્વામીશ્રી કહે, 'આપણાં કપડાં આપણે જાતે ધોતાં શીખી જવું. અત્યારથી એવી ટેવ પાડવી, નહીં તો જ્યારે માથે પડે ત્યારે દુઃખ લાગે, ભારે પડે. થાય તો બીજાની સેવા કરવી ને આપણી સેવા તો જાતે જ કરવી. બધું જ જાતે... સેલ્ફ સર્વિસ. શું સમજ્યો ?' સ્વામીશ્રીએ તેને ઘણી વાત કરી.

વિદ્યાનગર છાત્રાલયના બ્લોકમાં સ્વામીશ્રી નિરીક્ષણ માટે પધાર્યા. એક રૂમમાં ગયા. રૂમ સ્વચ્છ હતી. પરંતુ ગેલેરીમાં ખૂણામાં થોડા સાબુ જેમ તેમ પડ્યા હતા. એક ભીનું મસોતું ગંધાતું હતું. સ્વામીશ્રીએ તે રૂમમાં રહેતા વિદ્યાર્થીને બોલાવ્યો અને પેલું મસોતું જાતે જ ઊંચકીને કહે, 'જો આ મચ્છર ! તું આવું રોકે પછી એને આમંત્રણ આપવા જવું પડે ? પછી ફરિયાદ કરો એ કેમ ચાલે ? આ સાબુ, આ શીશી બધું વ્યવસ્થિત મૂકવું. અત્યારથી એવી ટેવ પાડવી. સ્વચ્છતા માટે ટાપટીપ કરવી.'

અટલાદરામાં એક ભાઈ પોતાના ૩૦ વર્ષના સુપુત્રને લઈને સ્વામીશ્રી પાસે આવ્યા, ખોળામાં માથું મૂકીને પોકે પોકે રડવા જ માંડ્યા. સ્વામીશ્રીએ તેમને છાના રાખ્યા. પૂછ્યું : 'શું છે ?'

'આ મારો દીકરો કામ જ કરતો નથી....'

'કેમ ?' સ્વામીશ્રીએ સીધું જ પુત્રને પૂછ્યું.

તે કહે, 'હું કામ કરું છું.'

'શું કરે છે ?'

'દુકાને જાઉં છું.'

'શાની દુકાન છે ?'

'સ્પેરપાર્ટ્સની.'

'રોજ દુકાને જાય છે ?'

'ના, ૩-૪ દિવસે જાઉં છું.' તેણે બેફિકર ઉત્તર આપ્યો.

સ્વામીશ્રી કહે, 'ભ'ઈ, તમારે અત્યારે કામ કરવાની ને કમાવાની ઉંમર છે. રોજ દુકાને જવું. કામ કરવું. તો કાંઈ નફો થશે. નહીં તો પછી પાછલી જિંદગીમાં મુશ્કેલી જ વેઠવાની આવશે.' સ્વામીશ્રીએ તેને ઘણું સમજાવ્યો. અને તેમાં સફળ થયા. આળસ-પ્રમાદ જેવી ભૌતિકવાદી આડ-અસરોમાંથી જન્મેલા આવા કુંભકર્ણોને જગાડી સ્વામીશ્રી તેમને સ્વકર્મનિરત કરે છે.

વિદ્યાનગરમાં સ્વામીશ્રી જમવા બિરાજ્યા ત્યારે છાત્રાલયમાં રહેતો અશોક ઠક્કર ભક્તચિંતામણિની 'પત્રી' મોઢે બોલ્યો. જમતાં જમતાં સ્વામીશ્રીએ કડીઓનું નિરૂપણ કર્યું : 'સર્વે ગુણ તો શોભે છે ત્યારે....' બધા ગુણ શોભે ક્યારે ? જીવમાં ભક્તિ હોય તો. બાકી ગમે એવી ડિગ્રીઓ મેળવી હોય તોય નકામી. ધર્મ અને ભક્તિ બે હોય તો ડીગ્રી શોભવા માંડે. પટિયાં પાડવાથી શોભા નથી.'

'મેલી આળસ.....' શું વાત આવી ? આળસ કરો છો ?'

'હા.' રક્ષિતે કહ્યું.

'તો ક્યાંથી કાર્ય સિદ્ધ થાય ?'

'એ તો થોડો અભ્યાસ ને થોડી આળસ બેય ભેગું છે.'

'લ્યો, થોડું ઝેર ને થોડું બીજું ભેગું છે, એવી વાત છે. આળસ ઝેર જ છે.' સ્વામીશ્રીએ કહ્યું, 'આ કામ કલાક પછી કરીશ એ આળસ જ કહેવાય. અભ્યાસના સમયે 'લાવ પાન ખાઈ આવું.' 'બે મિત્રોને મળીને વાત કરું.' એ આળસ જ કહેવાય. એક દા'ડો આળસ પેઠું એટલે બીજે દા'ડે કામ ચઢે ને પછી આવે કંટાળો. ભક્તિ ને અભ્યાસ તો રોજે રોજ કરી નાખવાં. પછી પેપર કઠણ આવે તોય વાંધો નહીં.'

જ્યારે પડકાર ઝીલવાની વૃત્તિ ન રહે ત્યારે વિદ્યાર્થીઓ અભ્યાસમાં અને જીવનમાં સરળતા શોધે છે. સહેલાઈથી સિદ્ધિ મળે તેમ ઝંખે છે. આ વૃત્તિ જતે દિવસે આળસ બને છે. સ્વામીશ્રી અહીં આવા વૈચારિક ઝેરનું સચોટ મારણ બતાવે છે : 'આ કામ કલાક પછી કરીશ-એ પણ આળસ જ છે.' - કેટલી અનુભવગમ્ય વ્યાખ્યા ! પરંતુ આપણી પ્રજાને હક્ક ભોગવવા છે ફરજ ભૂલીને ! અને ફરજમાંયે કાપકૂપ કરી લેવી છે અન્યાયનું બહાનું ધરીને ! સ્વામીશ્રીની મનોભાવના આ યુવાનોને કર્મઠતાનો અને દેશભક્તિનો સંદેશો એક વિશિષ્ટ અભિગમ તરીકે આપે છે.

આસ્ટન (યુ.કે.)માં એક યુવક સ્વામીશ્રીના દર્શને આવ્યો. ઉત્સાહથી કહે, 'અમારું યુનિયન કામના કલાક ઘટાડવા- ૩૩.૫ કલાકમાંથી ૩૩ કલાક કરવા આંદોલન કરે છે.'

સ્વામીશ્રી કહે, 'ખરા છો ને ! ચાલીસ કલાક કરતા હો તો ! દેશને ફાયદો થાય એમ કરો તો શું વાંધો છે ?' પેલો યુવક આ ભાવના જોઈને દિંગ બની ગયો. ભારત હોય કે ઈન્ગ્લેન્ડ—દેશના સીમાડા આ પુરુષ માટે ક્યાં હોય છે ?

*

વ્યસને સર્જેલી તારાજીની આ વાત છે :

અમદાવાદના એક ભાવિકના બેય દીકરાઓ દારૂમાં ચકચૂર બની ૨૫-૨૭ વર્ષની ઉંમરે પણ બેકાર બેસી રહ્યા હતા. સ્વામીશ્રી તેમને સમજાવતાં કહે, 'તમે વાણિયાના દીકરા છો. વેપારી કહેવાવ. વિચાર તો કરો, સમાજમાં દારૂડિયાની કિંમત ખરી ? આપણાથી ગમે તેવાની સાથે બેસાય પણ નહીં. હવે મોટા થયા. જવાબદારી છે. નોકરી કરો. પૈસા હોય નહીં ને

વ્યસન કરો એટલે ચોરી ને ધમાલ કરવી પડે. પૈસાદાર એકદમ નથી થવાતું. સૌ નીચેથી ઉપર આવ્યા છે. તમે સમજો, આ આપણા સંસ્કાર જ નથી. થોડું મળે તો થોડું પણ મહેનત કરવી. બેસી ન રહેવું.'

સ્વામીશ્રી ઘણી વાર વ્યક્તિની ખાનદાનીને એવી રીતે સંકોરે છે કે તે અવળે માર્ગેથી ઊભો થઈ સવળી દિશામાં દોડવા લાગે છે.

માતરમાં ત્રણ યુવાન ભાઈઓને સ્વામીશ્રીએ સામેથી મળવા બોલાવ્યા હતા. મોટાભાઈ નિખાલસ ભાવે સ્વામીશ્રીના પ્રશ્નોના ઉત્તર આપતા હતા. તેમણે કહ્યું : 'અમે ત્રણે ભાઈઓ, પણ અમારા ત્રણેથી બાપુજીને સંતોષ નથી. એનાં કારણ પણ મને ખબર છે. હું બેઠો બેઠો ગપ્પાં-ટોળટપ્પાં માર્યા કરું. આ બીજો ખાલી ખોટો ગાંધીનગર દોડાદોડ કરે છે, કમાતો નથી. ને આ...' ત્યાં સ્વામીશ્રીએ વાતનો દોર પકડી લીધો. વચલાને સંબોધીને કહે, 'તારે શું દિલ્હીની ગાદી લેવી છે ? તારે રાજકારણની સીટ જોઈતી હોય તો એમ ન મળે. ખાલી આંટા માર્યે રાજકારણી થવાય નહીં. પહેલાં કમાઈને મહેનત કરીને ઘરમાં કંઈક આપો. પહેલાં કુટુંબની સેવા, સમાજની સેવા કરો. પછી દેશની કરતાં આવડશે. ગામમાં કામ કરતાં શીખો. સત્સંગ હશે તો આ બધું થશે. ને બીજી, મહેનત. તો આગળ આવશો....' પછી મોટાને કહે, 'તારે પણ ગપ્પાં મારવાં મૂકી દેવાં. લે નિયમ....કંઠી છે ? કંઠી કાયમ રાખવી. મંદિરે નિયમિત જવું. કંઈક ધંધે લાગી જવું....'

ઝડપથી નામના કમાઈ લેવાનો નશો રાજકારણની ગળથૂથીમાં ચખાડવામાં આવે છે. એવા લોકો પોતાને 'સમાજ સેવક' માને છે. અને સમાજસેવાના અંચળા નીચે છેવટે તો 'પ્રમાદ' કે 'અહંકાર' જ પોષાય છે. આ સ્વામીશ્રીને માન્ય નથી.

એક એવો પણ વર્ગ છે કે સફળતા માટે આશીર્વાદનો ટૂંકો રસ્તો શોધવા મથે છે. આવા યુવાનો ઉપર સ્વામીશ્રીને ભારે અણગમો છે. આવા યુવાનોને બહુ સ્પષ્ટ રીતે એમણે કર્મઠતા અને પુરુષાર્થના વહેણમાં વાળ્યા છે.

ન્યૂયોર્કમાં સ્વામીશ્રી અલ્પાહાર કરીને બિરાજ્યા હતા ત્યાં એક હરિભક્ત આશીર્વાદ લેવા આવ્યા. કહે, 'મારી જોબ સારી ચાલે તે માટે....' સ્વામીશ્રી વચ્ચે જ કહે, 'તમે બીજી વાર આ માટે આવ્યા ને ! એકલા આશીર્વાદ

માગ્યા કરો એ ના ચાલે. આશીર્વાદ સાથે પુરુષાર્થ તમારે કરવો પડે. તમને નહીં, તમારા પુરુષાર્થને આશીર્વાદ છે !'

'તો બાપા, આપની શી આજ્ઞા છે ?'

'આ જ આજ્ઞા, હવે પુરુષાર્થ કરો. પરિશ્રમ વગર કોઈ વસ્તુની સિદ્ધિ થતી નથી. ભગવાન એને જ મદદ કરે છે, જે પુરુષાર્થમાં મંડ્યો રહે છે. પરિશ્રમ કરનાર પર ભગવાન વગર માગ્યા આશીર્વાદ આપે જ છે. તેમને આગળ રાખી, નિયમધર્મમાં રહીને જે કરીએ તેમાં સફળતા જ છે...'

સ્વામીશ્રીના અંગત જીવનમાં પુરુષાર્થની અગ્રિમતા જ એવી છે કે એમનો આચારપૂત ઉપદેશ યુવાનોને સંઘર્ષની અનિવાર્યતાનું ભાન કરાવે છે.

વળી બીજો વર્ગ છે સત્સંગ પ્રવૃત્તિના નામે નિષ્ક્રિય રહેનારો. કર્તવ્ય કર્મ ન કરનારાઓનો.

લંડનમાં સાંજે પ્રસાદ લેતી વખતે સૌ સ્વામીશ્રીનાં દર્શન કરતા હતા. તેમાં રાજેશ નામે યુવક ઊભો હતો. સ્વામીશ્રીએ તેને પૂછ્યું, ' તું આખો દિવસ મંદિરમાં જ હોય છે, તુ ભણે છે?'

'ના.'

'તો નોકરી કરે છે?'

'ના'

'તું સાવ નવરો જ છે? કાંઈ કામ કરતો નથી?' સ્વામીશ્રીના સ્વરમાં ચિંતા તરી આવી. તેણે કહ્યું કે 'એમ તો ડેડી સાથે દુકાને બેસું છું. પણ આપ અહીં છો તો સેવા-કથાનો લાભ મળે તેથી દુકાને જતો નથી.'

સ્વામીશ્રી કહે, 'એ બરાબર, પણ નવરા આંટા ન મારવા. એના કરતાં બાપુજીને કંઈક મદદ કરવી.' સત્સંગના નામે આળસ પોષાય તે સ્વામીશ્રીને ક્યાંથી પસંદ હોય?

યુવાની તો ધબકતી ધમનીઓનુ સ્પંદન છે. વિકસિત દેહ! વિશ્વકર્માના અવિરત દોડતા રથનો અશ્વ! કંઈક કમાણી કરી લેવાનો કાળ! શક્તિ અને સ્ફૂર્તિનો સમય. કશુંક કરવું જ છે, તેવા ખરા અર્થમાં જાગતી હોંશનો સમય. યૌવનની દૃષ્ટિની ઉડાન આકાશની પેલી પાર જાય છે. આવી યુવાની જ્યારે નિષ્ક્રિય હોય, બેકાર હોય ત્યારે સ્વામીશ્રીના હૈયે ધ્રાસ્કો પડે છે, 'તું સાવ

નવરો જ છે? કાંઈ કામ કરતો નથી ?' આ શબ્દોમાં એવો એક ધ્રાસ્કો ઝિલાયો છે અને એક પડકાર પણ.

એક વાર મુંબઈમાં એક્યુપ્રેશરના નિષ્ણાત દેવેન્દ્ર વોરાએ પોતે લખેલા એક્યુપ્રેશરના બે પુસ્તકો ભેટ આપ્યાં. તે જ્ઞાનપ્રિય સ્વામીને આપતાં સ્વામીશ્રી કહે, 'કોઈ બેકાર યુવક હોય, નોકરી મળતી ન હોય તો આ લો તેને શિખવાડજો. આ કરીને પણ તે ઘણું મેળવી શકશે...'

સ્વામીશ્રીના હૈયે વસેલું યુવાનોની બેકારી-સમસ્યાનું દર્દ આ શબ્દો પાછળ ઘુંટાતું હતું...

ઉત્તરદાયિત્વ : વિશ્વાસની ફલશ્રુતિ

સ્વામીશ્રીએ યુવાનને આવતી સદીઓનો શિલ્પી કલ્પ્યો છે. તેની શક્તિમાં વિશ્વાસ મૂકી મોટી જવાબદારીઓ આપી અનુભવો મેળવવાની તકો ઊભી કરી આપી છે. કોઈ યુવાન તેમાંથી કુટુંબનો મોભી બને છે. કોઈ સંસ્કારોનો સંદેશવાહક, કોઈ સંચાલક બને છે તો કોઈ કાર્યકર્તા. કુટુંબ અને સમાજ તરફ, શિક્ષણ અને સંપ્રદાય તરફ તેનું કર્તવ્ય છે, તેની જાગૃતિ યુવાનોમાં જવાબદારીભર્યા પદમાંથી પ્રગટે, તે અંગે સ્વામીશ્રીએ યુવાનોને સભાન પણ કર્યા છે, અને સક્રિય પણ કર્યા છે.

સુરતમાં એક પિતાએ પુત્રને સ્વામીશ્રી સમક્ષ ઊભો રાખ્યો. કહે, 'સ્વામી, આ મારો દીકરો દર મહિને રૂ. ૨૫૦૦ કમાય છે. પણ બધા ઉડાવી દે છે..'

સ્વામીશ્રી કહે, ' અલ્યા, સમજ તો ખરો, અત્યારે નોકરી ચાલુ છે ને કાલે ઊઠીને બંધ થશે તો શું થશે? કાંઈ બચત કરી હશે તો કામ તને લાગશે. કુટુંબની જવાબદારી તારે સમજવાની છે. કાલે કેવો વખત આવશે તેની તને ખબર છે? તું પૈસાનું રક્ષણ કરીશ તો પૈસા તારી રક્ષા કરશે...' આ સભાનતા પછી કહેવાની જરૂર નથી કે તે સ્થિર બન્યો. પરિપક્વ બન્યો...

સુરત છાત્રાલયમાં રહી P.T.C.નો અભ્યાસ કરનાર યુવકોને લઈને ઉત્તમપ્રકાશ સ્વામી સાંકરી આવ્યા હતા. સ્વામીશ્રીએ આ યુવકોને સમાજ પ્રત્યેની તેમની વફાદારીનો પાઠ શીખવ્યો : 'તમે હવે શિક્ષક થયા. જ્યાં

જાઓ ત્યાં સત્સંગ કરાવજો. તમે પોતે નિર્વ્યસની રહેજો. બીજાને પણ કરજો. આ આપણી સંપત્તિ છે...'

વિદ્યાનગરમાં મેડિકલ કૉલેજમાં અભ્યાસ કરતા યુવાનો શીખ છાત્ર આકાશદીપ સાથે આવ્યા હતા. સ્વામીશ્રીએ તેમના કાને પણ જવાબદારીનો મંત્ર ફૂંકી દીધો : 'આપણે ભારતના છીએ. એટલે ડૉક્ટર થયા પછી સેવાભાવના રાખવી. ભારત ગરીબ દેશ છે. એટલે એવાને મદદરૂપ થવાની ભાવના રાખજો. ડૉક્ટર થયા ને તરત મોટર-બંગલાના વિચાર ન કરવા. એતો મળશે જ....'

આજે યુવકોની શિક્ષણ પ્રત્યેની વફાદારી અને જવાબદારી ચૂંટણી અને હડતાલો તરફ વળી ગઈ છે. કરમસદની પ્રમુખસ્વામી મહારાજ મેડિકલ કૉલેજના જી.એસ. અને સત્સંગી છાત્ર આકાશદીપને સ્વામીશ્રીએ સોનેરી સૂચના આપી હતી, 'જી. એસ. થયા કે ગમે તે થયા, પણ ધમાલ ન કરાવવી. બધાને શુદ્ધ બનાવજે. કૉલેજનું નામ રહે તેવું કામ કરવું.'

છાત્રાલયના કોલેજિયન યુવાનોને સંબોધતાં સ્વામીશ્રીએ વિદ્યાનગરમાં કહેલું, 'આપણે અભ્યાસમાં એકાગ્રતા રાખવી. રાજકારણી તમને ઘસડી જાય તે તરફ ધ્યાન ન આપવું. ચૂંટણીઓમાં કેટલી માથાકૂટ! પછી ભણવાનું ધ્યેય ચુકાઈ જાય છે. અભ્યાસ, મન અને પૈસો ત્રણે બગડે છે. પછી પેપર અઘરું લાગે. ને ધમાલ થાય. હડતાલ પાડે ને પેપર નાખીને જતો રહે! આવા યુવાનો એમના ઘરનો, દેશનો અરે, પોતાનો પણ ઉદ્ધાર શું કરવાના! અત્યારથી જ પાયો ખરાબ નાખીએ છીએ એટલે ગમે ત્યાં જાવ, ખોટું ખોટું ને ખોટું જ કરવાના...'

યુવાનોની શિક્ષણ મનોવૃત્તિને ધરમૂળથી બદલી નાખવાની કેટલી તાકાત આ શબ્દોમાં પ્રગટી છે! જાણે અભ્યાસક્ષેત્રના સુકાનીની અનુભવવાણી ન હોય !

આ ઉત્તરદાયિત્વની સાથે સત્સંગ પરિવારનું પણ સુકાન સ્વામીશ્રીએ યુવાનોના હાથમાં ધર્યું છે.

મુંબઈમાં યુવક મંડળના પ્રમુખ તરીકે અનિલ મહેતા નિમાયા હતા. સ્વામીશ્રીએ આ સંદર્ભમાં સભાને આશીર્વાદ આપતાં કહ્યું હતું : 'આજે નવા

પ્રમુખ નિમાયા. આપણે ત્યાં હોદ્દો તો સામાન્ય વસ્તુ છે. વ્યવસ્થાની દૃષ્ટિએ કર્યું છે. જેથી જવાબદારી સમજીને કાર્ય થાય. પરંતુ આમાં તો બધાને માથે જવાબદારી છે. અહીં તો 'ગાયો વાળે એ ગોવાળ' એમ બધા પ્રમુખ છે. ભગવાન ને સંત રાજી થાય એ કરવાનું છે. સૌથી પહેલાં તો આપણો સત્સંગ દૃઢ કરવો. બધાએ પ્રતિજ્ઞાનું પાલન કરવાનું. આ મુંબઈ અજંપા નગરી છે. તેમાં પ્રલોભનો જબરદસ્ત આવે. પણ ગમે તેવાં પ્રલોભનો વચ્ચે આપણે એક જ ધ્યેય રાખવાનો છે–'મહારાજ-સ્વામીને રાજી કરવા.' આજે સમાજ ક્યાંય ચારિત્ર્યવાન દેખાતો નથી. એમાંથી બચીને બીજાને પ્રેરણા આપવાની છે. બીજાને સાચી સલાહ આપી શકે તેવો સમાજ આપણે ઊભો કરવો છે. સારા માણસો હશે તો સમાજ-દેશ સારા થશે. ધર્મનો પણ વિકાસ થશે.'

સ્વામીશ્રીનું સ્વાસ્થ્ય નાદુરસ્ત હતું. બોચાસણમાં સારવાર ચાલતી હતી ત્યારે વિદ્યાનગરથી વિવેકનિધિ સ્વામીએ 'ગેટ વેલ સૂન'નું કાર્ડ તૈયાર કરીને યુવકો દ્વારા મોકલ્યું હતું. જેમાં સ્વામીશ્રી વિદ્યાનગર આરામ કરવા પધારે તે માંગણી પણ હતી. સ્વામીશ્રી યુવકોને કહે, 'તમારા બધાનો પ્રેમ છે એટલે આરામ થઈ જશે. આવો ને આવો પ્રેમ રહે, ભક્તિ વધે, સારો અભ્યાસ થાય અને જેવો બાપાને સત્સંગ કરાવવો હતો એવો દૃઢ થાય. નિષ્ઠા ને સમજણ દૃઢ થાય એ આશીર્વાદ છે.'

નીમેષ કહે, 'આપ પરદેશમાં નહી ને અહીં જ કેમ બિમારી ગ્રહણ કરો છો?'

સ્વામીશ્રી કહે, 'ઘરમાં ગમે એમ હોય એ ચાલે, બીજાને ત્યાં જઈએ ત્યારે તો બરાબર રહેવું જોઈએ.'

'બાપા! બીમારી અમને આપી દો ને!' યુવકોએ વિનંતી કરી.

સ્વામીશ્રી કહે, 'તમને આપવી નથી. તમારા દ્વારા સત્સંગ કરાવવો છે. સારામાં સારું ધર્મનું રાજ કરવું છે. અત્યારે તો બધા કુટંકુટા કરે છે. તમારા જેવા તૈયાર થઈને સમાજની અને દેશની સેવા કરે અને સત્સંગની સેવા કરે. ધર્મવાળો સમાજ તૈયાર થાય. બધાને ધર્મને માર્ગે દોરે. સંસ્થાનું નામ ઉજાળે ને સારો સમાજ તૈયાર કરે. દેશમાં જ્યાં જાઓ ત્યાં આવું સર્કલ ઊભું થઈ જવું જોઈએ.' આ આત્મીય ગોઠડીમાં યુવકોનો સ્વામીશ્રી પ્રત્યેનો પ્રેમ

અને સ્વામીશ્રીને યુવકોને ઘડવાનું તાન બેયનાં દર્શન થતાં હતાં.

હ્યુસ્ટનમાં યુવાનોને કાર્યકર્તાપદે નિયુક્ત કર્યા પછી સ્વામીશ્રીએ સુંદર સમાપન કર્યું હતુંઃ 'દરેકે પોતાનું માનીને કાર્ય કરવું. મને ક્યાં સોપ્યું છે? તેમ નહીં, આ કાંઈ લૌકિક સમાજ નથી. આ તો ભગવાનનો સમાજ છે. દિવ્ય સમાજ છે. કમિટી, જવાબદારી તો પ્રણાલિકા છે, પરંતુ કાર્ય તો બધાએ કરવું.' સ્વામીશ્રીની આ ભાવના રહી છે કે તમામ કંઈક રચનાત્મક કાર્ય કરે.

બોચાસણમાં યોજાયેલી બાળનિરીક્ષકો અને સંચાલકોની શિબિરમાં સ્વામીશ્રીએ કહ્યું : 'તમે બાળકોને તૈયાર કરો, એવા તૈયાર કરો કે જ્યાં જાય ત્યાં છાપ પાડે. જેમ અમુક યુનિવર્સિટીની છાપ છે, તેમ આ અક્ષરપુરુષોત્તમ યુનિવર્સિટી છે. તમારા હાથમાં જેનું સંચાલન છે, તે બાળકો પાયો છે. માટે એવો પ્રયત્ન કરવો કે બાળકો ખૂબ સારાં તૈયાર થાય.'

યુવાનોને યુનિવર્સિટી ચલાવવાનું ગૌરવ સોંપીને, પાયાના સંસ્કારો રેડી, ભવિષ્યનો મહાન સમાજ તૈયાર કરવાની જવાબદારી સોંપીને સ્વામીશ્રીએ યુવાનોની શક્તિ પર જે ભરોસો, જે વિશ્વાસ મૂક્યો છે, તેનું વળતર યુવાનો બમણા વેગે વાળી રહ્યા છે. કેમ કે તેમને લાગ્યું અહીં જ અમારી શક્તિઓની સાચી કદર છે.

* * *

૬. 'સેવા એ જ અમારું જીવન'

'પોતાને મનગમતું કામ તો મોટામાં મોટો મૂર્ખ પણ પાર પાડી શકે, પણ બુદ્ધિશાળી તે છે કે દરેક કામને મનગમતું બનાવી શકે. કોઈ પણ કામ હલકું કે સાધારણ નથી.'

યુવાન સમાજનો સેવક છે. અને સ્વામી વિવેકાનંદે સેવક-સ્વધર્મની અદ્ભુત વાત આ શબ્દોમાં ઉચ્ચારી છે. 'મનગમતું' કરવાની પતંગિયાવૃત્તિ એ સેવકનું લક્ષણ નથી. સોંપાય તે કરવાનું, સમાજની ગંદકી ઉલેચવાનું એ કાર્ય પાયાનું છે. અને જે ધરતીમાં ધરબાઈ જાય છે તેને જ પાયો કહે છે. આ બુનિયાદ પર યુવાશક્તિની ભવ્યતાને રચવી હોય તો 'ઊંચું કામ' કે 'નીચું કામ' એ ભેદને ભૂંસવા જોઈએ. સેવક જ્યારે 'સાધારણ કામ' કે 'અસાધારણ કામ'નો ભેદ નક્કી કરે છે ત્યારે 'સેવા' એ ધર્મનું ગૌરવ ગુમાવે છે. એ કેવળ વેઠ બને છે. મજૂરી બને છે. તેમાં પ્રાણ નથી હોતા, ચેતનાના ધબકાર નથી હોતા.

અને આજે પરિસ્થિતિ આથી જુદી નથી. સખત પરિશ્રમ કરીને પરસેવે રેબઝેબ થયેલા હાડમાં ક્રિયાશીલતાનો જે આનંદ ઘૂઘવતો હોય છે, તે અનુભવ હવે માત્ર શ્રમજીવી અને ગામડાગામના ખેડૂતને ફાળે જ રહ્યો છે. આપણી યુવાનીને સ્વાર્થવૃત્તિના અંધારે જ 'વ્હાઇટ કોલર જોબ'નાં સ્વપ્નાં ઊગી આવ્યાં છે. એનો અર્થ એ નથી કે યુવાને મજૂર રહેવું, પણ જ્યારે નિઃસ્વાર્થ શ્રમનું-સેવાનું મહત્ત્વ ઘટે છે ત્યારે પ્રવૃત્તિ રહે છે અને કર્મઠતાને લૂણો લાગવાનું શરૂ થાય છે.

સ્વામીશ્રીએ સેવાને રચનાત્મકતાના વળાંકે વાળી છે. પોતાના કર્મઠ અને સતત સેવામય જીવન દ્વારા યુવાનોમાં સ્વયંસેવાના, સત્સંગ સેવાના, સમાજ અને જનસેવાના પ્રાણ ફૂંક્યા છે. 'ઘસાઈને ઊજળા થવા'ની કળા રેડી છે. અને સમયે સમયે યુવાનની અલસવૃત્તિનું સંમાર્જન કરીને તેની સેવાવૃત્તિને અજવાળી આપી છે.

સ્વામીશ્રી સારંગપુરમાં બિરાજ્યા હતા. ઉતારાની બહાર હરિભક્તોને મળતા હતા. ત્યાં જૂના અને વડીલ ભક્તરાજ હકાબાપુનો પૌત્ર પ્રવીણ આવ્યો.

આ ચબરાક તરુણ મંદિરમાં ઘણી સેવા કરે. આ વાત સાંભળી સ્વામીશ્રી કહે, 'બીજી બધી સેવા ખરી, પણ હવે તારે વાસણ ઊટકવાનાં છે !'

પ્રવીણ બોલી ઊઠ્યો : 'હું ? વાસણ ઊટકું?'

સ્વામીશ્રી હસી પડ્યા ને કહે, 'આ હકાબાપુ પણ વાસણ ઊટકીને મોટા થયા છે. બહાદુર અને ભૂપત (એના બંને કાકા) બધા ઊટકતા. ને અમેય ઊટક્યાં છે !'

'તો તો હું ઊટકીશ.' પ્રવીણે કહ્યું. વારસાગત સંસ્કારોની અને સ્વામીશ્રીના જીવનની-બંને પ્રેરણાઓએ તેને સેવાસંદેશ આપ્યો હતો.

સારંગપુર જેવા નાનકડા ગામમાં કે લંડન જેવા આધુનિક શહેરમાં તરુણોની મનોભાવનામાં કોઈ તફાવત નથી હોતો.

લંડનથી આવેલા ચંદુ વગેરે યુવકો સ્વામીશ્રી પાસે રહી અટલાદરામાં લાભ લઈ રહ્યા હતા. સ્વામીશ્રી ઠાકોરજી જમાડતાં યોગીજીમહારાજની કેસેટનું શ્રવણ કરતા હતા. તેમાં વાત આવી, 'સેવા કરી લેવી.' તરત જ સ્વામીશ્રીએ ચંદુને પૂછ્યું, 'ચંદુ, વાસણ ઊટકે છે ?'

'હા, ઊટકું છું ને !' તેણે લંડનમાં સેવા કરું છું- તે ભાવથી કહ્યું.

સંતો કહે, 'અહીં તો નથી ઊટકતો.'

સ્વામીશ્રી તેને સ્નેહથી કહે, 'ત્યાં સેવા કરે છે. તો અહીં પણ વાસણ ઊટકવાં. નાની નાની સેવા કરવી. ચીપ્સની થાળી ખાલી કરવી (જમીને) પણ બરાબર ઘસીને પાછી મૂકવી. એવી સેવા કરવાની ટેવ પાડી હોય તો વાંધો જ નહીં.'

લંડનમાં યુવાનોની એક સભા બાદ એક યુવાનને સ્વામીશ્રીએ કહ્યું હતું : 'યુવાનોના હાથમાં સત્સંગ છે. આપણું ઘડતર જ એવું કરી નાખવું કે સેવા જ જીવન બની જાય.'

સ્વામીશ્રીનો આ આદેશ, ઉપદેશ કે પ્રેરણાને શિરસાટે સ્વીકારી લઈને યુવાનોએ સેવાને જીવનમંત્ર બનાવ્યો છે. આ સંપ્રદાયની પ્રગતિમાં સમર્પણનું ઈંધણ છે. અને નિઃસ્વાર્થીપણાનું જોમ છે. તમામ ધર્મોના અનુયાયીઓની કસોટી સ્વાર્થહીનતાની ધાર ઉપર થવી જોઈએ. જેટલું જેમાં નિઃસ્વાર્થપણું તેટલો તે વધુ આધ્યાત્મિક, શ્રીહરિની વધુ નજીક. આ ભાવના સ્વામીશ્રી વિવિધ રીતે યુવાસમાજમાં રેડતા રહે છે.

વિદ્યાનગરમાં ઉકાળાપાણી માટે બિરાજ્યા ત્યારે રથિન રાવળે એક સંશોધનપત્ર વાંચ્યું. જેમાં જણાવ્યું હતું કે જાહેર સંપર્ક અને અન્યને મદદરૂપ થવાની ભાવનામાં સ્વાસ્થ્યની દૃષ્ટિએ ઘણા ફાયદા છે. આ નિરૂપણમાં 'બીજાની સેવા કરવી.' એ વાત આવી. સ્વામીશ્રી કહે, 'મા-બાપ, ભાઈ-બહેન એની સેવા કરવી એટલે બીજાની સેવા આવી ગઈ, કેમ ?'

'હા.' કોઈ બોલ્યું.

સ્વામીશ્રી કહે, 'એવું તો આજના નેતાઓ કરે જ છે ! મા-બાપને તો સાચવવા જ. ને બધા સાચવે છે. પણ જેને જરૂર છે એની અને ભગવાન અને સંતની સેવા કરવી એ બીજાની સેવા કહેવાય.'

અટલાદરામાં સ્વામીશ્રીએ સેવાની મહત્તા સમજાવતાં કહેલું કે 'યુવકોનું કાર્ય જ સેવા કરવાનું. સેવાથી મૂળ અભિમાન જાય. સેવાથી મેવા મળે, એ મેવા એટલે ચકમચકા (લાડુ વગેરે) નહીં, અંતરની સફાઈ થાય. દોષ-સ્વભાવ ટળે, પ્રકૃતિ (સ્વભાવ) નાશ થાય. શુદ્ધ થવાય, આ મેવા. ભલે સાફસૂફીની સેવા હલકી લાગે, પણ એ ભગવાનના દરબારની સેવા છે. આપણા ગુરુઓ આવી જ સેવા કરી ગયા છે. શાસ્ત્રીજી મહારાજને સાફસૂફી કરતાં, લીંપણ કરતાં, ચોકા કરતા પણ (અમે) જોયા છે. આ સેવાઓથી અભિમાન ટળે. આવી સેવા કરીને સુખિયા થવું. નમ્રભાવ, સેવાભાવ આવે તે આશીર્વાદ છે.'

મુંબઈથી સ્વામીશ્રીનાં દર્શન માટે સારંગપુર આવેલા યુવાન ભક્ત હરીશભાઈ દવે કહે, 'સ્વામી, મને હમણાં આપનું સ્વપ્નું રોજ આવે છે. પણ એમાં હું તો રોજ વાસણ ઊટકતો હોઉં એવું જ આવે છે.'

સ્વામીશ્રી હસી પડ્યા. ધીરેથી કહે, 'મોટા થઈએ તો દુનિયાના બાદશાહ થઈને ફરીએ પણ સ્વપ્નું કહે છે કે સંતો પાસે, મંદિરમાં મોટા પાસે તો નાના જ થવું. વાસણ જ ઊટકવાં.'

આ વૃત્તિ કેળવાય ત્યારે યુવાનનું આંતરિક કલેવર ઘડાય છે. સંકુચિત મનોવૃત્તિ એ કદાચ આપણા 'ન્યુક્લીઅર ફેમિલી'- વિભક્ત કુટુંબોનો માનસિક રોગ છે. સ્વાર્થનો જ્વર આપણા તરુણોની સહકારી ભાવનાઓને ધીરે ધીરે બાળે છે.

*

"ટૂંકી દૃષ્ટિ જનહૃદયની, અલ્પખંડો જ જોતી.
ને તેથી આ સુભગ સરણી દીસતી ડાઘવાળી."

કલાપીએ આ ડાઘવાળા જીવનની વિકૃતિ માટે 'ટૂંકી દૃષ્ટિ' કારણભૂત બતાવી છે. જીવનની વિરાટ, ઉજ્જ્વલ, કાંતિમાન ચાદરમાં જ્યાં પણ ડાઘ પડ્યા હોય ત્યાં માનવના સંકુલ મનનો જ આતંક હશે.

સ્વામીશ્રીએ 'વસુંધરાને કુટુંબ' માનવા યુવાનોને પ્રેર્યા. પોતાપણાની ભાવના સીંચીને શુષ્કહૃદયોને કુમાશ આપી અને એ ફળદ્રૂપતામાં એમણે સેવા અને સહકારનાં બીજ વાવવા માંડ્યાં.

ભાદરામાં મેડિકલના વિદ્યાર્થીઓ દર્શને અવ્યા હતા. સ્વામીશ્રી એ વિદ્યાર્થી ડૉક્ટરો સાથે બિરાજ્યા. કહે, 'બધા સત્સંગ સાચવજો. આપણા નિયમધર્મ સચવાય, વ્યસન ન પેસે. લોકોની સેવા થઈ શકે એવું શુદ્ધ અને પવિત્ર જીવન જીવીએ અને આપણે જેમ તેમ કરીને ડૉક્ટર થવું નથી. ભારતની સેવા થાય, તે રીતે ભણવું. (સર્વ શક્તિનું) મૂળ ભગવાન છે. તેમને આગળ રાખજો. પૈસા કમાવાની વૃત્તિ નહીં. વધારે પૈસા થાય તો મોજ-મજા ને એશ–આરામ થઈ જાય...'

'ભારતની સેવા થાય....' સ્વામીશ્રીના અંતરમાં બહુ મોટો આદર્શ છે. પણ એ વિરાટને બાથ ભરવાનો પ્રારંભ સ્વામીશ્રીએ જિલ્લાઓથી કરાવ્યો છે. ભાવનગર જિલ્લામાં સ્વામીશ્રીએ સાક્ષરતા અભિયાન પૂરા જોશથી ઉપાડ્યું હતું. યુવાનોએ એમની આજ્ઞા સ્વીકારીને સંતોના આયોજન મુજબ અનેક નિરક્ષરોને ભણાવવા માટે સ્વૈચ્છિક ફોર્મ ભર્યાં હતાં. સ્વામીશ્રીએ યુવકોને સેવા-પદ્ધતિ અને સેવાભાવનાનો આદર્શ બતાવ્યો. કહ્યું, 'આપણે ભાવનગર જિલ્લામાં કામ કરવાનું છે, તેમાં જેને ભણાવીએ તેને થોડું લખતાં વાંચતાં આવડે તો જ ફાયદો થાય. આ સેવાનું કાર્ય છે. જે ભણે તે બીજાને ભણાવે. આમાં કોઈ આર્થિક લાભ નથી. પણ બીજાને તૈયાર કરવા એ પણ ભગવાનની જ સેવા છે. માટે સૌએ ઉત્સાહ રાખવો. આ કામમાં પ્રયત્ન કરવો પડશે. કારણ કે આપણે પ્રામાણિકતાથી કામ કરવું છે. બીજે ભલે આંકડાઓ જ બતાવતા હોય. આપણે આંકડા નાના હોય તેનો વાંધો નહીં, પણ વ્યવસ્થિત કરવું છે. ભગવાનની નોકરી માનીને કરવું. સત્સંગી હોય કે ન હોય પણ તેને ય ઇચ્છા હોય તો વાત કરવી. ભેગું ધરમનું પણ થાય. એ પણ કરવું.'

અટલાદરામાં સ્વામીશ્રીનાં દર્શને આવેલા વડોદરા જિલ્લાના ક્લેક્ટર તપન રે સ્વામીશ્રીનો આભાર માનતાં કહે, 'આ વખતે (૧૯૯૨) એસ.એસ.સી. બોર્ડની પરીક્ષાઓ વખતે અમારા શિક્ષકો અને કર્મચારીઓ હડતાલ પર ઊતરી ગયા. હજારો વિદ્યાર્થીઓના ભવિષ્યનો સવાલ હતો. પણ અમારા ડે.ક્લેક્ટરે ફોન કર્યો અને બીજે જ દિવસે આપના ૪૦૦ સ્વયંસેવકોએ શાળાઓ સંભાળી લીધી. એ બહુ જ સુંદર સહકાર આપના યુવકોએ આપ્યો હતો.'

સ્વામીશ્રી કહે, 'એ અમારી ફરજ હતી.'

ડે. ક્લેક્ટર આર. જે પટેલ સ્વામીશ્રીને મળ્યા ત્યારે ફરી એમણે પણ આભાર માનતાં કહેલું કે 'આ યુવકો ગ્રેજ્યુએટ હતા. પણ ઘણાએ તે દિવસે પ્યૂનનું કામ પણ કર્યું હતું.' સ્વામીશ્રી કહે, 'સંતો પાસે આ જ શિક્ષણ છે કે કોઈ પણ કામ નાનું નથી. બધી સેવા આપણે કરવાની જ છે. ભેદભાવ રાખવાનો નથી....'

યુવાશક્તિનો આ રચનાત્મક વળાંક છે. સાક્ષરતા અભિયાન, બોર્ડની પરીક્ષાઓમાં કર્મચારીઓની અવેજીમાં નિઃસ્વાર્થ અને નિઃશુલ્ક સેવા, મોરબી રેલ હોનારત, અતિવૃષ્ટિ કે અનાવૃષ્ટિમાં ફુડપેકેટ વિતરણ, વ્યસનમુક્તિ ઝુંબેશ, કેટલકેમ્પ-૮૭ માં કરેલી પશુસેવા, લાતૂર-ઉસ્માનાબાદમાં થયેલા વિનાશક ભૂકંપમાં ભરવરસાદ અને રોગિષ્ટ વાતાવરણમાં સંસ્થાના યુવાનોએ કરેલી સેવાઓ એ સ્વામીશ્રી નિર્મિત રચનાત્મકતાનાં ઉત્તમ ઉદાહરણો છે.

સ્વામીશ્રી સેલવાસ (દાદરાનગર હવેલી)માં બિરાજ્યા હતા. ભોજન બાદ ૧૫ આદિવાસી કાર્યકરો સાથે આયોજન અંગે વિચારણા કરી. અહેવાલ જાતે જ લેવા માંડ્યા :

‘તમે કેટલાં ગામોમાં સત્સંગ માટે પહોંચો છો ?’

‘હરિભક્તો તો ૭૨ ગામોમાં છે, પણ ૪૧ ગામોમાં મંડળો ચાલે છે.’

‘તેનું સંચાલન ગામના હરિભક્તો જ કરે છે કે તમે કરો છો ?’

‘ગામના હરિભક્તો કરે છે. નિરીક્ષકો (મુખ્ય કાર્યકર) પણ જાય ખરા.’

સ્વામીશ્રી કહે, ‘સારું, આપણું તંત્ર એવું ચલાવો કે સત્સંગ વધે, ને પછવાડે ભૂંસાતું ન જાય. દર સાલ બે-પાંચ ગામ વધતાં જાય, તેમ ચોક્કસ આયોજન કરવું. આપણે બોત્તેરે ગામો વ્યવસ્થિત કરવાં છે. સંસ્કાર આપવા. (આદિવાસીઓ હોવાથી) ના’વા-ધોવાના, નિયમો પાળવાના, દારૂ-માંસ ન લેવાના સંસ્કાર ખાસ આપવા. તેમને શિક્ષણ સારું મળે તે ધ્યાન રાખવું. એને કઈ રીતે મદદરૂપ થઈએ તે આયોજન કરવું. નોકરી જોઈતી હોય તો માર્ગદર્શન આપવું. સંતો પણ અહીં રાખ્યા છે, ને તે પણ બહુ દાખડો કરે છે તો એમને સાથે રાખવા. જે જે કરીએ તેની નોટ્સ કરી લેવી. જે આદિવાસી છોકરાને આગળ ભણવાની ઇચ્છા હોય તેને આર્થિક રીતે મદદરૂપ થવું. જાહેરસભાઓ પણ કરવી. તેમાં હિન્દુધર્મની વાત ખાસ કરવી. બીજે પ્રલોભનમાં ખેંચાય નહીં તે જોવું. આપણા ધર્મની વિશેષતા સમજાવવી. ભુવા-ડાકલા-વહેમ ધીમે ધીમે નીકળે તેવા પ્રયત્નો કરવા. એને કહેવું કે કુકડા-બકરા વધેરવા કરતાં દવા કરો. દવાના કેમ્પ જુદા જુદા એરિયામાં ગોઠવવા. બાળકો-યુવાનોને આ વાત દૃઢ કરાવો. ઉત્સવોમાં લાવો, આવતા

વર્ષનું આયોજન એડવાન્સમાં તૈયાર રાખવું. આપણે જેટલાને સારે માર્ગે ચઢાવીએ એટલા ભગવાન અને સંત રાજી થશે. એનાથી સત્સંગ દૃઢ થશે. આપણા દેશને લાભ થશે....'

સ્વામીશ્રીની જીવનભાવના ખળખળતી ભાગીરથીની જેમ અનેકને કલ્યાણમાર્ગના યાત્રી બનાવવા વહી રહી હતી. યુવાનોને તેમાં દિશાસૂચન હતું અને દેશને તેમાં ઉદાત્ત ફલશ્રુતિ હતી.

રચનાત્મકતાના વળાંકે.....

આપણી ઋષિપરંપરાએ આપણને શીખવ્યું હતું કે હે માનવ ! આ પૃથ્વીના વિરાટ ગોળા ઉપર તું એકલો નથી. આ જ્ઞાન તારી નિઃસ્વાર્થ સેવા દ્વારા કર્મમાં ફેરવાતું રહે તે માટે અમે પાંચ મહાયજ્ઞોની તમને ભેટ આપીએ છીએ. બ્રહ્મયજ્ઞ, દેવયજ્ઞ, ભૂતયજ્ઞ, મનુષ્યયજ્ઞ અને પિતૃયજ્ઞ. આ યજ્ઞસંસ્કૃતિ દ્વારા ઋણસ્વીકારની પરંપરાનો અને સૃષ્ટિની સંપત્તિને ચાહવાનો પ્રાણ ભારતીયોના હૈયે ધબકતો રહ્યો હતો. પરંતુ યુવાનોને જ્યારે ભાગલાવૃત્તિ અને ભોગવાદનું જ પ્રભુત્વ દેખાય ત્યારે તેની પરમાર્થશક્તિ પણ કુંઠિત બને જ. સ્વામીશ્રીએ હંમેશાં આવા સમયે આ શક્તિને મોકળું મેદાન પૂરું પાડ્યું છે. માત્ર દિશા બતાવીને નહીં, તે દિશામાં સાથે દોડતા રહીને.

આંતરરાષ્ટ્રીય યુવક મહોત્સવમાં વિદ્યાનગર ખાતે ૨૧,૦૦૦ યુવાનો યુવતીઓથી ભરચક સભામંડપમાં ડૉક્ટર સ્વામીએ યુવાનોને સંસ્કાર અને જીવનલક્ષી પ્રતિજ્ઞાઓ કરાવી. પછી સ્વામીશ્રી પણ આશીર્વચન આપવા ઊભા થયા. એકશ્વાસે પ્રેરણાનો સબળ સ્રોત વહી રહ્યો હતો. ભાવના આવેશમાંથી નીકળતો વાક્પ્રવાહ જાણે ટાંચો પડતો હતો. યુવાનોએ મહોત્સવમાં જે સામર્થ્ય બતાવ્યું હતું તે પ્રત્યેની કૃતજ્ઞતા, લાગણીનાં પૂર અને એ સૌને માટે કંઈક કરી છૂટવાની તમન્નાના ભાવો એટલા પ્રબળ હતા કે શબ્દો પાછળ રહી જતા હતા. તે સમયનો એક અંશ : 'નર્મદા પર ડેમ થાય એ દેશની મહાન સેવા છે. જરૂરની-પાયાની વાત છે. યોગીબાપાના આશીર્વાદ છે એટલે એ યોજના થવી જ જોઈએ. એને માટે આખું ગુજરાત

એક છે. આપણે એક એક વ્યક્તિએ જાગૃત થવાનું છે. વિઘ્ન કરનાર ભલે વાતો કરે. ભગવાનને પ્રાર્થના કે એ સૌને સદ્‌બુદ્ધિ આપે.

'વૃક્ષ ઉછેર પણ સમાજસેવા છે. એ માટે પ્રયત્ન કરવો. અને નર્મદા અંગે ગેરસમજણ દૂર થાય એ માટે પણ મંડવું...'

સ્વામીશ્રીએ ઠેર ઠેર 'સહજાનંદ-નર્મદા વન' ઊભાં કરવા માંડ્યાં. લાખો વૃક્ષોનું વાવેતર થયું અને તે ઊગે છે કે નહીં તેની ફૉલો-અપ ટીમ બનાવી ગામડે ગામડે વહેતી કરી. આ કાર્યમાં અંગત રસ અને અંગત માર્ગદર્શન સ્વામીશ્રીએ પોતે જ પૂરું પાડ્યું. જળસંચય અભિયાન પણ સંતો અને યુવાનો દ્વારા એમણે સર્જેલો સેવાયજ્ઞ જ હતો. જેથી ગુજરાત-સૌરાષ્ટ્રના ૫૦૦૦ થી વધુ કૂવાઓ 'સજીવન' થયા..

યુવાશક્તિનો આ એક રચનાત્મક અભિગમ છે. જેમાં યુવાનોને દેશ માટેની જવાબદારીનું ભાન જાગે છે. સૃષ્ટિની સંપત્તિ ટકાવવા અને વિકસાવવામાં પોતાનું પણ કોઈ યોગદાન છે એ જણાતાં અંતરમાં ગૌરવ ઊભરાય છે. સ્વામીશ્રીની પ્રેરણાની સાથે આ બધાં કાર્યોમાં એક તત્ત્વ આપણે જોઈ શક્યા છીએ, તે છે : ગુણવત્તાનું અને ભાવનાનું.

ગુણવત્તા : શ્રેષ્ઠતાનો સંદેશ

જો યુવાન એ સમાજનો પ્રતિનિધિ હોય, તો યુવાનની એક એક ક્રિયા, ભાવના યુવાનના વ્યક્તિત્વનું પ્રતિનિધિત્વ કરે છે. અને એટલે જ કોઈ કામ અધૂરું કે કાચું હોય, ખામીવાળું કે બેકાળજીભર્યું હોય, સમયાનુસાર ન હોય કે સિદ્ધાંત અનુસાર ન હોય ત્યારે એમણે યુવાનોને રોકી-ટોકીને પણ પાછા વાળ્યા છે. ભલેને એ કામ યુવાનનું અંગત કામ કેમ ન હોય !

સ્વામીશ્રી સત્સંગી યુવક અમિષ દેસાઈની નડિયાદમાં આવેલી 'ઝલક લોજ'માં પધાર્યા હતા. જૂની પદ્ધતિના સુશોભન સાથેની આ લોજમાં સ્વામીશ્રીએ પોતાની માનીને ખૂબ જ રસ લીધો. ઝીણામાં ઝીણી વિગતો પૂછી. પછી અમિતભાઈને કહે, 'સારામાં સારી વ્યવસ્થા ગ્રાહકોને આપવી. ચોખ્ખાઈ ખૂબ રાખવી. જેથી લોકોને આવવાનું મન થાય. ઈંડા—માંસનો વિચાર જ ન કરવો. અને જે આપવું એ પ્યોર (શુદ્ધ) આપવું. ભેળસેળ

નહીં. લોકોને ય વિશ્વાસ આવવો જોઈએ. અને આ મહેંદી વધી ગઈ છે એ બરાબર ફર્સ્ટ-ક્લાસ કટ કરાવી દેવી. પ્રતિષ્ઠા જામી જશે. વાંધો નહીં આવે....!'

કેટલી ઝીણી દૃષ્ટિ અને કેટલી આત્મીય સલાહો !

અટલાદરામાં સ્વામીશ્રીએ સ્વયંસેવક સભામાં ગુણવત્તા વધારવાનાં અગત્યનાં સૂચનો કર્યાં હતાં : 'તમે સૌ ઘરનાં કામકાજ છોડી અહીં સેવા માટે આવ્યા, તે માટે ધન્યવાદ છે. પણ અહીં આવ્યા પછી ફરવા–હરવામાં વૃત્તિ રહે તે નકામું છે. જે સેવા મળી છે તેમાં જાગૃત રહેવું, સાવધાન રહેવું. આપણી સેવા જોઈને જ બધાને ગુણ આવી જાય તેમ કરવું. તો સામાન્ય ક્રિયા હોય છતાં ફળ મોટું મળે. ભલે આપણે અગવડ વેઠવી પડે પણ જો સામાની સેવા બરાબર કરીએ તો એ ગુણ લઈને જાય. બહાર પણ (નોકરી-ધંધામાં) જે કરવું તેમાં જરાય કાચું ન રાખવું. એવી રીતે કામ કરવું કે છાપ પડવી જોઈએ. સતત જાગૃત રહેવું. સેવા સાથે જ્યારે જ્યારે સમય મળે ત્યારે દર્શન-સત્સંગ કરી લેવો. કારણ કે અંતરનો કચરો કાઢવો છે ને !'

સેવા અને સ્વયંસેવક બંનેની ગુણવત્તા સ્વામીશ્રીનો આદર્શ છે.

તેઓ કોઈ પણ વિષય ઉપર બોલવા માંડે ત્યારે અનુભવની સરસતા હૈયાના ઊંડાણમાંથી વહેતી રહે છે.... 'સેવામાં જાગૃત રહેવું....' 'ભલે આપણે અગવડ વેઠવી પડે....' 'કોઈ પણ કામ કાચું ન રાખવું....' 'જે કરો તેમાં છાપ પડવી જોઈએ...' આ શ્રેષ્ઠતાનો સંદેશ આપતાં ઉદ્‌ગારો કવિ યેવ્ટુશેન્કોની કવિતાની યાદ આપે છે. કવિએ ગુણવત્તાની શ્રેષ્ઠતા માટે કહ્યું હતું :

'અર્ધું અર્ધું કામ અમને ન આપો.
આપો તો આખું આપો. રાખો તો આખું રાખો.
અધૂરું, અડધું સાચું, અડધું કાચું
એ સમાધાનવૃત્તિ અમને ન ખપે.
તમારા સોદા, તોડ, વેપાર અમારે ન જોઈએ.
દુનિયા અમને આખી આપો.
સુખ કે દુઃખ, જીવન કે મરણ આખું આપો.

અધમૂઆ ભૂતપ્રેતની જેમ અમારે પૃથ્વી પર વિચરવું નથી.
અમને હૃદય આપો તો ભાગલા પાડીને નહીં.,
પૂર્ણ આપો - અખંડ આપો...
અમે એંઠવાડના કીડા નથી !'

સ્વામીશ્રીએ ગુણવત્તાનો આવો તલસાટ યુવાનોમાં ભર્યો છે. અને તે માટેનું કાર્યક્ષેત્ર આપ્યું છે સેવાનું. સેવાની શ્રેષ્ઠતા યુવાનના પ્રત્યેક કાર્યની શ્રેષ્ઠતારૂપે પડઘાશે ત્યારે યુવાન કાચો કે અધૂરો નહીં હોય, પરિપકવ અને પૂર્ણ હશે. સ્વામીશ્રીએ સમયે સમયે વરતાતી ગુણવત્તાને આવકારી છે, પ્રોત્સાહિત કરી છે.

સ્વામીશ્રીના અમદાવાદના ૨૮ દિવસના રોકાણ દરમ્યાન યુવકોએ વિવિધ વિભાગોમાં અદ્‌ભુત સેવા કરી હતી. અંગત લાભ લેવાની ખેવના વિના કેવળ નિઃસ્વાર્થભાવે કરેલી આ સેવાથી હરિભક્તોને પણ ખૂબ રાજી કર્યા હતા. સ્વામીશ્રીએ જાહેરસભામાં શાંતિથી આ સેવાનો અહેવાલ સાંભળ્યો. ખૂબ પ્રસન્ન થઈને આશીર્વાદ આપતાં કહ્યું : 'આજના યુવાનો સેવા કરે તે મોટી વાત છે. અહીં બધા ભગવાનને રાજી કરવા આવ્યા છે. તો સેવા કરતાં વાંધો આવતો નથી. પાર્કિંગ, રસોડું, સભામંડપ, મંદિર બધું સાફ રાખે. ચારે બાજુ ઠેઠ સુધી વાળે છે. હું જોઉં છું, રોજ પગથિયાં પણ ઘસે છે. પ્રેમથી કરે. પાછા સામાન્ય યુવકો નથી. બધા ભણેલાગણેલા છે. એન્જિનિયરો, ડોક્ટરો, ધંધાવાળા છે. નોકરી-ધંધો કરે છતાં અહીં પણ પૂરતો સમય આપે છે, એ મોટી વાત છે. કારણ કે યોગીજી મહારાજને રાજી કરવા છે. આજે યુવકો કેવું કામ કરે છે ! સત્સંગ કરાવવો એ સહેલી વાત નથી. તમે સૌ સાચા મનથી મંડ્યા છો. જે સેવા, જે સાધન મળ્યાં તેનાથી ચલાવો છો. કોઈએ સત્સંગ માટે સગવડ-અગવડ જોઈ નથી....સૌને ધન્યવાદ છે !!'

લંડનના નિવાસ દરમ્યાન એક યુવકે સ્વામીશ્રીને પ્રાર્થના કરી : 'બાપા, અમે તો આખો દિવસ કારપાર્કની સેવામાં જ હોઈએ છીએ. તો સત્યકામ જાબાલિની જેમ અમારું પરિવર્તન થશે કે નહીં !'

સેવા પાછળની આ અદ્‌ભુત ભાવના જોઈ સ્વામીશ્રી ખૂબ રાજી થયા. ને કહે, 'જરૂર થશે. સેવા કોને માટે કરીએ છીએ, તે જ્ઞાન કરી લેવું. આ ઉંમરે

આવી ઠંડીમાં તમે સૌ ઊભા રહો છો, તે જ મોટું પરિવર્તન છે.'

બોચાસણ બાળમહોત્સવની વ્યવસ્થા માટે રચાયેલી સમિતિઓમાં મુખ્ય કાર્યકર્તાઓ સ્થાનિક જ રાખવામાં આવ્યા હતા. આણંદ-વિદ્યાનગર તથા આજુબાજુના સ્વયંસેવકો આજે આવ્યા હતા. તેઓએ પોતપોતાના ક્ષેત્રમાં થયેલા વિવિધ અનુભવો અને ત્રુટિઓ સ્વામીશ્રી આગળ સવિસ્તર કહ્યા. છેલ્લે સ્વામીશ્રીએ કહ્યું : 'આપ સૌને આશીર્વાદ છે. તમે અનુભવોની વાત કરી એમાં તમારે લઈને અમને બળ મળી ગયું ! અહો...! આપ સૌએ કેટલો દાખડો કર્યો છે ? ઘરનો પ્રસંગ માનીને સેવા કરી છે એ બદલ સૌને ધન્યવાદ છે. આપને સત્સંગને વિષે પ્રેમ છે અને જીવમાં નિષ્ઠા છે એટલે આ થઈ શક્યું. તેના વગર આ બની ન શકે. યોગીબાપાના સંકલ્પે જ આ ઉત્સવ થયો છે. બાકી આટલા સમૂહમાં બાળકોને ભેગા કરવા એ મોટામાં મોટું સાહસ હતું. બાપાનો સંકલ્પ હતો તો કામ સર્વોપરી થઈ ગયું. જુસ્સો મળી ગયો.

'આપે કરેલી સેવા મહારાજ ભૂલશે નહીં. જગતના માણસોની પાછળ હોમાઈ જઈએ તોય એ તો ભૂલી જાય, જ્યારે ભગવાન થોડું કરેલું ભૂલતા નથી. જોગી બાપા પણ ભૂલશે નહીં. ખૂબ સુખ પ્રાપ્ત થશે.'

ક્યારેક વધુ પડતી હાડમારી વેઠવી પડે ત્યારે યુવાનો કંટાળે પણ ખરા. વિદ્યાનગરથી યોગીશતાબ્દી ઉદ્‌ઘોષ અને વ્યસનમુક્તિ ઝુંબેશની સેવામાં ગામડે ગામડે ઘૂમવા નીકળેલા યુવાનો સ્વામીશ્રીને ગોંડળમાં મળ્યા. હરેશ મોરડિયા કહે, 'સ્વામી, અમે તો છેલ્લે એટલા થાકી ગયા કે ત્રણ દિવસ વહેલો કાર્યક્રમ આટોપી લીધો. ત્યારે આપનો મહિમા સમજાયો કે આપ સતત આટલાં વર્ષોથી ગામડે ગામડે કેવી રીતે ફરતા હશો ?'

સ્વામીશ્રી કહે, 'કંટાળવું નહીં. યોગીબાપાની મોટી સેવા થઈ ગઈ. અને ગામડાનો અનુભવ થયો. સ્વામી કેવી રીતે ફર્યા હશે તેનો ખ્યાલ આવ્યો. ગામના લોકોની રહેણીકરણી, સ્વભાવનો ખ્યાલ આવ્યો....તમે મહેનત કરી એ નિષ્ફળ નહીં જાય. સંસ્કારો પડશે...'

સ્વામીશ્રીની સફળતાનું આ જ રહસ્ય છે. જ્યારે યુવાનો પર નાસ્તિક, સ્વચ્છંદી, ખંડનાત્મક, બળવાખોર જેવા આક્ષેપોની ચાબુકો વીંઝાતી હોય તે

સમયમાં તેમને સ્નેહથી સ્વીકારવા, ભાવનાથી ભીંજવી દેવા, તેમની શક્તિ પર વિશ્વાસ મૂકી તેમને રચનાત્મક વળાંકે વાળવા અને સફળતાના વાતાવરણમાં સુગંધની જેમ તરતા મૂકી દેવા એ સાધારણ ચમત્કાર નથી. સ્વામીશ્રીના આવા સ્નેહ અને સમર્પણનાં ઋણ યુવાનો પૂરવેગે ચૂકવતા આવ્યા છે....

'તમને બધાને લાખો વંદન !'

સ્વામીશ્રી બર્મિંગહામમાં (યુ.કે.) નવા સત્સંગભુવનમાં પ્રથમ જ વાર ઠાકોરજીની આરતી ઉતારવા માટે પધાર્યા હતા. પહેલાં આ ડાન્સિંગ હોલ હતો. પણ ઘણા સમયથી બિસ્માર હાલતમાં હોવાથી સ્વચ્છતા અને રિપેરિંગ કામ ઘણું જ હતું. મોટા પ્રમાણમાં પડેલો ભંગાર પણ ખસેડવાનો હતો. લંડનના પચાસેક યુવાનો શુક્ર, શનિ અને રવિવાર દરમ્યાન આવી પહોંચ્યા, અને ત્રણ દિવસમાં તો કંપાઉન્ડ વોલ, બે મોટા ગેઈટ, જાજરૂ-બાથરૂમ, પ્લાસ્ટર, રંગરોગાન, કાર્પેટની સ્વચ્છતા બધું જ કામ આટોપી લીધું. એવી ધગશથી સેવા કરી કે રાત-દિવસ એકાકાર થઈ ગયા. સ્વામીશ્રીએ આજે યુવકમંડળના કાર્યને બિરદાવવા જ આ હોલમાં પગલાં કર્યાં હતાં. યુવાનોનો અપાર પરિશ્રમ હોલને ખૂણે ખૂણે ચળકી રહ્યો હતો. સ્વામીશ્રીની આંખોમાં યુવાનો પ્રત્યેની આભારની લાગણી ચમકી રહી હતી. જે દેશમાં પ્રત્યેક મિનિટ પાઉન્ડ સાથે દોડતી હોય તે દેશમાં ત્રણ દિવસનો આ યજ્ઞ નિઃસ્વાર્થતાની વેદી ઉપર રચાયો હતો. બર્મિંગહામ મંડળનું સેવાકાર્ય પોતાનું જ માનીને લંડન યુવક મંડળે જે સંપ અને સેવાભાવ દર્શાવ્યો તે જોઈ સ્વામીશ્રીનો હર્ષ સમાતો ન હતો. એમનું યુવાની માટે વવાયેલું સ્વપ્નું જાણે સાકાર થઈ રહ્યું હતું.

વિશ્વહિન્દુ સંમેલન હોય કે રામાયણ-ભાગવત કથાઓ હોય. સ્વામીશ્રીના યુવકો લંડનમાં હજારો માણસોને જમાડવાની કપરી સેવામાં સફળતાથી પાર પડ્યા છે.

*

સ્વામીશ્રી તીથલ પધારવાના હતા. આજુબાજુનાં બારેક ગામોના પરગણામાં યુવાનોમાં ઉત્સાહનાં પૂર ફરી વળ્યાં. કોસંબા, પારધિફળિયા, રણછોડજી ટેકરા, દીવાદાંડી, ઠક્કરવાડા, મગોદ અને કલવાડા જેવા નજીક કે દૂરનાં ગામોમાંથી યુવાનો-યુવતીઓ છેલ્લા ૧૮ દિવસથી રોજ બપોરે ૧૨-૦૦ વાગે એક સેવાયજ્ઞ માટે આવી જતા. આ સેવાયજ્ઞ હતો સમુદ્રની સમાંતરે દોઢ કિ.મી.ના રસ્તાનું બાંધકામ કરવાનો. 'સ્વામીશ્રી પધારે છે. સ્વામીશ્રીની ગાડી સરળતાથી મંદિર સુધી પહોંચી શકે તેમ નથી. દોઢ કિ.મી.નો રસ્તો કેડીથીયે વિષમ છે....' આ પરિસ્થિતિની જાણ વિવેકસ્વરૂપ સ્વામીએ યુવાનોને કરી અને યુવાનો બપોરે ૧૨-૦૦ થી ૬-૦૦ અને રાત્રે ૯-૦૦ થી ૨-૩૦ વાગ્યા સુધી રોજ ૧૮ દિવસ લગી મથ્યા. 'કઠોર પરિશ્રમનો કોઈ વિકલ્પ નથી' એ સૂત્ર અહીં મૂર્તિમાન બન્યું. અને જોત જોતામાં એ કાર્ય પૂરું પણ થયું. સ્વામીશ્રી આ યુવાનોની શ્રમગાથા સાંભળી ભાવભિોર બન્યા. સંતો-યુવકોને આશીર્વાદથી નવરાવી દીધા....

જે પુરુષે ગામડાં ખૂંદીને ઘરઘરને પાવન કર્યાં હોય, અધરાતે કે ભરબપોરે ખેતરો, કૂવા કે બોર પર પધારી પગલાં કર્યાં હોય, વ્યસનોની મરુભૂમિ જેવા જીવન પર સંસ્કારોની સંજીવની છાંટી હોય તે પુરુષના ચરણારવિંદ પખાળવા યુવાનોનું સમર્પણ સેવાની ભાગીરથી બનીને ઊતરી આવે છે....

અમેરિકામાં સ્વામીશ્રીએ ઊજવેલા ભારતીય સાંસ્કૃતિક મહોત્સવમાં આવેલા જૈન દાનવીર શ્રી દીપચંદ ગાર્ડીએ સ્વામીશ્રીના યુવકોનું સમર્પણ જોઈ સ્વામીશ્રીને કહ્યું હતું : 'આપની આગળ મારે શું બોલવું ? આપનું આ કાર્ય જોયા પછી અમારું તો શું, કોઈનું પણ કાર્ય ઝાંખું લાગે ! અમારા કાર્યમાં અને આપના કાર્યમાં તફાવત શું તે વિચારતો હતો ત્યારે મને ઉત્તર મળી ગયો કે આપના સ્વયંસેવકોની ભક્તિ બીજે ક્યાંય મળે નહીં. મારો પોતાનો છોકરો હોય ને હું એને કહું કે, આજે એક દિવસ મારી સાથે ચાલ. તો એ એક દિવસ પણ ફાળવે નહીં. જ્યારે અહીં તો હજારો સ્વયંસેવકો નોકરી-ધંધા છોડીને કામે લાગી ગયા છે. આવું સમર્પણ તો બીજે ક્યાંય જોવા ન મળે.'

સ્વામીશ્રી કહે, 'આ બધી એમની જ મહેનત છે. યોગીબાપાની કૃપા અને આપ જેવાનો સહકાર છે એટલે થાય છે.'

તેઓ કહે, 'આપ તો ગુરુને જ યશ આપો છો. પણ એમાં આપની શક્તિ અને ચમત્કાર છે. બાકી આ કાર્ય તો પોસિબલ જ ના લાગે. હું તો હરિભક્તોને પૂછ્યા જ કરું છું....બધા એ જ કહે છે : 'બાપાએ સેવાની તક આપી એ અમારાં ભાગ્ય છે.' નાના-મોટા કે ડૉક્ટર-એન્જિનિયરના ભેદભાવ જ નહીં. આવી ભાવનામાં આપનો ચમત્કાર જ લાગે છે. રોજ આટલા લોકો આવે ને બધાને આપને મળવાની ઇચ્છા સહેજે રહે. આટલી બધી પ્રવૃત્તિઓની વચ્ચે પણ આપના મુખની પ્રફુલ્લિતતા એટલી ને એટલી જ. બધા સાથે એટલા જ ભાવ, પ્રેમથી મળો. કંટાળો જ નહીં.'

સ્વામીશ્રી કહે, 'આ ભગવાનનું કામ છે એમાં કંટાળો શાનો ?'

છેલ્લે તેઓએ એ જ વાત કરી : 'અહીં આપનું કાર્ય જોઈને ચકિત થઈ જવાય છે.'

*

બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ શતાબ્દી મહોત્સવ ગાંધીનગરમાં ઉજવાયો. આ દિવસોમાં સ્વામીશ્રીના ૧૭,૦૦૦ યુવાનોએ સેવાથી જેટલા કાંઈ ચમત્કાર સર્જી શકાય તેટલા ચમત્કારો સર્જીને ઉપનિષદ્-પુત્રોની યાદ આપી હતી.

એક એક યુવાન બલિદાન, સેવાવૃત્તિ, નિઃસ્વાર્થભાવ, પ્રેમભક્તિ અને કુરબાનીનો પર્યાય બની રહ્યો હતો. એની પ્રતીતિ તો એ રાત્રીએ થઈ કે જે રાત્રે મેઘરાજ પ્રલયના પૂરની માફક 'નગર' પર ફરી વળ્યા. તા. ૧૮-૧૧-૯૨ની એ રાત્રી હતી. વાંસ-વળી ને કંતાન, કાપડ-કાગળ અને કાચા બાંધકામથી રચાયેલા 'સ્વામિનારાયણ નગર'માં રાત્રે ૧૧-૩૦ પછી વરસાદની ભયાનક સાયરનો ગાજી ઊઠી. જરૂર પડી ત્યાં પ્લાસ્ટિક ઢંકાયાં. 'યોગીનગર'માં ઠંડીમાં ઠુઠવાતા ૧૩,૦૦૦ થી વધુ ઉતારુઓ અને આખા 'નગર'ની જવાબદારી જેના શિર ઉપર હતી એ ૧૭૦૦૦ યુવાનો તથા સંતો આ કાળરાત્રીની ભયાનકતાથી સ્તબ્ધ બની ગયા હતા. વ્યવસ્થાપક સંતોનાં હૈયાં હચમચી ગયાં હતાં. એ રાત્રે સંતો-યુવાનોએ જે સેવા કરી છે તેનાં મૂલ્ય શબ્દોની આંકણીએ માપી શકાય તેવાં નથી. બીજે

દિવસે જળબંબાકાર 'નગર' જોઈ હાથ હેઠા પડી જાય તેમ લાગતું હતું. યોગીનગરમાં મંડપો ધરાશાયી થયા હતા. જે ઊભા હતા ત્યાં કીચડ એટલો જામ્યો હતો કે દિવસો સુધી એક પણ વ્યક્તિને ઉતારો આપી શકાય તેમ ન હતું. સભામંડપના 'આમંત્રિત વિભાગ'માં ભરાયેલું પાણી 'મિની' સરોવર જેવું લાગતું હતું. સ્વામીશ્રીએ 'નગર' તથા યોગીનગર - રસોડું અને અન્ય સ્થળોએ નિરીક્ષણ કરી લીધું અને યુવકોને આદેશ આપ્યો : 'મંડી પડો. નગર ચાલુ કરવું છે!!' આ શબ્દોએ વાતાવરણ ભરી દીધું. 'મંડી પડો.... મંડી પડો...' એક દિવ્યશક્તિનો મહાસાગર યુવાનો-યુવતીઓના શરીરમાં-મનમાં છલકાવા લાગ્યો. એ સેવામાં સ્વયંસેવકોએ જે ઝડપ, જે સમર્પણ, જે દેહની બેપરવાઈ અને સંપની જે તાકાત બતાવી હતી તે બેનમૂન હતી....

આ જોઈને માર્ગ-મકાન મંત્રી દિનશા પટેલે સ્વામીશ્રીને કહ્યું હતું : 'આ યુવકોમાં જે સંયમ છે, જે સંપ છે તે અદ્ભુત છે. અમને વધારે તો અહીંથી શીખવા મળ્યું. કાદવ ઉઠાવવા પણ એ બધા તૈયાર થઈ ગયા. ગમે તેવું કામ કરવામાં ના નહીં. આ યુવાનો જ સાચા અર્થમાં યુવાન છે.'

સ્વામીશ્રી ભાવથી બોલ્યા હતા, 'પહેલેથી જ અમારી ટ્રેનિંગ આ જ છે.'

સ્વામીશ્રીએ આપેલી તાલીમને યુવાનોએ આત્મસાત્ કરી ત્યારે શતાબ્દી મહોત્સવની અંતિમ સ્વયંસેવક સભામાં હજારો યુવકોને હૃદયની ભાવાંજલિ આપતાં સ્વામીશ્રી ગદ્‌ગદ કંઠે બોલ્યા હતા :

'અહીં મુશ્કેલી બહુ પડી છે. પણ તેમાં એકબીજાને મદદ કરીને આપે સુંદર કાર્ય કર્યું છે. ટેન્ટમાં પાણી ફરી વળ્યાં છતાં કોઈ ફરિયાદ નહીં. બધાને આનંદ... કેફ...! આવા પ્રસંગમાં કોઈ ઢીલા ન પડ્યા. બપોરે જ 'નગર' ચાલુ થઈ ગયું. તમને એવું જ્ઞાન ને આત્મદૃષ્ટિ હતી તો વાંધો ન આવ્યો.

'આપે અદ્ભુત કાર્ય કર્યું છે. એનું વર્ણન થઈ શકે નહીં. ખૂબ ભીડો વેઠ્યો છે. માટે ખૂબ ધન્યવાદ છે. બધાને ખૂબ વંદન કરીએ છીએ. લાખો વંદન કરીએ તોય ઓછા છે... દંડવત્ કરીએ તો પણ ઓછા છે.. મહારાજ-સ્વામી, શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ આપના ઉપર ખૂબ રાજી થાય ને પ્રસન્ન થાય.. આપ બધાએ અમને પુષ્પાંજલિ તો કરી. પણ અમારે

તમને પુષ્પાંજલિ કરવી છે..' સ્વામીશ્રીનો સાદ આંસુના અવરોધમાં રૂંધાયો. સામે બેઠેલા સમર્પણના દરિયામાં એકાકાર થઈ જવા માટે એક કરુણાનું બિંદુ એમની આંખોમાંથી ખરી પડ્યું... અને વાતાવરણમાં પ્રેમનાં પૂર ફરી વળ્યાં. સ્વામીશ્રીના છેલ્લા શબ્દો તાળીઓના અવિરત ગડગડાટમાં ડૂબી રહ્યા : 'આપને બળ રહે.. ભગવાન તમને બળ આપે.... વિશેષ કાર્ય કરવાનું બળ મળે...'

* * *

૧૦. પૂર્ણતાનો અંક આધ્યાત્મિકતા

'તારે શું બનવું છે ?' એક યુવકને સ્વામીશ્રીએ પૂછ્યું.

'ઉત્તમ બનવું છે.'

'વાહ !' સ્વામીશ્રી બોલી ઊઠ્યા.

અટલાદરામાં એક યુવકે સ્વામીશ્રીને પૂછ્યું, 'ભગવાન પાસે ખરેખર શું માગવું જોઈએ ?'

સ્વામીશ્રીએ કહ્યું, 'મોક્ષ થાય અને સૌને શાંતિ થાય તે.'

નૈરોબીમાં એક યુવકે પૂછ્યું, 'બાપા, સત્પુરુષ સાથે નિષ્કપટ શા માટે થવું ? ને નિષ્કપટ થયા પછી પણ દોષ રહે તો શું કરવું ?'

સ્વામીશ્રીએ અમી દૃષ્ટિએ જોતાં કહ્યું, 'નિષ્કપટ થઈએ તો જ મહિમા સમજ્યા છીએ. નિષ્કપટ થયા પછી દોષ રહે છે, તે વર્ત્યામાં ખામી છે.'

સ્વામીશ્રી સાથે લંડનથી લિસ્બન સાથે ગયેલા એક યુવકે સ્વામીશ્રીને પ્રાર્થના કરી : 'મને સંસારમાં રહ્યા છતાં સંસારની આસક્તિ ન થાય એમ કરજો.'

સ્વામીશ્રીએ કહ્યું, 'સેવા કરશે તો આસક્તિ ટળશે. ભગવાન ને ભગવાનના ભક્તના ગુણગાન ગાવા. ભગવાન સુખિયા કરશે.'

આ વાર્તાલાપો ઉપનિષદ્‌ના બ્રહ્મપુત્રોની યાદ આપે છે. આધ્યાત્મિકતા અને યુવાની ! આ યુગમાં બંને સામા છેડાના ધ્રુવ છે. સ્વામીશ્રીએ આધ્યાત્મિકતાનો સેતુ આ યુવાનોના હૈયા સુધી સર્જી આપ્યો. તેમનામાં

બ્રહ્મજિજ્ઞાસાની કૂંપળો ફૂટી નીકળી. આ આધ્યાત્મિક તાલીમ માટે એમની પાસે કોઈ દેખીતું આયોજન નથી કે કોઈ ખાસ વર્ગો ચલાવવાના ખાસ સમય નથી. બસ, વહેતી સરિતાની જેમ નિજાનંદે અને અનાયાસપણે એમની આધ્યાત્મિકતા યુવાનોની પાત્રતા પ્રમાણે છલકાતી-ઊભરાતી વહેતી રહે છે. એ અમિયલ સ્રોત જ આપણા ઉચ્છૃંખલ ને સ્વચ્છંદી યુવાનોના હૈયે અધ્યાત્મની હરિયાળી લહેરાવી મૂકે છે...

ભક્તિકર્મો એ યુવાનોનો જીવનક્રમ બને તે માટે સ્વામીશ્રી હંમેશાં ત્રણ વાતનો ખૂબ જ આગ્રહ રાખે છે : નિત્યપૂજા, તિલક-ચાંદલો અને અઠવાડિક સભા.

સ્વામીશ્રી વેમ્બ્લી (લંડન) જઈ રહ્યા હતા. ઠાકોરભાઈના પુત્ર સુરેશભાઈ નવી સ્પોર્ટસ્કાર ચલાવી રહ્યા હતા. સ્વામીશ્રીએ માળા ફેરવતાં ફેરવતાં તેની સાથે વાત શરૂ કરી. વાતવાતમાં સ્વામીશ્રી કહે, 'પૂજા કરો છો ?'

'ના સ્વામી, નાહીને નામ લઉં છું.'

'પણ પૂજા કરવાની રાખજે. પૂજા પછી જ દુકાને જવું. જેમ કારનો શોખ છે તેમ હવે ભગવાન ભજવાનો પણ શોખ રાખવો.' સ્વામીશ્રીએ તેને પ્રેમથી સલાહ આપી. અને તે ઉત્સાહથી સંમત થઈ ગયો.

યુકલીડ (ક્લીવલેન્ડ-અમેરિકા)માં સુરેશભાઈનો પુત્ર નીલેશ દર્શને આવ્યો. તેણે થોડા સમયથી પૂજા કરવાની બંધ કરી હતી. સ્વામીશ્રી તે જાણતાં કહે, 'કેમ પૂજા કરવાની મૂકી દીધી ?'

તે કહે, 'રિઝલ્ટ બરાબર ન આવ્યું એટલે.'

સ્વામીશ્રી મર્મમાં મલક્યા ને કહે, 'ગ્રહણ પહેલું પૂજાને જ નડે છે ? રિઝલ્ટ બરાબર ન આવ્યું, તેં વિચાર્યું કે કેમ એમ થયું ? તું મિત્રો જોડે ફર્યા કરતો હોય, વાંચ્યું ન હોય, ટી.વી. જોતો હોય, કલાસમાં ધ્યાન ન આપ્યું હોય એટલે એવું થાય. તેમાં પૂજાનો શું દોષ ? પૂજા કટ કરતાં એ વિચાર કે બીજું ઘણું કટ કરવાનું છે. સ્વભાવ કટ કરવા. આ તો શરીરને કંઈક થયું કે પૂજા મૂકી દે. એમાં ભગવાન રાજી ન થાય.'

સ્વામીશ્રીએ તેને મનાવી લીધો.

ભક્તિ યુવાનની માનસિક તાકાતને અને આત્મશ્રદ્ધાને પ્રદીપ્ત કરતી

ચિનગારી છે. અને એ નિયમિતરૂપે પ્રકાશતી રહે તો યુવાન વ્યવહારજીવન અને શૈક્ષણિક કારકીર્દીમાં ખૂબ સારી રીતે ઝળહળી શકે તે નિઃશંક વાત છે.

સ્વામીશ્રીને કારવણ નજીકના એક યુવાને દાદર મંદિરમાં કહ્યું હતું, 'સ્વામી, મને મંદિરમાં આવવાની અંદરથી ઇચ્છા જ થતી નથી.'

સ્વામીશ્રીએ સમજાવ્યું, 'જો ભ'ઈ, મન ન થાય એટલે મૂકી ન દેવું. અમારે એક દા'ડામાં નહીં થાય તો ય ચાલશે. ઉતાવળ નથી. સ્વામિનારાયણ, સ્વામિનારાયણ ભજન કરવું. શ્રદ્ધાથી પકડી રાખવું તો ફળ મળશે.'

સ્વામીશ્રીએ મંદિર–મહત્ત્વ કે નિત્યદર્શનનો મહિમા - એવા કોઈ જ લંબાણ વિના કેવળ શ્રદ્ધા અને પુરુષાર્થનો માર્ગ બતાવી દીધો. એટલી ધીરજ, એટલી શ્રદ્ધા અને એટલા વિશ્વાસથી સ્વામીશ્રી આ યુવાહૃદયની કઠોરતાને કૂણી બનાવી શક્યા છે કે બ્રહ્મપુત્રોની સેના જાણે નિર્વિઘ્ને સાકાર થઈ રહી ન હોય !

સંપ્રદાયની શિસ્ત અને શ્રીહરિની આજ્ઞા પ્રમાણે તમામ યુવાનો- ભક્તો કપાળે તિલક અને ચાંદલો કરે તે સ્વામીશ્રીની હાર્દિક રુચિ છે. અવારનવાર યુવકોને આ અંગે સ્વામીશ્રી જાતે જ પ્રેરણા આપે છે.

મુંબઈમાં નિરંજનભાઈ બ્રહ્મભટ્ટ સ્વામીશ્રીને કહેવા આવ્યા કે 'હકાબાપુની સેવા બરાબર કરી શકું તે આશીર્વાદ આપશો.' સ્વામીશ્રીએ તરત જ તેમને કહ્યું, 'એમની સેવા બરાબર કરવી હોય તો રોજ તિલક-ચાંદલો કરવાનો નિયમ લો....' એ તરત જ સંમત થઈ ગયા.

વિદ્યાનગર છાત્રાલયમાં રહેતા બે મિત્રો સંદીપ અને મનિષ સ્વામીશ્રીને મળ્યા. સંદીપને હજુ તિલક–ચાંદલો કરવામાં ખચકાટ હતો. સ્વામીશ્રી કહે, 'તને વાંધો શું છે ? કોઈ ના પાડતું હોય તો તેની સાથે નેગોસીએશન કરીએ...'

'ના ના, એવું નથી.' સંદીપે કહ્યું, 'મનમાં એવું રહે છે કે કરવો તો જીવન વ્યવસ્થિત નિયમ ધર્મવાળું થાય પછી કરવો.'

સ્વામીશ્રીએ સુંદર દલીલ કરી, 'એ તો તું કરીશ એટલે વ્યવસ્થિત થવાશે. એમ.બી.એ.નું ભણવા બેઠો તો તને આવડ્યું ને ! એમ એક વાર કરવા માંડીશ એટલે મનોબળ વધશે. લોકોને ભલે જે બોલવું હોય તે બોલે.'

એ કહે, 'અમે ટૂર ઉપર જઈએ ત્યાં જમવામાં લસણ-ડુંગળીનો પાવડર નાંખેલો હોય. ખબર જ ના પડે. ખાધા વગર છૂટકો જ ન થાય. ત્યારે એમ થાય કે તિલક-ચાંદલો ના કરવો સારો.'

સ્વામીશ્રી કહે, 'તને એ વિચાર આવે છે એ કરતાં પેલું ખાવા જેવું નથી એમ વિચાર કર ને ! એવું આવે ત્યારે એક દા'ડો ઉપવાસ કરી નાંખવો. દૂધ ઉપર રહેવું. શરીર તો ટકશે જ. આપણે તો દૃઢતા રાખવી. મંઈ ડુંગળી હોય કે ના હોય બહારનું ખાવું જ નહીં. દૂધ ને બીજા ઉપર તો મહિના સુધી રહેવાય. આ તો આસક્તિ છે એટલે ખવાય છે, બાકી વાંધો નથી.'

'જમવાનું સામે આવે એટલે મન લલચાઈ જાય છે.' તેણે કહ્યું.

સ્વામીશ્રી કહે, 'મનને જ કન્ટ્રોલ કરવાની વાત છે ને ! રહેવાય નહીં એવું કાંઈ નથી. આ તો ખોટું જ લલચાઈ જવાય છે. મનને બરાબર રાખવું તો ભગવાન મદદે આવે જ. ગમે ત્યાં સગવડ થઈ જાય.' સ્વામીશ્રી અતિશય ભાવમાં બોલી રહ્યા હતા. સ્વામીશ્રીનો દાખડો સફળ થયો.

અતિ દયાળુ સ્વામીશ્રી નિયમધર્મની દૃઢતા માટે વજ્ર સમ કઠોર બનતાં દ્વિધા અનુભવતા નથી. સ્પષ્ટ વાત અને દૃઢ આદેશ. એમના આદેશમાં ક્યારેક તર્કની જે ધાર નીકળે છે હૈયું વીંધી નાખનારી હોય છે.

એક યુવક–તિલક ચાંદલો કરતાં અચકાતો હતો. એને એમ કે જીવનમાં વર્તાય તો જ કરવો. સ્વામીશ્રી કહે, 'એ કેવી વાત વળી ! ૫૦ લાખ મળે પછી જ ધંધો કરું એવો વિચાર આવે છે ? માટે મંડશો તો વર્તાશે. બળ મળશે...'

પણ તે યુવકની દલીલ અટકતી ન હતી. વારંવાર એક વાત તેણે કરી : 'મારા વર્તનને લીધે સંસ્થાનું ખોટું દેખાય એવું શું કામ કરવું ?' સ્વામીશ્રી જરા અકળાઈને કહે, 'તું લોકોની દયા શું કરવા ખાય છે ? આપણે (આજ્ઞા ન પાળી ને) ભગવાનના ગુનેગાર થઈએ છીએ એ તો વિચાર કર ! લોકોને જે થવાનું હોય તે થાય. ભગવાન ને સંત દુઃખી ન થાય એ જોવાનું હોય ને!'

આ છેલ્લી દલીલ સામે તે યુવાને શરણાગતિ સ્વીકારી.

'લોકો શું કહેશે ?' એ 'હાઉ' ઘણો મોટો છે. સ્વામીશ્રી સમજાવે છે કે લોકોનો ભય એટલે તમારું સુખ સમાજના ઘરે ગિરવે મૂકવાની મૂર્ખાઈ. એક

વાર આજ મુદ્દે સ્વામીશ્રીએ એક યુવક સભામાં કહ્યું હતું :

'સંસાર એવો છે કે કોઈ જાતની સરખાઈ આવવા ન દે. દુનિયાને ન ગમે તો મૂકી ન દેવું. એમ તો દુનિયાને તમે લૂગડાં પહેરો છો, એય ન ગમે તો શું એમનેમ ફરવું ?.. ભલે બધા મશ્કરી કરે... તેની પરવા ન કરવી. જે લાભ મળ્યો છે, તે જીવમાં રહે તે આશીર્વાદ છે...'

સુરતની એક યુવાસભામાં સ્વામીશ્રી બોલ્યા હતા : 'ભક્તિ નમાલાથી થતી નથી. શૂરવીર થાય તો જ થાય. શૂરવીર ન હોય તો કોઈ લાલચ આપે તો સિનેમામાં જતું રહેવાય. શૂરવીર હોય તો પ્રલોભનોને ઠેલી શકે. એટલે આપણે નવરા કે નમાલા નથી. માટે લાભ મળ્યો છે તેની મહત્તા સમજીને લાભ લઈ લેવો.... આજ્ઞા પાળી લેવી.... લોકોથી ડરવું નહીં...'

બોચાસણમાં એક યુવકને કોરા કપાળે જોઈ સ્વામીશ્રીએ જાતે તેને ચાંદલો કરી આપ્યો. ને કારણ પૂછ્યું. તો તે કહે, 'મારા પપ્પા કહે છે કે તિલક–ચાંદલો કરીને તું મારી ઑફિસમાં આવે છે તો ઑડ લાગે છે.'

સ્વામીશ્રી ભાવમાં આવી ગયા, 'એમાં ઑડ શું લાગે છે ? તારા પપ્પા આર્કિટેક્ટ છે ને, તેમને કહેવું કે તમારી બધી ડિઝાઇનો ઑડ લાગે છે, તે બંધ કરી દો. તો માની લેશે ? લોકોને તો તું ભણે છે તે ય ઑડ લાગે છે. તે શું મૂકી દેવું ? દુનિયાને તો તમે ખાઓ છો એય નથી ગમતું તો ભૂખે મરવું ? લૂગડાં પહેરો છો એય નથી ગમતું તો એમનેમ ફરવું ? એટલે એ ચિંતા કર્યા વિના આપણે દૃઢતા રાખવી. ભગવાન અને સંતને ગમે છે કે નહીં તે જોવું. એ જ કરવાનું છે... બીજાની પંચાત નહીં. દુનિયાની સામે જોવા જાવ તો ભક્તિ કે સત્સંગ અને દુનિયાનું સારું કામ પણ ન થાય...'

પરાવલંબી માનસિકતા ક્યારેય પ્રગતિ પમાડી શકતી નથી. સ્વામીશ્રી યુવાનોને સ્વતંત્રતાની દિશામાં નવા આયામની આંગળીએ કદમ ભરાવે છે.

એક પ્રસંગમાં જરા જુદી જ સમાજદૃષ્ટિ જોવા મળે છે. સ્વામીશ્રી આસ્ટન (યુ.કે.)માં બિરાજ્યા હતા. એક પિતાએ પુત્ર વિશે વાત કરી, 'બાપા, મારો દીકરો રોજ તિલક–ચાંદલો કરે છે, તેથી કોઈ તેને છોકરી આપતું નથી !!'

સ્વામીશ્રી આશ્ચર્યથી તે પિતા સામું જોઈ રહ્યા, ને પૂછ્યું, 'કેમ ?'

તે કહે, 'સાથે બહાર જવામાં શરમ આવે છે.'

સ્વામીશ્રી ભાવમાં આવી ગયા, 'એવા આવે તે અત્યારે તિલક–ચાંદલો કરવાની ના પાડે, કાલે ઊઠીને બીજું પણ કહે. મંદિરે નથી જવું... ઘરમાં સાથે નથી રહેવું.... પાર્ટીમાં જવું છે.... તો એય કરવું પડે. એને બીજો વાંધો નથી, તિલક–ચાંદલાવાળો મંદિરે જ લાવે. તેથી બીજે જવાય નહીં, એ વાંધો છે. તમારે સમજાવવું કે તિલક–ચાંદલો નહીં જાય.. ન માને તો કાંઈ વાંધો નહીં. દેશમાં જજો. ત્યાં સંસ્કારી (કન્યા) મળી જશે. નોકરી-ધંધામાં ક્યાંય તિલક–ચાંદલો નડતો નથી. તો આમાં શું કામ નડે ?....' પેલા ભાઈને કાંઈ દલીલ મળી નહીં. પણ સંતોષ પામીને વિદાય થયા.

*

લંડનમાં ભાનુભાઈના પુત્ર મિતેશને જોયો ને સ્વામીશ્રીએ બોલાવ્યો : 'કિશોર સભામાં બેસે છે ?' સીધો જ પ્રશ્ન સાંભળી તેણે થોથવાઈ જતાં ઉત્તર આપ્યો : 'ક્યારેક.'

સ્વામીશ્રી સ્નેહથી કહેવા લાગ્યા, 'જો મિતેશ, રવિવાર થાય એટલે સત્સંગ સભામાં પહોંચી જ જવું. તું આ સમય ડાયરીમાં લખી રાખ. પણ એકે સભા પડવી ન જોઈએ. ઓ.કે. ?'

'ઓ.કે !' તે યુવાને ઉત્સાહથી કહ્યું.

પોરબંદરના એક યુવકને સ્વામીશ્રીએ પ્રાયશ્ચિત રૂપે આજ્ઞા કરી હતી કે 'મોટામાં મોટી માનતા એ નિયમિત રવિસભા. એ જ પ્રાયશ્ચિત. એ ચૂકવી નહીં. યોગીબાપા રાજી થશે.'

વડોદરાના મનોચિકિત્સક ડૉ. વિકાસ પોંડા જૂના સત્સંગી યુવક. પણ વ્યસ્તતાને કારણે રવિસભામાં ન આવી શકે. તે જાણી સ્વામીશ્રીએ પૂછ્યું : 'મંદિરે ક્યારે આવો છો ?' તેઓ કહે : 'સંતો બોલાવે ત્યારે આવી જાઉં.' સ્વામીશ્રી મંદ સ્મિત કરતાં કહે, 'સંતો નહીં, તમને ભગવાન બોલાવે છે. એમ જાણી નિયમિત રીતે મંદિરે આવવું. હવે માળાનો નિયમ લો....'

સ્વામીશ્રીના આવા વત્સલભાવ અને સત્સંગ પ્રેરણાથી પ્રેરાયેલા લાખો નવયુવાનો દેશ-વિદેશમાં પથરાયેલા ૧૫૦૦ થી વધુ યુવક મંડળોમાં જીવન-ઘડતર પામી આપણા સમાજની સેવા માટે, પ્રભુપ્રીતિ માટે અને

અધ્યાત્મવિકાસ માટે કટિબદ્ધ થઈ રહ્યા છે. યુવા અધિવેશનો, યુવા નેતૃત્વ તાલીમ શિબિરો, વિદ્યાર્થી શિબિરો, કિશોર મંડળના સમરકેમ્પ, જન જાગૃતિ અભિયાનો, વિવિધ સ્થળે નિર્માણ થયેલાં છાત્રાલયો આ યુવાવિકાસને પ્રતિદિન વેગ આપતાં શ્રેષ્ઠ અને સંસ્કારલક્ષી માધ્યમો છે. જેમાંથી તૈયાર થતા યુવાનો આપણા ભવિષ્યની આશા છે અને આપણી આશાઓનું ભવિષ્ય છે...

બ્રહ્મભાવના ભોમિયા

સ્વામીશ્રી સાથેના યુવાનોના વાર્તાલાપો પ્રત્યક્ષપણે માણવા એ જીવનનો સુવર્ણ અવસર જ કહેવાય. કેમ કે સ્વામીશ્રી અચાનક કોઈપણ ક્ષણે પોતાનો બ્રહ્મભાવ આ યુવાનો સમક્ષ બહુ ઋજુતાથી છતાં સાક્ષાત્કારના રણકારથી નિખાલસ પણે રજૂ કરી દેતા હોય છે.... અને આવી ક્ષણો મળવી સાચે જ દુર્લભ હોય છે.

'આપે ભગવાનનાં દર્શન કર્યાં છે ?' રાજકોટમાં સ્વામીશ્રી ઉતારે હતા ત્યાં એક અજાણ્યા યુવકે આવીને અચાનક પ્રશ્ન કર્યો.

સ્વામીશ્રી કહે, 'કર્યા છે ત્યારે તો આનંદ છે. અને જોયા છે એટલે તો વાત કરીએ છીએ.'

'આપને તાદશ છે ?' તેણે ફરી આશ્ચર્યથી પછ્યું.

'હા, તાદશ છે જ.'

'તો મને દેખાડો.'

'એમનેમ ન દેખાય. ગુરુના વચનમાં વિશ્વાસ રાખી મંડવું પડે. મને તો ગુરુમાં સાક્ષાત્ ભગવાનનાં દર્શન થાય છે. બીજી વાત શું કરવાની ? ભગવાન તો ગમે તે સ્વરૂપે આવે !'

એ યુવાન અદૃષ્ટપૂર્વ આશ્ચર્યથી આ પ્રતીતિના નક્કર રણકારને અનુભવી રહ્યો. એની ચેતના રણઝણી ઊઠી. આસ્તિકતાના માર્ગે એણે પ્રથમ ડગ માંડ્યું.

યુવાનને આ માર્ગે વાળવા એમની પાસે ઘણી પ્રીતરીતો છે. અનુભવસિદ્ધ ઉત્તરો છે. સમસ્યાઓના ઉકેલો છે. સ્નેહ તરબોળ કરી મૂકે

તેવું હમદર્દ હૈયું છે. સમય પ્રમાણે અને પાત્ર પ્રમાણે સ્વામીશ્રી તેની સંજીવની પ્રસરાવતા રહે છે.

અમેરિકામાં ઉજવાતા ભારતીય સાંસ્કૃતિક મહોત્સવ દરમ્યાન એક વાર સ્વામીશ્રી પ્રસાદ જમી રહ્યા હતા ત્યારે બકુલ મહેતા કહે, 'સ્વામી, ગ્રેપ અને ચેરી જમો. આ એની સીઝન છે.

સ્વામીશ્રી હસતાં હસતાં કહે, 'ભજનની સિઝન ક્યારે આવે ?'

'એ તો બારે માસ.'

'તે તું કરે છે ?' સ્વામીશ્રીએ સમય જોઈને વળતો ઘા કર્યો. તે ખોટું બોલી ન શક્યા. થોથવાતાં જ તેમણે કહ્યું, 'એ.. તો.. મનમાં થાય છે.'

તરત જ સ્વામીશ્રી બોલ્યા : 'જેની સીઝન હોય તેનો પાક વધારે થાય કે નહીં ? તો ભજન બારે માસ વધારે થવું જોઈએ ને ?'

બકુલભાઈએ હાથ જોડી દીધા. આ અદ્‌ભુત દલીલનો સામનો ભજનથી જ શક્ય હતો, નહીં કે શબ્દોથી !

ક્યારેક જાતે જ એવું નિમિત્ત સર્જે કે યુવાનોને જ નહીં સંતોને પણ એમાંથી પ્રેરણા મળી જાય.

સ્વામીશ્રી ગોંડળમાં બિરાજ્યા હતા. તડકો હતો તેથી હેતલ દેસાઈએ ગોગલ્સ ધર્યા. આ નવા યુવકને જોઈ જનમંગલ સ્વામીએ પૂછ્યું : 'આ ભગત ક્યાંના છે ?'

સ્વામીશ્રીએ એ જ વાક્ય દોહરાવ્યું : 'ક્યાંના છે ?'

'અમદાવાદનો. પણ મૂળ ઠાસરા.' હેતલે સ્વામીશ્રી સામું જોઈને જવાબ આપ્યો.

સ્વામીશ્રી ગમ્મત કરતાં હસી પડ્યા... ને કહે, 'તું ઠાસરાનો કહીશ તો આ જનમંગલ હક કરશે. (એ વિસ્તારમાં વિચરણ કરતા તેથી.)

'તો હું ચાણસદનો !' હેતલે ગુરુના જન્મસ્થળને જુદા જ સંદર્ભમાં યાદ કર્યું.

સ્વામીશ્રી કહે, 'અલ્યા, એ ક્યાં લાવ્યો ? એ તો બધું આ લોકનું છે. આપણે તો અક્ષરધામના છીએ. અનિર્દેશના છીએ, એમ કહેવું જોઈએ. કોઈ હક જ કરે નહીં. સમજ્યો ?'

બ્રહ્મવિદ્યાના પાઠ આટલી સરળતાથી ભણાવતી સ્વામીશ્રીની યુનિવર્સિટીમાંથી યુવાન અનેક સદ્‌ગુણોને સહજ સિદ્ધ કરી શકે છે.

સ્વામીશ્રી મુંબઈમાં બિરાજ્યા હતા. સંધ્યા આરતી બાદ આસન-સ્નાન કરીને ઠાકરોજી જમાડવા બિરાજ્યા. હજુ થાળ આવ્યો ન હતો. થોડા સંતો-યુવકો બેઠા હતા. સ્વામીશ્રીએ અતુલ મહેતાને એકદમ જ પૂછ્યું : 'ટિનીયા, તારું ઘર ક્યાં ?'

'ઘાટકોપર.' તેણે સહજતાથી ઉત્તર આપ્યો.

સ્વામીશ્રીએ તેના માથે હળવેથી ટપલી મારી, ને કહ્યું, 'હત્તારી ! તારી જાતને બ્રહ્મ કહે છે ને ! બ્રહ્મ ક્યાં ગયું ? જ્ઞાન તો બહુ કરે છે, ને ઘર કયું એ ભૂલી ગયો ?' કેટલો ટૂંકો સંવાદ ! કેટલું ભવ્ય શિક્ષણ !

'તત્ત્વમસિ' 'અહં બ્રહ્માસ્મિ' જેવાં સૂત્રો અહીં હસતાં રમતાં હાડમાં ને હૈયામાં ઓગાળી દેવામાં આવે છે.

સ્વામીશ્રીએ 'અક્ષરધામ' સંકુલમાં સેવા કરતા યુવકો કાંતિ અને સુરેશને ખાસ લાભ આપવા જ ભાદરા બોલાવ્યા હતા. એક વાર જમતી વખતે કાંતિએ યોગીજી મહારાજનું જીવનચરિત્ર વાંચવાનું શરૂ કર્યું. તેમાં વાત આવી : 'અક્ષરધામનું સુખ ભોગવી લેવું.'

સ્વામીશ્રીએ વાત ઉપાડી : 'જુઓ, આમાં યોગીજી મહારાજ બોલ્યા. અક્ષરધામની સેવા મળી છે. મહારાજને સંભારીને વ્યવસ્થિત સેવા કરવી. મૂંઝાવું નહીં. જિંદગીમાં મૂંઝવણ થવી જ ન જોઈએ. એવા એ જ્ઞાન અને સમજણ દૃઢ કરવાં. આપણે બ્રહ્મરૂપ થવા માટે બ્રહ્મરૂપની કૉલેજમાં બેઠા છીએ. એટલે લોકોના શબ્દો આવે, માન થાય, અપમાન થાય. એ બધું સહન કરીએ એમ દેહભાવ નીકળતો જાય. અખંડ જાણપણું રાખીએ તો વાંધો ન આવે. આપણે સાહેબ છીએ તેમ ન માનવુ એ ખાસ. યોગી ગીતા વાંચી છે ને ? એમાં આવે છે, 'આપણે નેતા નથી....' આ સૂત્ર લખી રાખજો....'

'આપણે જે વખતે જે મળે તેમાં ચલાવી લેવું. ખાવાની લોલુપતા ન રાખવી.' એમ કહેતાં અલમસ્તાઈથી કેફનું લટકું કરતાં બોલ્યા :

'क्वचिद् भूमौशायी, क्वचिदपि च पर्यंकशयनम्' - શું આવ્યું એમાં ?

જ્યારે જે મળે તે ચલાવવું. ભોંય પથારી કે પલંગ, એમાં શું ? આપણે તો ભગવાનને રાજી કરવા છે. એવું જ્ઞાન દૃઢ કરવું કે મનાવવા પડે નહીં. જેને રાજી જ કરવા છે, તેને વ્યથા કે દુઃખ રહે જ નહીં. નિશાન એક જ. યોગીજી મહારાજ સામું જોઈને ચાલ્યા કરવું.

'क्वचित् शाकाहारी.....' જે મળ્યું તે જમી લેવું, તો સુખિયા. આપણે ખાવું તે પેટ ભરવા. વિષય ભોગવવા નહીં. ભોગવવાનું ભગવાનનું સુખ. પહેલેથી દૃઢાવ પાકો કરવો. ચહચહ સુખમાં તરબોળ થઈ જવું. એટલે બીજા શબ્દો ઊડી જાય..... દુઃખ કોઈ માનશો નહીં. જે જોઈએ છે તે મળ્યું છે. શું મળ્યું છે ? અધિકાર ? હોદ્દો ? સંપત્તિ ?'

'ના, ભગવાન.' સુરેશે કહ્યું,

'બસ ! ભગવાન મળ્યા. હવે તો 'નો સંશય !' મંડી જ પડવું. આ તો કાંઈ ગરબડ હોય ને પછી કહે, 'ભગવાનનું સુખ કેમ ન આવ્યું ?' અરે ભઈ, સુખ તો આવે જ છે. પણ લેતાં આવડવું જોઈએ. એમના સુખનો સોર્સ તો ચાલુ જ છે. પ્રવાહ નીકળે જ છે પણ આપણા મનમાં ગોટા છે એટલે સુખ ક્યાંથી આવે ?....' પછી કહે, 'મનુષ્યભાવ આવે છે.' આવે જ તો....! આપણામાં વિકાર છે એટલે બધું દેખાય છે. માટે એવી સમજણ કરી લેવી.... તો સુખ સુખના ઢગલા...

'આપણે તો પૃથ્વીનું વેજૂ (નિશાન) છે. ભગવાન અને સંતને નિશાન રાખ્યા હોય તો ખાલી જ ન જાય. એની સામું નિશાન હોય તો સુખ-દુઃખની અસર જ ન થાય. મરણિયા થવું. ખાવા-પીવામાં, પથારીમાં લેવાયા તો ગયા. આઈસ્ક્રીમનો વાટકો ન મળે ને મનમાં દુઃખ થઈ જાય તો ગયા. અરે ! ના મળ્યું તો કાંઈ નહીં ! જો લેવાયા તો નિશાન ગયું કે'વાય. પછી મૂડ ઊતરી જાય. મરવાના સંકલ્પ થાય.... પાવર ઊતરી જાય છે... માટે નિશાન પર દૃષ્ટિ રાખવી. આ પુસ્તક વાંચીને યાદ રાખજો. બેયને અહીં એટલે બોલાવ્યા છે. એવું દૃઢ કરો કે ટોચો ન લાગે. કોઈ હડધૂત કરે તોય પાછું કથાવાર્તા ચાલુ થઈ જાય. ભગતજી જેવું બખ્તર ઘડી નાખવું. શબ્દનો ઘા ખમવો. ખાતી વખતે કોઈ ઉઠાડે ત્યારે વસમું લાગે પણ તે ઘડીએ મહારાજને પણ ૧૮ વાર ઉઠાડ્યા'તા એ યાદ રાખવું. આપણે એ

ગુણાતીતવંશના છીએ. જે કાંઈ તકરાર થાય છે એ આવા તુચ્છ પદાર્થમાંથી થાય છે. અરે ! એટલા હારુ તકરાર શું ? મુખ્ય વસ્તુ લેવી છે પછી બીજાની ગણતરી શું ?

'આ રતિલાલ (ભેંસદડ) છે ગામડિયો. કાંઈ નથી ભણ્યો. છતાં સમજવું કે 'એ બધું જ સમજે છે ને હું કાંઈ નથી સમજતો.' બીજાને નાના સમજીએ તો પાછો અવગુણ આવે. માટે બધાને મોટા સમજવા. દઢતા એવી કરો કે ડંકો વાગી જાય....' સ્વામીશ્રીના મુખમાંથી જાણે ગીતામૃત સરી રહ્યું હતું. કયું ત્યાગવું ને કયું લેવું... એકે એક શબ્દની અહીં ગરિમા હતી. આધ્યાત્મિક આરોહકો માટે આ પ્રાણવાયુ હતો.

લંડનમાં ગ.પ્ર. ૫૪મું વચનામૃત બપોરની કથામાં વંચાયું. પ્રારંભમાં મૂર્તિ વર્ણન આવ્યું ત્યારે સ્વામીશ્રીએ કિશોર વયના મિતેશને પૂછ્યું, 'ગઢડા જોયું છે ? વાસુદેવનારાયણના ઓરડા જોયા ?'

'ના.' તેણે કહ્યું.

પછી સ્વામીશ્રી કહે, 'હવે સાધુ થશો એટલે જોવા મળશે.' એમ કહેતાં આખી વાતને વળાંકે લીધી, 'આ તમે સાધુ ભેગા રહ્યા એટલે સાધુ થવાનું મન થયું. તું ટી.વી. જુએ છે ?'

'ના બાપા.'

'એ શાથી થયું ? સંતના સત્સંગથી. બાકી ટી.વી. ન હોય તો બાજુના ઘરમાં જોવા જાય. વેકેશન પડે તો ટૂર મારવા નીકળી પડે. પણ તમે અહીં મંદિરમાં સેવા કરો છો તેનું કારણ સંતસમાગમ. તેનાથી વિષય ત્યાગ કરવાનું બળ જીવમાં પ્રગટ થયું છે....'

પોતે જે માર્ગે છે, તે ચોકક્સ અને શ્રેષ્ઠ જ છે, તેવું આધ્યાત્મિક ગૌરવ યુવાનોના હૈયે લીંપાશે. તો સ્વાભાવિક જ એમનું અંતર વધુ શુદ્ધ, વધુ નિર્મળ બનતું રહેશે.

ઈશ્વરને રજમાત્ર મલિનતા પસંદ નથી તેથી જ તે પુષ્પને ઝાકળબિંદુઓથી રોજ ધૂએ છે - સ્વામીશ્રીનું પણ એમ જ છે...

લંડનમાં બે યુવકો હિતેશ અને તરુણ કંઈક વાતો કરતાં મંદિરના ફૉયરમાં ઊભા હતા. સ્વામીશ્રી આજે નજીકના ટાઉન ક્રોલી જવા

નીકળવાના હતા. તેથી કોઈ મુલાકાતીઓ પણ ન હતા. એકાએક બંને કહે, 'બાપા, અમે બંને એ વાતો કરતા હતા કે સ્વામી આપણી ઉપર રાજી થાય તો આપણે શું માગવું? પછી બંનેએ પૈસા માગવા વિચાર્યું. જેથી સેવા થાય.'

સ્વામીશ્રીએ તેમને અટકાવ્યા. રજમાત્ર મલિનતા તેમને પસંદ નથી. તેથી કહે, 'જુઓ, સંપત્તિ માત્ર ભગવાનમાં છે. મૂર્તિ માગી લેવી. તેમાં બધું આવી જાય. ભગવાનને તો એમ જ કહેવાનું કે તમારું સુખ જ આપજો. વહેવાર પણ એમણે જ ચલાવવાનો છે. આ બંગલો–વૈભવનું સુખ તો આત્માને લઈને છે. તે નીકળે પછી શું સુખ ? માટે એ જ પ્રાર્થના કરવી કે તમારું જ સુખ મળે. દેહનું સુખ ન મળે. એ માટે મન પાકું રાખવું. નિષ્ઠા ને નિયમધર્મ બેયની શ્રદ્ધા રાખવી.'

આ 'અનાસક્તિયોગ' - ખાંડાની ધારે ચાલવાનો માર્ગ છે. અને સ્વામીશ્રીએ એ તાકાત યુવાહૃદયમાં જોઈ છે. 'સમષ્ટિ માટે કુટુંબનો ત્યાગ' કરવાની મહાભારતીય ભાવના સ્વામીશ્રીના સંપર્કે યુવકોમાં જાગે છે, ત્યારે સ્વામીશ્રી પણ કળિકાળના વિરાટ ઊંબરાને ઠેકીને એક જ કૂદકે પરમાત્માના રંગે રંગાવા આતુર એવા યુવાનોમાં અનાસક્તિનો-ત્યાગનો-સંન્યાસનો રંગ વધુ ઘેરો કરી આપે છે.

લંડનમાં સાધુ થનાર યુવકો બેઠા હતા. સ્વામીશ્રી કહે, 'મોટામાં મોટી પદવી સાધુની. દુનિયાની બધી ડિગ્રીઓથી પર. આ ડિગ્રી પામવા માટે સાધકદશા છે. તેમાં સમૂહમાં રહેવું પડે. માન–અપમાન ભૂખ–તરસ સહન કરવાં પડે. બબલ ! સારા સાધુ થઈએ તો વર્લ્ડનો પ્રેસિડેન્ટ હોય તે પણ નમે !'

એક કિશોરે તરત પૂછ્યું, 'તેનું આદર્શ દૃષ્ટાંત કોઈ છે ?'

'છે ને ! યોગીજી મહારાજ ! આપણે એમને જ ફોલો કરવાનું !'

પછી સ્વામીશ્રી થોડી પળો મૌન રહ્યા અને કહે, 'સારંગપુરમાં સાધુની પદવી મેળવવા ટ્રેનીંગ રાખી છે.'

'એ અભ્યાસમાં પાસ થઈએ તો ?' ચંદુએ પૂછ્યું.

'તો તો દુનિયા નમતી આવે !' સ્વામીશ્રી કેફથી બોલી ઊઠ્યા, 'ઇન્દ્રિયારામને શરીરનું સુખ જોઈએ ને આત્મારામને કાંઈ જોઈએ જ નહીં. પછી બધા નમે જ ને !'

હા, આ સંવાદો ૧૯૯૨-૯૩ ના છે. વૈદિક યુગના નથી. લંડનના આધુનિક કિશોરો સાથેના છે. આશ્રમવાસી ઋષિકુમારો સાથેના નથી - છતાં કેવું ગજબ સામ્ય છે ગુરુ-શિષ્ય સંવાદોમાં !

'આત્મારામ, સ્થિતપ્રજ્ઞ, બ્રહ્મરૂપ, એકાંતિકધર્મ' આ ગૂઢ શબ્દો સ્વામીશ્રીની સાક્ષાત્કારની ભૂમિકામાંથી અવતરે ત્યારે યુવાનો તેનો સત્યાર્થ અને તત્ત્વાર્થ સાચા અર્થમાં પામી શકે છે.

યુવાનો જ્યારે પરાવિદ્યામાં માહેર થતા જાય છે, તેમ તેમ તેમના પ્રશ્નોમાં પણ અનુભવ આવી વસે છે. એ પ્રશ્નો ગોખાવેલા નથી હોતા. સ્વયંસંભૂત હોય છે. એ બતાવે છે કે સ્વામીશ્રી સર્જિત બ્રહ્મજિજ્ઞાસાનું કલેવર કેવું સંગીન ઘડાયું છે !

વિદ્યાનગરમાં સ્વામીશ્રી જમતા હતા ત્યારે તુષારે પૂછ્યું, 'વચનામૃત, સ્વામીની વાતો (સંપ્રદાયના મુખ્ય ગ્રંથો)માં અને સંતોની વાતોમાં જુદી જુદી સાધનાઓનું પ્રતિપાદન થાય છે. તેમાં અમારે શું કરવું તે પ્રશ્ન થાય છે.'

સ્વામીશ્રી કહે, 'મહારાજે કહ્યું છે કે એકાંતિક ધર્મ સિદ્ધ કરવો. ધર્મ જ્ઞાન, વૈરાગ્ય ને ભક્તિમાં બધું જ આવી ગયું. બધી વાતોનું (સાધનાનું) મૂળ અનુસંધાન એક જ છે. આ ચાર અંગ દૃઢ કરવાં....'

અમદાવાદમાં યુવકોએ 'નિયમ, કથાવાર્તા કે સેવા - કઈ સાધના કરનાર શ્રેષ્ઠ ?' એ ડિબેટ રજૂ કરી. આ સહજ અને જિજ્ઞાસાપ્રેરક ચર્ચાનો ઉકેલ આપતાં સ્વામીશ્રીએ અત્યંત પ્રસન્નતાથી કહ્યું હતું : 'યુવકોએ તૈયારી બહુ સારી કરી છે. બધા વિષયોની રજૂઆત શુદ્ધ કરી. પણ મૂળ સેવા-કથા ને નિયમ ત્રણેની જરૂર છે. મહાપુરુષોના શબ્દોના આધારે વાત કરી. પણ શબ્દો કરતાં એમનાં અંગ-એમનું વર્તન જોવું. એમણે સેવા ને કથા બેય કરી છે. ને નિયમની દૃઢતા તો હતી જ. કોઈની ગૌણતા ન કરવી. બધા એકબીજાના પૂરક છે. આ ત્રણે વસ્તુ હોય તો કોકડું ઊકલી જાય. આપણે પણ બધાએ બધી રીતે તૈયાર થવું.'

સ્વામીશ્રીના મનમાં 'સર્વાંગ સંપૂર્ણ'નો અર્થ છે : અધ્યાત્મમાં પૂર્ણ. આ અધ્યાત્મ એટલે આસ્તિકતા, ધર્મનિષ્ઠા, સ્વરૂપનિષ્ઠા, સંતસમાગમ, એકાંતિક ધર્મ.... એટલે કે સર્વ સદ્‌ગુણોનો સરવાળો.

સ્વામીશ્રીએ યૌવનસહજ આસક્તિનો ભાગાકાર કરી, તર્ક અને સંશયોની બાદબાકી કરી યુવાનના અંતરમાં પૂર્ણતા માટેનો એક જ અંક ઘૂંટી આપ્યો છે : આધ્યાત્મિકતા !

* * *

૧૧. ગુણાતીતના માનસપુત્રો

યુવાનોમાં સ્વામીશ્રીએ આશા રોપી અને તે વટવૃક્ષ બની...

યુવાનોમાં સ્વામીશ્રીએ ચિનગારી ચાંપી અને શક્તિનો પ્રચંડ વિસ્ફોટ થયો...

'નવોત્થાન'નો સ્વામીશ્રીનો સંકલ્પ ધસમસતી યુવાશક્તિએ ઝીલ્યો, વિઘ્નોને પડકાર્યા, સામા પૂરે તર્યા અને સંઘર્ષોમાંથી આદર્શ સમાજનું શિલ્પ ઘડાવા લાગ્યું.

સ્વામીશ્રીએ સુરતની એક યુવા સભામાં પોતાનું લક્ષ્ય રજૂ કરતાં કહ્યું હતું : 'તમે આટલા બધા યુવકો હો તો શહેર આખાને રંગતાં કાંઈ વાર ન લાગે... ગાંધીજી એકલા હતા તોય ભારતના ખૂણે ખૂણે ફરી વળ્યા અને સ્વરાજ્ય મેળવ્યું. તો આટલા બધા યુવકોથી શું ન થાય ? આપણે નાના છીએ તેમ ન માનવું. તમે જો સાચા હશો તો ગમે તેવો મોટો માણસ તમારી સામે હશે, તોય તમારી વાતની અસર થશે જ.'

સત્યનિષ્ઠાનું આ ઘડતર, આત્મવિશ્વાસનું આ ચણતર, હેતની આ ચૈતન્ય સંવેદના, વ્યવહારુતાનું આ દિશાદર્શન અને શિક્ષણના આ વૈજ્ઞાનિક અભિગમની ફલશ્રુતિરૂપે સમાજના તમામ અભિગમોમાં વિકાસ સાધતો પૂર્ણ યુવા સમાજ પૃથ્વીપટે આકાર પામતો રહ્યો છે.

સ્વામીશ્રીનો પ્રેમ સિદ્ધ કરવા યુવાનોએ બલિદાનનું પ્રમાણ આપ્યું.

સ્વામીશ્રીનો અભિપ્રાય સિદ્ધ કરવા યુવાનોએ ચારિત્ર્ય અને સેવાનું પ્રમાણ આપ્યું.

સ્વામીશ્રીની લક્ષ્યસિદ્ધિને સિદ્ધ કરવા યુવાનોએ પોતાના પરિવર્તનનું પ્રમાણ આપ્યું.

અને સ્વામીશ્રીના અધ્યાત્મસિંચનને સિદ્ધ કરવા યુવાનોએ અનાસક્તિ અને સ્વરૂપનિષ્ઠાનું પ્રમાણ આપ્યું છે.

કોસંબાના માછીવાડ વિસ્તારમાં સ્વામીશ્રીએ સંતોને મોકલ્યા. અહિંસાની વિચારસરણી અહીંના સાગરપુત્રોના હૈયે અસરકારક નીવડી. અને એ યુવાનોમાં સત્સંગ, સંસ્કાર અને અહિંસાનાં બીજ વવાયાં. જેમ બધે જ બને છે તેમ આ યુવાનોનો વિરોધ શરૂ થયો. પ્રભુ નામના એક યુવકને માબાપે માછલી પકડવાની ખાસ દરિયાઈ તાલીમ પૈસા ખર્ચીને આપી હતી. પણ એ યુવાને એ હિંસાનો મક્કમ સામનો કર્યો. જેનો સખ્ત વિરોધ થયો. તેણે બધું જ સહન કર્યું. એ અચળ રહ્યો-મેરુની જેમ !

બીજા યુવક જીતુએ પોતાનો શાકાહારી બનવાનો નિર્ણય જાહેર કર્યો, ત્યાં તો ઘરના સભ્યો મૂઢ માર મારતાં તેના પર તૂટી પડ્યા. ઘરમાં અલગ રસોઈની તો વાત જ ક્યાં રહી ? જીતુ શૂરવીર હતો. તેણે જાતે બજારમાંથી શાક ખરીદી રસોઈ બનાવવા પ્રારંભ કર્યો.... આશ્ચર્ય તો એ હતું કે તે બનાવે ને ઘરના સભ્યો જમી જાય અથવા ફેંકી દે. જીતુએ આ પછી અનશનનો પ્રારંભ કર્યો. તેના સત્સંગી મિત્રોને જાણ થઈ અને તેને પોતાના ઘરે જમાડવા વ્યવસ્થા કરી.

આવા વિરોધમાં ઝઝૂમવાની તાકાત જોઈને સત્સંગી યુવાનોની સંખ્યા વધતી ગઈ. કેટલાક મોટેરા પણ રંગાયા. આ યુવાનોએ માર્ગ ફંટાવ્યો તેનું પરિણામ એ આવ્યું કે માછી યુવાનોને ઉચ્ચશિક્ષણ માટે પ્રોત્સાહન મળ્યું. અને તેમને ફરજ પણ પડી. આજે અનેક યુવાનો સારી શિક્ષણ શાખાઓમાં પ્રવેશી ડિગ્રીધારી બન્યા છે.

નિયમો સ્વામીશ્રીના યુવાનોના લોહી સાથે વણાયા છે.

તદન સામાન્ય સ્થિતિનો મિતેશ ત્રિવેદી મુંબઈમાં રહે. દર રવિવારે દાદર મંદિરે સભામાં જવા રૂપિયા ૧૨ના ભાડાનો ખર્ચ પોસાય તેમ નહોતો. અભ્યાસના વર્ગો ભરવા તે ૧૦ કિ.મી. દૂર રૂપિયા ૩ નું ભાડું ખર્ચી બસમાં જતો. આ પૈસા બચાવવા તે ૧૦ કિ.મી. ચાલતો વર્ગમાં જતો.

અઠવાડિયે ચાર વાર ચાલીને જવાનો શ્રમ રવિવારની સભા માટે ભાડું મેળવવા એ કરતો ! સંતોને જાણ થઈ અને તેની વ્યવસ્થા પણ થઈ. પરંતુ આ યુવાનોની નિયમો પાળવાની શ્રદ્ધાનાં દર્શન કેવાં અસાધારણ છે !

*

સ્વામીશ્રીના યુવાનોએ વહેમના નિરસનમાંથી જાતે જ ક્રાંતિ સર્જી છે.

અમદાવાદ રહેતા ગોવિંદભાઈ પટેલનું મૂળ વતન નવાપુરા. (જિ. અમદાવાદ)

તેમની નાતે તેમને રાખડીબંધ ભુવા નીમ્યા હતા. અવસરે દસ હજાર માણસ ભેગું થાય ને તેમનું વચન માત્ર કોઈ ઉથાપે નહીં. ભગવાનની જેમ પૂજાવા મળે. લોકોની આ અંધશ્રદ્ધા, પોતાને આચરવો પડતો દંભ ગોવિંદભાઈ ગમતો નહીં. ૧૯૮૮ માં તેમના પડોશમાં સત્સંગીના ઘરે બાળસભાની શરૂઆત થઈ. ગોવિંદભાઈના બાળકો પણ રંગાયા. બાળકો એક વાર સંતોને પોતાના ઘરે લાવ્યા. સંતોએ પરિચય કેળવ્યો. વાતો થઈ. અંતર્દૃષ્ટિ થઈ અને જે ક્રાંતિ થઈ તે એમના જ શબ્દોમાં જોઈએ : ' ભુવાના કામમાં કાંઈ સાચી વાત જ નહીં. બધા હું કહું એમ ધૂણે. એટલે મારે કાયમ ખોટું જ ધૂણવાનું. આપ ન મળ્યા હોત તો કઈ જગ્યાએ હોત ! કૂતરા કરતાં પણ ભૂંડું જીવન હતું. ડગલે ને પગલે ખોટું બોલવાનું. મેં ભુવાનું પદ સત્સંગી થયા પછી છોડ્યું એટલે નાત કહે, 'આને નાત બહાર કાઢો.' મેં કહ્યું, 'મારે તો હવે મોટું કુટુંબ (સત્સંગ સમાજ) થઈ ગયું છે. તમારે જે કરવું હોય તે કરો.' આજે સુખિયો થઈ ગયો છું. મારા કપાળમાંથી ક્યારેક ચાંદલો ભૂંસાઈ જાય ત્યારે મને લાગે કે જાણે હું બીમાર થઈ ગયો છું !'

*

મૂળ લિંબાસીના ભાસ્કરભાઈ પટેલ અમદાવાદમાં રહે. તેમના ઘરમાં ઘણા સમયથી ભૂતનું નડતર. વળી માતાજી પણ દેખાય. વર્ષોના લગ્નજીવન બાદ પણ તે નિઃસંતાન હતા. તેથી ઘરના તમામ સભ્યોનો વહેમ પણ પાકો બનેલો. એવામાં ભાસ્કરભાઈને પોતાને જ એક અનુભવ થયો. જે તેમણે સ્વામીશ્રી પાસે સાયંભ્રમણ સમયે રજૂ કર્યો : 'બાપા, એક વાર હું સૂતો હતો

ત્યાં માતાજી દેખાયાં. મારી પાછળ દોડીને કહે, 'હું તને રૂપિયા આપું.' હું એક વાર તો લોભાઈ ગયો. પણ તરત જ આપે દર્શન દીધાં. ને કહ્યું કે ના લઈશ. ધરતીનું ધન તારું પુણ્ય હરી લેશે.' એટલે મેં ના કહી દીધી... એ પછી મારા ઘરમાં એક નાગ દેખાયા કરે. મારા પિતાજી અંધ છે. તેની પાસે 'મેલું' મોટા અવાજે માગે કે મને એક બિલાડી ને બે આંખો ખાવા આપ તો જાઉં.' મારા પિતાજીએ મને આ વાત કરી પણ મેં કાને ન ધરી. આપના આશીર્વાદ લીધા હતા કે સંતાનપ્રાપ્તિ થાય પણ પેલું કહે છે કે જોઉં છું, તને કેમ સંતાન મળે છે ! મારાં પત્નીને એટલો ભય કે કરગરે. પણ મેં કહેલું કે જો મારા ગુરુની-પ્રમુખસ્વામી મહારાજની ઇચ્છા નહીં હોય તો આજીવન વગર સંતાને રહીશ. પણ તારાં આપેલાં સંતાન તો જોઈએ જ નહીં ! આપની દયાથી નિષ્ઠા પાકી છે. તે વધારે દૃઢ થાય તે પ્રાર્થના.'

સ્વામીશ્રી ચાલતાં ચાલતાં આ યુવકની નજીક આવી પહોંચ્યા. અતિ પ્રસન્નતાથી તેને ધબ્બા આપી દીધા. પછી કહે, 'તારી દૃઢતા છે, તો મહારાજ સારું કરશે !...'

એ પછી ચાર વર્ષે તેને ત્યાં પુત્રીનો જન્મ થયો. નિષ્ઠાના બળે વહેમનો પરાજય થયો... સત્સંગના પેટાળમાં આવાં તો કંઈ કેટલાય રત્નો છૂપાયાં હશે.

*

કંઈક બદલી નાંખવાની, ક્રાંતિ સર્જવાની ઇચ્છા માત્ર ઇચ્છા જ રહે છે, ત્યારે સમાજસેવકો, કહેવાતા શિક્ષણકારો એ શોધી શકતા નથી કે જ્યાં ભાવનાનાં બધાં જ બીજ બળી ગયાં છે, ત્યાં સદ્‌ગુણોની ફસલ કદી પણ શક્ય નથી. સ્વામીશ્રીએ સદ્‌ભાવનાનાં બીજ આ યુવાનોમાં સત્સંગ અને સ્નેહ દ્વારા રોપ્યાં છે, જે અનેક પ્રસંગે સમાજમાં હરિયાળી સર્જતાં રહ્યાં છે.

અમદાવાદના એક કાર્યકર કિશોરભાઈ દરજી વ્યવસાયે પણ દરજી છે. સ્વામીશ્રીને તેમણે નિખાલસભાવે કહ્યું, 'સ્વામી, આપની કૃપાથી મારી દુકાન એટલી બધી ચાલે છે કે હું સત્સંગની સેવા જોઈએ તેવી કરી શકતો નથી. મને એવા આશીર્વાદ આપો કે દુકાન જરા ઓછી ચાલે.' સ્વામીશ્રીએ ભ્રમણ અટકાવી દીધું. નજીક જઈ તેમને માથે હાથ મૂકીને કહે, 'આવી પ્રાર્થના લોકો બહુ ઓછી કરે !'

સંસારનાં સુખોને સામે ચાલીને ઉવેખનારા તો સ્વામીશ્રીના ઘરમાં જ મળે !

*

રાજકોટમાં સ્વામીશ્રી ઠાકોરજી જમાડવા બિરાજ્યા. બાજુમાં જ સ્વામીશ્રીની મોજડી પડી હતી. એમ.એસસી.નો અભ્યાસ કરીને સંસ્થામાં સેવા કરતા યુવક સુરેશે તે મોજડી યોગ્ય સ્થાને મૂકી. સ્વામીશ્રી હસતાં હસતાં કહે, ‘લ્યો, ભણી ગણીને મોટા સાહેબ થયા. ને સાધુનાં જૂતિયાં ઉપાડવાનું કામ મળ્યું.’

તેણે તરત જ કહ્યું, ‘બાપા, આવી સેવા ક્યાંથી મળે !’ આ ભાવના જોઈ સ્વામીશ્રી રાજી થયા. કહે, ‘મહિમા સારો છે...’

મુંબઈના કોટ્યાધિપતિ અજમેરા કુટુંબનો પુત્ર બંદીશ સ્વામીશ્રી સાથે વિચરણમાં હતો. સંતો તેને ‘શેઠ’ કહીને સંબોધતા. તે કહે, ‘સ્વામી, મને ‘શેઠ’ નહીં, ‘સેવક કહેવાનું.’ સ્વામીશ્રી આ સાંભળી રાજી થઈ ગયા. કહે, ‘વાહ ! એ સારું. સેવક રહેવામાં જ મજા છે.’

યુવાહૃદયમાંથી સહજ સ્ફુરી આવતી આ ભાવનાઓ જ સદ્‌ગુણોની ગંગોત્રી છે. પોતે જ જગાડેલી અને નરી આંખે સામાન્ય જણાતી આ ભવ્ય ભાવનાઓનું સ્વામીશ્રીએ પ્રેમભાવથી સંવર્ધન કર્યું છે, સંમાર્જન કર્યું છે.

અમદાવાદમાં સ્વામીશ્રી પધારે ત્યારે યુવકો અનહદ સેવા કરે. આ સ્વયંસેવકોની વિશેષતા કહેતાં સંતસેવા સ્વામીએ સ્વામીશ્રીને કહ્યું, ‘પાર્કિંગ વિભાગમાં એક વાર નવા આગંતુકને યુવકોએ પાર્કિંગ માટે જગ્યા બતાવી. પેલા ભાઈ ગુસ્સે થઈને જેમ તેમ બોલવા લાગ્યા. અમુક જ જગ્યાએ મારું સ્કૂટર પાર્ક કરીશ એવો દુરાગ્રહ પણ રાખ્યો. યુવકો સાંભળી રહ્યા. પેલા ભાઈ પાર્ક કરીને ચાલતા થયા. તે પાછા આવ્યા ત્યારે હાંફળા હાંફળા થઈ ગયેલા. કારણ કે સ્કૂટરની ચાવી મળતી ન હતી. યુવકોએ તેમને જોયા ને સ્કૂટર બતાવી કહ્યું, ‘ભાઈ, તમારી ચાવી તમે ઉતાવળમાં સ્કૂટરમાં જ ભૂલી ગયેલા. ત્યારથી એ સાચવવા એક યુવકને આપના સ્કૂટર માટે જ ઊભા રાખ્યા હતા... પેલા શું બોલે ?’

અપમાનનો બદલો સેવાથી ! સંતના જીવનમાં છાજે તેવો

અજાતશત્રુભાવ આ તરવરિયા, આ સ્વમાની, આ ઉત્સાહી અને સશક્ત યુવાનોમાં ક્યાંથી ઉદ્‌ભવ્યો ? સ્વામીશ્રી આ સાંભળતાં મનમાં મલકી રહ્યા હતા. એમણે પ્રગટાવેલી સદ્‌ગુણગંગાનું આ તો માત્ર એક બુંદ હતું.

*

દાદર મંદિરમાં કાર્યકરો પરાવિસ્તારનો અહેવાલ આપતા હતા. મંડળ સંચાલકનો પરિચય અપાઈ રહ્યો હતો. નામ બોલાયું, 'શૈલેષ માનસાતા, દહીંસર .' એક નાની ઉંમરનો પીઢ દેખાતો યુવક ઊભો થયો. હાથ જોડી પ્રણામ કર્યાં. સ્વામીશ્રીએ વૉકિંગ કરતાં તેના પર દૃષ્ટિ કરી લીધી. પ્રવકતાએ કહ્યું, 'અમારાં મંડળોમાં શૈલેષભાઈનું સ્થાન માન ભરેલું છે. એમની સમજણ માટે સંતોએ પણ અહોભાવ વ્યક્ત કર્યો હતો. એમના પિતાશ્રીનું અવસાન થયું ત્યારની વાત છે. બધા શોકમગ્ન હતા. શૈલેષભાઈએ એ બધી રોકકળ અટકાવી અને ભજનો શરૂ કર્યાં. કોઈ ખરખરો કરવા આવે તેને પણ સત્સંગની વાતો કરી. એમણે મૃત્યુને મંગલ ગણીને ઉજવણી કરી. પિતા તો ભગવાન પાસે બેઠા. તેમાં શોક કરવાનો હોય કે પ્રાર્થના કરવાની હોય ? એમણે આ ભાવનાથી તે જ દિવસથી ઘરસભા પણ શરૂ કરી....' આઘાત ને જીરવી જાણવો એ જુદી વાત છે. અને આઘાત ભૂલીને અધ્યાત્મ સાથે તાર સાંધવો એ જુદી વાત છે. આ 'જુદી વાત' સ્વામીશ્રીએ સર્જેલા જુદી જ માટીના યુવાનોમાં આત્મસાત્ થયેલી છે. આ સ્થિરતા, ધીરતા, પીઢતા યુવાનો માટે સ્વામીશ્રીએ ધરેલી ધીરજનું પરિણામ છે.

*

સ્વામીશ્રીએ જે કાંઈ આપ્યું છે, તેનું ઋણ ચૂકવવા આ યુવાનો જીવનની કોઈ પણ પળે, કોઈ પણ રીતે ન્યોચ્છાવર થવા તૈયાર હોય છે. આ સમર્પણ અનેકવિધ વળાંકેથી સ્વામીશ્રી તરફ આવી મળે છે.

ગોંડળ કિશોરમંડળે નિયમો લીધા. નાટક, સિનેમા ને હોટલના ખર્ચ સદાને માટે બંધ કરીને જે બચત થાય તે શતાબ્દીમાં સમર્પિત કરી. સ્વામીશ્રી બોલ્યા હતા, 'આપ સૌએ વ્યસનો મૂકીને રકમ બચાવી સેવા આપી છે. તે જ સાચી સેવા છે.'

કીમના જયંતભાઈ તદ્દન સામાન્ય સ્થિતિના. પણ રૂપિયા બે હજાર યોગીશતાબ્દી મહોત્સવમાં દાન કરવા સંકલ્પ કર્યો. સ્વામીશ્રીએ તેમને કહ્યું, 'તમે રહેવા દો. જ્યારે બધું સારું થાય પછી સેવા કરજો. અત્યારે તો નહીં જ.'

જયંતભાઈ ગળગળા થઈ ગયા. કહે, 'સ્વામી, છેલ્લાં ૧૦ વર્ષથી ખાવાના સાંસા હતા. જેમ તેમ ચલાવ્યું. હવે આપની દયાથી ખાવાનું મળે છે. તેવે સમયે સેવા કરવી જોઈએ ને ! મને ના ન પાડશો...'

આ ભાવનાએ સ્વામીશ્રીની આંખો પણ ભીંજવી નાખી હતી.

*

કેટલકેમ્પ દ્વારા સમગ્ર ગુજરાતમાં સ્વામીશ્રીએ દુષ્કાળ રાહતનું કાર્ય આરંભ્યું હતું. લંડનના યુવાનોને તેની જાણ થઈ. અહીં દર વર્ષે મેરેથોન દોડ અને 'સ્પોન્સર વૉક'નું આયોજન થતુ હોય છે. કિશોર વયના સમીર પટેલે મેરેથોન દોડ જીતી. સ્પોન્સર વૉક કર્યું. અને બંનેના ઇનામ રૂપે મળેલા ૧૦૦૦ પાઉન્ડ તેણે દુષ્કાળ રાહત માટે મોકલી આપ્યા !

*

મુંબઈમાં સ્થાયી થયેલા ભવાનભાઈ રાજાભાઈને પોતાના વતન રાજુલામાં વૃદ્ધાશ્રમ બાંધવો હતો. પછી તેમને થયું કે યુવાનોમાં જો માબાપનો આદર જન્મે, સંસ્કારો વિકસે તો વૃદ્ધાશ્રમની શી જરૂર ? અને એમણે સ્વામીશ્રીને સંસ્કારધામ શરૂ કરવા પોતાનું મકાન ભેટ ધરી દીધું...

મકાન, રૂપિયા, ઘરેણાં, જમીન કે દીકરા સુદ્ધાં અર્પણ કરવામાં અહીં કોઈને દ્વિધા નથી. ખચકાટ નથી. સ્વામીશ્રી અને સંસ્થાનો આટલો વિશ્વાસ આ ભક્તોના હૈયે છે, એ આ સંસ્થાની વિરલ સિદ્ધિ અને અનુપમ મૂડી છે.

*

બારડોલીનો એક યુવક. વ્યવસાય રિક્ષાચાલકનો. નામ વિનોદ કલ્યાણજી ભંડારી. એક વાર વિનોદભાઈએ એક પેસેન્જરને ઉતારીને પાછા ફરતાં ત્રણ રસ્તાના ચોકમાં જ આવેલા મરી માતાના મંદિર પાસે પેસેન્જરની અપેક્ષાએ રિક્ષા ઊભી રાખી. થયું, 'ચાલો દર્શન કરી આવીએ.' અને તે દર્શને ગયા.

મેઈનરોડ ઉપર જ પ્રદક્ષિણા પણ કરી. ત્યાં પગમાં નાનકડું પડીકું અથડાયું. તેમણે સહજતાથી ઉપાડ્યું. અને ખોલ્યું ત્યાં તો આંખો ચાર થઈ ગઈ ! એ હીરા હતા ! ૧૪૦૦ કેરેટના હીરા સાથે રૂપિયા દોઢ લાખની કિંમતની માહિતી પણ 'ઠાકોરભાઈ મગનભાઈ પટેલ'ના નામ–સરનામાં સાથે વંચાતી હતી... એ ઝડપથી બહાર નીકળ્યા અને રિક્ષા મારી મૂકી. યોગ્ય સરનામે પહોંચ્યા. ચતુરાઈથી જાણી લીધું કે ખરેખર એ કુટુંબના હીરા ખોવાયા છે. એ દંપતી અપાર મૂંઝવણમાં હતું. ને આ યુવાને પડીકું ધરી દીધું, 'આ જ ને તમારા હીરા ?'

પેલા દંપતીને ગળે હર્ષનો ડૂમો બાઝી ગયો. બહેને તો આ હીરાના પગ પકડી લીધા. કહે, 'તું તો મારા ભાઈ બરાબર છે... લે ૫૦૦ રૂપિયા ભેટના લઈ જા... તેં તો મારી આંતરડી ઠારી છે...'

યુવક ધીરેથી ખસી ગયો. કહે, 'બહેન, એ મારી ફરજ હતી. અમારા ગુરુ પ્રમુખસ્વામી મહારાજ કહે છે કે ઘસાઈ છૂટવું. તેમાં બદલાની ભાવના ન રાખવી... એટલે તમે રૂપિયા રહેવા દો.... મારે તો તમને શાંતિ થઈ એટલે ઘણું....' અને એ યુવાન ભાડાના રૂપિયા લઈને ટ્રાફિકની ભીડમાં અદૃશ્ય થઈ ગયા...

*

ધુવારણના ભગવાનસિંહ સિંધા અન્ય કાર્યકરો સાથે સ્વામીશ્રીનાં દર્શને બોચાસણ આવ્યા હતા. યુવક અધિવેશનમાં કરેલી તૈયારી અહીં રજૂ કરવાની સૌને હોંશ હતી. દરેક કાર્યકરોનો પરિચય અપાતો અને કાર્યકર પોતાની ભક્તિ રજૂ કરતો. ભગવાનસિંહ ક્રમ આવતાં ઊભા થયા. તેમનો પરિચય અપાયો :

'આપણા નિષ્ઠાવાન કાર્યકર ભગવાનસિંહ સિંધા હાલ લેબર કોન્ટ્રાકટર તરીકે ધુવારણ - જી.ઈ.બી.માં કામ કરે છે. ધુવારણ જી.ઈ.બી.ના ઉચ્ચ અધિકારીએ તેમને કહેલું કે 'તારું ઘર સામાન્ય છે. તો રિપેર કરાવવા સિમેન્ટ જોઈતો હોય તો લઈ જજે.' ભગવાનસિંહે સ્પષ્ટ-ના પાડી. ને કહેલું : 'એવી અનીતિથી કંઈપણ લેવાની મારા ગુરુ પ્રમુખસ્વામી મહારાજની આજ્ઞા નથી. સત્સંગમાં જઈએ છીએ. ત્યારથી અમારા સંસ્કારો બદલાઈ

ચૂક્યા છે...' આખા જી.ઈ.બી.ના સ્ટાફને તેમની પ્રામાણિકતા ઉપર ભરોસો...' તાળીઓના ગડગડાટથી સૌએ તેમને વધાવી લીધા. સ્વામીશ્રી પોતે સીંચેલી ખાનદાનીના આ વારસદાર પર અમીદૃષ્ટિએ જોઈ રહ્યા...

*

લંડનમાં આપણા ગર્ભશ્રીમંત યુવકો અનિલભાઈ તથા કિશોરભાઈ સામાણી 'રોલેક્સ' ઘડિયાળ ખરીદીને ઘરે આવ્યા. બોક્સ ખોલીને જોયું તો બે ને બદલે ત્રણ ઘડિયાળ ! તે ચમક્યા. ખરીદી તો બે જ ઘડિયાળની કરી હતી. ૧૦,૦૦૦ પાઉન્ડનું એક એવાં બે ઘડિયાળોનું બિલ (દસલાખ રૂપિયાનું) પણ તપાસી લીધું. પૈસા તો બે ઘડિયાળના ચૂકવ્યા હતા. તેમને સમજાયું કે સેલ્સમેને ભૂલમાં બે ને બદલે ત્રણ ઘડિયાળો પેક કરી આપ્યાં હતાં. બંનેએ નક્કી કર્યું કે આટલી મોંઘી આ રોલેક્સ ઘડિયાળ ગુમ થયાનો ખ્યાલ આવશે ત્યારે સેલ્સમેન બિચારો ફાટી પડશે, તેથી અત્યારે જ તેને પહોંચાડવી જોઈએ. દુકાન બંધ થવાનો સમય થઈ ગયો હતો છતાં મારતી મોટરે તેઓ દુકાને પહોંચ્યા. સેલ્સમેનને કહ્યું, 'અમારે ત્રીજી રોલેક્સ જોઈએ છે.' સેલ્સમેનને ખ્યાલ હતો કે કુલ ત્રણ જ ઘડિયાળ હતી તેથી તે ત્રીજી ઘડિયાળ શોધવા લાગ્યો. ઘડિયાળ ન મળી તેથી તે ખૂબ ગભરાઈ ગયો. આ જોઈ બંને ભાઈઓએ કહ્યું, 'ભાઈ, ગભરાશો નહીં આ તમારું ઘડિયાળ.' તેમણે વધારાનો 'પીસ' પરત કર્યો. ત્યારે અવાચક બની ગયેલા સેલ્સમેનની આંખોમાં આંસુ આવી ગયાં. તે દેવદૂત જેવા આ યુવાનોને તાકી રહ્યો.

'How...? How can you give it back?...' તેનું આશ્ચર્ય અને આનંદ સમાતો ન હતો. આટલી મોંઘી ઘડિયાળ આ રીતે મળી જાય ને કોઈ પરત કરે તે અંગ્રેજ સેલ્સમેનની માન્યતા વિરુદ્ધ હતું.

અનિલભાઈએ કહ્યું, 'એમાં નવું શું છે ? જે અમારું નથી, તે ઉપર હક કરી દેવાનો અમને શું અધિકાર ? તમારી ભૂલથી એ અમને મળ્યું, તેને અમે અસત્ માર્ગેથી મળ્યું છે એમ ગણીએ છીએ. ભલેને પછી તે માર્ગે સોનું મળે, પણ અમારાથી ન લેવાય...' તેમના કપાળમાં તિલક-ચાંદલો ચમકી રહ્યો હતો. હૈયાના ધબકારને કંઠીનો સ્પર્શ થઈ રહ્યો હતો...

'શા માટે ? કોની પ્રેરણાથી ! કોણ આ ઘડિયાળ લેતાં તમને રોકે છે ?' એ અંગ્રેજને ઘણા પ્રશ્નો ઊઠ્યા હશે. ત્યારે અનિલભાઈના હૃદયમાં એક જ ઉત્તર ધૂમકેતુની માફક ઘૂમતો હશે : 'પ્રમુખસ્વામી મહારાજ... પ્રમુખ સ્વામી મહારાજ... અમારા ગુરુ...'

સ્વામીશ્રીએ આ યુવાનો ઉપર અપાર રાજીપો દર્શાવ્યો હતો. નીતિ એ ભારતનો કેવળ ઈતિહાસ નથી, એ સબૂત આપવાનો એ યોગ્ય અવસર હતો. સ્વામીશ્રીએ રેડેલી નૈતિકતા આપણા ઈતિહાસભાનની સાથે યુવાહૃદયમાં આ હદે પ્રવાહિત થાય, ત્યારે આવા ચમત્કારો સહજ સર્જાતા રહે છે.

*

અમેરિકાના ન્યૂજર્સી સિટીમાં રહી નોકરી કરતા વડોદરાના યુવાન પંકજ રાય પોતાના અમેરિકન બોસને સ્વામીશ્રીનાં દર્શને લાવ્યા હતા. માલિકે સ્વામીશ્રીને પ્રણામ કરતાં જ પંકજની પ્રશંસા શરૂ કરી : 'આપના આ શિષ્ય જેવો યુવાન અમને મળ્યો છે, તેને અમારી કંપનીનાં ભાગ્ય સમજું છું. એ કેટલો પ્રામાણિક છે, એક વાર તેનો પગાર ગણવામાં અમારા કેશિયરે ભૂલ કરી. પંકજને ૮૪ ડોલર વધારે મળી ગયા. તો ઘરેથી તે ડોલર પાછા આપવા મારા ઘરે આવ્યો....' માલિક અટક્યા. પછી કહે, 'સ્વામીજી, મારી જિંદગીમાં આ એક પહેલો માણસ છે, કે જેણે પૈસા પાછા આપ્યા હોય. એ પછી મેં એને ૧૦૦ ડોલરનો પગાર વધારી આપ્યો છે.. 'હું આમ તો ખ્રિસ્તી છું. છતાં ચર્ચમાં પણ ડોનેશન આપતો નથી. આ પંકજે કહ્યું એટલે આજે આ સી.એફ.આઈ. માં ડોનેશન આપવા આવ્યો છું....' અને તેમણે ૪૦૦૦ ડૉલરનો ચેક ઠાકોરજીના ચરણોમાં અર્પણ કર્યો.

સ્વામીશ્રીની અમીદૃષ્ટિ પંકજના ચારિત્ર્યોજ્જ્વલ ચહેરા પર વરસી રહી હતી... માલિક ગયા ને સ્વામીશ્રી પંકજને ધબ્બો આપતાં બોલી ઊઠ્યા : 'તમે આવી પ્રેસ્ટિજ જમાવી છે એટલે હજારોને સેવા કરવાની પ્રેરણા મળે છે !'

'પ્રામાણિકતા' યુવાનોના જીવનમાંથી ભુલાયેલો શબ્દ.... યુવાનોને મન ઘસાઈ ગયેલી જૂની ભાવના... સ્વામીશ્રીએ આપણાં સાંસ્કૃતિક મૂલ્યોના જીર્ણોદ્ધાર માટે આપણા યુવાનોને નિમિત્ત રૂપ બનાવ્યા છે.

*

લોકો કહે છે કે બેચાર યુવાનો સુધર્યા એટલે સમાજ સુધરતો નથી. વાતમાં કંઈક તથ્ય પણ લાગે છે, પણ એમને એ પૂછવાનું મન થાય છે કે ગાઢ અંધકારમાં શું બે-ચાર દીવા પણ પોતાની ક્ષમતા પ્રમાણે અજવાળું પાથરવા સમર્થ નથી ? ધૂ ધૂ જ્વાળા ફૂંકતી મશાલ કે જંગલો ફૂંકી નાખતો દાવાનળ એકાદ ચિનગારીનું સર્જન હોય છે, તે ભૂલવાની જરૂર નથી. સ્વામીશ્રીની આ ચિનગારી ક્રાંતિની મશાલો સર્જશે. ભ્રષ્ટાચારના જંગલોમાં દાવાનળ ફુંકશે, ત્યારે આ ચિનગારીઓનું સર્જન હશે. જેનો મહિમા સમય સમજાવશે.

ચોતરફ ફેલાયેલી નૈતિકતાની અંધાધૂંધી અને મર્યાદા–સદ્‌ગુણો અને સંસ્કૃતિનો હ્રાસ એ બતાવે છે કે આભ ફાટ્યું છે. થિંગડાં ક્યાં દઈશું ? આ નિરાશા છે. લોકો કહે છે કે 'બધા આવું કરે છે...' તો લોકોને જાણવા દો કે 'બધા' એવું કરતા નથી. સ્વામીશ્રીએ જે અપવાદો સર્જ્યા છે, તે બતાવે છે કે દુનિયામાંથી યૌવનનું કૌવત હજુ ઓસર્યું નથી. પુણ્ય હજુ પરવાર્યાં નથી.

સ્વામીશ્રીની એ ભાવના છે કે દુનિયા ખરાબ છે, એટલા માટે જ આપણે સારા રહેવા પ્રયત્ન કરવો જ રહ્યો. બધા સારા હોત તો કંઈક ખોટું કરવાની છૂટ લઈ શકાત. પણ બધા ખરાબ હોય તો હવે અનીતિ આપણને નહીં જ પાલવે. ભલે થોડા તો થોડા પણ સ્વામીશ્રીએ સિંહો સર્જ્યા છે. આવા થોડા યુવાનોનો અવાજ વર્તનથી વહેતો થશે. એ જ સમાજનો અંતરાત્માનો અવાજ બનશે. સમાજને એમાંથી માર્ગદર્શન મળશે, દિશા મળશે. ચેતન સાંપડશે...

સ્વામીશ્રીના આ યુવાનોએ સ્વામીશ્રીએ બતાવેલી દરેક દિશાઓમાં પોતાની બુલંદી સાબિત્ કરી દીધી છે.

મોરબીની રેલ હોનારત, દુષ્કાળની ભીષણતા અને લાતૂરના ભૂકંપ જેવી પરિસ્થિતિમાં હજારો યુવાનો સમાજસેવાના મોભી બની ઊભા રહ્યા.

તો સાંસ્કૃતિકતાને મૂર્તિમાન બનાવતાં સ્વામિનારાયણીય સમૈયાઓમાં કલા, સંગીત, જ્ઞાનસત્રો અને સેવાઓમાં પ્રાણ રેડનાર હજારો યુવાનો સાંસ્કૃતિક ક્ષેત્રે સમર્પણવીરો બની રહ્યા.

ભરુચમાં અને વિદ્યાનગરમાં ક્યારેય દહેજ ન લેવાની પ્રતિજ્ઞાનો ઉદ્‌ઘોષ

કરનાર ૨૦,૦૦૦ થી વધુ યુવાનો નૈતિક તાકાતના ક્રાંતિવીરો બની રહ્યા.

અને શ્રેષ્ઠ બલિદાન છે- આ યુવાનોનો સંન્યાસ ક્ષેત્રે પ્રવેશ ! આજીવન અષ્ટાંગ બ્રહ્મચર્યના શપથ લઈને સંન્યાસના વૈદિકમાર્ગે પદાર્પણ કરનાર દેશવિદેશના ૫૦૦ થી વધુ શિક્ષિત નવયુવાનો આધ્યાત્મિક શ્રેષ્ઠતાના શાંતિવીરો બની રહ્યા..

આર. એસ.એસ. ના સર સંઘ સંચાલક ડૉ. રાજેન્દ્રસિંહ (રજ્જુભૈયા) આ સંન્યાસ દીક્ષાર્થીઓને જોઈને બોલ્યા હતા : 'આ વીસમી શતાબ્દીનું મોટું આશ્ચર્ય ગણું છું. લોકોની સમજમાં નહીં આવે પણ જે દેશમાં આ પ્રકારના યુવાનો છે, તે દેશ માટે નિરાશ થવાની કોઈ જરૂર નથી.'

એન.આઈ.ડી.ના ભૂતપૂર્વ ડાયરેક્ટર, વિશ્યુલાઈઝર અને વિખ્યાત ડિઝાઈનર દશરથભાઈ પટેલે સ્વામીશ્રીને કહેલું કે 'સ્વામિનારાયણ ધર્મમાં ગુરુઆજ્ઞા થતાં જ એમના કાર્યકરો જે રીતે સમર્પિત થઈ જાય છે, તે વાત મેં સાંભળી હતી. પણ અમેરિકામાં ઉજવાયેલા આપના ભારતીય મહોત્સવમાં તેનો સાક્ષાત્કાર થયો. આ જમાનામાં એ ગજબ ચમત્કાર છે...'

*

ગુજરાત વિદ્યાપીઠના કુલપતિ પ્રો. રામલાલ પરીખ ૧૯૮૫ ના ગુણાતીતાનંદ સ્વામી દ્વિશતાબ્દી સમારોહમાં સ્વામીશ્રીના યુવાનોની કાર્યશક્તિ અને સેવાભાવના જોઈને બોલ્યા હતા, 'અમે શિક્ષકો વિદ્યાર્થીઓને પ્રેરી શકતા નથી. અહીં પ્રમુખસ્વામી મહારાજ પાસે આવીએ છીએ ત્યારે દેખાય છે કે દરેક યુવાન, દરેક કલાકાર પોતાની કળા, પોતાનો હુન્નર બધું જ સ્વામીજીના ચરણે સમર્પે છે. ત્યારે વિચાર આવે છે કે આ શું છે ? જે વિદ્યાર્થીઓ શાળાની ગંદકીને હાથ અડાડવાની ના પાડે છે. તે જ વિદ્યાર્થીઓ, યુવાશકિત અહીં પોતાનો પરિશ્રમ, પરસેવો, લોહી રેડવા તૈયાર થાય છે... જે તાકાત ધર્મમાં છે, તે શિક્ષણમાં નથી, તે રાહ સ્વામીશ્રીએ બતાવ્યો છે.'

યુવાનોના શ્વાસોમાં વહેતી થયેલી સદ્‌ભાવનાઓને જેણે જાણી તેણે

વખાણી. જેણે નાણી તેણે પ્રમાણી. એમાં યુવાનોનો નહીં, સ્વામીશ્રીની અપ્રતિમ પ્રતિભાનો મહિમા છે. એમણે પૃથ્વી પટે અવતારેલી આ કલ્યાણગંગાને કોઈ ક્યારેય અટકાવી નહીં શકે. એમાંથી અનેક પ્રહ્લાદો, નચિકેતાઓ, શ્રવણકુમારો અને ઉપનિષત્ પુત્રોની ભેટ સમાજને મળ્યા કરશે...

કેમ કે સ્વામીશ્રીએ યુવાનને પોતાનો સાથ આપ્યો છે, હાથ આપ્યો છે. ઠંડાં થઈ રહેલાં તેનાં ગાત્રને અને સૂઈ રહેલી તેની શક્તિને એક પ્રેમાળ, આત્મીય, શક્તિશાળી અને પૂર્ણ વ્યક્તિના સહવાસની- આધારની આવશ્યકતા પૂરી પાડી છે

એક સંધ્યાની વાત છે. લંડનની ધરતી હતી. ઠંડીનો ચમકાર હતો. સભા પૂરી થઈ. છેલ્લામાં છેલ્લા હરિભક્ત પોતાનું વાહન લઈ વિદાય થયા પછી પાર્કીંગમાં સેવા કરતા યુવકો સ્વામીશ્રી પાસે આવી પહોંચ્યા.

તરુણ પટેલે સહજ જ સ્વામીશ્રીને કહ્યું, 'બાપા, બહાર ઠંડીમાં હાથ ઠરી ગયા છે. નહીં તો સંકલ્પ હતો કે આપની સાથે શેક હેન્ડ કરું.'

તરત જ સ્વામીશ્રીએ હાથ ધર્યો. કહે, 'જોઉં, કેવા ઠંડા હાથ છે ?'

અને એક પૂર્ણ મહાપુરુષે યુવાનનો હાથ હાથમાં લીધો. ઠંડાં ગાત્રોમાં નવચેતનનો સંચાર કરવા.... સૌને હૂંફમાં સમાવવા.... વાત્સલ્યમાં વસાવવા.... જગત સમગ્રની યુવાની આજે ધન્ય બની ! આ સુવર્ણપળ ઈતિહાસ સર્જતી ઊભી રહી ગઈ - યુવાનોની સામે....

એ ધન્યતા વણાઈ ગઈ યુવાનોના ધબકારો સાથે....

સ્વામીશ્રીએ યુવાનોને જે ગમે છે તે નહીં, જે જરૂર છે તે આપ્યું છે.

બસ, આજ કારણે યુવાની સ્વામીશ્રીને વશ વર્તી રહી છે..

આ જ કારણે યુવાની એમને માટે - એમના વચને - એમના કાર્યમાં પ્રાણ પાથરવા તૈયાર થઈ છે...

અને આ જ કારણે યુવાની પૂર્ણ યુવાની બની હતી. બને છે અને બનતી રહેશે.

* * *